॥ વિજયતે શ્રીવલ્લભાધીશો ॥

જગદ્‌ગુરુ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના

કૃપાપાત્ર ૮૪ વૈષ્ણવોની વાર્તાઓ

(આધુનિક નવલિકા-શૈલીમાં)

તુલસીક્યારો

ભાગ-૩

■ રજૂઆત ■

(ગો.વા.) વ્રજરત્નદાસ ચિ. પરીખ
પ્રા. રમેશભાઈ વિ. પરીખ

■ પ્રકાશક ■

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વૈષ્ણવ પરિવાર સદન',
૩૨, શિવ સોસાયટી; વિભાગ-૨, બી. કે. સિનેમાની બાજુમાં,
મહેસાણા - ૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૩૨૬૩૫૩
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com
visit us at www.vaishnavparivar.org

Tulsi-Kyaro, Part III
by Late V. C. Parikh and Prof. R. V. Parikh
© કૉપીરાઇટ - શ્રી હરસાનીજી પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

પ્રાપ્તિસ્થાન :

- **શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ** (રૂબરૂ અને પોસ્ટથી)
  'વૈષ્ણવ પરિવાર સદન'
  ૩૨, શિવ સોસાયટી વિભાગ - ૨, બી. કે. સિનેમાની બાજુમાં,
  મહેસાણા-૩૮૪ ૦૦૨
  ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
  ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
- **શ્રી વિજયભાઈ એમ. દેસાઈ** (ફક્ત રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫)
  કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.
  ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪, ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

પ્રથમ આવૃત્તિ :
શ્રીગુસાંઈજી પ્રાકટ્ય મહોત્સવ, શ્રીવલ્લભાબ્દ ૫૧૪
ડિસેમ્બર ૧૯૯૨,
માગસર, વિ. સં. ૨૦૪૯
બીજી આવૃત્તિ :
ડિસેમ્બર ૧૯૯૯
માગસર, વિ. સં. ૨૦૫૬
ત્રીજી આવૃત્તિ :
સપ્ટેમ્બર ૨૦૧૫

પુસ્તક પ્રકાશન સહાય : રૂા. ૮૦/-

મુદ્રક :
પુષ્ટિ પ્રિન્ટ્સ, મહેસાણા.
મો. ૯૮૨૫૩ ૫૨૮૭૨

પરમ પૂજ્યપાદ ગોસ્વામી શ્રીઈન્દિરા બેટીજીને

સદૈન્ય સમર્પણ...

શરદોજ્જ્વલા, શીતલા, શુભદા, શુચિતા,
ભગવદ્-ભાવ-ઈન્દિરા-વિભૂષિતા,
સ્પંદન-સંવેદન-ભાવ-અનુભૂતિ-મર્મજ્ઞા
શ્યામ-સંગ, શ્યામ-રસ, શ્યામ-ભાવ પૂરિતા!
'મોગરાની મહેંક'થી પરિમલ પ્રસરાવતાં,
'સાંવરિયા શેઠની શેઠાણી' થઈ વિરાજતાં,
'કૃષ્ણને કરવું હોય તે કરે'ની ખુમારીથી
'ગોપીગીત' ગાઈ, વિરહ-તાપને વેઠતાં!
શ્રીગિરિરાજધરણની ગોદમાં શ્રીબાલકૃષ્ણને
સદા મનમોદથી, ચિત્તપ્રવણે લાડ લડાવતાં!
શ્રીનાથનાં સેવા-સ્મરણની જન્મોજન્મ,
ઉત્કંઠ પ્રતીક્ષા નેણ અને વેણથી ધારતાં!
શ્રીવલ્લભના વૈશ્વિક વિચારને વિશ્વમાં
પ્રસરાવતાં, જીજી હે! આપને આ સમર્પણ!

દાસાનુદાસ
રમેશના સદૈન્ય સાષ્ટાંગ દંડવત્પ્રણામ

પ્રસ્તાવના

ભક્તપદરજ-પ્રતાપે સકલ સરિયાં કાજ

શ્રી વલ્લભના અસીમ અનુગ્રહ અને પરમપૂજયપાદ ગો. શ્રીઈન્દિરા બેટીજીના હાર્દિક આશીર્વાદનો જ આ પ્રતાપ છે કે 'વૈ.પ.' ના ૧૯૯૨-૯૩ ના વર્ષના ૧૧,૨૫૦ ગ્રાહકોને 'તુલસીક્યારો, ભાગ-૩' ભેટપુસ્તકરૂપે આપવાનો મનોરથ પરિપૂર્ણ થયો છે. આપશ્રીનાં ચરણકમળોમાં કોટાનકોટિ સાષ્ટાંગ દંડવત્.

બીજી ફેબ્રુઆરી, ૧૯૯૨ નો મંગલ દિન હતો. વૈ. પ. ની નવમી વર્ષગાંઠ મનાવવા સૌ વૈષ્ણવ આત્મીય સ્વજનો મુંબઈના પ્રેમપુરી સભાગૃહમાં પ. પૂ. ગો. શ્રી ઈન્દિરા બેટીજી અને પ. પૂ. ગો. શ્રી નિકુંજલતા બેટીજીની નિશ્રામાં એકત્રિત થયાં હતાં; ત્યારે આપના વરદ કરકમળોથી 'તુલસી ક્યારો' ભાગ બીજાનું વિમોચન પણ થયું હતું.

અગાઉના વર્ષોમાં શ્રીવલ્લભની પ્રેરણાથી નવા વર્ષના ભેટપુસ્તક માટેનો મનોરથ લઈ, કોઈ ને કોઈ વૈષ્ણવ સામેથી ભેટપુસ્તકના વિમોચન-સમારંભ પહેલાં આવતા. પરંતુ આ વખતે એવું ન બન્યું. ભાવિને તો ભગવાન સિવાય અન્ય કોણ જાણી શકે? એથી આ સમારંભમાં મારા નિવેદનમાં મેં એવી રજૂઆત કરી કે '૧૯૯૨-૯૩ના વર્ષ માટે જો મનોરથી મળશે, તો તુલસીક્યારો ભાગ ૩ ભેટ તરીકે અપાશે.'

પૂ. જીજીએ પોતાનાં વચનામૃતમાં અત્યંત કરુણા અને કૃપાસભર ભાવે આજ્ઞા કરી, 'રમેશભાઈ, જો..તો..ની વાત જ નહિ કરવાની. આવતા વર્ષે તુલસીક્યારો ભાગ ૩ ભેટપુસ્તક તરીકે આપવાનું જ છે. કોઈ મનોરથી આગળ નહિ આવે, તો તેનાં મનોરથી જીજી હશે.'

આપનાં આ વચનોથી હૃદય ભરાઈ આવ્યું. અનુગ્રહ અને આશીર્વાદના ફલાત્મક પ્રતાપનો અનુભવ કરવાની ઉત્કંઠાપૂર્વક રાહ જોતાં, આ ત્રીજા ભાગનું લેખનકાર્ય પણ શરૂ થયું. ત્યાં શિકાગો(અમેરિકા)થી સંપ્રદાયના સંનિષ્ઠ સેવાભાવી કાર્યકર અને પુષ્ટિમાર્ગીય વૈષ્ણવસમાજ ઓફ નૉર્થ અમેરિકાની મિડવેસ્ટ શાખાના માનદ્ મંત્રી શ્રી રમેશભાઈ શેઠનો વધાઈપત્ર મળ્યો : 'તુલસીક્યારો, ભાગ ૩ ના મનોરથી બનવાની શિકાગોના વૈષ્ણવોની ભાવના છે, સ્વીકારવા વિનંતી.'

શ્રીવલ્લભ ક્યાં ક્યાંથી, કોની-કોની પાસેથી માગી-માગીને અંગીકાર કરે છે - તેનો આ પ્રત્યક્ષ અનુભવ!

શ્રી રમેશભાઈ શેઠ અને શ્રી રામકૃષ્ણ ચંદારાણાની શિકાગોમાં જુગલ જોડી છે - બેય તુલા રાશિવાળા ! (જોકે મારી તુલારાશિ નથી). એ બંનેએ બીડું ઝડપ્યું. એમના મનોરથ-સ્વરૂપે વૈ. પ. ના ગ્રાહકોને ૧૯૯૨-૯૩ ના વર્ષમાં આ પુસ્તક ભેટ અપાય છે, તેનો પરમ આનંદ છે. શિકાગોના સૌ મનોરથી પરિવારોને ખૂબ ખૂબ હાર્દિક ધન્યવાદ.

'વૈ. પ.' દ્વારા છેલ્લાં પાંચ વર્ષથી પ્રભુકૃપાથી ભેટપુસ્તક અપાય છે. ગ્રાહકોની સંખ્યા વર્ષોવર્ષ વધતી રહી છે. ભેટપુસ્તક દરેક ગ્રાહકને વ્યવસ્થિત રીતે ઓછી મુશ્કેલીએ પહોંચે, તેવો પ્રયત્ન કરતાં રહીએ છીએ. આગલાં વર્ષોના અનુભવના આધારે તેમાં જરૂરી ફેરફારો પણ કરતા રહીએ છીએ!

જ્યાં ન છૂટકે પોસ્ટમાં પુસ્તકો મોકલવાં પડે છે, ત્યાં દસ ટકાથી વધુ પુસ્તકો અધવચ્ચે જ ગુમ થઈ જાય છે; ગ્રાહક સુધી પહોંચતાં જ નથી. ક્યાંક પુસ્તક પોસ્ટ થાય, પણ ગ્રાહકનું સરનામું બદલાયું હોય, જેની જાણ ગ્રાહકે ન કરી હોય કે પુસ્તક પોસ્ટ થયા પછી કરી હોય; તેથી ગ્રાહકને પુસ્તક ન મળે એવું પણ બને છે.

દર વર્ષે ભેટપુસ્તક મોકલવાની જે વ્યવસ્થા ગોઠવી હોય, તેની વિગતો વૈ. પ. ના અંકમાં છપાય છે, પણ અર્ધા ગ્રાહકો તે વાંચીને પુસ્તક મેળવવાની જરૂરી વ્યવસ્થા કરતા નથી. કેટલાક પ્રતિનિધિઓ પણ તે તરફ ધ્યાન આપતા નથી અને પછી અમને પુસ્તક ન મળ્યાની ફરીયાદના ૫૦ % પત્રો સારી ભાષામાં અને ૫૦% પત્રો અવિવેકપૂર્ણ ભાષામાં મળે છે. દરેક પત્ર-લેખકને માર્ગદર્શન આપવા અહીંથી જવાબો આપવાના રહે. કામ વધે, ખર્ચ વધે, અને એમનો ગુસ્સો સાંભળવાનો, એ વધારામાં!

કેટલાક પ્રતિનિધિઓનું વલણ પણ આ વખતે ન સમજાય તેવું રહ્યું. સૌ જાણીએ છીએ કે વૈ. પ. ના બધા જ પ્રતિનિધિઓ સંપૂર્ણ સેવાભાવી છે. તેમને કોઈ મહેનતાણું કે કોઈ કમિશન અપાતું નથી. સૌ યથાશક્તિ લવાજમ સ્વીકારવાની સેવા આપે છે. તેમાં હરીફાઈનું પણ કોઈ તત્ત્વ નથી. મોટાં શહેરોમાં પ્રતિનિધિઓ એકથી વધારે હોય, પણ ગ્રાહકોની યાદી તો સમગ્ર ગામની એક જ બને, પ્રતિનિધિવાર અલગ યાદીઓ હોય જ નહીં. છતાં કેટલાક

પ્રતિનિધિઓ એવો આગ્રહ રાખે છે કે મારા ગ્રાહકો બીજા પ્રતિનિધિના ત્યાં પુસ્તકો લેવા નહિ જાય. મારા ગ્રાહકોનાં પુસ્તકો મને જ મળવાં જોઈએ, હું જ તેમને પહોંચાડું!

મોટાં શહેરોમાં કેટલાક ગ્રાહકો પણ એવો આગ્રહ રાખે છે કે અમે પુસ્તકો લેવા ન જઈએ. અમને ઘેરબેઠા પુસ્તક મળવું જોઈએ! કેટલાક ગ્રાહકોની બેપરવાહી એટલી હદે હોય છે કે છ-બાર મહિના પછી ભેટપુસ્તક ન મળ્યાની ફરિયાદ કરે ! છતાં આપણા બધા ગ્રાહકો અને પ્રતિનિધિઓ વૈષ્ણવો છે. જે પ્રભુ કરાવે તેમ, યથાશક્તિ વૈષ્ણવની સેવા થાય છે; પણ ગ્રાહકો અને પ્રતિનિધિઓના કટુ વ્યવહારો અને દોષારોપણોથી કયારેક અમારા સહકાર્યકરોને કાર્ય કરવામાં ઘણી હતાશા અને ગ્લાનિ થાય છે.

જયારે મનોરથી ભાવપૂર્વક ભેટપુસ્તક સુલભ કરી આપે, ટ્રસ્ટ સેવા-ભાવે ભેટપુસ્તક પહોંચાડવા ખર્ચ કરે અને યથાશક્તિ જહેમત લે, ત્યારે ગ્રાહકો અને પ્રતિનિધિઓ પાસે એટલી આશા તો જરૂર રાખું કે આપણા સંબંધો વેપારી-ગ્રાહકના સંબંધો નથી, વૈષ્ણવતાના સંબંધો છે. એથી એ સંબંધોમાં દોષભાવ ન આવે, તે ધ્યાનમાં લઈને અમારી વ્યવસ્થા સ્વીકારી, નક્કી થયેલી વ્યવસ્થામાં પૂરો સહયોગ આપવા વિનંતી છે. આ વ્યવસ્થાને વધુ સરળ અને સુગમ બનાવવા માટેનાં સૂચનો હમેશાં આવકારપાત્ર રહ્યાં છે. તેમને અમલમાં પણ મુકાય છે.

દરેક ગ્રાહક અને પ્રતિનિધિ માત્ર પોતાની સગવડ જુએ અને બધા ગ્રાહકોની અલગ અલગ સગવડોને પહોંચી વળવાનું હોય, તો અગિયાર- બાર હજાર ગ્રાહકોને અલગ અલગ સગવડ કેવી રીતે આપી શકું?

અહીંથી દરેકને પુસ્તક ચીવટથી મોકલાય એટલું જોવાય છે, ક્યાંક માનવસહજ ભૂલ થતી હશે, પણ જાણીજોઈને કોઈ ગરબડ થતી નથી એ હકીકત છે.

આ બધું કહી રહ્યો છું, ત્યારે મનમાં એવો ભાવ છે કે હું આરોપીના પાંજરામાં ઊભો રહી, આક્ષેપોને રદિયો આપવા મજબૂર બન્યો છું અને તે પણ એમને કે જેઓ ફરિયાદી પણ છે અને ન્યાયાધીશ પણ છે. ખેર! આ પણ એક અનુભવ છે!

મને આજે જે દર્દ છે તે મારા પરના આક્ષેપોનું નથી; પણ સંપ્રદાયના સંનિષ્ઠ કાર્યકરોને જો આવા અનુભવ મળશે, તો કદાચ તેઓ સેવાકાર્યથી

વિમુખ થઈ જશે, મોં ફેરવી લેશે તેનું છે! ખેર, વૈ. પ. ના ગ્રાહકો પાસે અમારી ઝાઝી અપેક્ષા નથી. થોડાક નાના-શા સહકારની અપેક્ષા છે.

(૧) વૈ. પ. માં છપાતી સૂચનાઓ ધ્યાનથી વાંચી, તે પ્રમાણે કામગીરીમાં સહકાર આપે.

(૨) પત્ર લખે તો વિવેકપૂર્ણ ભાષામાં લખે.

(૩) જવાબ મેળવવાનો હોય તો પોસ્ટેજ મોકલે.

(૪) પત્ર સુવાચ્ય અક્ષરમાં, મુદ્દાસર લખે, કામની વાત જ ચોક્કસ શબ્દોમાં લખે.

(૫) પત્રમાં ગ્રાહક નંબર અને પૂરું નામ-સરનામું ભૂલ્યા વિના લખે.

જો સૌ આટલો સહકાર આપે, તો સૌને ત્વરિતતાથી, વધારે સારી સેવા પૂરી પાડી શકાશે.

મારી આ વાત ધ્યાનથી સમજવા અને માઠું ન લગાડવા વિનંતી છે. સૌનો ખૂબ ખૂબ આભારી છું.

આ ભાગ સાથે ૮૪ વૈષ્ણવોની વાર્તાઓ સમાપ્ત થાય છે. ભગવદિચ્છા અને ભગવદ્કૃપા થતાં ત્રણ ભાગોમાં, આ જ પ્રકારે ૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓ પ્રકાશિત કરવાની અભિલાષા છે.

પરમ પૂજયપાદ ગો. શ્રી ઈન્દિરા બેટીજીનો હું હાર્દિક ઋણી છું. શિકાગોના મનોરથી વૈષ્ણવોને પણ હાર્દિક ધન્યવાદ.

પુસ્તકના મુદ્રણ તથા પ્રૂફવાચનની સુવાંગ જવાબદારી આત્મીય ભાવે સંભાળનાર મારા સુહૃદ પ્રા. રાજનભાઈ કડિયા, તેમના સુપુત્રો ચિ.દિલીપ અને ચિ.નગેન્દ્ર તથા તેમના ભાગ્યમુદ્રા પ્રેસનો પણ હાર્દિક આભારી છું. આ પુસ્તકના ટાઈપકામની જવાબદારી સંભાળનાર ભાઈ પરેશ વ્યાસને ધન્યવાદ.

ભેટપુસ્તક વિતરણની થકવી નાખે તેવી, કપરી જવાબદારી વહન કરનાર સૌ પ્રતિનિધિ વૈષ્ણવોનો સદાનો ઋણી છું.

વૈશાખ વદ ૫, ૨૦૪૮ દાસાનુદાસ
સ્વપ્રભુ પાટોત્સવ ***રમેશ***ના
મહેસાણા સદૈન્ય ભગવત્સ્મરણ

અનુક્રમણિકા

ક્રમ	શીર્ષક	વૈષ્ણવનું નામ	પૃષ્ઠાંક
●	માનવતાનો મહેરામણ	-	૯
૧	જેમાં પ્રભુનું સુખ તે સેવા	(૬૧. વીરબાઈ)	૧૭
૨	વ્રતનું અલૌકિક ફળ	(૬૨. સિંહનદવાસી સ્ત્રી-પુરુષ)	૨૩
૩	સહજ સ્નેહનું સાક્ષાત્ સ્વરૂપ	(૬૩. શ્યામદાસ સુથાર)	૩૧
૪	પ્રભુકૃપાથી સૌ સરળ	(૬૪. પૂર્વમાં રહેતા એક ક્ષત્રિય)	૩૬
૫	ગુણગાન તો પ્રભુના હોય	(૬૫. લઘુ પુરુષોત્તમદાસ)	૪૨
૬	સુખ હોય ગોપાલે ગાય	(૬૬. કવિરાજ ભાટ)	૪૬
૭	ચરનસરન સદા રહત બડભાગી જન	(૬૭. ગોપાલદાસ ક્ષત્રિય)	૫૦
૮	વૈષ્ણવનો સંગ દુર્લભ	(૬૮. જનાર્દનદાસ ચોપડા)	૫૫
૯	સ્વામીમાંથી સેવક થયા	(૬૯. ગડૂ સ્વામી)	૬૦
૧૦	ટેક સચવાયો : કોનો? કેવી રીતે?	(૭૦. કન્હૈયાશાલ ક્ષત્રિય)	૬૪
૧૧	દ્રવ્યથી બચે તે દામોદરને પામે	(૭૧. નરહરદાસ ગોડિયા બ્રાહ્મણ)	૬૭
૧૨	પુષ્ટિમાર્ગનો સંન્યાસ ભિન્ન છે	(૭૨. નરહર સંન્યાસી)	૭૪
૧૩	શ્રીગોવર્ધનનાથજીનાં કૃપાપાત્ર	(૭૩. સદુ પાંડે, ભવાની, નરો)	૮૦
૧૪	શ્રીહરિ દુ:ખિત ભક્ત અપરાધે	(૭૪. ગોપાળદાસ જટાધારી)	૮૭
૧૫	ભગવદીયના ભાવ મને ભીંજવે રે લોલ	(૭૫. કૃષ્ણદાસ અને તેમનાં પત્ની)	૯૩
૧૬	ધન અને ધર્મ	(૭૬. સંતદાસ ચોપડા)	૯૮
૧૭	તુજ સંગે કોઇ વૈષ્ણવ થાયે	(૭૭. સુંદરદાસ અને માધવદાસ)	૧૦૮
૧૮	વૈષ્ણવોની કૃપાથી પ્રભુકૃપા પમાય	(૭૮. માવજી પટેલ અને બિરજો)	૧૧૩
૧૯	ભગવદ્ધર્મ ગુપ્ત રાખે તે ભગવદીય	(૭૯. નરોડાવાળા ગોપાલદાસ)	૧૧૭
૨૦	કથા કથામાં ફેર છે	(૮૦. બાદરાયણદાસ)	૧૨૧
૨૧	પુષ્ટિમાર્ગનું જહાજ	(૮૧. સૂરદાસજી)	૧૨૫
૨૨	હરિરસ તબ હી તો જાય પૈયે	(૮૨. પરમાનંદદાસજી)	૧૪૪
૨૩	ભક્તનકો કહા સિકરીસોં કામ?	(૮૩. કુંભનદાસજી)	૧૫૩
૨૪	સત્યનિષ્ઠા	(૮૪. કૃષ્ણદાસજી)	૧૭૭
●	પરિશિષ્ટ		૨૨૯

માનવતાનો મહેરામણ

જગતમાં જ્યાં સુધી માનવતાનો મીઠો સ્રોત વહેતો રહેશે, ત્યાં સુધી જગત દેવોના નિવાસસ્થાન સમું સુંદર બની રહેશે. માનવીનાં હૃદય એકમેકનાં સુખદુ:ખને પિછાણી, એકમેકના સુખદુ:ખમાં સમભાગી બની, પરસ્પર બંધુભાવથી રહી, જગતને સુંદર નંદનવન સમું બનાવી દે છે. કોઈને ક્યારેય કશી વાતની ઊણપ નથી લાગતી. **'વસુધૈવ કુટુંબકમ્'** - પૃથ્વી આખી એક કુટુંબ બની રહે છે.

જ્યારે માનવતાનાં આ જળ સુકાય છે, ત્યારે નંદનવન સમું આ જગત કોઈ સ્મશાનભૂમિ જેવું બની જાય છે. માણસ માણસને ખાવા ધાય છે. સઘળે સંગ્રહ ખોરી, સ્વાર્થ અને લોલુપતાનું તાંડવ રચાય છે અને વાતાવરણ બિહામણું તથા ગૂંગળાવનારું બની રહે છે. આવી સ્થિતિ થાય તેને શાસ્ત્રો 'ધર્મની ગ્લાનિ થઈ' એમ કહે છે; અને ત્યારે પ્રભુનો કૉલ છે કે પોતે પૃથ્વી પર પ્રકટ થાય છે.

આ પ્રકારે ધર્મગ્લાનિ થાય, ત્યારે પૃથ્વી પર રહેતા મનુષ્યોમાં બે ભાગલા પડી જાય છે. એક ભાગ સંગ્રહવૃત્તિવાળો બની જાય છે. તે કોઈ પણ પ્રકારે પોતાને ત્યાં જગતની સમૃદ્ધિ-સુખનાં સાધનો એકત્ર થાય તે માટે પ્રયત્નશીલ બની રહે છે. શાસ્ત્રો આવા લોકોને રાક્ષસો કે તામસ પ્રકૃતિના મનુષ્યો કહે છે. બીજો ભાગ એવો રહે છે કે જેને પેટનો ખાડો પૂરવા માટે ફાંફાં મારવાં પડે છે. પછી તો **'બુભુક્ષિતઃ કિં ન કરોતિ પાપમ્?'** (ભૂખ્યો માણસ કયું પાપ નહીં કરે?) મતલબ કે આ પેટનાં બળ્યાં માનવો પેલા સંગ્રહખોરો પાસેથી પેટપૂરતું મેળવવા નીતિ-અનીતિનો ખ્યાલ છોડી, મન-ફાવતાં આચરણો કરે છે. ચોરી, લૂંટ, હિંસા વધે છે અને પછી કાયદા-કાનૂનોની લાંબી જંજાળ રચાય છે. આવા માનવો પણ એક બીજા પ્રકારની રાક્ષસ-સૃષ્ટિ જ બની રહે છે. પણ આવા મનુષ્યોને પેટનો ખાડો પૂરવાને યોગ્ય સાધન મળી રહે અને પ્રથમ પ્રકારના સંગ્રહ વૃત્તિવાળાઓને ત્યાગવૃત્તિવાળા બનાવી શકાય, તો તેમનામાં દૈવી સંપત્તિનો ઉદય થવાનો સંભવ ઘણો હોય છે. સૌનાં પેટ અને સાથે આત્મા સંતોષાય (**અન્નેન વૈ પ્રાણાઃ**), પ્રભુનું આપ્યું પ્રભુનો પ્રસાદ સમજી સૌ વહેંચીને

ભોગવે, તે માનવતાનો સાચો રસ્તો છે. આ રસ્તો છોડી કાયદાઓની ચુંગાલમાં માનવસમાજ ફસાય છે અને દિનપ્રતિદિન ઘર્ષણ વધતું જ ચાલે છે. આવી રીતે ધર્મગ્લાનિ થાય છે ત્યારે ભગવાન પોતાના કૉલ પ્રમાણે શાસ્ત્રો દ્વારા, સંતો દ્વારા અથવા કોઈ વિભૂતિ દ્વારા પૃથ્વી પર પધારી, લાલબત્તી ધરે છે 'થોભી જાઓ. આ સર્વ પ્રભુનું છે, તેને ત્યાગપૂર્વક વહેંચીને ભોગવો.'

પ્રભુના આ આદેશોને જે લોકો અવગણે છે, તેમના બુરા હાલ થાય છે અને જેઓ તે યુગપુરુષના આદેશને ઝીલે છે તેઓ બડભાગી બની, કૃતકૃત્ય થઈ જાય છે. એમનું જીવન ધન્ય બની જાય છે અને તેઓ અંતકાળે દૈવી સંપત્તિના અંગરૂપ બની જાય છે.

ઉપર જણાવ્યું તેમ, વહેંચીને ભોગવવાની અનેક રીતો છે. અને સમયે-સમયે તે જુદાજુદા રૂપે પૃથ્વીનાં માનવો સમક્ષ કોઈ અવતાર દ્વારા કે વિભૂતિ દ્વારા પ્રકટ થાય છે. વિક્રમની સોળમી સદીમાં જ્યારે જગત એક તરફથી ધર્મ-અધર્મના વિખવાદોના બુરખા પાછળ કેવળ સ્વાર્થી અને ઢોંગી લોકોના પંજામાં અટવાતું, દુ:ખીદુ:ખી થઈ રહ્યું હતું, બીજી તરફથી પરધર્મી આક્રમક યવનો તરફથી તેમ જ અહીંના જ વાસી સ્વાર્થ-માર્ગીઓ તરફથી સંતો અને સમસ્ત માનવજાતની સતામણી થઈ રહી હતી, સમાજ ધર્મ શું અને અધર્મ શું - એની વિમાસણમાં ઝોલાં ખાઈ રહ્યો હતો; ત્યારે ભારતની આ પુણ્યભૂમિ પર ભગવદ્‌વદનાવતાર શ્રીમહાપ્રભુજીએ પ્રકટ થઈ, પ્રેમસ્વરૂપ શ્રીકૃષ્ણચંદ્રપ્રભુની પાવન પુણ્યભૂમિ વ્રજ, વૃંદાવન, ગોવર્ધન અને શ્રીયમુનામૈયાના પુનિત તીરેથી માનવતાનો એવો મહેરામણ વહાવ્યો કે 'આવો, જગતના ઝંઝાવાતોથી ત્રાસેલાં, બળેલાં-ઝળેલાં માનવીઓ આવો. તમે સહુ તો જગતના કર્તા આદિપુરુષના અંશો છો. મૂંઝાઓ મા, આવો. તમારા સ્વરૂપને ઓળખો. બ્રહ્મસંબંધ કરો. તમે જે કંઈ તમારું માનો છો તે સર્વ પ્રભુનું છે, તેની સત્તા પ્રભુની છે; માટે તેને તમારા આત્મા સાથે અર્પણ કરો. તેથી સર્વ વસ્તુ દોષરહિત બની જશે, અહંતા-મમતાનાં દોરડાં તૂટી જશે અને જગતનાં બધાં દુ:ખો, સૂર્યપ્રકાશ આવતાં ઝાકળના પાણીની જેમ અદૃશ્ય બની જશે. પછી તમારો વહેવાર જેમ એક જ શેઠના અનેક નોકરો હોય, તેઓ જેમ પરસ્પર મિત્રો બની રહે છે, તેમ તમે સૌ એક ઈશ્વરના જ અંશો - ભાઈઓ-મિત્રો બની રહેશો અને સુખી થશો. પછી તમે તે પ્રભુના સેવક, તેની દીધેલી સંપત્તિના ટ્રસ્ટી બની રહો. સંપત્તિ પ્રમાણે ભગવત્પ્રસાદીથી સૌને સંતોષો.' માનવતાનો આ

મહેરામણ, આ અમૃત-સંદેશો જગતને પહોંચાડવા આપશ્રીએ પગે ચાલીને ભારતભરમાં ત્રણ-ત્રણ વાર પરિક્રમા કરી. અનેક તપ્ત હૃદયોએ આપશ્રીનો સંદેશ ઝીલ્યો અને જીવન ધન્ય કર્યું. આપશ્રીના સ્વલીલાપ્રવેશ પછી આપના પુત્રો અને આપનાં વંશમાંથી અનેક આચાર્યો અને આપશ્રીનો અમૃત-સંદેશ ઝીલનાર અનેક વિરક્તોએ પણ આ પ્રયાસમાં બનતો ફાળો આપ્યો.

શ્રીગોકુલેશપ્રભુએ માનવ-મહેરામણના આ અમૃતને લોકભોગ્ય બનાવવા વચનામૃતો દ્વારા અને વાર્તાઓ દ્વારા એક સુંદર પ્રયોગ આદર્યો. આપશ્રીએ બોધેલી એ વાર્તાઓ (૧) **શ્રીમહાપ્રભુજીના ચોર્યાશી વૈષ્ણવો**, અને (૨) **શ્રીવિઠ્ઠલેશ પ્રભુના ૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓ** વૈષ્ણવી સાહિત્યમાં ખૂબ આદર પામી. કોઈ પણ પુષ્ટિમાર્ગીય મંદિર એવું નહીં હોય, જ્યાં આ વાર્તાઓ નિત્ય નિયમપૂર્વક વંચાતી ન હોય! કેમ કે આ પ્રત્યેક વાર્તામાં માનવતાનાં મહાન અમૃત-ઝરણાં વહી રહ્યાં છે. વાર્તાઓમાં પાનેપાને **'પ્રસાદ લેવડાવો અને પ્રથમ સૌનું પેટ ઠારો'** નો અનુરોધ છે; કેમ કે પેટની આગ હોલવાશે ત્યારે જ જગતમાંથી પાપ અને પાપીઓ સમેટાશે. વાર્તાઓમાં ઠેર-ઠેર 'તમે પ્રસાદ અહીં લેજો', 'જતા-આવતા વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવજો' આવે છે. 'રોજ એક વૈષ્ણવને પ્રસાદ લેવડાવ્યા પછી જ પ્રસાદ લેવાનો નિર્ણય રાખજો' - આવું બહારગામ જતો પતિ પોતાની સ્ત્રીને કહી જાય છે. આ બધી વસ્તુઓ માનવતાના મૂળને સ્પર્શી જાય છે. જે દિવસે કોઈ વૈષ્ણવ ના મળે, ત્યારે પોતે ભૂખ્યા રહેવાના દાખલા પણ ઘણા છે.

ખાતાં સ્વાદ આવે તે ખરો સ્વાદ નથી, પણ અન્યને ખવડાવતાં જે સ્વાદ આવે, એ જ સાચો સ્વાદ છે. બાયડના બ્રાહ્મણની સ્ત્રી પોતાનો દેહ વેચીને આવેલા વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવવા તૈયાર થાય છે! આ શું નાનીસૂની વાત છે? બે બ્રાહ્મણ ભાઈ ચોરી કરી, જીવના જોખમે વૈષ્ણવોનું સમાધાન કરે છે! અશ્રદ્ધાનો મોટો પહાડ છે તે માનવતાના-શ્રદ્ધાના અમૃતજળથી ધોવાઈ જાય છે; ત્યાં પાપીનાં પાપ ધોવાઈ જાય છે અને વાણિયો ઊલટો પવિત્ર થઈ, તે બ્રાહ્મણની સ્ત્રીનો ધર્મનો ભાઈ બની જાય છે! અને મૃત બ્રાહ્મણ જીવિત થાય છે.

આજકાલ સમાજ બેવડું-કપટી-જીવન જીવીને આત્મવંચના કરી રહ્યો છે, એનો આપણને ખ્યાલ સુદ્ધાં નથી. એક તરફથી પુષ્ટિમાર્ગમાં પ્રભુને ધરાતી વિવિધ પ્રકારની સામગ્રીઓને, ખાવાની લોલુપતાને નામે કેટલાક અણસમજુઓ નિંદે છે કે પછી ઘૃણાની દૃષ્ટિએ જુએ છે. એમાં એમને રસોઈની કળાનાં દર્શન નથી

થતાં, પણ જિહ્વા-સ્વાદનાં દર્શન થાય છે! જ્યારે રોજ-બરોજ વધતી જતી હોટેલો-રેસ્ટોરાં-આગગાડીનાં સ્ટેશનોએ વેચાતી અનેકવિધ ખાદ્ય ચીજોના ભંડારો વગેરેનું કીડિયારું ઊભરાઈ રહ્યું છે; તેનો એમને કંઈ જ હિસાબ નથી. પુષ્ટિમાર્ગ આ કપટી જીવન કે આત્મવંચના નથી ઈચ્છતો. માણસની એ નબળાઈ કહો કે રસવૃત્તિ કહો, એને એ સમજે છે અને એને સ્પષ્ટ સ્વરૂપે સ્વીકારીને આજ્ઞા આપે છે કે જરૂર માણસને ખાવા-પીવાની, તેમાંય સારું ખાવા-પીવાની વૃત્તિ છે જ અને તે રહેશે; પણ તેને નિયંત્રિત કરી, પ્રભુ સન્મુખ વાળીએ, તો તેનાથી હાનિ ન થતાં લાભ જ થશે. એથી પુષ્ટિમાર્ગ આજ્ઞા આપે છે કે તમે જે કંઈ કરો તે તમારા માટે નહીં, તમારા પેટ માટે નહીં; કેવળ જીભની લોલુપતા માટે નહીં; પણ ભગવદ્અર્થે કરો. ને પછી ભગવદીયો સાથે મળી, તેમને પ્રથમ સંતોષી, પછી જ એ ભગવત્પ્રસાદીનો સ્વાદ લો; તેને ભોગવો, તો જ પ્રભુ પ્રસન્ન થશે. એ કેટલી ભવ્ય ભાવના! કેટલી મધુર માધુરી! અનેકોને વહેંચીને પછી બચે તે તમે લો, છૂટ છે. પછી ક્યાં રહ્યો જિહ્વાસ્વાદ! અને ક્યાં રહી રસલોલુપતા! ખાઓ-પીઓ, પણ પ્રભુનું પ્રભુને સમર્પીને અને પછી વહેંચીને - ભગવત્પ્રસાદી કરી વૈષ્ણવોને વહેંચીને - ખાઓ- ભોગવો. આમ કરતાં ઈન્દ્રિયો પ્રભુની સન્મુખ થતી જશે અને વિષયો છૂટતા જશે. અત્યારના આપણા સમાજના સ્વાર્થી જીવનમાં ઘરનાં માણસ ઉપરાંત બહારનું એક માણસ પણ આંખના કણા સમાન ખૂંચે છે. બહારના માણસની સરભરા આપણને પરવડતી નથી, ત્યાં નિત્ય નિયમપૂર્વક આ પુષ્ટિમાર્ગીય આદર્શથી જીવવું એ કેટલું દુષ્કર છે! છતાં એ રીતે જીવવાનું બીજાઓને કેમ નથી ફાવતું એય સમજાતું નથી!

મારો એક પ્રત્યક્ષ અનુભવનો જ દાખલો આપું. મારે એક મિત્ર સાથે ઉપર વર્ણવ્યા, તેવી કોટિના એક ગૃહસ્થને ત્યાં જવાનું થયું. ત્યાંના વાતાવરણનું વર્ણન શું કરું! ઘરમાં પેસતાં જ એક સાત વર્ષનું બાળક મળ્યું. નવીન આવનાર અમને જોઈ 'જયશ્રીકૃષ્ણ' કર્યાં અને કહ્યું : 'વૈષ્ણવજી, પધારો. હું મારા બાપુજીને આપ પધાર્યાની વધાઈ દઈ આવું.' એક સાહિત્યકારને પણ ટપી જાય એવી આ નાનકડા બાળકની વાણી સાંભળી, ત્યારે ઉચ્ચ પ્રકારના હિંદુ ગૃહસ્થના ઘરની સંસ્કૃતિ કેવી હોય છે એનું ભાન થયું. અમને આવા નાના બાળકમાં આ સંસ્કારિતા જોઈ નવાઈ લાગી; પણ જ્યારે અમે એ ઘરના વડીલ આગળ આ વાત કહી, ત્યારે તો અમને આ નવાઈ કેમ લાગી એની જ એ ભગવદીયને નવાઈ લાગી! એમને

મન તો એ બધું સહજ જ હતું! ઘરનાં અન્ય સ્ત્રીજનોમાં પણ એ જ સંસ્કારિતા જોવામાં આવી. સવારથી સાંજ સુધીનો ઘરનો સઘળો કાર્યક્રમ બસ પ્રભુસેવાથી જ ભરપૂર હતો. એમનો સઘળો વહેવાર પ્રભુમય હતો. આવાં ઘરોમાં કળિયુગ ડોકાય જ ક્યાંથી? ભગવદીયોની આ વાર્તામાં માનવતાનો એ મહેરામણ ઊભરાતો દેખાય છે ને તે દ્વારા આપણને માનવતાનું સાચું સ્વરૂપ શીખવે છે. આ વાર્તાઓ આપણને જીવનની એક નવીન દૃષ્ટિ આપે છે.

લક્ષ્મી પ્રભુના ચરણની દાસી છે. આ વાર્તાઓમાં ઠેરઠેર જોવામાં આવે છે કે જીવનમાં અને ભગવત્પ્રાપ્તિમાં લક્ષ્મીનું કશું જ સ્થાન નથી. અનેક ધનવાનો કરતાં, કેવળ પોતાનું સર્વસ્વ એવું દાતરડું ને દામણું વેચીને મેળવેલ ટકો ભેટ કરનાર પટેલનું - તેના ત્યાગનું સ્થાન ઊંચું છે (વાર્તા ૧૦૨). એક ગરીબ ખેડૂત જ્વરને લીધે, નાદુરસ્ત તબિયતને કારણે ચાલવા અશક્ત હોવા છતાં, સંઘવાળા લક્ષ્મીના મદમાં અંધ બની એ લાચાર માનવને સહાય-સહારો નથી આપતા, ત્યાં તો શ્રીગોવર્ધનધર પોતે શ્રીગુસાંઈજીને કહી, એને માટે શ્રીગુસાંઈજીની પોતાની ખાસ ગાડી મોકલાવી, તેને સૌથી પ્રથમ બોલાવે છે; અને લક્ષ્મીમદથી છકેલાઓનાં દર્શન પણ બંધ કરાવે છે (વાર્તા ૨૪). કેટલો ભવ્ય ને મધુર આદર્શ! ગરીબ પટેલની શંખાવલીનાં સામાન્ય ફૂલોની માળા સામે પધારી, માગીને શ્રીગુસાંઈજી સ્વીકારે છે (વાર્તા ૬૯). બીજી તરફ લાડ બાઈ-ધારબાઈના લાખો રૂપિયા આપશ્રી પાછા હડસેલે છે. અરે, દ્રવ્યલાલચુ ભંડારી તે લે છે ને સત્યાનાશ વહોરી લે છે (વાર્તા ૧૭૦). આ વાર્તાઓમાંથી આવાં તો માનવતાનાં અનેક અમૃત મળી રહે છે. આત્મપ્રેમના ઓજસને સન્માનવાની આ રીત કેટલી માનવતાભરી અને મીઠી લાગે છે! લક્ષ્મી પણ આવા માનવીઓના હાથમાં જતાં પોતાને ધન્ય માને છે.

શ્રીમહાપ્રભુજીએ વહાવેલા આ મહાન મહેરામણમાં જગતના તમામ મદો તણાઈને શુદ્ધ થઈ ગયા છે. લક્ષ્મીમદ, વિદ્યામદ, કુળમદ, જાતિમદ વગેરે અનેક પ્રકારના મદો અહીં આવી, પ્રભુના પ્રેમમાં રંગાઈ, મદ મટી મધ-કેવળ ભગવદ્રસ - બની ગયા છે. અહીં ધનવાન અને ગરીબ, સશક્ત અને રોગી, પંડિત અને મૂર્ખ, ઉચ્ચ વર્ણના અને હલકા વર્ણના જીવતા મનુષ્યો, પશુઓ, પંખીઓ અને મૃત પ્રેતો તેમજ વૃક્ષ જેવાં સ્થાવરો પણ પ્રભુને શરણે આવી, બ્રહ્મસંબંધ પામી, પ્રભુના દિવ્ય પ્રેમનાં સમાન અધિકારી બની શક્યાં છે. અહીં તો 'જાતપાઁત જાને નહીં કોય, હરિકો ભજે સો હરિકો હોય.'

આ પ્રમાણે કેવળ અન્ન વડે તૃપ્તિ કરાવવાની ક્રિયા ઉપદેશીને જ આ પુષ્ટિમાર્ગના-ભક્તિના રાજમાર્ગના પ્રવર્તકો અટકી ગયા હોત, તો તેમનું કાર્ય અધૂરું અને પાંગળું રહેત; કેમ કે અન્નથી થયેલી તૃપ્તિ તો ક્ષણિક છે. અન્નદાન એ મોટું દાન તો છે; તેથી અલબત્ત, સર્વભક્ષી એવી પેટની આગ હોલવાય છે, પણ તે થોડી વાર પૂરતી જ. ફરી પાછી એ આગ વધારે જોરથી ભભૂકે છે; એટલે એથીય મોટું દાન વિદ્યાદાન-જ્ઞાનદાન ગણાયું છે. તે વડે અન્નપ્રાપ્તિના અને તેથીય વધુ ઊંચા આત્મસંતોષના-આત્મોન્નતિના પાઠ ભણાય છે. બળ્યા-ઝળ્યા જઠરનો અગ્નિ ઠાર્યા પછી તરત જ તેમના આત્માની ભૂખનું નિવારણ કરવાના-શાશ્વત શાંતિ, આનંદ ને પરમાનંદની પ્રાપ્તિના માર્ગ પણ ખોલી આપવા, એ આ માર્ગનો અંતિમ આદર્શ છે. આ વાર્તાઓમાં એ વસ્તુ સ્પષ્ટ દેખવામાં આવે છે.

શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી પોતાના વૈષ્ણવોને પોતાની પાસે રાખીને અથવા પોતે તેમના ઘેર તેમની સાથે રહીને ગ્રંથોનાં અધ્યયન કરાવે છે, સેવાની રીતભાત શીખવે છે અને નિત્ય સત્સંગ માટે આદેશ કરે છે. વળી, શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાંઈજી તો જ્યાં જ્યાં પધારતા ત્યાં ત્યાં બપોરના તેમ જ રાતના નિજમંડળી બોલાવી, શ્રીમદ્ ભાગવત, શ્રીસુબોધિનીજીનું વાચન ચાલુ રાખતા અને કોઈ કોઈ ઠેકાણે સપ્તાહો કરતા. આ પ્રમાણે અન્નપરબ સાથે જ્ઞાનપરબ પણ ચાલુ કરવામાં આવી હતી. કહેવત છે કે 'ભણ્યા પણ ગણ્યા નહીં.' આ પ્રમાણે જ્ઞાન પણ કેવળ વિતંડાવાદ માટે ન બની જાય અને સાચી જીવનમાધુરી માણી શકાય, તેનું પ્રત્યક્ષ શિક્ષણ આપશ્રીએ સેવા દ્વારા આપ્યું. બ્રહ્મસંબંધ દીક્ષા આપીને તરત જ કહેવામાં આવતું કે શ્રીઠાકોરજી પધરાવી સેવા કરો. આ સેવા એટલે ઢીંગલા-ઢીંગલીની રમત નહીં; પણ અનેક કળાઓનો સમન્વય અને ઋતુકાળ આદિનું સંપૂર્ણ જ્ઞાન. પાકશાસ્ત્ર, શૃંગાર, આભૂષણ, વેષભૂષા, ચિત્રકળા, સંગીતકળા વગેરે બધી જ લલિતકળાઓનો સુંદર સમન્વય આ સેવામાં આવી જાય અને શરણે આવેલા ભક્તોનો સર્વ સમય તે દ્વારા કેવળ ભગવન્મય બની રહે. તેમને આ જીવનમાં જ આનંદ-પરમાનંદની પ્રાપ્તિ થાય અને સાથે સાથે કળાઓ પણ પ્રભુમાં યોજાવાથી ધન્ય બની જાય. પ્રભુથી ઇતર લૌકિક અર્થે યોજાયેલી કળાઓની અહીં કોડી જેટલી કિંમત છે, એ તો બાદશાહી દરબારમાં અત્યંત માન પામેલ તાનસેન ગવૈયાને શ્રીગુસાંઈજીએ તેની કદરમાં સોનામહોરો ઉપરાંત એક કોડી આપીને દર્શાવ્યું છે.

કેવળ અન્નદાનનો બોધ આપી પુષ્ટિમાર્ગના પ્રવર્તકો બેસી રહ્યા હોત, તો એમનાં નામ કોઈ દાનેશ્વરોની હારમાળામાં જરૂર નોંધાત, પણ પરિણામે એમણે ભિખારીઓનું કે માયકાંગલાઓનું જ સર્જન કર્યું હોત કે ભિક્ષુકોની એકાદ નવી જમાત ઊભી કરી હોત. પણ અન્નદાન દ્વારા જઠરાગ્નિની શાંતિનો માર્ગ બતાવી, તરત જ સેવા અને તેની સાથે આવી જતી કળાઓ દ્વારા આપશ્રીએ એક એવો ઉચ્ચ કક્ષાનો સમાજ ઊભો કર્યો કે જેને માટે ભારતભૂમિ મગરૂર છે અને જેના વિના વસુધા વાંઝણી રહેત. આ સેવા અને તે માટે અપાતા જ્ઞાનબોધે જનસમાજ પર એવી તો ભવ્ય અસર પાડી કે એ પછી દિલ્હીના બાદશાહ જેવાને કુંભનદાસજી જેવા એક સાધારણ ખેડૂત પણ બેધડક કહી શકે છે :

ભક્તનકો કહા સિકરી સોં કામ?
આવત જાવત પન્હૈયા ટૂટી બિસર ગયો હરિનામ ।
જાકો મુખ દેખે દુઃખ ઉપજે તાકો કરનો પર્યો પરનામ ।
કુંભનદાસ લાલ ગિરિધર બિન યહ સબ જૂઠો ધામ ॥

(બાદશાહ, મારે સિક્રીનું શું કામ? મારે તો જતાં-આવતાં જોડા ફાટ્યા ને પ્રભુનામ ભૂલ્યો એ વધારામાં. જેનું મોઢું જોતાં દુઃખ થાય છે, એવા તને મારે પ્રમાણ કરવા પડ્યા, પણ (યાદ રાખ) રાજા! મારા પ્રભુ શ્રીગિરિધારીલાલ વગર મારે માટે આ તારો સુંદર આવાસ જૂઠો છે.)

એ જ જ્ઞાનબોધના પ્રતાપે કાશીના ધનાઢ્ય શેઠ પુરુષોત્તમદાસ જેવા લૌકિક મોટાઈ છોડી, ગાયોનાં છાણ-વાસીદાં વિના સંકોચે ઉપાડી શકે છે.

આ વાર્તાઓમાં અન્યનું વગર મહેનતે ના ખાવું, ધન માટે ધર્મનો સોદો ના કરવો વગેરે જે પ્રત્યક્ષ સંસ્કાર જોવામાં આવે છે તે આ માર્ગમાં આવનાર માટે ઉચ્ચ કક્ષાનું વિદ્યાદાન છે. વિઠ્ઠલદાસ કાયસ્થને ગૌડ દેશના નારાયણદાસ મારફતે ચાબૂકનો માર પડે છે, તે પોતે સહી લે છે; પણ પોતાની વૈષ્ણવતા દેખાડી તેમાંથી બચાવ શોધતા નથી (વાર્તા ૬). બે પટેલ ભાઈ, પોતાને મજૂરી આપનાર વૈષ્ણવ હોઈ, રખે ને તે 'અમને વૈષ્ણવ જાણી બીજા મજૂરોને અન્યાય કરે અને અમારા પર પક્ષપાત કરે' એ બીકે કંઠી અને તિલક છુપાવીને મજૂરીએ જાય છે અને મૂળ વાત પ્રગટ થતાં જ કામ છોડી ચાલ્યા જાય છે (વાર્તા ૧૭૨). કિશોરીબાઈ પોતાને અન્ય વૈષ્ણવ તરફથી મળેલી સામગ્રી સિદ્ધ કરી પ્રભુને ધરાવે છે, તે આરોગવા પ્રભુ પધારતા નથી, તેથી પરાયું - પોતે વગર શ્રમે પ્રાપ્ત

કરેલું - પ્રભુને અર્પી શકાય નહીં, એવો જે બોધ આપે છે તે કોઈ સાધારણ શાળા નહીં આપી શકે.

પુષ્ટિમાર્ગ તો શીખવે છે કે **'કૃષ્ણાત્ પરં નાસ્તિ દૈવં વસ્તુતો દોષવર્જિતમ્ ।'** ખરેખર! દોષરહિત જો કંઈ પણ દૈવત્વ હોય, તો તે કેવળ શ્રીકૃષ્ણ જ છે. માટે પ્રભુ શ્રીકૃષ્ણ તરફ વળો, તેના સિવાય બધી શક્તિઓ દોષવાળી છે તે તરફ મન ના દોડાવો. કોઈનું ઓશિયાળાપણું ના વેઠો, કોઈનો ડર ના રાખો અને કૃષ્ણ સિવાય કશાની કામના ના રાખો. વળી, જ્યારે કૃષ્ણ સિવાય સઘળું જ સદોષ છે, અપૂર્ણ છે, તો કોઈના દોષ કે અપૂર્ણતા જોઈ ઘૃણા ના કરો કે ગ્લાનિ ના લાવો. અહીં પતિતોની ઘૃણા નથી. પ્રેમપૂર્વક તેમને પણ આવકાર છે. એ બધાં જ દોષવાળાં પણ જો નિર્દોષ એવા કૃષ્ણ તરફ વળશે અને કૃષ્ણને મળશે, તો એમના સર્વ દોષ ધોવાઈ જશે અને સૌ પરમાનંદનાં ભાગીદાર બની રહેશે.

પુષ્ટિમાર્ગે ગૃહસ્થ જીવનનો નિરાળો પંથ (પૃથક્ શરણમાર્ગ) બતાવ્યો છે અને એને કારણે તેના સાહિત્યમાં પણ એક નવી જ ભાત પડી છે. કેટલાક શબ્દપ્રયોગો અન્યત્ર જોવામાંય ન આવે એવા અહીં થયેલા છે.

આ વાર્તાઓનું નિત્ય વાચન કરી, એમાં રહેલી માનવતા જીવનમાં ઊતરે તો જીવન ધન્ય બની જાય. ઘર તો ગોલોક કે ગોકુળ બની જાય ને ઘેર ઘેર આનંદના ઓઘ ઊછળે. કંગાલિયતનું તો નામનિશાન જ ન રહે! જય હો ચોરાશી બસોબાવન વૈષ્ણવોનો અને એમનાં આદર્શ જીવન ઘડનાર પુષ્ટિમાર્ગીય ઘડવૈયાઓનો!

- પૂનમચંદ દોશી
(મોડાસા)

---

૧. જેમાં પ્રભુનું સુખ તે સેવા

(૬૧. દામોદરદાસ કાયસ્થનાં માતા વીરબાઈ)

વ્રજના વિસ્તારમાં શેરગઢ નામે એક ગામ હતું. ત્યાં એક કાયસ્થ શ્રીમંત રહેતા હતા. વધુ વેપાર માટે તેઓ કાશી ગયા. તેમને એક દીકરી જન્મી. તેનું નામ પાડ્યું વીરબાઈ. સૌ તેને લાડમાં 'વીરાં' કહીને બોલાવતાં. વીરબાઈ થોડાં મોટાં થયાં એટલે તેમની સગાઈ તેમની જ્ઞાતિના એક યુવાન સાથે કરી. તેમનું નામ નારાયણદાસ. તેમનું સાસરું શેરગઢમાં હતું. સગપણ પછી થોડાક સમયમાં લગ્ન લેવાયાં. વીરબાઈ પરણીને સાસરે ગયાં. લગ્ન પછી થોડા સમયમાં તેમના ત્યાં પુત્રજન્મ થયો. તેનું નામ દામોદર પાડવામાં આવ્યું. તે દીકરો નવ વર્ષનો થયો.

આ અરસામાં શેરગઢનો વહીવટ કરવા માટે એક નવો અમલદાર આવ્યો. તે સ્વભાવે મહાદુષ્ટ હતો. દ્રવ્યનો લોભી પણ હતો. જેની જેની પાસે દ્રવ્ય જુએ, તેને બહુ પરેશાન કરે. તેના ઉપર ખોટા આરોપો મૂકે, તેને જેલમાં નાખે અને તેનું દ્રવ્ય ઝૂંટવી લે. આ ઉપરાંત, ગામના કેટલાક ચોર લોકોને પણ તેણે સાધ્યા હતા. તેમની પાસે ચોરીઓ કરાવતો અને ચોરીઓનો માલ બધો હજમ કરી જતો.

શેરગઢના નગરજનો આ અમલદારથી ઘણા ત્રાસી ગયા હતા. વીરબાઈના પતિ નારાયણદાસે એક દિવસ વીરબાઈને કહ્યું : 'હવે અહીં રહેવું ઘણું મુશ્કેલ છે. આ અમલદાર આપણું બધું દ્રવ્ય પડાવી લેશે. આપણને રસ્તામાં રખડતાં કરી દેશે. શું કરવું તેની સમજ પડતી નથી.'

'મને એક વિચાર સૂઝે છે. આપણી બધી જમીન-જાયદાદ વેચી દો. વેપારમાં રોકેલાં બધાં નાણાં માલસામાન વેચી, ભેગાં કરો. હું બધું દ્રવ્ય લઈ મારા પિયર કાશી ચાલી જાઉં. ગામમાં આપણું ઘર છે, માટે તમે થોડો સમય અહીં ગામમાં જ રહો. ભગવાન કરશે તો આ દુષ્ટ અમલદાર અહીંથી જશે. નવો અમલદાર આવે એટલે હું પાછી આવીશ.'

નારાયણદાસને આ વાત ગળે ઊતરી. તેમણે કહ્યું : 'વાત સાચી છે. જો આ અમલદાર નહિ બદલાય, તો અહીં રહેવું મને પણ મુશ્કેલ બનશે.'

'એવું થાય તો તમે પણ કાશી આવી જજો.'

પાંચ-દશ દિવસમાં મિલકતની બધી વ્યવસ્થા ગોઠવાઈ ગઈ. સોનામહોરો ભેગી કરી વીરબાઈ, પુત્ર દામોદરદાસને લઈ કાશી જવા નીકળ્યાં. તેઓ ચાર મહિના કાશીમાં પિતાના ત્યાં રહ્યાં.

દરમ્યાનમાં શેરગઢના એક બ્રાહ્મણ પર અમલદારે આરોપ મૂક્યો અને તેનું બધું દ્રવ્ય લૂંટી લીધું. તેના ઘરમાંની બધી ચીજ-વસ્તુઓ લૂંટાઈ ગઈ, તેથી બ્રાહ્મણની પત્ની રડવા લાગી. બ્રાહ્મણે કહ્યું, 'તું રડીશ નહિ. પ્રભુ બધું સારું કરશે, તું જોયા કર.'

એક દિવસ તે અમલદાર ઘોડેસવાર થઈ બજારમાંથી જતો હતો, ત્યારે લાગ જોઈ તે બ્રાહ્મણ તલવાર ખેંચી અમલદાર પર ધસી ગયો. ઘોડા પરથી તેને નીચે પટકી મારી નાખ્યો. તે અમલદારના સિપાઈઓએ ત્યાં ને ત્યાં બ્રાહ્મણને પણ મારી નાખ્યો. આ વાત રાજ્યના રાજા પાસે પહોંચી. તેણે શેરગઢમાં બીજો અમલદાર મોકલ્યો. તે સજ્જન હતો. તેણે ગામમાં સુખશાંતિ સ્થાપ્યાં. ગામ છોડીને નાસી ગયેલા લોકો પાછા આવવા લાગ્યા.

જેનો પતિ મરી ગયો હતો તે બ્રાહ્મણ બાઈએ નારાયણદાસને કહ્યું : 'ભાઈ, હવે હું વિધવા થઈ છું. અમારા ઘરમાં ઠાકોરજીનાં બે સ્વરૂપ છે. મારા એકલાંથી તેમની પૂજા બનતી નથી. પૂજા માટે મારી પાસે દ્રવ્ય પણ નથી. હું શું કરું તે બતાવો.'

'બહેન, હવે ગામમાં શાંતિ થઈ છે. મારી પત્ની અને સંતાનો કાશી છે. હું તેમને પાછાં બોલાવું છું. તેમના આવ્યા પછી તમારા ઠાકોરજીને અમે રાખી લઈશું. તમે ચિંતા કરશો નહિ.'

નારાયણદાસે ચાર માણસોને વીરબાઈને બોલાવવા કાશી મોકલ્યા. તે માણસોની સાથે ધન લઈ વીરબાઈ શેરગઢ આવવા નીકળ્યાં.

કાશીથી પાછા ફરતાં પાંચમા મુકામે એક નાનું ગામ આવ્યું. ત્યાંથી કેટલાક ચોર તેમની પાછળ પડ્યા. રાત્રે બધાં સૂઈ ગયાં, ત્યારે ચોર લોકો સોનામહોરોની પેટી ચોરી ગયા. સવારે વીરબાઈને ખબર પડી કે ચોરી થઈ છે. ગામમાં તપાસ કરી, પણ કંઈ પત્તો લાગ્યો નહિ. નિરાશ થઈ વીરબાઈ ગામ બહાર તળાવ-કિનારે આવ્યાં. ત્યાં બેઠાં બેઠાં રડવા લાગ્યાં.

તે વખતે ભારત-પરિક્રમા કરતાં કરતાં શ્રીમહાપ્રભુજી પણ ત્યાં પધાર્યા. તે જ તળાવ પર બિરાજી આપ સ્નાન કરી, સંધ્યાવંદન કરતા હતા. આપે વીરબાઈને રડતાં જોયાં. આપે વિચાર કર્યો, બાઈ દૈવી જીવ છે; દુઃખી જણાય છે. આપે વીરબાઈને બોલાવીને પૂછ્યું, 'બાઈ, તને શું દુઃખ છે?'

'મહારાજ, મને મહાદુઃખ આવ્યું છે. કુટુંબમાં ઘણું દ્રવ્ય હતું, તે લઈને હું ઘેર પાછી જતી હતી. કાલ રાતે દ્રવ્યની પેટી ચોરાઈ ગઈ. આ ગામ મારા માટે સાવ અજાણ્યું છે.'

શ્રીમહાપ્રભુજીને આ સાંભળી દયા આવી. આપે આજ્ઞા કરી, 'બાઈ, રડશો નહિ. શ્રીઠાકોરજી બધું સારું કરશે.'

'મહારાજ, મારું દ્રવ્ય મને પાછું મળશે તો અડધું દ્રવ્ય આપને ભેટ કરીશ. બાકીના દ્રવ્યથી અમારું કુટુંબ આપની કૃપાથી જીવશે. હું જન્મ-ભરની આપની દાસી બનીને રહીશ. આપનો ઉપકાર કદી ભૂલીશ નહિ.'

'બાઈ, તમે દૈવી જીવ છો. મારે તમારું દ્રવ્ય જોઈતું નથી.'

શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી, 'કૃષ્ણદાસ! પેલા વૃક્ષ નીચે ચોરોએ જમીનમાં પેટી દાટેલી છે. આ બાઈને તે બતાવી આવો.'

કૃષ્ણદાસની સાથે બાઈ ત્યાં ગયાં. જમીનમાંથી પેટી ખોદી, શ્રીમહાપ્રભુજી પાસે લઈ આવ્યાં અને વિનંતી કરી, 'મહારાજ! આમાંથી અડધું આપ રાખો. અડધું મને આપો. વળી મને શરણે લઈ આપની સેવક કરો.'

'બાઈ, અત્યારે તું સાસરે જઈ રહી છે. તને પુષ્ટિમાર્ગની કોઈ સમજ નથી, તેથી પુષ્ટિમાર્ગનું આચરણ તું હમણાં કરી શકીશ નહિ. બધું દ્રવ્ય લઈને તું શેરગઢ જા. હું ત્યાં આવીશ, ત્યારે તને સેવક કરીશ.'

'મહારાજ, મને લાગે છે કે આપ સાક્ષાત્ ઈશ્વર છો. અત્યારે હું આપને અડધું દ્રવ્ય ભેટ કરું છું, છતાં આપ સ્વીકારતા નથી. આપ પછીથી શેરગઢ પધારશો કે કેમ, તેની કોને ખબર? શ્રીઠાકોરજીએ મારા પર ઘણી કૃપા કરી છે, જેથી આપનાં મને દર્શન થયાં; માટે મને સેવક કરો.'

'બાઈ, તું જરા પણ ચિંતા કરીશ નહિ. તારા કુટુંબને શરણે લેવા માટે હું શેરગઢ આવીશ. ગામના અમલદારના હાથે બ્રાહ્મણ મરી ગયો છે. તેની સ્ત્રી

પાસે શ્રીઠાકોરજીનું જે સ્વરૂપ છે તે તારા માથે પધરાવી આપીશ. માટે તું ચિંતા કર્યા વિના શેરગઢ જા.'

'મહારાજ, શરીરનો કોઈ ભરોસો નથી. આપની સામે દલીલ કરવી તે અપરાધ છે એ હું જાણું છું; માટે આપ આપનાં ચરણારવિંદ મારા મસ્તકે ધરી મને ખાતરી કરાવો કે આપ શેરગઢ પધારશો. દરમ્યાન મારું મન બગડે નહિ, શુદ્ધ રહે.' આપે વીરબાઈના માથે ચરણારવિંદ ધરી વચન આપ્યું.

થોડા દિવસ બાદ વીરબાઈ શેરગઢ પહોંચ્યાં. પતિ નારાયણદાસને બધી વાત કહી. શ્રીમહાપ્રભુજીએ બ્રાહ્મણ બાઈના ત્યાં બિરાજતું શ્રીઠાકોરજીનું ગૌર સ્વરૂપ પધરાવી આપવાનું કહ્યું હતું, તે વાત પણ કહી. વીરબાઈએ તે બ્રાહ્મણીનો પરિચય પૂછયો. નારાયણદાસે બધી હકીકત કહી. વીરબાઈના આગ્રહથી નારાયણદાસ તે બાઈના ત્યાં જઈને શ્રીઠાકોરજીનું સ્વરૂપ પધરાવી લાવ્યા. ચાર દિવસ પછી શ્રીમહાપ્રભુજી શેરગઢ પધાર્યા. ગામ બહાર નદી કિનારે એક બગીચામાં મુકામ કર્યો. કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી, ગામમાં જઈ વીરબાઈને સમાચાર આપો.

વીરબાઈ સમાચાર મળતાં શ્રીમહાપ્રભુજી પાસે દોડી ગયાં અને વિનંતી કરી, 'આપ ઘેર પધારો અને મારા આખા કુટુંબને શરણે લો.'

'બાઈ! તું દૈવી જીવ છે, તેથી તારાથી ભગવદ્સેવા થશે; પરંતુ તારું કુટુંબ સાધારણ જીવો છે, એટલે તને બ્રહ્મસંબંધ આપીશ અને બાકીનાંને નામમંત્ર આપીશ. તું નદીમાં નાહીને શુદ્ધ વસ્ત્રો પહેરીને આવ.'

શ્રીમહાપ્રભુજીએ વીરબાઈને બ્રહ્મસંબંધ આપ્યું, જ્યારે કુટુંબને નામમંત્ર આપ્યો. શ્રીઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવી વીરબાઈ પર પધરાવી આપ્યા. તેમનું નામ શ્રીકર્પૂરરાયજી રાખ્યું. બીજું લાલનનું સ્વરૂપ હતું; તેમનું નામ શ્રીનવનીતપ્રિયજી રાખ્યું. વીરબાઈએ શ્રીમહાપ્રભુજીને ઘણી વિનંતી કરી પાંચ દિવસ ઘરમાં પધરાવ્યા. આપશ્રી પાસેથી પુષ્ટિમાર્ગની બધી રીત શીખ્યાં. સંકલ્પ મુજબ અડધું દ્રવ્ય શ્રીમહાપ્રભુજીને ભેટ ધર્યું.

દિનપ્રતિદિન વીરબાઈ પ્રેમથી શ્રીઠાકોરજીની સેવા કરવા લાગ્યાં.

શ્રીઠાકોરજી વીરબાઈની સેવાથી ઘણા પ્રસન્ન થયા. વીરબાઈને સાક્ષાત્ દર્શન આપવા લાગ્યા. થોડા મહિના પછી વીરબાઈને ગર્ભ રહ્યો. પ્રસૂતિનો સમય નજીક આવ્યો. પાછલી રાત્રે પુત્રનો પ્રસવ થતાં જ્ઞાતિના બધા લોકો વધાઈ લઈને આવ્યા. ઘરનાં બધાં જ્ઞાતિજનોની આગતા-સ્વાગતામાં પડી ગયાં. કોઈને શ્રીઠાકોરજી યાદ ન આવ્યા.

દિવસ ચઢતો ગયો. દસ-અગિયાર વાગ્યા, પણ શ્રીઠાકોરજીને કોઈએ જગાવ્યા ન હતા, મંગળભોગ ધરાવ્યો ન હતો. આથી વીરબાઈને ઘણું દુઃખ થયું. તેઓ બધાંને કહેવા લાગ્યાં, 'મારા ઠાકોરજીને કોઈ જગાવો. મારા પ્રભુને મોડું થઈ ગયું છે.' પરંતુ વીરબાઈની વાત પર કોઈએ ધ્યાન ન આપ્યું. દિવસ ચડતો જ ગયો. આથી વીરબાઈને ઘણો વિરહતાપ થયો. તેઓ ઘણું આક્રંદ કરવા લાગ્યાં. તેમના મનમાં એવો વિચાર આવ્યો કે નવજાત બાળક પાપી છે, તેને લઈને મારા ઠાકોરજીને શ્રમ થયો છે, હું શું કરું?

શ્રીઠાકોરજી વીરબાઈનો વિરહતાપ સહન કરી શકયા નહિ. આપે શૈયામંદિરમાંથી વીરબાઈને આજ્ઞા કરી, 'તું રડીશ નહિ. બીજું કોઈ મને ન જગાવે, તો તું મને જગાવ.'

'મહારાજ, હું તો પ્રસૂતા છું. આવી સ્થિતિમાં હું આપની સેવા કેવી રીતે કરી શકું?'

'વીરા, તારી વાત સાચી છે. આ સ્થિતિમાં સેવા ન થાય, પણ બીજો કોઈ વિકલ્પ નથી; માટે મારી આજ્ઞા છે. તું ગાયના ગોબરથી શરીરને ઘસી સ્નાન કરી, મારી સેવામાં આવ. તને અપરાધ નહિ લાગે. હું તારા સિવાય બીજાની સેવા અંગીકાર નહિ કરું. મારી આજ્ઞા છે, માટે તું અપરાધની ચિંતા કરીશ નહિ.'

શ્રીઠાકોરજીની આજ્ઞા પ્રમાણે વીરબાઈ સેવા કરવા લાગ્યાં. ૧૩ દિવસ સુધી આ પ્રમાણે સેવા કરી, પછી અપરસ કાઢી. ચાલીસ દિવસ થયા પછી તેમણે ફરી અપરસ કાઢી, બધાં વસ્ત્ર-વાસણ કાઢી નાખ્યાં અને નવાં વસ્ત્ર-વાસણ તૈયાર કર્યાં. શ્રીઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવ્યું અને સેવા કરવા લાગ્યાં. આથી શ્રીઠાકોરજી વીરબાઈ પર ઘણા પ્રસન્ન થયા. આપે આજ્ઞા કરી, 'તને ધન્ય છે. તેં મારી આજ્ઞા માની આશૌચમાં સેવા કરી અને ત્યાર બાદ શાસ્ત્રની રીત મુજબ બધી શુદ્ધિ પણ કરી.'

●

સિદ્ધાંત-નવનીત

(૧) શ્રીમહાપ્રભુજીએ 'નવરત્ન' ગ્રંથમાં આજ્ઞા કરી છે કે ગુરુની આજ્ઞા

પ્રમાણે સેવા કરવી; પરંતુ શ્રીઠાકોરજીના સુખ માટેની આજ્ઞા શ્રીઠાકોરજી સ્વયં કરે, તો તે સંજોગોમાં શ્રીઠાકોરજીની આજ્ઞા પ્રમાણે સેવા કરવામાં દોષ નથી. અહીં આ આજ્ઞા પૂરેપૂરી સમજાય છે.

(૨) કોઈ વૈષ્ણવ ઘણા શુદ્ધ રીતે રહેતા હોય, તેમનો આચાર-વિચાર ઉત્તમ હોય, પરંતુ જો તેમનામાં શ્રીઠાકોરજી ઉપર પ્રેમ ન હોય, તો શ્રીઠાકોરજી પ્રેમ વિનાની સેવા અંગીકાર કરતા નથી. કદાચ કોઈ અપવિત્ર હોય, હીન કે નીચ જ્ઞાતિમાં જન્મેલ હોય, પરંતુ શ્રીઠાકોરજીમાં પ્રેમ હોય, તો શ્રીઠાકોરજી તેમની સેવા પ્રસન્નતાથી અંગીકાર કરે છે.

(૩) જેમ વ્રજલીલામાં શ્રીગિરિરાજની તળેટીમાં રહેતી ભીલ સ્ત્રીઓને શ્રીઠાકોરજી પર ઘણો પ્રેમ હતો, તેથી વ્રજરજમાં પડેલાં શ્રીઠાકોરજીનાં ચરણારવિંદના કુમકુમને તેઓ મસ્તક અને હૃદય પર ધારણ કરતાં. તે દ્વારા શ્રીઠાકોરજી તેમને પોતાના દિવ્ય આનંદનો અનુભવ કરાવતા, તેમ અહીં પણ વીરબાઈને પ્રભુએ પોતાના દિવ્ય સ્વરૂપનો અનુભવ કરાવ્યો.

(૪) 'શિક્ષાપત્ર'માં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે પ્રભુ જે જીવનો અંગીકાર કરવાનું નક્કી કરે છે, તે જીવને તેના લૌકિક જીવનમાં ક્લેશ આપી, તેની લૌકિક આસક્તિ છોડાવે છે. તે દ્વારા તેનું મન પ્રભુમાં લાગે છે. વીરબાઈને ધનમાં આસક્તિ હતી. ધનના રક્ષણ માટે તેઓ પતિની ચિંતા છોડી, પિયરમાં જઈને રહેલાં. એમની આ વિત્તાસક્તિ છોડવવા, પ્રભુએ તેમના ધનની ચોરી કરાવી. શ્રીમહાપ્રભુજીએ ચોરાયેલું ધન બતાવી, તેમની શ્રદ્ધા દૃઢ કરી.

વૈષ્ણવ પરિચય :

નામ : પતિ - નારાયણદાસ, પત્ની - વીરબાઈ, પુત્ર - દામોદરદાસ.
વતન : શેરગઢ
પરિવાર : પતિ અને પુત્ર
જ્ઞાતિ : ક્ષત્રિય
સેવ્ય સ્વરૂપ : શ્રીકર્પૂરરાયજી અને શ્રીનવનીતપ્રિયજી
લીલા-સ્વરૂપ : પુલિંદી 'વનદેવી'

■

૨. વ્રતનું અલૌકિક ફળ

(૬૨. સિંહનદનાં વતની સ્ત્રી-પુરુષ)

નિત્યલીલાનો પ્રસંગ છે. નિત્યલીલામાં શ્રીરાધિકાજીનાં મુખ્ય આઠ સખીઓ પૈકીનાં એક શ્રીવિશાખાજી છે. તેમની બે સખીઓ : એકનું નામ રંગા, બીજીનું નામ હંસા. તે બંને દરરોજ સવારે બંને શ્રીયમુના-સ્નાન કરવા માટે જાય. એક દિવસ વહેલી સવારે શ્રીયમુના-સ્નાન કરવા માટે ગયાં હતાં, ત્યાં શ્રીયમુનાજીના ઘાટે તેમને શ્રીનંદકુમાર મળી ગયા. શ્રીનંદકુમાર સાથે તેઓ સ્થળ-જળવિહારમાં મગ્ન બન્યાં.

તે જ સમયે શ્રીરાધિકાજી વિશાખાજીને સાથે લઈ શ્રીયમુના-સ્નાન કરવા પધાર્યાં. શ્રીનંદનંદને તેમને જોયાં. આપ તરત જ જળમાંથી બહાર પધારી, એક મોટા વૃક્ષની પાછળ છુપાઈ ગયા. બંને સખીઓને નવાઈ લાગી કે એકાએક શ્રીનંદનંદન કયાં જતા રહ્યા?

શ્રીરાધિકાજીએ બે સખીઓને જોઈ. તેમણે બૂમ પાડી, 'અમારી પાસે આવો.' પરંતુ આ બંને સખીઓનું મન શ્રીઠાકોરજીને શોધવામાં લાગેલું હતું, તેથી તેમણે સાંભળ્યું નહિ.

'વિશાખા, તારી આ બંને સખીઓ બહુ નફફટ છે. હું બોલાવું છું, પણ આવતી નથી.' આથી વિશાખાજીએ બૂમ પાડી : 'રંગા, હંસા. જલદી અહીં આવો.' છતાં બંને સખીઓ આવી નહિ.

'કિશોરીજી, આ બંનેને અભિમાન આવ્યું લાગે છે. આપે બૂમ પાડી, મેં બોલાવી; છતાં તેઓ આપણી પાસે તો ન આવી, પણ જવાબ સુદ્ધાં આપ્યો નહીં. નિત્યલીલામાં અભિમાની જીવો રહી શકે નહિ. માટે રંગા-હંસા, તમે બંને પૃથ્વીમાં જન્મ લો.'

વિશાખાજીના શાપથી રંગાને અને હંસાને પૃથ્વી પર જન્મ લેવો પડ્યો.

પંજાબમાં સરસ્વતી નદીના એક કિનારે થાણેશ્વર નામનું ગામ છે; અને સામે કિનારે સિંહનદ નામનું ગામ છે. સિંહનદમાં પાસપાસે બે ક્ષત્રિય કુટુંબો

રહેતાં હતાં. એક કુટુંબમાં રંગાસખી પુત્રરૂપે જન્મી. બીજા કુટુંબમાં હંસાસખી પુત્રી બનીને જન્મી. બંને બાળકો દશ વર્ષનાં થયાં. બંને કુટુંબો વચ્ચે ઘણો સારો મનમેળ હતો, તેથી તેમણે તેમનાં આ દીકરા-દીકરીના વિવાહ કર્યા અને તેમનાં બાળલગ્ન પણ કર્યાં. પુત્રનું નામ હતું નંદદાસ અને પુત્રીનું નામ હતું કૃષ્ણા.

નંદદાસ અને કૃષ્ણા બાળપણથી ત્યાગવાળા સ્વભાવનાં હતાં. તેમના મનમાં ઘણો વૈરાગ્યભાવ હતો. બીજાં બાળકોની જેમ સારા ખાનપાનમાં, રમવામાં, સુંદર વસ્ત્રો પહેરવામાં કે મોજમસ્તી કરવામાં તેમને જરા પણ રસ પડતો ન હતો.

તેઓ સમજણાં થયાં, ત્યારે કૃષ્ણાને સાસરે વળાવવામાં આવી. પહેલી રાતે નંદદાસે કૃષ્ણાને કહ્યું : 'કૃષ્ણા, વિષયવાસના પશુ-પંખીઓમાં પણ છે. વિષયવાસનાનું સુખ એ તો પશુઓનું સુખ છે. ભગવાને આપણને મનુષ્યદેહ આપ્યો છે. સંતો એમ કહે છે કે ચોર્યાસી લાખ યોનિઓમાં પુણ્ય કર્યાં હોય, તો દુર્લભ એવો મનુષ્યદેહ મળે. મનુષ્ય યોનિમાં વૈરાગ્ય પાળ્યો હોય, તપ-જપ, વ્રત કર્યાં હોય તો પુણ્ય મળે. મનુષ્યયોનિમાં ધર્મ પાળી શકાય છે. પશુઓ ધર્મ પાળી શકતાં નથી. સાચું સુખ ધર્મમાં છે, વિષય-વાસનાઓમાં નથી. ધર્મથી ભગવાન મળે. ભગવાન મળે તો મનુષ્ય-શરીર સાર્થક થાય; માટે મારી ઈચ્છા વૈરાગ્યથી રહેવાની અને દેહદમન કરી, વ્રત કરવાની છે.'

કૃષ્ણાએ કહ્યું : 'સ્વામી, તમારી વાત સાથે હું પૂરેપૂરી સંમત છું. મને પણ શરીર ચૂંથવામાં કોઈ રસ નથી. હું પણ બાળપણથી દેહદમન, જપ-તપ કરતી રહી છું. આપણાં બંનેનો એક જ વિચાર છે; એટલે આપણને ધર્મનું પાલન કરવામાં ઘણી અનુકૂળતા રહેશે. ભલે આપણે દુનિયાની નજરે પતિ-પત્ની હોઈએ, પણ આપણે ત્યાગી-તપસ્વીનું જીવન જીવીશું. શરીરસુખથી કાયમ માટે દૂર રહીશું.'

નંદદાસ અને કૃષ્ણાએ જમીન પર સૂવા માંડ્યું. અન્નનું ભોજન કાયમ માટે બંધ કર્યું. રોજ ફલાહાર અથવા કેવળ દૂધ લઈને શરીરને ટકાવવા માંડ્યું. ક્યારેક તો દિવસો સુધી કેવળ જળ લઈને બંને રહેતાં. પ્રત્યેક એકાદશી નિર્જળા કરતાં. કારતક મહિનામાં એક દિવસ ફળાહાર કરે અને એક દિવસ નિર્જળ રહે. આવાં જાતજાતનાં વ્રત કરીને બંનેએ તેમનાં શરીર તદ્દન સૂકવી નાખ્યાં. બંનેનાં માતા-

પિતા આ જોઈને ઘણાં દુઃખી થયાં. તેઓ ગુસ્સે પણ થયાં. નંદદાસના પિતાએ નંદદાસને પૂછયું : 'તમે આવું કષ્ટ શા માટે કરો છો? ભગવાને આપણને પૂરતું ધન આપ્યું છે. તમારી યુવાનીના દિવસો છે. તમારા ખાવા-પહેરવાના દિવસો છે. આનંદથી ભોગ ભોગવો અને સંસારનું સુખ માણો.'

'પિતાજી, સંસારનું સુખ તો કૂતરાં અને ગધેડાં માટે છે. અમારે એ નરકનું સુખ જોઈતું નથી. અમે તો આ પ્રમાણે વ્રત કરીને જીવન પૂરું કરીશું.'

નંદદાસની માતાએ પૂછયું : 'વહુ, તમારા બે વચ્ચે કંઈ ઝઘડો તો નથી થયો ને? તમે આમ શા માટે કરો છો?'

કૃષ્ણાએ જવાબ આપ્યો : 'માજી, અમારી વચ્ચે કોઈ ઝઘડો નથી. અમે બંને એકબીજાંને સારી રીતે સમજ્યાં છીએ. અમે સમજીને ધર્મનું પાલન કરીએ છીએ.'

એમ કરતાં કરતાં મહા મહિનો આવ્યો. મહા મહિનામાં સરસ્વતી-સ્નાનનો ભારે મહિમા હતો. નંદદાસ અને કૃષ્ણા પણ રોજ વહેલી સવારે કડકડતી ઠંડીમાં સરસ્વતી-સ્નાન કરવા જતાં.

તે દિવસોમાં શ્રીમહાપ્રભુજી થાણેશ્વર ગામમાં પધાર્યા હતા. આપશ્રી પણ સવારે સરસ્વતી-કિનારે સંધ્યા-વંદન કરવા પધારતા. આપે સરસ્વતીના જળમાં આ બંનેને લાંબો સમય ઊભેલાં જોયાં. આપે થાણેશ્વરના વૈષ્ણવોને પૂછયું, 'આ બે સ્ત્રી-પુરુષ કોણ છે? તેમનાં શરીર અત્યંત દુર્બળ છે, છતાં લાંબા સમયથી આવી કડકડતી ઠંડીમાં ઠંડા જળમાં ઊભાં છે!'

'મહારાજ, તે બંને સિંહનદનાં છે. પતિ-પત્ની છે. જ્ઞાતિએ ક્ષત્રિય છે. એમણે લગ્ન કરીને લૌકિક સંસારનું સુખ જાણ્યું નથી. અન્ન લેતાં નથી. વ્રત કરીને મહાકષ્ટ વેઠે છે. મા-બાપનું કહ્યું માનતાં નથી.'

'તેમને મારી પાસે લઈ આવો.'

એક વૈષ્ણવે સામે કિનારે જઈ નંદદાસ અને કૃષ્ણાને કહ્યું : 'જુઓ, પેલા કિનારે શ્રીવલ્લભાચાર્યજી બિરાજે છે. તેઓ તમને બોલાવે છે. તમે મારી સાથે ચાલો. તમારા વ્રતનું જે ફળ તમારે જોઈતું હશે તે તમને મળશે.'

નંદદાસ અને કૃષ્ણાએ સામે કિનારે નજર કરી. દૂરથી શ્રીમહાપ્રભુજીનાં અલૌકિક દર્શન થયાં. હૃદયમાં આનંદ થયો. બંને વૈષ્ણવની સાથે આવ્યાં. તેઓ શ્રીમહાપ્રભુજીને દંડવત્ કરી, હાથ જોડીને ઊભાં રહ્યાં.

શ્રીમહાપ્રભુજીએ પૂછ્યું : 'તમે આટલું બધું કષ્ટ કરીને વ્રત શા માટે કરો છો? ભગવાને આપેલું આ શરીર શા માટે સૂકવી દો છો? તમારી શી ઈચ્છા છે? તમારે કયું ફળ જોઈએ છે?'

'મહારાજ, અમને બહુ મોટા ફળની ઈચ્છા છે. એ ફળ મેળવવા માટે અમે જે વ્રત-તપ કરીએ છીએ; તે સાધન તો ઘણું નાનું છે. અમારી એક જ મૂંઝવણ છે કે આટલું નાનું સાધન કરવાથી આટલું મોટું ફળ શી રીતે મળશે? પરંતુ અમે આ સિવાય બીજું કોઈ સાધન જાણતાં નથી.'

'એવું કયું ફળ જોઈએ છે?'

'મહારાજ, અમારે આ શરીરથી શ્રીઠાકોરજીનાં દર્શન કરવાં છે. શ્રીઠાકોરજી અમારી સાથે બોલે, એ ફળ જોઈએ છે.'

'શ્રીઠાકોરજીને આ જન્મમાં પામવા હોય, તો તે વ્રતથી પામી શકાશે નહિ. શ્રીઠાકોરજીનાં સેવા-સ્મરણ શરીર અને મનથી કરો, તો શ્રીઠાકોરજીની કૃપા થશે. વ્રત કરવાથી શ્રીઠાકોરજી દર્શન આપશે નહિ.'

'મહારાજ, સંસારમાં રહેવા છતાં અમે તો સંન્યાસી જેવાં છીએ. અમારી પાસે કંઈ દ્રવ્ય નથી. શરીર પર પહેરેલાં કપડાં સિવાય કપડાંની બીજી જોડ પણ નથી. અમે શ્રીઠાકોરજીની સેવા કેવી રીતે કરીએ? મહારાજ મા-બાપ પાસે દ્રવ્ય ઘણું છે. સંસારનું સુખ ભોગવવા જેટલું માગીએ તેટલું આપવા તો તૈયાર છે, પણ ધર્મ માટે તેઓ એક કોડી પણ આપશે નહિ. અમે ધર્મ કરીએ છીએ, તેથી તેઓ અમારો દ્વેષ કરે છે. અમારી સાથે સંબંધ રાખતાં નથી. ભગવાનની સેવા દ્રવ્ય વિના કેવી રીતે થાય?'

'નંદદાસ, તમારા કુટુંબીઓ તમારી સાથે દ્વેષ રાખે છે, તેને પ્રભુની કૃપા માનજો. તેઓ બહિર્મુખ છે, એટલે તેમનો સંગ રહે તો તમારું મન પ્રભુમાં લાગત નહિ. માટે 'ભલું થયું ભાંગી જંજાળ' ગણજો. વળી, સેવા કરવા માટે સંન્યાસી બનવાની જરૂર નથી. સેવા તો ગૃહસ્થાશ્રમમાં રહીને જ કરવાની હોય. હજી તમે જુવાન છો. રોજ મહેનત-મજૂરી કરીને નિર્વાહ પૂરતું કમાઈ શકો છો. તમારા પરસેવાની કમાણીમાંથી જે મળે, તેનાથી સેવા કરીને તમારો નિર્વાહ કરો. તપ-વ્રતથી શરીરને દુઃખ આપવું તે પ્રભુને રુચતું નથી. પરંતુ સેવા કરતાં શરીરને કષ્ટ થાય, તો તેનું દુઃખ ધીરજ ધરી સહન કરજો. શ્રીઠાકોરજીને મેળવવાનો વિરહતાપ રાખજો. શ્રીઠાકોરજી જ્યારે તમારો વિરહ સહન નહિ કરે, ત્યારે તમને સાનુભવ જતાવશે. થાણેશ્વરના વૈષ્ણવોને તમારી સંભાળ લેવા ભલામણ કરીશ. તેઓ તમને થોડું દ્રવ્ય ઉછીનું આપશે. તેનાથી તમે વેપાર કરજો. તમારું મન જો સેવા કરવામાં હશે, તો બાકીનું બધું શ્રીઠાકોરજી સંભાળી લેશે; પરંતુ જો તમારું મન સેવામાં નહીં હોય, તો તમારી વાત તમે જાણો.'

'મહારાજ, અમને તો સેવાનું ઘણું મન છે, પણ મા-બાપના પ્રતિબંધથી ડરીએ છીએ.'

'તમારે મા-બાપથી ડરવાની જરૂર નથી. મેં કહ્યું તેમ કરો. તમારી ઈચ્છા પૂરી થશે.'

નંદદાસ અને કૃષ્ણા શ્રીમહાપ્રભુજીનાં સેવક થયાં. શ્રીમહાપ્રભુજીએ તેમને નામનિવેદન કરાવ્યું. આપે ત્યાં હાજર રહેલા વૈષ્ણવોને કહ્યું : 'આ વૈષ્ણવો માટે ક્યાંકથી શ્રીઠાકોરજીનું એક સ્વરૂપ મળે તો લઈ આવો.'

એક વૈષ્ણવે વિનંતી કરી, 'કૃપાનાથ, મારી પાસે બે સ્વરૂપ છે. આજ્ઞા આપો તો એક પધરાવી લાવું.'

તે વૈષ્ણવ આજ્ઞા લઈ, એક સ્વરૂપ પધરાવી લાવ્યા. શ્રીમહાપ્રભુજીએ તે સ્વરૂપને પંચામૃત સ્નાન કરાવીને પધરાવી આપ્યું અને સેવાની બધી રીત પણ શીખવી. એટલામાં સિંહનદના વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીનાં દર્શને આવ્યા. શ્રીમહાપ્રભુજીએ તેમને આજ્ઞા કરી, 'આજથી આ નંદદાસ અને કૃષ્ણા અમારાં છે. તેમને કોઈ પણ પ્રકારે દુઃખ ન પડે એ જોજો.' વૈષ્ણવોએ તેમની સંભાળ લેવાનું સ્વીકાર્યું.

સિંહનદનાં બે વૈષ્ણવ ગોરજા અને સમરાઈ સાસુ-વહુ હતાં. તેમણે કહ્યું, 'નંદદાસજી, અમારા ઘરમાં ઘણી જગ્યા છે. તમને અલગ જગ્યા આપીશું. તમે ત્યાં રહો.'

શ્રીમહાપ્રભુજીએ પણ આજ્ઞા કરી, 'તમે આ વૈષ્ણવોનો સંગ કરજો. તમારા પર શ્રીઠાકોરજી જલદી કૃપા કરશે. તમે જ્યાં રહેશો ત્યાં સુખ પામશો. પુષ્ટિમાર્ગનો ધર્મ સિદ્ધ થાય એ જ કાર્ય કરજો.'

શ્રીમહાપ્રભુજીની વિદાય લઈ, નંદદાસ અને કૃષ્ણા ગોરજા-સમરાઈના ત્યાં આવ્યાં. એક વૈષ્ણવે તેમને ૨૨ રૂપિયા ઉછીના આપ્યા. તેની સામગ્રી લાવી

રસોઈ કરી, ભોગ ધરી, તેમણે પ્રસાદ લીધો. હવે તેમણે બધાં વ્રત-સાધન છોડી દીધાં. માત્ર ચાર જયંતિ અને ચોવીસ એકાદશીનાં વ્રત કરતાં.

નંદદાસ બપોરે બજારમાં જતા. વૈષ્ણવો તેમને પ્રેમથી બોલાવતા અને કહેતા, 'તમારી ઈચ્છા હોય તો વેપાર કરો. તમારી ઈચ્છા હોય તો નોકરી અપાવીએ.'

નંદદાસે કહ્યું, 'મારી ઈચ્છા દલાલી કરવાની છે.'

વૈષ્ણવો તેમને દલાલીનું કામ અપાવતા. રોજ બે-ત્રણ રૂપિયા કમાતા, તેમાંથી ઉછીના લીધેલા ૨૨ રૂપિયા પાછા આપી દીધા. બંને જણ મળીને આનંદથી શ્રીઠાકોરજીની સેવા કરતાં.

બંનેનાં મા-બાપે આ વાત જાણી. તેઓ બીજાં લોકો પાસે તેમની નિંદા કરવા લાગ્યાં. તેઓ બધે કહેતાં ફરતાં, 'જોયું? મોટાં ત્યાગી બન્યાં હતાં! ક્ષત્રિય થઈને વૈષ્ણવો પાસે ભીખ માગવા લાગ્યાં. પારકાના ઘરમાં જઈને રહ્યાં. અમને શરમ આવે છે. તેમણે અમારી આબરૂ લીધી. આવું જ કરવું હતું તો બીજા ગામ જવું હતું ને! લોકોને ઠગવા ભગત બન્યાં છે!'

નંદદાસના કાને બજારમાંથી આ વાત આવી. તેમને મનમાં ઘણું દુઃખ થયું. ઘેર આવીને તેમણે કૃષ્ણાને બધી વાત કરી. કૃષ્ણાએ કહ્યું, 'શાંતિથી વિચાર કરીએ, તો તેમની વાત ખોટી નથી. આપણી પાસે એક ફૂટી કોડી પણ ન હતી. આ વૈષ્ણવો દ્વારા જ આપણને આ બધું મળ્યું છે. તેમણે આપણને વૈષ્ણવ જાણીને મદદ કરી છે. પરંતુ વૈષ્ણવની મદદથી આપણો નિર્વાહ થાય, વૈષ્ણવનું ધન આપણા ઘરમાં આવે, તો શ્રીઠાકોરજી આપણી સેવા માને નહિ.

વૈષ્ણવતા આપણો ધર્મ છે. વૈષ્ણવતાના નામે બીજાની મદદ લેવાય નહિ. એમ કરતાં આપણો ધર્મ નાશ પામે. માટે આપણે એવા કોઈ ગામમાં જઈએ, જ્યાં કોઈ આપણને ઓળખતું ન હોય. ત્યાં મહેનત-મજૂરી કરીને જે મળશે તેનાથી ભોગ ધરીને રહીશું, ત્યારે જ શ્રીઠાકોરજી આપણા ઉપર પ્રસન્ન થશે. આપણે સેવા કરવા શરણે આવ્યાં છીએ. વૈષ્ણવોથી પૂજાવા માટે નહિ. મોટાઈ મેળવવા માટે વૈષ્ણવ થયાં નથી.'

નંદદાસે કહ્યું, 'તારી વાત તદ્દન સાચી છે. આપણે ક્યાંક ચાલ્યાં જઈએ.' આમ નક્કી કરી, તેઓ શ્રી ઠાકોરજી પધરાવી કોઈને કહ્યા વિના જ ત્યાંથી નીકળી ગયાં. ત્યાંથી તેઓ આગ્રા આવ્યાં. એક નાનકડી ઓરડી ભાડે લીધી. તદ્દન ઓછી

જગ્યા હતી. ઓરડીમાં માત્ર એક નાનકડો ગોખલો હતો, તેમાં શ્રીઠાકોરજીને પધરાવ્યા. ગોખલાની આગળ લાકડું, માટી વગેરેથી એક છાજલી બનાવી. તેના પર શ્રીઠાકોરજીને પોઢવા માટે શૈયા રાખી. એક ખૂણામાં રસોઈની વ્યવસ્થા કરી.

બંને જણાંએ વિચાર કર્યો કે શ્રીઠાકોરજી જ્યાં પોઢતા હોય, ત્યાં આપણાથી સૂઈ જવાય નહિ. માટે આપણે ઓરડીની બહાર ખુલ્લામાં સૂઈ જઈશું. શિયાળો અને ઉનાળો ઓરડીની બહાર સૂઈ ગયાં. પછી ચોમાસું આવ્યું. એક રાતે મૂશળધાર વરસાદ પડ્યો. બંને વરસાદમાં ભીંજાતાં ઓરડીના દરવાજા પાસે બેસી રહ્યાં, પણ ઓરડીમાં ગયાં નહિ. ત્યારે શ્રીઠાકોરજીએ અંદરથી બૂમ પાડી, 'વૈષ્ણવ! તમે બહાર શા માટે ભીંજાઓ છો? અંદર આવો.'

કૃષ્ણાએ કહ્યું, 'મહારાજ, ઓરડો નાનો છે. અમારું શરીર મળમૂત્રથી ભરેલું છે. આપની મર્યાદા અમારાથી સચવાય નહિ.'

'વૈષ્ણવ, અમે તો ઉપર પોઢ્યા છીએ. તમે નીચે સૂવાનાં છો, માટે અંદર આવો, અમારી આજ્ઞા છે. તમે વરસાદમાં ભીંજાઓ છો, તેથી મને ઘણું દુઃખ થાય છે. તમે અંદર આવશો તો હું પ્રસન્ન થઈશ.'

પ્રભુની પ્રસન્નતાનો વિચાર કરી બંને અંદર ગયાં. જમીન ઉપર સૂઈ ગયાં. રાતમાં છીંક, ખાંસી વગેરે ન આવે તેમ ડરતાં ડરતાં રાત વિતાવી.

સવારે બંને જણે વિચાર કર્યો, આપણે બહાર સૂઈએ તો વરસાદમાં ભીંજાઈએ; તેથી શ્રીઠાકોરજીને દુઃખ થાય. રોજ અંદર સૂવું, એ પણ બરાબર નથી.

તેમણે વિચાર કરીને ઓરડીના બારણાથી બહાર એક નાનુંસરખું છાપરું બનાવ્યું. રાતે ત્યાં સૂઈ ગયાં. શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી : તમે બહાર કેમ સૂઈ ગયાં?

'મહારાજ અમે લૌકિક જીવ છીએ. અનવસરમાં આપની પાસે આવવું યોગ્ય નથી. હવે અહીં અમે ભીંજાઈશું નહિ.'

શ્રીઠાકોરજી તેમનો આવો શુદ્ધ ભાવ જોઈ ઘણા પ્રસન્ન થયા. તેમના પર કૃપા કરી, તેમને સાનુભવ જતાવવા લાગ્યા.

સિદ્ધાંત-નવનીત

(૧) આ વાર્તામાં બતાવ્યું કે વૈષ્ણવે શ્રીઠાકોરજીનો અપરાધ ન થાય, તે માટે સાવધાન રહેવું. શ્રીઠાકોરજીનો અપરાધ ઘણો બાધક બને છે.

શ્રીહરિરાયજી પ્રથમ શિક્ષાપત્રમાં સમજાવે છે કે રાજાની સામે તેમનો સેવક જે સાવધાનીથી રહે, તેવી સાવધાની સેવામાં રાખવી. અપરાધનો ભય વિચારી સેવા કરવી; જેથી અપરાધ ન થઈ જાય. દાસનો ધર્મ છે સ્વામીનો ભય રાખવો.

(૨) શ્રીઠાકોરજીની સેવા પ્રેમથી કરવી. સેવામાં શ્રીઠાકોરજીના સુખનો વિચાર કરવો, પોતાના સુખનો નહિ. શ્રીઠાકોરજી જ્યાં પોઢ્યા હોય ત્યાં આપણાથી સૂઈ ન જવાય. શ્રીઠાકોરજીને બિરાજવાની અલગ વ્યવસ્થા કરવી.

(૩) વૈષ્ણવે વૈષ્ણવતાને ગુપ્ત રાખવી. પોતે વૈષ્ણવ છે, સેવા કરે છે એ વાત બીજાને જણાવવી નહિ. એનાથી સેવાનો અલૌકિક આનંદ પ્રાપ્ત થાય છે.

(૪) આપણી વૈષ્ણવતા વેચવી નહિ. વૈષ્ણવતાના નામે આજીવિકા માટે પણ કોઈની પાસેથી કશું લેવું નહિ. આપણા પરસેવાની કમાણીમાંથી સેવા કરવી. આપણે વૈષ્ણવ છીએ એમ જાણીને કોઈ મદદ કરે અથવા વધારે આપે તો તે બાધક બને છે.

(૫) પુષ્ટિમાર્ગ દેહદમનનો માર્ગ નથી, પ્રભુસેવાનો માર્ગ છે. માટે દેહ-દમનથી શરીરને ફેંકી દેવું નહિ; પણ શરીરનો ઉપયોગ સેવામાં કરવો.

(૬) વૈષ્ણવોએ ૨૪ એકાદશી અને ચાર જયંતિવ્રત અવશ્ય કરવાં.

(૭) પુષ્ટિમાર્ગ ભોગનો માર્ગ નથી, ભક્તિનો માર્ગ છે. ભક્તિ માટે લૌકિકમાં ત્યાગ અને વૈરાગ્ય જરૂરી છે. જેના મનમાં ત્યાગ અને વૈરાગ્ય સુદૃઢ ન થયાં હોય, તેની ભક્તિ દૂષિત અને વિકૃત થાય છે. માટે પુષ્ટિભક્તે ગમે તેવી સમૃદ્ધિમાં પણ ત્યાગ અને વૈરાગ્ય કેળવવાં.

વૈષ્ણવ પરિચય :

નામ : પુરુષ-નંદદાસ, સ્ત્રી-કૃષ્ણા વાર્તામાં આપેલ નથી. કલ્પિત નામો છે.

વતન : પંજાબમાં આવેલું સિંહનદ ગામ.

જ્ઞાતિ : ક્ષત્રિય પરિવાર : માતા-પિતા

સેવ્ય સ્વરૂપ : શ્રીબાલકૃષ્ણલાલજી

લીલામાં સ્વરૂપ : પુરુષ રંગાસખી, સ્ત્રી હંસાસખી. બંને વિશાખાજીનાં સખીઓ છે.

■

૩. સહજ સ્નેહનું સાક્ષાત્ સ્વરૂપ

(૬૩. શ્યામદાસ સુથાર)

ચકોરને કોઈ પૂછે કે 'તું ચંદ્ર સામે કેમ મીટ માંડે છે? પતંગિયાને પૂછે કે 'તું દીવામાં કેમ ઝંપલાવે છે?' માછલીને પૂછે કે 'તું જળ વિના કેમ પ્રાણ છોડે છે?' અને લોખંડને પૂછે કે 'તું લોહચુંબક તરફ કેમ આકર્ષાય છે?'

એ બધાં શું જવાબ આપશે? એટલો જ કે અમને ખબર નથી કે અમે આમ કેમ કરીએ છીએ! અમારાથી આવું થઈ જાય છે, કોણ જાણે કેમ!

એનું નામ સહજ સ્નેહ! સ્વાભાવિક પ્રેમ! આંતરિક આકર્ષણ!

વ્યતિષજતિ પદાર્થાન્ આન્તરઃ કોપિ હેતુઃ ।
ન ખલુ બહિરૂપાધીન્ પ્રીતયઃ સંશ્રયન્તે ॥
વિકસતિ હિ પતંગસ્યોદયે પુંડરિકમ્ ।
દ્રવતિ ચ હિમરશ્માવુદિતે ચન્દ્રકાન્તઃ ॥

કવિ ભવભૂતિ લખે છે કે પ્રીતિ થવામાં બહારનાં તત્ત્વો કારણરૂપ નથી. કોઈક આન્તરિક કારણોએ જ પ્રેમનાં બંધનો બંધાય છે. દૂર-સુદૂર રહેલા સૂર્યને જોઈને કમળો કેમ ખીલે છે? ચંદ્રને જોઈને બીજું કોઈ નહિ અને ચંદ્રકાન્ત મણિ જ કેમ પીગળવા લાગે છે?!

પ્રેમભક્તિ દ્વારા પૂર્ણ પુરુષોત્તમની પ્રાપ્તિનો પંથ પ્રગટાવનારા શ્રીવલ્લભ! તે તો સ્વયં પ્રેમ-સ્વરૂપ જ હોય ને! પરંતુ એ વાતની પ્રબળ પ્રતીતિ આપણને આ વાર્તામાંથી પ્રાપ્ત થાય છે.

શ્રીમહાપ્રભુજીના એક સમવયસ્ક સ્નેહી, મિત્ર કે સેવક (જે કહો તે) એવા ભગવદીય શ્યામદાસજીની આ સ્નેહસભર જીવનગાથા છે.

પ્રયાગ પાસે આવેલા અડેલ ગામના એક સુતારના પુત્ર હતા આ શ્યામદાસ. શ્રીવલ્લભ અડેલ પધાર્યા, ત્યારે આપનાં પ્રથમ દર્શને જ એમના અંતરમાં અજબ પ્રેમ પ્રગટ્યો. વય પણ કંઈ મોટી ન હતી. યુવાવસ્થાનો નિર્મળ નિષ્કામ સહજ સ્નેહ!

એ સ્નેહ દિન-પ્રતિદિન વધતો ગયો. એ સવારમાં ઊઠે કે આપની પાસે દોડી આવે. બીજા વૈષ્ણવો ચરણસ્પર્શ કરીને ઘેર જાય; પણ એ તો ત્યાંથી ખસી જ ન શકે. બસ, દર્શન કર્યા કરે – કર્યા જ કરે. પરાણે ઘેર લઈ જાય, તો પાછા દોડી આવે.

રાત્રે નિરુપાયે ઘેર જવું પડે. ત્યાં ઊંઘ તો આવે જ શાની? પણ જરાક વાર આવે તો સ્વપ્નમાંયે શ્રીવલ્લભ જ!

ઘરનો સુતારનો ધંધો; પણ કામકાજમાં ચિત્ત લાગે નહિ. માતાપિતા અકળાય; ઘણુંબધું ટોકે પણ નિરુપાય! છેવટે થાકીને શ્રીઈલ્લામાગારુજીને વિનંતી કરવા આવ્યાં, 'મૈયા, આપના લાલને કહો તો સારું. અમારો શ્યામદાસ એમના પર દીવાનો બન્યો છે. ઘરનો કામધંધો બધો છૂટી ગયો છે; ખાવાપીવાનુંયે ભાન નથી રહેતું. પરણાવ્યો છે, પણ પત્નીને તો જાણે ઓળખતો જ નથી. કોઈનું કહેવું માનતો નથી!'

મૈયાએ પુત્રને કહ્યું, 'તમે શ્યામદાસને કહી દો કે આખો દિવસ અહીં આવે નહિ. મારે નકામું સાંભળવું પડે છે!'

શ્રીવલ્લભ મનમાં વિચારે છે, 'મૈયા આજ્ઞા કરે છે એટલે કહેવું તો પડશે; પણ જો એ નહિ આવે, તો એના વિના હું કેમ રહી શકીશ? પણ ચાલો, બીજો ઉપાય કરીએ!'

એકાન્તમાં બોલાવીને આપ કહે છે, 'શ્યામુ! હવે તું વારંવાર અહીં આવીશ નહિ. ઘરનું કામકાજ કરજે. તારાં માતાપિતા ચિન્તા કરે છે.'

સાંભળતાં જ શ્યામદાસનું મુખ ઉદાસ થઈ ગયું. આપ એને સમજાવે છે, 'અરે, આ શું? તું આમ ચિન્તા કરીશ નહિ. તું જેમ અહીં આવે છે, તેમ હું હવે તારે ઘરે આવ્યા કરીશ. હવે આપણાથી મળ્યા વિના તો થોડું રહેવાશે!!'

કેવો પરસ્પર પ્રેમ લાગ્યો હશે એ ઉભયનાં હૃદયમાં?

શ્યામદાસને આજ્ઞા માનવી પડે છે! હવે એ ઘેર રહે છે. કામકાજ કરવા માંડે છે, પણ વાંસલાનું કામ હોય ત્યાં કરવત હાથમાં લે છે. રંદો ફેરવવાનો હોય ત્યાં હાથ ઘસવા મંડી જાય છે. કંઈ ને કંઈ વગાડી બેસે છે અને કામ કશું થતું નથી. મન વિના ક્યાંથી થાય? મનની લગની તો અખંડ ત્યાં જ – શ્રીવલ્લભમાં – લાગેલી છે.

'મનકી ગતિ પ્રિયપેં એક તારા;
સમુદ્ર મિલી, જૈસે ગંગકી ધારા.' (નંદદાસજી)

હવે શ્રીવલ્લભ વારંવાર પધારે છે શ્યામદાસને ઘેર. આવા મિત્રોની પ્રેમની વાત કદી ખૂટે ખરી? એમાં કલાકો વહી જાય છે. ઘરનાં માણસો કંઈ કહી શકતાં નથી. મોટાને શું કહેવાય? ક્યાં એક સામાન્ય સુતાર અને ક્યાં વિદ્વાન પિતાના મહાન પુત્ર! પરંતુ શ્રી ઈલમ્માગારુજીથી ન રહેવાયું. એક દિવસ જરા ઠપકોયે આપ્યો : 'વલ્લભ! આ શોભતું નથી, હોં! તમારું સ્થાન સમજો. તમે કોણ ને એ કોણ? તમારાથી આખો દિવસ એને ઘેર જઈને ન બેસાય! સૌને કેવું લાગે?'

માતાની આજ્ઞા તો માનવી જ જોઈએ. તે દિવસે પોતે શ્યામદાસને એકાન્તમાં બોલાવ્યા. અત્યંત સ્નેહ અને કૃપા દર્શાવી. ચર્વિત તાંબુલ આપીને કહ્યું : 'શ્યામુ! આ ચર્વિત તાંબુલ દ્વારા મારું સ્વરૂપ તારા હૃદયમાં પધરાવું છું. હવે મારે કે તારે આમ મળવાની જરૂર નહીં પડે! મારા હૃદયમાં તું અને તારા હૃદયમાં હું! સાચો સ્નેહ સ્થિર થાય, ત્યારે બાહ્ય મિલનની અપેક્ષા રહેતી નથી. એ તો પ્રાણ સાથે જોડાઈ જાય છે, ભાઈ!'

શ્યામદાસનું હૃદય આજે કંઈક અવનવો અનુભવ કરી રહ્યું હતું. એ ઘેર ગયા. કામકાજ કરવાનું વિચારે છે, પણ કેવું? મારા વલ્લભને માટે હું શું કરું! એમના સુખ માટે હું શું શું કરી શકું? એ જ વાત મનમાં રમ્યા કરે છે. ઉચ્છલિત પ્રેમ હવે સ્થિર થતો જાય છે. પ્રેમની ભાવનાથી એ ઉત્તમોત્તમ વસ્તુઓ ઘડે છે.

યુગલ સ્વરૂપોને બિરાજવાના પાટલા, ઝૂલવાના હીંચકા, પોઢવાના પલંગ અને ઘરમાં જે જે જોઈએ તે બધું બનાવે છે. જઈને આપી આવે છે. મૈયાજી પૈસા આપવા માંડે, તો રડી જાય છે; કંઈ લેતા નથી.

પછી જે વખત મળે તેમાં વૈષ્ણવો માટે સેવા-સાહિત્ય સિદ્ધ કરે છે. પ્રેમથી સૌને આપે છે. મહેનતાણું તો લે જ શાનું! પરંતુ વૈષ્ણવો એના ઘરની ખબર રાખે છે. એમનાં માતાપિતાનેય વૈષ્ણવો સાચવે છે; એમની જરૂરિયાતો સંતોષે છે. ભગવદીય રજોબાઈ શ્યામદાસને રોજ પોતાને ઘેર પ્રસાદ લેવડાવે છે. એમની સાથે ભગવદ્વાર્તા કરે છે. શ્રીહરસાનીજીને પણ એમના વિષે મમતા રહે છે.

આમ વર્ષો વીત્યાં. શ્યામદાસને આપના સ્નેહનો અવિરત અનુભવ થતો રહ્યો. પછી આપશ્રીએ સંન્યસ્ત લેવાનું વિચાર્યું, ત્યારે અડેલથી કાશી પધાર્યા. હવે તો આપ લીલાધામ પધારવાના હતા. આપ કાશી પહોંચ્યા પણ નહિ હોય અને અહીં અડેલમાં શ્યામદાસના પ્રાણ વિરહથી છૂટી ગયા. અડેલથી કોઈ

વૈષ્ણવ કાશી ગયા, ત્યારે શ્યામદાસના સમાચાર શ્રીવલ્લભને નિવેદન કર્યા; જે સાંભળતાં આપશ્રી ઉદાસીન થઈ ગયા.

કેટલાક સમય સુધી પોતે શ્યામદાસના વિરહમાં મૌન રહ્યા. પછી વૈષ્ણવો સમક્ષ વચન ઉચ્ચાર્યાં : 'શ્યામદાસ તો મારા હૃદયના સ્નેહનું સાક્ષાત્ સ્વરૂપ. મારા વિના એ જીવી શકે નહિ અને એના વિના હું નહિ.' - એમ કહેતાં પાછા પોતે વિરહવશ બની ગયા. સમાચાર આપનાર વૈષ્ણવને પારાવાર પશ્ચાત્તાપ થયો.

શ્રીવલ્લભ લીલામાં પધાર્યા પછી શ્યામદાસે બનાવેલાં આપશ્રીનાં પાદુકાજીને એમના જ બનાવેલા પાટલા પર પધરાવીને, શ્રીગુસાંઈજીએ સેવામાં રાખ્યાં. કેમ કે એ જડ પદાર્થો ન હતા. બે સ્નેહી હૃદયોના સ્નેહનાં આધિદૈવિક સ્વરૂપો હતાં. એની અલૌકિકતા મહાનુભાવ શ્રીવિઠ્ઠલેશપ્રભુએ અનુભવી. આ પાટલો અને પાદુકાજી આજે શ્રીનાથદ્વારામાં બિરાજે છે.

શ્યામસુંદરના સ્નેહમાર્ગના ઉપદેષ્ટા શ્રીવલ્લભના જીવનમાં આ શ્યામદાસનો સ્નેહ ઓતપ્રોત હશે! લયલા-મજનુ, શીરીં-ફરહાદ કે પ્રવીણસાગરની પ્રેમ કહાણીઓમાં જાતીય તત્ત્વો નહિ હોય, પણ લૌકિકત્વ તો હતું જ; પરંતુ આ તો ભગવદીય અને ભગવાન વચ્ચેનો અતિ અલૌકિક પ્રેમ! એને આસક્તિ, વ્યસન કે તન્મયતા પણ કહી શકાય!

ધન્ય છે શ્યામદાસજી, જેમણે પુષ્ટિપથની ગુરુભક્તિનો આવો ઉચ્ચ આદર્શ આપ્યો છે. એમને પગલે, આ પાંચસો વર્ષ દરમ્યાન અનેક સ્નેહી ભગવદીયો થયા છે. શ્રીગોકુલેશપ્રભુના અનન્ય સેવકોએ પણ એ અમૂલ્ય આદર્શ અપનાવ્યો છે. શ્રીગોકુલેશ લીલામાં પધાર્યા અને એમણે દેહ છોડી દીધો છે!

ભગવદાસક્તિ કહો કે ગુરુભક્તિ કહો! દૃષ્ટિ અલૌકિક બને ત્યાં કોઈ ભેદ રહેતો નથી. પુષ્ટિમાર્ગનો આ ઉચ્ચતમ આદર્શ છે.

મહા અલૌકિક અગ્નિકુલ સબ, અલૌકિક અષ્ટછાપ હૈ;
અલૌકિક સબ ભક્તજન જો, શરણ લીને આપ હૈ.
(મૂલ પુરુષ)

સિદ્ધાંત-નવનીત

(૧) શ્યામદાસના પિતા ધર્મિષ્ઠ હતા. પહેલાં એમને સંતતિ ન હતી, એટલે અડેલ નજીક પ્રયાગમાં ત્રિવેણીમાં મકર સ્નાનનો નિયમ રાખેલો. ત્યાં એક વખત સ્વપ્નમાં ભગવદાજ્ઞા થઈ : 'અડેલમાં શ્રીયમુનાજી બિરાજે છે. તું ત્યાં નિત્ય શ્રીયમુનાજીનું પૂજન કરજે. વળી, ધંધા માટે લીલું વૃક્ષ કદી કાપીશ નહિ. તારે ત્યાં મહાન ભક્ત પુત્રરૂપે પ્રગટશે.' એણે એ પ્રમાણે કરવા માંડ્યું. આજ્ઞાનુસાર શ્યામદાસનો જન્મ થયો.

(૨) શ્રીહરિરાયપ્રભુ આ વાર્તાના ભાવપ્રકાશમાં વિશેષ પ્રકાશ પાડે છે, સંકલના સમજાવે છે : આ શ્યામદાસ શ્રીઠાકોરજીની લીલાના અંતરંગ સખા શ્રીદામાનું પ્રાગટ્ય છે. (શ્રીદામા શ્રીસ્વામિનીજીના ભાઈ થાય.)

એક દિવસ વનમાં ખેલતી વખતે શ્રીદામા શ્રીઠાકોરજીના ખભા ઉપર ચઢ્યા. આ વાત શ્રીસ્વામિનીજીએ જાણી. આથી પોતે અપ્રસન્ન થઈ શાપ આપ્યો : 'પ્રભુને આવો પરિશ્રમ આપ્યો એ અપરાધથી તારે ભૂતળ પર જન્મ લેવો પડશે.' - આ રીતે શ્યામદાસનો જન્મ થયો છે.

શ્રીકૃષ્ણ વલ્લભ-સ્વરૂપે પ્રગટ્યા - 'વસ્તુતઃ કૃષ્ણ એવ' અને શ્રીદામાએ શ્યામદાસરૂપે જન્મ લીધો. શ્રીમહાપ્રભુજી અડેલ પધાર્યા, ત્યારે તે ત્રેવીસ વર્ષના હતા. દર્શન થતાં જ લીલાનો મિત્રસ્નેહ સ્ફુરી આવ્યો; સહજ પ્રીતિ બંધાઈ ગઈ અને જીવનભર વૃદ્ધિ પામતી રહી.

(૩) જ્યાં સુધી શ્રીગુરુદેવમાં દૃઢ ભક્તિ સિદ્ધ ન થાય, ત્યાં સુધી શ્રીઠાકોરજીમાં દૃઢ ભક્તિ થતી નથી. આથી આપણા ત્યાં શ્રીહરિસેવાની સાથે શ્રીગુરુસેવાની પણ આજ્ઞા છે. શ્રીગુરુદેવના સ્વરૂપમાં પૂર્ણ વિશ્વાસ અને નિષ્કામ, શુદ્ધ સ્નેહ જરૂરી છે.

વૈષ્ણવ પરિચય :

નામ : શ્યામદાસ

જ્ઞાતિ : સુથાર

વતન : અડેલ

પરિવાર : અપરિણીત

સેવ્ય સ્વરૂપ : શ્રીમહાપ્રભુજીમાં આસક્તિ હોવાથી અષ્ટપ્રહર શ્રીમહાપ્રભુજીમાં મન આસક્ત રહેતું, તેથી સેવા પધરાવી નથી.

લીલાનું સ્વરૂપ : શ્રીદામા સખા.

■

૪. પ્રભુકૃપાથી સૌ સરળ

(૬૪. પૂર્વમાં રહેતા એક ક્ષત્રિય)

ભારતના પૂર્વ ભાગમાં બિહાર આવેલું છે. ત્યાં પટણાથી થોડે દૂર એક ગામમાં એક ક્ષત્રિય કુટુંબ રહેતું હતું. તેની પડોશમાં એક ગૌડ બ્રાહ્મણ કુટુંબ પણ રહેતું હતું. બંનેના ઘેર એક એક દીકરો હતો. ક્ષત્રિયના દીકરાનું નામ કિશોરીલાલ હતું. બ્રાહ્મણના દીકરાનું નામ ચંદ્રશંકર હતું. બંને સરખી ઉંમરના હતા. હમેશાં સાથે રમતા. બાળપણના ગોઠિયા હતા.

બંને આઠ વર્ષના થયા, ત્યારે તેમના પિતાએ બંનેને એક નિશાળમાં ભણવા મૂક્યા. ત્યાં તેમની દોસ્તી ઘણી વધી. બંને ૧૫ વર્ષના થયા. તે અરસામાં શ્રીમહાપ્રભુજી તે ગામમાં પધાર્યા. શ્રીમહાપ્રભુજી શ્રીજગન્નાથજીનાં દર્શને જઈ રહ્યા હતા.

કિશોરીલાલના પિતાએ શ્રીવલ્લભાચાર્યજીનાં દર્શન કર્યાં. તેમને વિચાર આવ્યો કે આવા મહાપુરુષનો શ્રીજગન્નાથપુરી સુધીનો સંગ છે, તો ચાલો શ્રીજગન્નાથજીના દર્શન કરી આવીએ. રથયાત્રા નજીકમાં આવે છે, દર્શનનો લાભ મળશે. પિતા-પુત્ર બંને શ્રીમહાપ્રભુજીની સોબતમાં જગન્નાથપુરી તરફ ચાલ્યા. કેટલાક દિવસે શ્રીજગન્નાથપુરી પહોંચ્યા.

શ્રીમહાપ્રભુજીને પધારેલા જાણી, ત્યાંના વિદ્વાનો શાસ્ત્રચર્ચા કરવા આવ્યા. શ્રીમહાપ્રભુજીએ તેમની સાથે શાસ્ત્રચર્ચા કરતાં માયાવાદનું ખંડન કર્યું, ત્યારે કિશોરીલાલે પિતાને કહ્યું : 'બાપુજી, શ્રીવલ્લભાચાર્યજી કેવળ સંત મહાત્મા નથી, પણ સાક્ષાત્ ભગવાન છે; માટે આપણે તેમના સેવક થઈએ.'

'જો કિશોરી, હું તો એક નિશ્ચય કરીને નીકળ્યો છું. રથયાત્રાના દિવસે મારે તો ભગવાનના રથ નીચે કચડાઈ મરવું છે, એટલે એમના સેવક થવાને મારા, માટે કોઈ અર્થ નથી. તને જે યોગ્ય લાગે તે તું કર.'

'બાપુજી, તમે આત્મહત્યા કરવાનો વિચાર કેમ કરો છો? મારું માનો તો શ્રીમહાપ્રભુજીના સેવક થાઓ. બાકીની જિંદગી શ્રીઠાકોરજીનાં સેવાસ્મરણમાં ગુજારો.'

'જો દીકરા, હું વૃદ્ધ થયો છું. મને જીવવામાં કોઈ રસ નથી. મારાથી હવે આ ઉંમરે બીજું કંઈ બને તેમ નથી. હું તો રથ નીચે મરવાનો સંકલ્પ કરીને આવ્યો છું, એટલે તેમજ કરીશ.'

પિતાનાં વચનો સાંભળી કિશોરીલાલ ચૂપ થયા. દસ દિવસ પછી રથયાત્રાનો ઉત્સવ આવ્યો. ભગવાન જગદીશ રથ ઉપર આરૂઢ થઈ બહાર પધાર્યા. ત્યારે કિશોરીલાલને પિતાના મરણનું દુઃખ થયું, પણ તેમણે તે દુઃખ સહન કર્યું. તેમણે શ્રીમહાપ્રભુજી પાસે જઈ સર્વ હકીકત કહી. પછી પૂછ્યું, 'મહારાજ, આ રીતે મરવાથી શું ફળ મળે? મારા પિતાની કઈ ગતિ થશે?'

'કિશોરી, માનવજીવનનું મોટામાં મોટું ફળ ભગવાનની પ્રાપ્તિ છે. ભગવાનની પ્રાપ્તિ વિના આ દેહ છૂટી જાય, તો જિંદગી નકામી ગઈ છે એમ સમજવું જોઈએ. પણ એ ફળ બધાંને સુલભ નથી. શાસ્ત્રોમાં કહ્યું છે કે માણસના મૃત્યુ સમયે તેનું મન જ્યાં હોય, ત્યાં તેનો આત્મા દેહ છૂટ્યા પછી જાય. અંતે મતિ સા ગતિ. તારા પિતાને સુખ ભોગવવાની ઈચ્છા હતી, તેથી તે સ્વર્ગમાં ગયો છે. થોડા દિવસ સ્વર્ગનું સુખ ભોગવશે, પછી પાછા પૃથ્વી ઉપર જન્મશે; પરંતુ તું દૈવી જીવ છે. પ્રભુકૃપાથી તું આ જન્મમાં ભગવદ્પ્રાપ્તિ કરીશ, ત્યારે તારા સંબંધથી તારા પિતાનો મોક્ષ થશે.

'મહારાજ, મને સેવક કરો. મને સેવા કરવાનો મોટો મનોરથ છે.'

'કિશોરી, હમણાં તને સૂતક છે. સૂતક ઊતરે એટલે આવજે.'

સૂતક ઊતર્યા પછી કિશોરીલાલ શ્રીમહાપ્રભુજી પાસે ગયા. શ્રીમહાપ્રભુજીએ તેમને નામમંત્ર આપી, બ્રહ્મસંબંધ કરાવ્યું. પછી આજ્ઞા કરી, 'શ્રીઠાકોરજીનું સ્વરૂપ લઈ આવો.' કિશોરીલાલ બજારમાંથી લાલનનું સુંદર સ્વરૂપ ન્યોછાવર આપીને લઈ આવ્યા. શ્રીમહાપ્રભુજીએ તે સ્વરૂપ સેવ્ય કરી, તેમને પધરાવી આપ્યું અને સેવાની રીત શીખવી.

'કિશોરી, હવે તું તારા ઘેર જા. ઘરમાં રહી મન લગાડીને સેવા કરજે.'

કિશોરીલાલ ઘેર આવી સેવા કરવા લાગ્યા. શ્રીમહાપ્રભુજીની કૃપાથી શ્રીઠાકોરજી તેમને સાનુભવ જતાવવા લાગ્યા.

કિશોરીલાલનો મિત્ર ચંદ્રશંકર તેમને મળવા આવ્યો. બંને વચ્ચે ઘણો સ્નેહ હતો. કિશોરીલાલે તેને બધી વાત કહી. તેમણે વિચાર કર્યો, ચંદ્રશંકર પણ દૈવી

જીવ છે. કોઈ પ્રકારે વૈષ્ણવ થાય, તો તેની જિંદગી સાર્થક થાય. આવો વિચાર કરીને કિશોરીએ ચંદ્રશંકરને કહ્યું, 'ભાઈ, મારું માને તો તું પણ શ્રીમહાપ્રભુજીનો સેવક થા. શ્રીઠાકોરજીની સેવા કરી જિંદગી સુધાર.'

ચંદ્રશંકરે કહ્યું, 'જો ભાઈ, હું તો મહાદેવજીનો સેવક છું. હવે હું વૈષ્ણવ કેવી રીતે બનું?'

કિશોરીલાલને મનમાં ઘણું દુઃખ થયું, પણ ચૂપ રહ્યા. ઘેર આવી સ્નાન કરી, શ્રીઠાકોરજીને ઉત્થાપન કરાવ્યાં. શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી, 'કિશોરી, તું ચિંતા ન કરીશ. તારો મિત્ર ચંદ્રશંકર પણ મારો કૃપાપાત્ર સેવક થશે.'

'મહારાજ, તેણે તો મને ઘસીને ના પાડી દીધી છે. એનું મન જ નથી, તો તે ક્યા પ્રકારે વૈષ્ણવ બનશે?'

'જો કિશોરી, જગતમાં મારી ઈચ્છા સર્વોપરિ છે. માણસની ઈચ્છા સર્વોપરિ નથી. મારી ઈચ્છા એને અંગીકાર કરવાની છે, એટલે હું તેનું મન ફેરવી દઈશ. પણ તારે એક કામ કરવું પડશે.'

'આપ જે આજ્ઞા કરશો તેમ હું કરીશ. તે વૈષ્ણવ થાય, તો મને ઘણો આનંદ થાય.'

'તારો મિત્ર ચંદ્રશંકર કોઈક દિવસ તને એમ કહેશે કે તું મારા ઘેર રસોઈ કરીને ભોજન કર. તું એના ઘેર તે દિવસ જજે. તેના ઘરની કાચી સામગ્રીથી રસોઈ બનાવી, એના ઠાકોરજીને ભોગ ધરી, તું મહાપ્રસાદ લેજે.'

'મહારાજ, આપ આ શું કહી રહ્યા છો? તે તો વૈષ્ણવ નથી, અન્ય માર્ગીય છે. એના દેવ આગળ હું ભોગ કેવી રીતે ધરું? એના દેવનો પ્રસાદ હું કેવી રીતે લઉં? મહારાજ, શ્રીમહાપ્રભુજીની મને આવી આજ્ઞા નથી.'

'કિશોરી, તું ચિંતા ન કરીશ. મારી આજ્ઞા સર્વોપરિ છે. તને તે બાધક નહિ થાય. તું તારા હાથે રસોઈ બનાવીશ અને ભોગ ધરીશ, ત્યારે હું પોતે ત્યાં આવીને તારો ભોગ આરોગીશ. એ મહાપ્રસાદ તું લેજે અને તારા મિત્રને પણ આપજે. મહાપ્રસાદ લેતાં જ એની બુદ્ધિ બદલાશે અને તે વૈષ્ણવ થશે.'

'જેવી આપની આજ્ઞા.'

થોડા સમય પછી શિયાળાના દિવસો આવ્યા. કિશોરીલાલે પાછલી રાતે ઊઠી સ્નાન કર્યું. સવાર થતાં શ્રીઠાકોરજીને રાજભોગ-આરતી કરી અનોસર

કર્યા. તે દિવસે સમય હોવાથી તેમને વિચાર આવ્યો કે ઘણા દિવસથી ચંદ્રશંકરને મળાયું નથી, તો આજે તેના ઘેર જાઉં. સવારના પહોરમાં જ તેઓ ચંદ્રશંકરના ઘેર ગયા.

'અરે, કિશોરી, આજ સવાર-સવારમાં તને ક્યાંથી ફુરસદ મળી? ઘણા દિવસે આવ્યો છે. આજ તો તું રસોઈ બનાવ, આપણે બંને સાથે જમીએ.'

ચંદ્રશંકરે ઘણો આગ્રહ કર્યો. કિશોરીને શ્રીઠાકોરજીની આજ્ઞા યાદ આવી. તેથી તેણે કહ્યું, 'ભલે, તારી ઈચ્છા છે તો મને કાચી સામગ્રી આપ. હું ભોજન તૈયાર કરું.'

તેમણે અનસખડીમાં સામગ્રી સિદ્ધ કરી. પછી ચંદ્રશંકરના દેવ પાસે ભોગ ધર્યો. હાથ જોડી મનોમન શ્રીનાથજીનું સ્મરણ કરી વિનંતી કરી, 'કૃપાનાથ, આપની આજ્ઞા પ્રમાણે કર્યું છે. શ્રીમહાપ્રભુજીની કાનિથી આ સામગ્રી આપ આરોગો અને ચંદ્રશંકરનો પણ અંગીકાર કરો.'

શ્રીગોવર્ધનનાથજી તત્કાલ પધાર્યા અને ભોગ આરોગ્યો. પછી કિશોરીલાલે ચંદ્રશંકરને મહાપ્રસાદની પાતળ ધરી. તેમણે પોતે પણ મહાપ્રસાદ લીધો. પછી પોતાને ઘેર ગયા. સાંજે સ્નાન કરી, શ્રીઠાકોરજીને ઉત્થાપન કરાવ્યા. ચંદ્રશંકર મહાપ્રસાદ લઈ તેના ઘેર સૂઈ ગયો હતો, ત્યારે તેને સ્વપ્નમાં તેના દેવનાં દર્શન થયાં. દેવે કહ્યું: 'બ્રાહ્મણ, આજે હું ભૂખ્યો છું.'

'પ્રભુ, તમે કેવી રીતે ભૂખ્યા હોવ? મારા મિત્ર કિશોરીએ તમને ભોગ ધર્યો તે તમે કેમ ન આરોગ્યા?'

'બ્રાહ્મણ, તે વૈષ્ણવ છે. તેણે શ્રીવલ્લભાચાર્યજીની કાનિથી ભોગ ધર્યો. શ્રીગોવર્ધનનાથજીનું સ્મરણ કરી, તેમને આરોગવા વિનંતી કરી; તેથી શ્રીગોવર્ધનનાથજી સ્વયં તારે ત્યાં પધાર્યા અને તે વૈષ્ણવે ધરેલી સામગ્રી આરોગ્યા. હું તો તેમનો દાસ છું. શ્રીગોવર્ધનનાથજી પૂર્ણ પુરુષોત્તમ છે. તેઓ જ્યાં પધારીને આરોગે ત્યાં મારી તો ગતિ પણ ન હોય. બીજું, તું તો મારી પૂજા કરે છે. પૂજાના નિયમ પ્રમાણે તું મંત્ર બોલીને મને બોલાવે, ત્યારે તારા ઘરની પ્રતિમામાં પ્રવેશ કરીને હું આરોગું. તું વિસર્જન કરે ત્યારે જઉં. અમે બધા દેવો મંત્રને આધીન છીએ. કેવળ પુરુષોત્તમ મંત્રને આધીન નથી. તેઓ પ્રેમને આધીન છે. કિશોરીનો એવો પ્રેમ છે કે સાક્ષાત્ પુરુષોત્તમ

આરોગવા પધાર્યા. માટે તું ઊઠીને સ્નાન કર. મારી પૂજા કર અને મને નૈવેદ્ય ધર.'

ચંદ્રશંકરે ઝટપટ ઊઠી સ્નાન કરી પૂજા કરી. પછી તે કિશોરીલાલના ઘેર આવ્યો. તેણે કિશોરીલાલને કહ્યું: 'શ્રીમહાપ્રભુજીના સેવક થવાની તેં વાત કરી, પણ મેં ન માની તે મારી મોટી ભૂલ હતી. મારા દેવે મારી આંખો ખોલી છે. આજ મારા ઘેર સાક્ષાત્ પુરુષોત્તમ પધારીને આરોગ્યા છે.' વૈષ્ણવ ધર્મ સૌથી ઉત્તમ છે એવું મને ભાન થયું છે. માટે મને વૈષ્ણવ કર.'

'જો ચંદ્રશંકર, હમણાં જ સમાચાર આવ્યા છે કે પાંચ-સાત દિવસમાં શ્રીમહાપ્રભુજી અહીં પધારવાના છે. તે વખતે તું સેવક થજે.'

શ્રીમહાપ્રભુજી ત્યાં પધાર્યા, ત્યારે કિશોરીલાલે સઘળી હકીકત કહી. ચંદ્રશંકરે સેવક થવા વિનંતી કરી. શ્રીમહાપ્રભુજીએ તેને બ્રહ્મસંબંધ આપી, સેવા પધરાવી આપી. કિશોરીલાલના સંગથી ચંદ્રશંકર પણ ઉત્તમ વૈષ્ણવ થયા.

◆

સિદ્ધાંત નવનીત

(૧) શ્રીઠાકોરજી સિદ્ધાંત કરતાં જુદી આજ્ઞા કરે, ત્યારે શું કરવું અને શું ન કરવું તે આ વાર્તામાંથી શીખવા મળે છે. 'નવરત્ન' ગ્રંથની ટીકામાં શ્રીગુસાંઈજીએ આ બાબત બહુ સ્પષ્ટ રીતે સમજાવી છે. શ્રીઠાકોરજી જે આજ્ઞા કરે તે શ્રીમહાપ્રભુજીની આજ્ઞા કરતાં વિરુદ્ધ હોય, તો તે આજ્ઞાની બાબતમાં પ્રભુના સુખનો જ વિચાર કરવો. જો તેમાં પ્રભુનું સુખ રહેલું હોય, તો તેનું પાલન કરવું; પરંતુ તેમાં જો આપણું સુખ રહેલું હોય તો તેનું પાલન ન કરવું. જેમ કે રામદાસજી નામના એક વૈષ્ણવને શ્રીઠાકોરજીએ આજ્ઞા કરેલી કે હું ભોગ આરોગું છું, તું આંખો ખોલીને દર્શન કર. ત્યારે રામદાસજીએ વિનંતી કરી હતી કે મહારાજ, મને શ્રીમહાપ્રભુજીની એવી આજ્ઞા નથી. હું આંખો નહિ ખોલું; કારણ કે તેમાં રામદાસજીનું સુખ હતું. શ્રીઠાકોરજીનું કોઈ સુખ ન હતું. અહીં કિશોરીલાલને જે આજ્ઞા થઈ, તેમાં પોતાના દૈવી જીવને શરણે લેવામાં શ્રીઠાકોરજીની પ્રસન્નતા હતી; માટે કિશોરીલાલે શ્રીઠાકોરજીની આજ્ઞાનું પાલન કર્યું.

(૨) ચંદ્રશંકરના ત્યાં કિશોરીલાલે અનસખડીની સામગ્રી સિદ્ધ કરી ભોગ ધર્યો. સખડીની સામગ્રી ન કરી. સખડીની સામગ્રીનો ભોગ ધર્યો હોત, તો પણ તેમને બાધક થાત નહિ, પરંતુ તેમણે વિવેકપૂર્વક વર્ણાશ્રમની મર્યાદા અને સ્વમાર્ગની મર્યાદા સાચવી; કારણ કે તેઓ ક્ષત્રિય હતા. તેમના હાથનો મહાપ્રસાદ બ્રાહ્મણને લેવડાવવાનો હતો.

(૩) જેના પર વૈષ્ણવ કૃપા કરે, તેના પર શ્રીઠાકોરજી નિશ્ચિત કૃપા કરે છે. વૈષ્ણવની કૃપા થાય ત્યારે જાણવું કે શ્રીઠાકોરજી ઘણી મોટી કૃપા કરશે.

(૪) સત્સંગ આપણા માર્ગમાં બહુ મોટી બાબત છે. ભગવદીયનો સંગ સર્વને કૃતાર્થ કરે છે. ભગવદીયના સંગથી શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજીની પૂર્ણ કૃપા થાય છે.

વૈષ્ણવ પરિચય :

નામ : મૂળ વાર્તામાં આપેલ નથી.
(અહીં કલ્પિત નામ કિશોરીલાલ રાખ્યું છે.)
પરિવાર : અપરિણીત
વતન : બિહારમાં આવેલું એક ગામ.
સેવ્ય સ્વરૂપ : શ્રીબાલકૃષ્ણલાલજી
તેમના મિત્ર : બ્રાહ્મણ. તેમનું નામ પણ વાર્તામાં નથી.
(કલ્પિત નામ ચંદ્રશંકર રાખેલ છે.)
જ્ઞાતિ : ગૌડ બ્રાહ્મણ
લીલાનું સ્વરૂપ : કિશોરીલાલ મોહિની સખી કુમારિકાના યૂથના છે. ચંદ્રશંકર મોહિની સખીનાં સખી લક્ષની સખી છે.

■

૫. ગુણગાન તો પ્રભુનાં હોય

(૬૫. લઘુ પુરુષોત્તમદાસ ક્ષત્રિય)

તેમનું નામ હતું પુરુષોત્તમ. તેઓ કાશીમાં એક ક્ષત્રિય કુટુંબમાં જન્મેલા. બાળપણથી તેમનામાં કવિત્વ-શક્તિઓનો વિકાસ થયો હતો. તેઓ આઠ વર્ષના હતા, ત્યારથી કવિતાઓ અને દુહા રચતા. ખાસ કરીને શ્રીમંતો, રાજા વગેરેનાં વખાણ કરતી કવિતાઓ રચી, તેમની પાસે જઈને સંભળાવતા. તેઓ રાજી થઈને ધન આપે તેનાથી જીવનનો ગુજારો કરતા. તેઓ કોઈ કોઈ વાર કાશીના નગરશેઠ પુરુષોત્તમદાસ પાસે પણ આવતા. કાશીના નગરશેઠનું નામ પણ પુરુષોત્તમદાસ હોવાથી આમને સૌ લઘુ પુરુષોત્તમદાસ કહેતાં.

એક વખત નગરશેઠ પુરુષોત્તમદાસને ત્યાં શ્રીમહાપ્રભુજીનો મુકામ હતો. આપશ્રી સવારે સ્નાન-સંધ્યા કરવા મણિકર્ણિકા ઘાટ ઉપર પધાર્યા હતા. શેઠ પુરુષોત્તમદાસ, કૃષ્ણદાસ મેઘન વગેરે સેવકો પણ સાથે હતા. જ્યાં શ્રીમહાપ્રભુજી સંધ્યાવદન કરી રહ્યા હતા, ત્યાં લઘુ પુરુષોત્તમદાસ આવ્યા.

શેઠ પુરુષોત્તમદાસે કવિને દૂરથી જોયા. તેમણે મનમાં વિચાર કર્યો કે આ કવિ ધનવાનોનાં કવિત્તો રચે છે. તે મને જોઈને જ આ બાજુ આવી રહ્યા છે. પૈસા મેળવવા માટે તે અહીં મારી કવિતા ગાશે. શ્રીમહાપ્રભુજી અહીં બિરાજે છે. તેઓ મારા સ્વામી છે, ગુરુ છે. સ્વામી અને ગુરુની હાજરીમાં સેવક અને શિષ્યનાં વખાણ થાય, તે અવિવેક કહેવાય. તેમાં સેવક અને શિષ્યનો ધર્મ રહે નહિ. હું તો શ્રીમહાપ્રભુજીનો દાસ છું. વખાણ તો શ્રીમહાપ્રભુજીનાં જ થવાં જોઈએ; માટે મારે આ કવિને અહીં રોકવા પડશે.

આવો વિચાર કરી શેઠ પુરુષોત્તમદાસ કવિને મળવા સામે ગયા. શ્રીમહાપ્રભુજીથી થોડે દૂર તેમને ઊભા રાખીને કહ્યું : 'જુઓ કવિ, સામે મારા ગુરુદેવ બિરાજે છે. તેમનું નામ શ્રીવલ્લભાચાર્યજી છે. તમે અહીં મારી કવિતા કે દોહા લલકારશો નહિ.'

'શેઠજી, આજે માંડ માંડ તમારો મેળાપ થયો છે, ત્યારે તમારી કવિતા ન લલકારું તો ફરી હાથમાં આવેલો મોકો ક્યારે મળે? તમારું કવિત ગાવા માટે તો હું આટલે સુધી આવ્યો છું. તમારે મને કંઈ આપવા જેવું લાગે તો આપજો, ન આપવું હોય તો તમારી મરજી. હું તમને શ્રીમંતોને સારી રીતે ઓળખું છું. તમને પૈસા પ્રાણ કરતાંય વધારે વહાલા હોય છે. 'ચમડી છૂટે પણ દમડી ન છૂટે.' પૈસા ન આપવા પડે તે માટે બહાનાં બતાવો છો; પણ હું તો તમારી કવિતા લલકારવાનો.'

શેઠ પુરુષોત્તમદાસે તેમને સમજાવતાં કહ્યું : 'કવિ, તમને પૈસા ન આપવા માટે હું કોઈ બહાનું બતાવતો નથી. બીજા શ્રીમંતો જેવો હું નથી. હું કદી અસત્ય બોલતો નથી. તમારે પૈસાથી જ મતલબ છે, કવિતાથી નહીં. આ પાંચ રૂપિયા રાખો. વધારે જોઈતા હોય, તો તમારી ફુરસદે ઘેર આવજો. વધારે પણ આપીશ; પરંતુ મારા ગુરુદેવ શ્રીવલ્લભાચાર્યજીની સામે મારો યશ ભૂલેચૂકે પણ ન ગાશો.'

'ભલે શેઠ, જેવી તમારી મરજી. તમારા ગુરુ પાસે બીજા રાજાનાં કાવ્યો લલકારું, તો તેમાં તો તમને વાંધો નથી ને? આવા ગુણીજન મને ફરી ક્યારે મળે?' આમ કહી તેઓ શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. હાથ જોડી બીજા રાજાઓનાં પાંચ-દશ કાવ્યો બુલંદ અવાજે લલકાર્યાં. શ્રીમહાપ્રભુજીએ તેમના તરફ કૃપાદૃષ્ટિ કરી. જાણ્યું કે દૈવી જીવ છે. શ્રીમહાપ્રભુજી હસ્યા.

'મહારાજ, આપનું હાસ્ય મને સમજાયું નહિ. આપ મારાં કાવ્યોની પ્રશંસા કરીને હસી રહ્યાં છો કે મારી મશ્કરી કરીને?'

'પુરુષોત્તમદાસ, નથી હું તમારી પ્રશંસા કરતો કે નથી હું તમારી મશ્કરી કરતો. હું તો દુઃખથી હસી રહ્યો છું. મને હસવું એ વાતનું આવે છે કે માણસ પોતાના સ્વરૂપને જાણ્યા વિના કેવાં મૂર્ખાઈભર્યાં કામો કરે છે?'

'મહારાજ, તમારી વાતમાં મને કંઈ સમજણ ન પડી.'

'પુરુષોત્તમદાસ, તમે પૂર્વજન્મમાં કોણ હતા, તે જાણો છો?'

'ના મહારાજ, હું તો સામાન્ય માણસ છું. મને મારા પૂર્વજન્મનું જ્ઞાન ક્યાંથી હોય?'

'તો સાંભળો. તમે પૂર્વજન્મમાં વ્રજમાં શ્રીનંદરાયજીના ભાટ હતા. તે વખતે તમારું નામ ઉમાશંકર હતું. તમે શ્રીનંદરાયજીના ત્યાં પુત્રજન્મ વખતે જઈને ઘણાં યશોગાન ગાયાં હતાં. ત્યાર પછી આખી જિંદગી શ્રીકૃષ્ણના યશ ગાયા હતા.'

શ્રીકૃષ્ણનાં યશોગાનની તમને સેવા મળી. તે છોડી આ જન્મમાં પૈસાદાર લોકોના તમે યશ ગાવા લાગ્યા છો, તેથી મને હસવું આવે છે. તમે કવિ છો, ચતુર છો; છતાં આવું કેમ કરો છો તે સમજાતું નથી. તમે મારી સામે જે જે રાજાના યશ ગાયા, તે રાજાઓમાં એવા ગુણો છે ખરા? આ બધા રાજાઓ તો સ્વાર્થી અને પ્રપંચી છે. ભોગવિલાસમાં સડનારા છે. અનેક રોગો અને દોષોથી ભરેલા છે. મરવાના વાંકે જીવી રહ્યા છે. તેમના યશ ગાઈને મિથ્યાભાષણ કર્યું, તે તમે ઠીક નથી કર્યું. ગાવાલાયક યશ કેવળ પ્રભુનાં છે.'

પુરુષોત્તમદાસને તેમની ભૂલ સમજાઈ. ભૂલનો પશ્ચાત્તાપ થયો. તેમણે દંડવત્ કરી કહ્યું : 'મહારાજ, આપની વાત તદ્દન સાચી છે. મેં આખો જન્મ મિથ્યાભાષણમાં ગુમાવ્યો છે. હવે હું આપના શરણે છું. આપ એવી કૃપા કરો કે સદા શ્રીઠાકોરજીના યશ ગાઉં. પણ મને શ્રીઠાકોરજીના યશનું જ્ઞાન નથી.'

'જાઓ પુરુષોત્તમદાસ, ગંગાજીમાં સ્નાન કરીને આવો. અમે તમને શ્રીઠાકોરજીનો યશ સમજાવીશું.'

શ્રીમહાપ્રભુજીએ તેમને નામનિવેદન મંત્ર આપ્યો. પછી પોતાનું ચરણામૃત આપ્યું. ચરણામૃતના પ્રતાપથી તેમને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું અને શ્રીઠાકોરજીની લીલાઓનું ભાન થયું. તેમણે તરત જ શ્રીમહાપ્રભુજી અને શ્રીગોવર્ધનનાથજીનાં કવિતો રચીને ગાયાં.

ત્યારથી તેમણે શ્રીમંતો અને રાજાઓ પાસે જવાનું અને તેમનાં કવિતા ગાવાનું છોડી દીધું. તેઓ સદાકાળ શ્રીઠાકોરજીની લીલામાં મગ્ન રહેતા. જે લીલાઓનો અનુભવ થાય, તેનાં પદો ગાતા. શ્રીઠાકોરજી તેમને સાનુભવ જતાવતા.

●

સિદ્ધાંત-નવનીત

(૧) આપણો જન્મ પ્રભુના યશનું શ્રવણ-કીર્તન કરવા માટે છે. લૌકિક મનુષ્યોના યશ સાંભળવા અને ગાવા એ દોષરૂપ છે. તેનાથી બહિર્મુખતા અને આસુરી ભાવ વધે છે. તેને મુખરતાદોષ અને અસદાલાપ કહેવામાં આવે છે; માટે વૈષ્ણવોએ આ દોષોથી બચવું જોઈએ.

(૨) આપણું ચિત્ત શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં અને લીલાઓમાં ચોંટાડી, તેમના ગુણગાન ગાવા અને સાંભળવા જોઈએ.

(૩) શ્રીવલ્લભકુળ, શ્રીઠાકોરજી અને ભગવદીયોની સામે લૌકિક વાતો ન કરવી અને વૈષ્ણવોની મોટાઈ પણ ન કહેવી. શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીના ગુણગાન જ કહેવા. શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજીની સામે કોઈ આપણા ગુણગાન ગાય, તો ગાનારને રોકવો; કારણ કે તેનાથી આપણો દાસધર્મ નાશ પામે છે. ગુણગાન કેવળ શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજીનાં જ થવાં જોઈએ.

વૈષ્ણવ પરિચય :

નામ : (લઘુ) પુરુષોત્તમદાસ

જ્ઞાતિ : ક્ષત્રિય

વતન : કાશી

પરિવાર : અપરિણીત

ભગવદ્-સ્વરૂપ : વાર્તામાં જણાવેલું નથી.

લીલાનું સ્વરૂપ : શ્રીનંદરાયજીના ભાટ ઉમાશંકર.

■

૬. સુખ હોય ગોપાલે ગાયે

(૬૬. કવિરાજ ભાટ)

મથુરામાં એક સનોઢિયા બ્રાહ્મણ કુટુંબ રહેતું હતું. તેઓ પુરોહિતનો વ્યવસાય કરતા. તેમને ત્રણ દીકરા હતા. તેમાં બે બુદ્ધિમાં મંદ હતા. ત્રીજો દીકરો ચતુર હતો. બાળપણથી તેને કવિત્વશક્તિ વરેલી હતી. તે દેવી દેવતાઓનાં કાવ્યો રચતો. રાજાઓનાં કાવ્યો પણ રચતો. લોકોની પાસે કાવ્યો ગાઈ પોતાનો નિર્વાહ કરતો. તે મોટાભાગે મથુરામાં વિશ્રામઘાટ પર બેસતો. ત્યાં જે કોઈ યાત્રાળુઓ આવે, તેમને પોતે કાવ્યો સંભળાવતો અને યાત્રાળુઓ પાસેથી દક્ષિણા મેળવતો. તેને મથુરાના લોકો કવિરાજ ભાટના નામે ઓળખતા.

એક દિવસ તેઓ વિશ્રામઘાટ ઉપર બેસીને ભૂતેશ્વર મહાદેવનાં કાવ્યો ગાતા હતા, ત્યારે શ્રીમહાપ્રભુજી મહાવનથી મથુરા પધાર્યા. આપ સવારે વિશ્રામઘાટ ઉપર સ્નાન કરી સંધ્યાવંદન કરવા બિરાજ્યા. કવિરાજ ભાટે તેમને જોયા. મનમાં વિચાર કર્યો, 'આ મોટા પંડિત જાણાય છે. તેમની પાસે જઈ થોડા પ્રશ્નો કરું.' તે શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. હાથ જોડી સામે બેઠા. તેમણે કહ્યું, 'મહારાજ, આપ મહાવિદ્વાન જણાઓ છો. મારા પ્રશ્નોના આપ જવાબ આપશો?'

'કવિરાજ, ખુશીથી પૂછો.'

'મહારાજ, દેવી મોટાં કે મહાદેવ મોટા?'

'કવિરાજ, સૌથી મોટા તો ભગવાન. વેદમાં એમને બ્રહ્મ કહ્યા છે. ઉપનિષદો એમને પરમાત્મા કહે છે. ગીતા એમને શ્રીકૃષ્ણ કહે છે. ભાગવતમાં તેઓ ભગવાન કહેવાયા છે. તેઓ અનાદિઅનંત છે. આખાયે બ્રહ્માંડમાં તેમની બરાબરી કરી શકે તેવું બીજું કોઈ નથી. છતાં, જેના મનમાં જે મોટા લાગે તે તેને માટે મોટા.'

'મહારાજ, ભગવાનમાં અને શ્રીમહાદેવજીમાં શો ભેદ છે? બધા એવું કહે છે કે બંને ઈશ્વર છે. સર્વ દેવોને કરેલા નમસ્કાર કેશવ તરફ જાય છે.'

'જુઓ કવિરાજ, પ્રભુની લીલાસૃષ્ટિને જે સમજતા નથી તે આવું માને છે અને કહે છે. વાસ્તવમાં વાત જુદી છે. પરમાત્માએ પોતાના આનંદ માટે જગતની રચના કરવાનો વિચાર કર્યો. પોતે આનંદ-સ્વરૂપ છે, એટલે સૃષ્ટિ રચનાનો શ્રમ પોતે ન કર્યો. સૃષ્ટિની રચના કરવા, તેની વ્યવસ્થા જાળવવા અને જરૂર પડ્યે પ્રલય કરવા તેમણે પોતાના ત્રણ ગુણોને ત્રણ દેવરૂપે પ્રગટ કર્યા. સત્ત્વ ગુણમાંથી બ્રહ્મા પ્રગટ થયા. રજસ્ ગુણમાંથી વિષ્ણુ પ્રગટ થયા. તમસ્ ગુણમાંથી શંકર પ્રગટ થયા.

બ્રહ્માને સૃષ્ટિનું સર્જનકાર્ય સોંપ્યું. વિષ્ણુને જગતનું સંચાલનકાર્ય સોંપ્યું અને શંકરને સંહાર (પ્રલય) કાર્ય સોંપ્યું. આ બધા ભગવાનની સમાન નથી. ભગવાનના અમુક ગુણોવાળા, ભગવાનનાં વિભૂતિ સ્વરૂપો છે. જેમ એક રૂપિયાના આઠ આના, ચાર આના જેવા સિક્કા હોય; તેમ સૌ દેવીદેવીઓ ભગવાનના અંશકલા વગેરે રૂપો છે. એટલે દરેકમાં ભગવાન રહેલા છે, પણ દરેક દેવદેવી ભગવાન છે એમ કહી શકાય નહિ. શ્રીભાગવતમાં કહ્યું છે કે જ્યારે ભગવાને મોહિનીરૂપ ધારણ કર્યું, ત્યારે શ્રીમહાદેવજી તેમના ઉપર મોહિત થયા હતા; પરંતુ શ્રીમહાદેવજી કોઈ રૂપ ધારણ કરે, ત્યારે ભગવાન તેમના ઉપર મોહિત થતા નથી. મહાદેવજી ભગવાનને આધીન છે, ભગવાન મહાદેવજીને આધીન નથી.'

કવિરાજે દંડવત્ કરી વિનંતી કરી : 'મહારાજ, આપની પાસે થોડીક ક્ષણો બેસવાથી અને આપનાં વચનો સાંભળવાથી મારું મન શ્રીઠાકોરજીમાં લાગી ગયું છે. મને લાગે છે કે હું આપનો સેવક થઈ, થોડા દિવસ આપનો સંગ કરીશ તો નક્કી શ્રીઠાકોરજી મારા ઉપર પ્રસન્ન થશે. માટે આપ મને શરણે લઈ સેવક કરો.'

'તમે કવિરાજ છો. કવિતાઓ કરો છો, સેવક થઈને શું કરશો?'

'મહારાજ, મને કંઈ જ્ઞાન નહોતું, તેથી આ દુનિયામાં ભટકતો રહ્યો. શ્રીઠાકોરજીને છોડી બીજા દેવતાઓના ગુણ ગાતો રહ્યો. હવે આપ એવી કૃપા કરો કે સદા શ્રીઠાકોરજીનાં ગુણ ગાઉં.'

'કવિરાજ, અહીંથી અમે અડેલ જઈએ છીએ. તમે ત્રણે ભાઈ ત્યાં આવજો, ત્યાં તમને સેવક કરીશ.'

આમ આજ્ઞા કરી શ્રીમહાપ્રભુજી અડેલ પધાર્યા. કવિરાજ પણ થોડા દિવસ પછી બંને ભાઈઓને સાથે લઈ અડેલ ગયા. ત્યાં શ્રીમહાપ્રભુજીએ કવિરાજને નામનિવેદન કરાવ્યું. તેમના બંને ભાઈઓને નામમંત્ર આપ્યો. કવિરાજે શ્રીમહાપ્રભુજીને પૂછયું : 'મહારાજ, પૂર્વજન્મમાં હું કોણ હતો? શ્રીઠાકોરજીને ભૂલીને હું સંસારમાં કેમ ભટકતો થયો?'

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, 'તમે વ્રજમાં શ્રીનંદરાયજીના મુખ્ય પુરોહિત હતા. તમારું નામ શાંડિલ્ય ઋષિ હતું. તમે ભક્તિસૂત્રો પ્રગટ કર્યાં હતાં. આજે પણ તમારાં કહેલાં એ ભક્તિસૂત્રો જગતમાં પ્રસિદ્ધ છે. તેનાથી જીવોના હૃદયમાં ભક્તિમાર્ગ દઢ થાય છે. તમે બધા મુનિઓમાં શ્રેષ્ઠ હતા. પરંતુ એક વખતે તમને અભિમાન થયું કે ભક્તિમાર્ગને હું જ જાણું છું. મારા જેટલો ભક્તિમાર્ગ જાણનાર બીજો કોઈ નથી. ત્યારે વિશ્વામિત્ર ઋષિએ તમને શાપ આપ્યો કે તમે પૃથ્વી ઉપર જન્મ લો અને મૂર્ખ થાઓ. માટે તમે અહીં જન્મ્યા છો. હવે તમારો દેહ છૂટશે ત્યારે તમે શાંડિલ્ય મુનિ બનશો.'

કવિરાજ શ્રીમહાપ્રભુજીની વિદાય લઈ મથુરા આવ્યા. શ્રીગિરિરાજ જઈ શ્રીનાથજીનાં દર્શન કર્યાં. શ્રીનાથજીની સન્મુખ ઘણાં પદો રચીને ગાયાં. શ્રીમહાપ્રભુજીનાં પણ ઘણાં પદો રચ્યાં. તેમના ઉપર શ્રીમહાપ્રભુજીની એવી કૃપા થઈ કે તેઓ રાતદિવસ લીલારસમાં મગ્ન રહેવા લાગ્યા.

●

સિદ્ધાંત-નવનીત

(૧) આપણી કોઈ પણ કૃતિનું અભિમાન કરવું નહિ. જ્ઞાનમદ, વિદ્યામદ, બુદ્ધિમદ, ધનમદ, સત્તામદ વગેરેથી અભિમાન આવે છે. અભિમાન આવતાં જીવનું પતન થાય છે. માટે આપણે હમેશાં દાસભાવ રાખવો અને દીનતાથી રહેવું. મન, વચન, કર્મમાં દૈન્યભાવ રાખવો.

(૨) શ્રીઠાકોરજી સર્વોપરિ છે. અન્ય દેવદેવીઓ તેમના અંશરૂપ છે, એ વાત બરાબર સમજીને શ્રીઠાકોરજીનો દઢ આશ્રય રાખવો. શ્રીઠાકોરજીનાં જ ગુણગાન ગાવાં. શ્રીઠાકોરજીને છોડીને મનને બીજે ભટકવા ન દેવું. કદાપિ અન્યાશ્રય ન કરવો. શ્રીઠાકોરજીની બરાબર બીજા કોઈને ન જાણવા.

(૩) શ્રીઠાકોરજીના ગુણગાનમાં જે સુખ છે તે બીજે ક્યાંય નથી, એમ સમજી શ્રીઠાકોરજીનાં ગુણગાનમાં પ્રીતિ રાખવી. લૌકિક માણસો અને દેવીદેવતાનાં ગુણગાન કદાપિ ન કરવાં. કોઈની ખુશામત ન કરવી.

(૪) શ્રીમહાપ્રભુજીએ કવિરાજને મથુરામાં શરણે ન લેતાં અડેલ આવવાની આજ્ઞા કરી. એનું કારણ એ હતું કે પ્રીતિ વિના અંગીકાર ન થાય. જો કવિરાજને સેવક બનવાની પ્રીતિ હશે, તો જરૂર અડેલ આવશે. શ્રીમહાપ્રભુજી જીવની દઢતાની કસોટી કર્યા પછી જ તેને સેવક કરતા.

●

વૈષ્ણવ પરિચય :

નામ : લોકોમાં કવિરાજ ભાટના નામે પ્રસિદ્ધ
જ્ઞાતિ : સનોઢિયા બ્રાહ્મણ
વતન : મથુરા
પરિવાર : મંદબુદ્ધિના બે ભાઈઓ. તેઓ અપરિણીત હતા.
સેવ્ય સ્વરૂપ : વાર્તામાં ઉલ્લેખ નથી.
લીલાનું સ્વરૂપ : શ્રીનંદરાયજીના પુરોહિત શાંડિલ્ય મુનિ.

■

૭. 'ચરન-સરન સદા રહત બડભાગી જન'

(૬૭. ગોપાલદાસ ક્ષત્રિય)

પંજાબમાં ઈંટોડા નામનું એક ગામ આવેલું છે. ત્યાં એક ક્ષત્રિય કુટુંબમાં ગોપાલદાસનો જન્મ થયો. તેમની કિશોર અવસ્થામાં તેમના પિતા હરિશરણ થયા. તેઓ યુવાન થયા ત્યારે તેમણે વિચાર કર્યો કે કુટુંબમાં મારા સિવાય કોઈ નથી. કુટુંબની કોઈ જવાબદારી મારા માથે નથી. પિતાનું ગયાજી શ્રાદ્ધ કર્યું નથી, તો પિતૃશ્રાદ્ધ નિમિત્તે તીર્થયાત્રા કરી આવું. તેઓ પંજાબથી વતન છોડીને તીર્થયાત્રાએ નીકળ્યા.

સૌ પહેલાં મથુરા આવ્યા. વિશ્રામઘાટ પર યમુનાસ્નાન કર્યું. ત્યાંથી કાશી ગયા. ત્યાં ગંગાસ્નાન કર્યું. ત્યાંથી બિહારમાં 'ગયાજી' ગયા. ત્યાં પિતૃશ્રાદ્ધ કરી પાછા કાશી આવ્યા. ત્યાંથી ફરી મથુરા જવા નીકળ્યા. રસ્તામાં તેમને શ્રીમહાપ્રભુજીનો મેળાપ થયો. તે દિવસે તેઓ શ્રીમહાપ્રભુજીની સાથે સાથે ચાલતા રહ્યા. સાંજ નમવા આવતાં એક ગામ પાસે મુકામ કર્યો. રાત્રે ધાડપાડુઓએ ધાડ પાડી. ઝપાઝપીમાં એક ધાડપાડુએ છોડેલું તીર ગોપાલદાસના હાથે વાગ્યું. તેમની બધી ચીજવસ્તુઓ લૂંટાઈ ગઈ.

સવારે શ્રીમહાપ્રભુજીએ પૂછ્યું : 'ગોપાલદાસ, કાલે તમને હાથ પર તીર વાગ્યું તે કેમ છે? તમારા શા સમાચાર છે?'

'મહારાજ, હાથ પર ખાસ વાગ્યું નથી. તમારા આશીર્વાદથી બચી ગયો છું. મારી પાસેનો બધો સરસામાન લૂંટાઈ ગયો છે, પણ ચિંતા નથી.

આગ્રા પહોંચીને ત્યાંથી વતનમાં હૂંડી મોકલીને જરૂરી પૈસા મંગાવી લઈશ. ચિંતા એટલી જ છે કે આગ્રા સુધી કેવી રીતે પહોંચવું? ખીસામાં એક પણ પૈસો બચ્યો નથી.'

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, 'ગોપાલદાસ, કોઈ પ્રકારની ચિંતા ન કરવી. પ્રારબ્ધમાં જે ભોગવવાનું હોય, તે ભોગવવું પડે છે. પ્રારબ્ધ ભોગવાઈ જાય, તો નવો જન્મ લેવો પડતો નથી. રહી વાત આગ્રા પહોંચવા માટેના ખર્ચની રકમની. તેની વ્યવસ્થા હું તમને કરી આપું છું.'

શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી : 'ગોપાલદાસને જે પૈસા જોઈએ તે આપજો.'

'મહારાજ, આપે કહ્યું કે પ્રારબ્ધ ભોગ ભોગવાઈ ગયું. મને તેમાં કંઈ સમજણ ન પડી. આપ તો મહાપુરુષ છો, ત્રિકાળજ્ઞાની છો. કૃપા કરી એ વાત મને સમજાવો.'

'ગોપાલદાસ, આજથી દશ વર્ષ પહેલાંની વાત છે. તમે રાતના સમયે તમારા ગામથી બીજે ગામ જતા હતા. રસ્તામાં તમને એક ચોર મળેલો. તે ચોરીનો માલ લઈને જતો હતો. તેણે તમારું કંઈ બગાડ્યું નહોતું; છતાં તમે તેને મારેલો. તેનો ચોરીનો માલ તમે ઝૂંટવી લીધેલો. તમને આ પ્રસંગ યાદ છે?'

'હા મહારાજ, આપની વાત તદ્દન સાચી છે, આવું થયું હતું.'

'બસ, એનો બદલો તમને કાલ રાતે મળ્યો. ચોર લોકોએ તમારો માલ ઝૂંટવી લીધો. તમને હાથે બાણ વાગ્યું.'

ગોપાલદાસ વિચારમાં પડી ગયા. દશ વર્ષ પહેલાંની વાત, જે પંજાબમાં મારા દેશમાં બની હતી, તે વાત આ મહાપુરુષ આજે મને બતાવે છે. એનો અર્થ એ છે કે તેઓ કેવળ સંત, વિદ્વાન અને મહાપુરુષ નથી, પણ જરૂર સાક્ષાત્ ઈશ્વર છે. તે સિવાય કોઈ આમ કહી શકે નહિ. તેમનો સેવક થાઉં તો મારું જીવન કૃતાર્થ થાય.

રસ્તામાં ચાલતાં ચાલતાં ગોપાલદાસે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી : 'મહારાજ, કૃપા કરીને મને શરણે લો. સદૈવ આપનાં ચરણમાં રાખો. મારું સંસારનું બધું દુઃખ છૂટે એવો અનુગ્રહ કરો.'

શ્રીમહાપ્રભુજીએ મંદ સ્મિત કરીને આજ્ઞા કરી : 'આગ્રા ચાલો. ત્યાં તમને સેવક કરીશું.'

'મહારાજ, મને આવતી કાલનો કોઈ વિશ્વાસ નથી. આ શરીરનો ભરોસો કેટલો રખાય? એક ક્ષણ પછી મારો દેહ છૂટી જાય, તો હું હાથમાં આવેલું રત્ન ખોઈ બેસું.'

તેમનો આટલો આગ્રહ જોઈ શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, 'જાઓ, સ્નાન કરી આવો.'

શ્રીમહાપ્રભુજીએ ગોપાલદાસને બ્રહ્મસંબંધ આપ્યું. ગોપાલદાસે વિનંતી કરી, 'મહારાજ, હું તો સંસારી જીવ છું. આપે જે મંત્ર બોલાવ્યો તેની મને કંઈ સમજ નથી. પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત હું જાણતો નથી. મારા ઉપર એવી કૃપા કરો કે પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત હંમેશ માટે મારા હૃદયમાં કોતરાઈ જાય અને આપના સ્વરૂપનું મને જ્ઞાન થાય.'

શ્રીમહાપ્રભુજીએ તેમના પર કૃપા કરી પોતાના ચરણારવિંદનું ચરણામૃત આપ્યું. ત્યાર બાદ 'સિદ્ધાંત-રહસ્ય' ગ્રંથ તેમને શીખવ્યો. તેનો નિત્યપાઠ કરવા આજ્ઞા કરી. આપશ્રીએ વિશેષમાં આજ્ઞા કરી કે 'ગોપાલદાસ, તમારા ઉપર હવે ઠાકોરજીની કૃપા થઈ છે. તમે નિશ્ચિંત રહેજો.'

'મહારાજ, હું તો જીવનભર શ્રીઠાકોરજીથી વિમુખ રહેલો છું. મેં ક્યારેય શ્રીઠાકોરજીનું નામ-સ્મરણ પણ કર્યું નથી. મને સંસારી જીવને શ્રીઠાકોરજી શું જાણે? આપની કૃપાથી મારા જેવો અધમ જીવ આપનું અને શ્રીઠાકોરજીના ચરણારવિંદનું શરણ પામ્યો છે.'

'ગોપાલદાસ, તમને ધન્ય છે. પુષ્ટિમાર્ગનો બધો સિદ્ધાંત તમને એક જ ક્ષણમાં હૃદયારૂઢ થઈ ગયો. પુષ્ટિમાર્ગના સર્વ સિદ્ધાંતનું મૂળ દીનતા છે. તમારી દીનતા જોઈ હું ઘણો પ્રસન્ન થયો છું. વૈષ્ણવોમાં આવી દીનતા હોય, તો જ તેના ઉપર શ્રીઠાકોરજી પ્રસન્ન થાય છે.'

ગોપાલદાસ હવે ચોખરા અને છંદમાં પદો રચવા લાગ્યા. તેમણે શ્રીમહાપ્રભુજીનાં ઘણાં પદોની રચના કરી. શ્રીમહાપ્રભુજી સામે તે પદો તેઓ ગાતા. તે સાંભળી શ્રીમહાપ્રભુજી ઘણા પ્રસન્ન થતા.

ગોપાલદાસ શ્રીમહાપ્રભુજીની સાથે આગ્રા આવ્યા. ત્યાંથી વ્રજમાં ગયા. વ્રજમાં શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કર્યાં. પછી શ્રીમહાપ્રભુજીની આજ્ઞા લઈ તેમના વતનમાં ગયા.

થોડા સમય બાદ ગોપાલદાસે વિચાર્યું કે શ્રીમહાપ્રભુજીનો જન્મદિવસ આવે છે. તો શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરવા અડેલ જઉં. તેઓ અડેલ ગયા. શ્રીમહાપ્રભુજીના જન્મદિવસે ત્યાં ઘણો આનંદ થઈ રહ્યો હતો. શ્રીમહાપ્રભુજીને કેસરસ્નાન કરાવવામાં આવ્યું. ત્યાર પછી શ્રીમહાપ્રભુજી કેસરી ધોતી અને ઉપરણો ધારણ કરી માર્કણ્ડેય પૂજા કરવા બિરાજ્યા, ત્યારે માધવદાસે એક પદ ગાયું, 'માધવ માસે ભરિ વૈશાખે શ્રીવલ્લભ હરિ જનમ લિયો.'

આ ગોપાલદાસજીના ચોખરા ઘણા પ્રસિદ્ધ છે.

●

સિદ્ધાંત-નવનીત

(૧) પ્રારબ્ધના ભોગ પૃથ્વી ઉપર જન્મનાર દરેકને ભોગવવા પડે છે. તેને આપણે કર્મના સિદ્ધાંત તરીકે જાણીએ છીએ. પાપ લોખંડની બેડી છે, તો પુણ્ય સોનાની બેડી છે. પૂરેપૂરાં પાપ-પુણ્ય ન ભોગવાઈ જાય, ત્યાં સુધી ભગવદ્-પ્રાપ્તિ થતી નથી. માટે શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવોને પાપથી બચવાની સલાહ આપી છે અને પુણ્યના હેતુથી કંઈ પણ ન કરવાની સલાહ આપી છે. શાસ્ત્રમાં બતાવેલ વ્રત, જપ-તપ, દાન, તીર્થયાત્રા વગેરે સર્વ સાધનો નિષ્કામ ભાવથી જ કરવાં જોઈએ. સકામ ભાવથી ન કરવાં. નિષ્કામ ભાવથી કરવાથી પુણ્ય ભોગવવાનો પ્રશ્ન આવતો નથી.

(૨) જગતના લોકો માટે કર્મનો સિદ્ધાંત છે; જ્યારે પુષ્ટિભક્તો માટે કૃપાનો સિદ્ધાંત છે. કર્મ ભોગવવાં પડે, પરંતુ પ્રભુ કૃપા કરે ત્યારે શૂળીનો ઘા સોયથી ટળે. એનું નામ કૃપા. માટે પુષ્ટિમાર્ગમાં આપણાં કર્તવ્ય પ્રભુસુખના વિચારથી નિષ્કામ ભાવે બજાવવાં જોઈએ.

(૩) ધર્મકાર્ય કરવામાં જરાય વિલંબ ન કરવો જોઈએ. સૂરદાસજીએ કહ્યું છે કે 'કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ.' દેહ ક્યારે છૂટશે તેનો ભરોસો નથી, માટે જે વખતે જે કરવાની પ્રેરણા થાય તે તત્કાલ કરવું. તેનો વાયદો ન કરવો.

(૪) પુષ્ટિમાર્ગનું પરમ સાધન દીનતા છે. આપણે ગમે તેટલાં સ્મરણ-સેવા, સત્સંગ-કથાકીર્તન કરીએ; પણ જો આપણામાં દીનતા ન હોય, તો તે બધાંનો કોઈ અર્થ રહેતો નથી. પુષ્ટિમાર્ગમાં પ્રભુ સાધનથી પ્રસન્ન થતા નથી, પ્રભુ ભક્તના હૃદયના દીનતાયુક્ત શુદ્ધ પ્રેમથી પ્રસન્ન થાય છે. દીનતામાંથી નિઃસાધનતાનો ભાવ જાગે છે. તેને લઈને મનમાં પ્રભુના ગુણગાનથી વિરહતાપ વધે છે, ત્યારે આપણા હૃદયમાં બિરાજતા ભાવાત્મા પ્રભુ આપણી સામે પ્રગટ થઈ સાનુભવ જતાવે છે. માટે વૈષ્ણવોએ હમેશાં વિચાર, વાણી અને વ્યવહારમાં દીનતા રાખવી. દીનતા ફળરૂપ છે.

●

વૈષ્ણવ પરિચય :

નામ : ગોપાલદાસ
જ્ઞાતિ : ક્ષત્રિય
વતન : પંજાબમાં આવેલું ઇંટોડા
પરિવાર : અપરિણીત
સેવ્ય સ્વરૂપ : કોઈ ઉલ્લેખ નથી
પદ સાહિત્ય : તેમણે રચેલા ચોખરા અને છંદ

લીલાનું સ્વરૂપ : લલિતાજીનાં સખી નૃત્યકલા. નિત્યલીલામાં એક વખત તેમને એવો મદ થયો કે મને સંગીતનું જેટલું જ્ઞાન છે, તેટલું શ્રીલલિતાજીને પણ નથી. તેમના મનનો આ મદ જાણીને શ્રીલલિતાજીએ આજ્ઞા કરી કે આવો મદ રાખનારી તું મૂર્ખ છે. પૃથ્વી ઉપર જન્મ લઈ દીનતા શીખી આવ, તેથી તેઓ પૃથ્વી ઉપર ગોપાલદાસ બનીને જન્મ્યાં.

■

૮. વૈષ્ણવનો સંગ દુર્લભ

(૬૮. જનાર્દનદાસ ચોપડા)

પંજાબમાં થાણેશ્વર નામે એક ગામ છે. ત્યાં એક ક્ષત્રિય રહેતો હતો. તે થાણેશ્વરના રાજાના લશ્કરમાં સિપાઈનું કામ કરતો. એક વખત થાણેશ્વરના રાજાએ પડોશના બીજા રાજા ઉપર ચઢાઈ કરી. થાણેશ્વરના લશ્કરમાં આ ક્ષત્રિય પણ લડવા ગયો. આજ સુધી તે લશ્કરમાં હતો, પણ તેના નસીબે લડાઈનો પ્રસંગ આવ્યો ન હતો. સ્વભાવે તે કાયર હતો, એટલે લડાઈથી ડરતો હતો. છતાં તેને લડવા જવું પડ્યું. જ્યારે લડાઈ શરૂ થઈ, ત્યારે તે ત્યાંથી પીઠ વાળીને નાઠો. ચૂપચાપ લપાતો-છૂપાતો ઘેર આવ્યો.

તેને કુટુંબમાં એક દીકરો હતો. તેનું નામ જનાર્દનદાસ. સોળ વર્ષની તેની ઉંમર હતી. તે ઘણો સમજુ અને શાણો હતો. પિતાએ કહ્યું : 'બેટા, હું યુદ્ધમાંથી ભાગીને આવ્યો છું, રાજા મને મારશે. મને કોઈક જગ્યાએ સંતાડી દે.'

'પિતાજી, તમે ઘણું ખોટું કર્યું છે. આપણે ક્ષત્રિય છીએ. સૈનિક તરીકે તમે લશ્કરમાં નોકરી કરી છે. રાજાનો પગાર ખાધો છે, તે ચૂકવવાનો આજે જ્યારે વખત આવ્યો, ત્યારે તમે રણ છોડીને ભાગી જાઓ તે બરાબર નથી. ક્ષત્રિયની તો એક જ ગતિ છે અને તે વીરગતિ. હવે તમારે આ ગામમાં રહેવું મુશ્કેલ છે. છુપાઈ જશો તો પણ રાજા તમને શોધી કાઢશે.'

'બેટા, હવે એક જ રસ્તો છે. હું કાશી તરફ ચાલ્યો જાઉં છું. તું તારું સાચવજે. મારા ભાગ્યમાં જે ભોગવવાનું હશે તે ભોગવી લઈશ.'

ચાલુ યુદ્ધમાંથી પોતાના સાથીદાર સિપાઈને પાછો ભાગતો જોઈને તેના જેવા કાયર બીજા બે-ચાર સિપાઈઓ પણ તેની પાછળ ભાગ્યા. એ જોઈ બીજા ભાગ્યા. થોડીક જ મિનિટોમાં લડવાનું છોડી, આખું લશ્કર ભાગંભાગ કરવા લાગ્યું. રાજા નિરાશ થઈને પાછો આવ્યો. તેણે બધા સૈનિકોને છૂટા કર્યા. સેનાપતિને કહ્યું : 'તપાસ કરો કે સૌથી પહેલું કોણ ભાગ્યું?'

તપાસ કરતાં જનાર્દનદાસના પિતાનું નામ આગળ આવ્યું. રાજાએ હૂકમ કર્યો, 'તેને પકડીને મારી સામે લાવો.' સિપાઈઓ તેના ઘેર ગયા. ઘેર સૈનિક ન મળ્યો, આથી જનાર્દનદાસને પકડીને રાજા પાસે લઈ ગયા.

રાજાએ ગુસ્સે થઈને કહ્યું, 'તારા પિતાએ રાજદ્રોહ કર્યો છે, એના ભાગવાથી મારું આખું લશ્કર યુદ્ધમાંથી વેરવિખેર થઈ ગયું. મને ઘણી અપકીર્તિ મળી છે, માટે તારા પિતાને હું જીવતો છોડીશ નહિ. તારો પિતા ક્યાં છુપાયો છે તે બતાવી દે, નહિ તો તને મારી નાખીશ.'

'મહારાજ, આપની વાત સાચી છે. યુદ્ધમાંથી ભાગીને મારા પિતા ઘેર આવ્યા હતા. તે તમારાથી ઘણા ભયભીત હતા. મેં તેમને સલાહ આપી કે તમે છુપાઈ રહેશો તો પણ બચી શકવાના નથી; તેથી તેઓ કાશી તરફ જવાનું કહીને ઘેરથી ચાલ્યા ગયા છે. પછી તેઓ ક્યાં ગયા તે હું જાણતો નથી.'

'છોકરા, તું જૂઠું બોલે છે. તેં જરૂર તારા પિતાને સંતાડી રાખ્યા છે. એમનો જીવ બચાવવા તું સાચું કહેતો નથી.'

'મહારાજ, આજ સુધી હું જૂઠું બોલવાનું શીખ્યો નથી, છતાં તમને લાગતું હોય કે મેં મારા પિતાને કોઈ છૂપા સ્થળે સંતાડી રાખ્યા છે, તો આપને હું પ્રતિજ્ઞાપત્ર લખી આપવા તૈયાર છું. હું તદ્દન સાચું કહું છું.'

છતાં રાજાને તેમના પર વિશ્વાસ ન આવ્યો. રાજાએ સેનાપતિને આજ્ઞા કરી : 'આને બંદીખાનામાં નાખો. તે સાચું કહે ત્યારે તેને બહાર કાઢજો.'

રાજાનો આવો હૂકમ સાંભળી જનાર્દનદાસ ચૂપ રહ્યા. તેમણે વિચાર કર્યો, 'શાસ્ત્રોએ કહ્યું છે, સત્ય બોલવું. સત્ય ઈશ્વરનું સ્વરૂપ છે. સત્ય બોલનારનો વાળ પણ વાંકો થતો નથી. હું સત્ય બોલ્યો છું, તો પ્રભુ જરૂર મારું રક્ષણ કરશે.' આવો વિચાર કરીને પ્રભુ પર ભરોસો રાખી તેઓ સ્વસ્થતાથી બંદીખાનામાં ગયા.

રાત થતાં રાજાના મહેલમાં અનાયાસ આગ લાગી. શોરબકોર થઈ ગયો. આગ લાગવાનું કોઈ કારણ જડતું ન હતું. રાણીએ કહ્યું : 'આપણા ગામના કોઈ સાચા માણસને તમે શિક્ષા કરી છે, તેનો બદલો ભગવાને આપણને આપ્યો છે. ખોટું કરનાર ઉપર ભગવાન ક્યારેય રાજી રહેતા નથી. માટે તમે વિચાર કરો કે તમારાથી કોઈ ભૂલ તો થઈ નથી ને?'

ખૂબ વિચાર કરતાં રાજાને જનાર્દનદાસ યાદ આવ્યા. તેમણે વિચાર કર્યો, તે છોકરો નિર્ભયતાથી જે રીતે વાત કરતો હતો તે રીતે કદાચ તે સાચો પણ હોય. છતાં મેં તેના પર જુલમ કર્યો હોય એવું બને. તેનું જ ફળ મારે ભોગવવું પડ્યું છે. મારી મોટી ભૂલ થઈ છે. રાજાએ તત્કાલ માણસો મોકલી બંદીખાનામાંથી જનાર્દનદાસને બોલાવીને કહ્યું, 'છોકરા, તારા દોષ વિના મેં તને દંડ આપ્યો તેનું ફળ મને મળી ગયું છે. તારો પિતા ભાગી ગયો, તેમાં તારો કોઈ ગુન્હો નથી. થવાકાળ હતું તે થઈ ગયું. તારા પિતાનો ગુન્હો પણ હું માફ કરું છું. તું તેમને જ્યાં હોય ત્યાંથી પાછા બોલાવી લે.' રાજાએ જનાર્દનદાસના પિતાના પગારની જે રકમ બાકી હતી તે પણ ચૂકવી આપી.

જનાર્દનદાસે વિચાર કર્યો, 'મારા પિતાને હવે ઘેર લઈ આવું. પ્રભુએ કૃપા કરી છે અને તેમના માથેથી વિઘ્ન ટળી ગયું છે. તેઓ કાશીમાં હોવા જોઈએ. આવો વિચાર કરી તેઓ કાશી જવા નીકળ્યા.

થાણેશ્વરથી આગ્રા આવ્યા. આગ્રાથી આગળ ચાલતાં રસ્તામાં પડેલી બે સોનામહોર ઉપર નજર ગઈ. અનાયાસ બે સોનામહોર મળતાં લઈ લીધી. વિચાર કર્યો, સોનું મળવાથી સારા શુકન થયા છે. ત્યાંથી આગળ ચાલ્યા. રસ્તામાં વાસુદેવદાસ છકડા મળ્યા.

વાસુદેવદાસ છકડા પણ થાણેશ્વરના વતની. જ્ઞાતિએ બ્રાહ્મણ. શ્રીમહાપ્રભુજીના સેવક. જનાર્દનદાસે તેમને ઓળખ્યા. તેઓ જનાર્દનદાસના કુટુંબના ગોર પણ હતા. જનાર્દનદાસે તેમને વંદન કરીને કહ્યું : 'પુરોહિતજી, હું તમારો યજમાન બાળક છું. તમે મારા પિતાને જોયા છે?'

'ભાઈ, મેં તારા પિતાને જોયા નથી, પણ મારી એક વાત માન. તું દૈવી જીવ છે, સત્યવક્તા છે, તેથી તારો અને તારા પિતાનો જીવ પણ બચ્યો છે.'

'પુરોહિતજી, હું તો તમારા દીકરા જેવો છું. તમે મારા પિતાના સ્થાને છો. શિખામણ આપવા લાયક છો, જરૂર આજ્ઞા કરો.'

'જનાર્દનદાસ, તારે જવું હોય ત્યાં જજે. પણ ગોકુળ-મથુરા નજીક છે. પહેલાં ત્યાં જા. ત્યાં શ્રીવલ્લભાચાર્યજી બિરાજે છે, તેમનાં દર્શન કરી તેમનો સેવક થા. સંસારમાં તેં ઘણું દુઃખ ભોગવ્યું છે. બાકીનું જીવન કૃતાર્થ કરવું હોય તો તેમનો સેવક થા. કાશીએ જવાથી તને કોઈ ફાયદો નથી; કારણ કે તારા

પિતા દક્ષિણ ભારત તરફ ગયા છે. કદાચ તું તેમને શોધવા જઈશ, તો પણ તે તને મળશે નહિ. કારણ કે એક મહિનામાં તો તેમનું મૃત્યુ થવાનું છે.'

'પુરોહિતજી, મને તો કાશી જવાનું કહીને પિતાજી ગયા હતા. તે તમને મળ્યા નથી, તો તમે કેમ જાણ્યું કે તે દક્ષિણ તરફ ગયા છે? વળી, તમને કેવી રીતે ખબર પડી કે એક મહિનામાં તેઓ મૃત્યુ પામશે.'

'જો ભાઈ, હું શ્રીમહાપ્રભુજીનો સેવક છું. તેમના કૃપાબળે તારા પિતાની વાત મેં જાણી છે, એટલે તને કહી છે. તને મારી વાતમાં વિશ્વાસ પડે એટલે માટે એક બીજી વાત પણ કહું. બોલ, તને રસ્તામાંથી બે સોનામહોરો મળી છે કે નહિ?'

'હા, પુરોહિતજી. આ રહી એ બે સોનામહોરો.'

આ સોનામહોરો પારકો પૈસો છે. તે તને પચશે નહિ. તને ઘણું દુઃખ આપશે, માટે કોઈ બ્રાહ્મણને આપી દેજે. જેમ સોનામહોરની વાત મેં જાણી તેમ તારા પિતાના મૃત્યુની વાત પણ મેં જાણી છે, એટલે તને કહી છે. મારો કોઈ આગ્રહ નથી. તારી ઈચ્છામાં આવે તેમ કર.'

જનાર્દનદાસને વાસુદેવદાસની વાતમાં વિશ્વાસ બેઠો. તેમણે પ્રણામ કરીને કહ્યું, 'તમારી વાત સાચી છે. હું શ્રીમહાપ્રભુજીનો સેવક થઈશ.'

જનાર્દનદાસ મથુરા થઈ ગોકુળ આવ્યા. ત્યાં શ્રીમહાપ્રભુજીનાં દર્શન કર્યાં. તેમણે વિચાર કર્યો, 'સોનામહોરો માટે કોઈ બીજા બ્રાહ્મણને શોધવા કરતાં શ્રીમહાપ્રભુજીને જ ભેટ ધરું.' તેમણે સોનામહોરો શ્રીમહાપ્રભુજીને ભેટ ધરી. આપે આજ્ઞા કરી, 'તું બહુ મૂર્ખ છે. માર્ગમાં જડેલી મહોરો અમને બ્રાહ્મણ જાણીને આપે છે! અમારે તે જોઈતી નથી.'

જનાર્દનદાસને વિશ્વાસ થયો કે શ્રીમહાપ્રભુજી પૂર્ણ પુરુષોત્તમ છે. તેમણે વાસુદેવ સાથેના મેળાપ અને તેમની શિખામણની સઘળી વાત કહી.

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, 'આ મહોરો ઉઠાવી લે. મથુરામાં ઘણા ચોબા છે, તેમને આપજે. અમારી સાથે ગિરિરાજ ચાલ. શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કર. ત્યાં તને સેવક કરીશ.'

જનાર્દનદાસ શ્રીમહાપ્રભુજીની સાથે ગોવર્ધન થઈ આન્યોર આવ્યા. શ્રીમહાપ્રભુજીએ તેમને શ્રીગોવર્ધનનાથજીની સન્મુખ નામનિવેદન કરાવી સેવાની આજ્ઞા કરી. શ્રીનાથજીના પાઘની વસ્ત્રસેવા સેવા કરવા માટે પધરાવી આપી. દશ દિવસ પોતાની સાથે રાખી, પુષ્ટિમાર્ગનો પ્રકાર સમજાવ્યો. પછી ઘેર જવાની

આજ્ઞા કરી. જનાર્દનદાસ થાણેશ્વર પહોંચ્યા, ત્યારે તેમના પિતાના હરિશરણ થયાના સમાચાર દક્ષિણથી આવ્યા. તેમને ખાતરી થઈ કે વાસુદેવદાસ મહાન ભગવદીય છે. તેઓ મન લગાવીને સેવા કરવા લાગ્યા. જ્યારે જ્યારે વાસુદેવદાસ થાણેશ્વર આવતા, ત્યારે જનાર્દનદાસ તેમને ખૂબ જ પ્રેમથી પોતાના ઘેર રાખતા અને કહેતા, 'આ ઘર તમારું છે. તમારે અહીં જ ઊતરવાનું. તમારી કૃપાથી મને શ્રીઆચાર્યજીનું શરણ મળ્યું છે. આપના સત્સંગથી મારા પર પ્રભુની કૃપા થશે.'

વાસુદેવદાસના સત્સંગથી જનાર્દનદાસ મહાન ભગવદીય બન્યા.

●

સિદ્ધાંત નવનીત

(૧) ગમે તેવી આપત્તિ આવે તો પણ વૈષ્ણવે અસત્ય ન બોલવું. હમેશાં સત્ય બોલવું. શ્રીગુસાંઈજીની આજ્ઞા છે કે વેપાર-ધંધામાં પણ અસત્ય ન બોલવું.

(૨) વણહક્કનું કંઈ પણ મળે તે દાનમાં આપી દેવું. પોતાના માટે તેનો ઉપયોગ ન કરવો. પોતાના પરસેવાની પ્રામાણિક કમાણીથી જ ઘરમાં સેવા કરી, જીવન જીવવું.

(૩) વૈષ્ણવોનો સદા સંગ કરવો. વૈષ્ણવોની વાતમાં પાકો વિશ્વાસ રાખવો. વૈષ્ણવોની પ્રેમપૂર્વક બને તેટલી સેવા કરવી. વૈષ્ણવોની કૃપાથી શ્રીહરિ-ગુરુનું દઢ શરણ પ્રાપ્ત થાય છે.

(૪) શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળોનો દઢાશ્રય રાખવો. તેનાથી જ આપણું સર્વ પ્રકારે કલ્યાણ થશે. આશ્રય રાખવો, એટલે તેમના ગ્રંથોમાં બતાવેલા સિદ્ધાંતોનું જીવનમાં દઢતાથી પાલન કરવું.

વૈષ્ણવ પરિચય :

નામ : જનાર્દનદાસ
જ્ઞાતિ : ચોપડા ક્ષત્રિય
વતન : થાણેશ્વર
પરિવાર : એક પિતા
સેવ્ય સ્વરૂપ : શ્રીનાથજીના પાઘની વસ્ત્રસેવા.
લીલાનું સ્વરૂપ : કૃષ્ણાવતી - કુમારિકાઓના યૂથનાં સખી. ■

૯. સ્વામીમાંથી સેવક થયા

(૬૯. ગડૂ સ્વામી)

સારસ્વત કલ્પની વ્રજલીલાની વાત છે. ગોકુળમાં નંદભવનમાં બંદી નામની એક ગોપી દાસી તરીકે સેવા કરતી હતી. એક વખત શ્રીનંદનંદન માખણચોરી કરતાં જશોદાજીના હાથે પકડાઈ ગયા. રોજરોજનાં તોફાનોથી તંગ બનેલાં જશોદાજીએ શ્રીનંદનંદનને ખાંડણિયા સાથે દોરડે બાંધવાનો નિર્ણય કર્યો. ગુસ્સે થયેલાં જશોદાજીએ દોરડું શોધી શ્રીનંદનંદનને બાંધવા માંડ્યાં, ત્યારે બંદીએ વગર માગ્યે બીજું દોરડું લાવી જશોદાજીને આપ્યું.

શ્રીરોહિણીજી આ લીલા જોઈ રહ્યાં હતાં. જશોદામૈયા શ્રીઠાકોરજીને દોરડે બાંધે એ જોઈ તેમનું હૃદય ચિરાઈ જતું હતું, પણ જશોદાજીને તેઓ કંઈ કહી શકે તેમ ન હતાં; કારણ કે જશોદાજી તેમનાથી મોટાં હતાં. પરંતુ બંદી દાસીએ જ્યારે જશોદાજીને વગર માગ્યે દોરડું આપ્યું, ત્યારે રોહિણીજી ચૂપ રહી શક્યાં નહિ. તેમને થયું કે એક દાસી થઈને ડહાપણ કરી રહી છે, શ્રીઠાકોરજીને પરિશ્રમ કરાવવાનો અપરાધ કરી રહી છે, જશોદાજીની નજરમાં મોટાઈ મેળવવાનો પ્રયાસ કરી રહી છે. આથી તેમણે બંદીદાસીને શાપ આપ્યો કે તેં કરેલા અપરાધના બદલામાં તું પૃથ્વી ઉપર જન્મ લે.

બંદી દાસીનો જન્મ મથુરામાં સનોઢિયા બ્રાહ્મણ કુટુંબમાં પુત્ર તરીકે થયો. તેઓ બાળપણથી વૈરાગ્ય દશામાં રહેતા હતા. સંસારનાં મોહમાયા તેમને વળગ્યાં ન હતાં. મથુરાની ધમાલથી અકળાઈ જઈને, તેઓ ઘરબાર છોડી વૃંદાવન આવીને રહ્યા. સાથે જલપાત્ર તરીકે એક ઘડો રાખતા અને વૃંદાવનમાં પ્રભુના વિરહમાં વિચરતા. શ્રીયમુનાજી કિનારે કેશીઘાટ પર બેસી પ્રભુનો વિરહ કરતા, 'મારા ઉપર પ્રભુની કૃપા ક્યારે થશે? મને પ્રભુનાં દર્શન ક્યારે થશે?'

તેઓ લૌકિક બાબતોમાં જરા પણ રસ લેતા નહિ. વ્રજવાસીઓ તેમની પાસે આવતા. તેમને સંત જાણી સૌ પ્રાર્થના કરતા કે અમને સેવક કરો. તેઓ શરણે આવનારને કંઠી બાંધી સેવક કરતા અને એક જ ઉપદેશ આપતા, 'કામ કરતાં કરતાં સદા મુખથી શ્રીઠાકોરજીનું નામ લેતાં રહો.' તેઓ સાથે ઘડો રાખતા, તેથી સૌ તેમને 'ગડૂ સ્વામી' કહેતા.

એક દિવસ રાત્રે ગડૂ સ્વામીનો પ્રભુને ઘણો વિરહ થયો. તેઓ ચોધાર આંસુએ રડતા જાય અને મનમાં વિચાર કરતા જાય કે 'મારી મનુષ્ય જિંદગી જ નકામી ગઈ. ચોર્યાસી લાખ યોનિઓ પછી મળેલો મનુષ્યદેહ કોઈ કામમાં ન આવ્યો. પ્રભુ વિનાનું જીવન વૃથા છે.' એમ વિરહ કરતાં કરતાં શરીર ઘણું અસ્વસ્થ થયું. આખી રાતના જાગરણને લઈને વહેલી સવારે સહેજ આંખ મીંચાઈ ગઈ.

ઊંઘમાં તેમને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં શ્રીઠાકોરજીએ તેમને દર્શન આપીને આજ્ઞા કરી, 'તું ક્લેશ કરીશ નહિ. હું તારા ઉપર પ્રસન્ન છું. અહીં સવારે શ્રીવલ્લભાચાર્યજી પધારશે. તું એમને શરણે જજે. તેમની કૃપાથી તું મને પામીશ.' ત્યાં જ ગડૂ સ્વામીની આંખ ખૂલી ગઈ. સવાર ક્યારે થાય તેની અધીરાઈથી રાહ જોવા લાગ્યા. સવાર પડતાં જ ગડૂ સ્વામી શ્રીમહાપ્રભુજીના પધારવાની ઉત્કટતાથી રાહ જોઈ રહ્યા.

શ્રીમહાપ્રભુજી આગલી રાતે આન્યોર હતા. ત્યાંથી રાતે નીકળીને સવારે વૃંદાવન પધાર્યા. કેશીઘાટ ઉપર શ્રીયમુનાજીમાં સ્નાન કરી, આપ સંધ્યા-વંદન કરવા બિરાજ્યા. ગડૂ સ્વામીએ તેમના સેવક કૃષ્ણદાસ મેઘનને પૂછ્યું, 'તમારી સાથે તમારા જે ગુરુ છે તે કોણ છે?'

કૃષ્ણદાસે કહ્યું, 'તેઓ શ્રીવલ્લભાચાર્યજી છે. ગિરિરાજથી પધાર્યા છે.'

ગડૂ સ્વામીને સ્વપ્નમાં થયેલ ભગવદ્આજ્ઞા યાદ આવી. તેઓ તરત જ શ્રીમહાપ્રભુજી પાસે ગયા. પોતાને થયેલ પ્રભુ-આજ્ઞાની વાત કરી. પછી દંડવત્ કરીને વિનંતી કરી, 'કૃપાનાથ, મને સેવક કરો.'

'તમે તો સ્વામી છો. તમે બીજાઓને સેવક કરો છો; ત્યારે તમે પોતે સેવક થવાની વાત શા માટે કરો છો?'

'મહારાજ, મને પ્રભુની એવી આજ્ઞા થઈ છે કે મારે આપના સેવક થવું. આપ કૃપા કરશો તો મને શ્રીઠાકોરજી મળશે; માટે મને સેવક કરો.'

શ્રીમહાપ્રભુજીએ તેમને યમુનાજીમાં સ્નાન કરાવી બ્રહ્મસંબંધ આપી સેવક કર્યા. ગડૂ સ્વામીએ તેમના જે જે સેવકો ત્યાં હાજર હતા, તે બધાને પણ શ્રીમહાપ્રભુજી પાસે નામમંત્ર અપાવી સેવક કર્યા.

‘કૃપાનાથ, મારાં માતા-પિતા બ્રાહ્મણ હોવા છતાં બહિર્મુખ છે. તેઓ મથુરામાં રહે છે. હું તેમને અને ઘરને છોડીને અહીં આવ્યો છું. બાળપણથી વૈરાગી છું. લગ્નમાં મન નથી. મારા પર એટલી કૃપા કરો કે મારું મન રાત દિવસ શ્રીઠાકોરજીની લીલામાં લાગેલું રહે; બીજે ક્યાંય ભટકે નહિ.’ શ્રીમહાપ્રભુજીએ તેમને પોતાનું ચરણામૃત આપી, પોતે રચેલ ‘ત્રિવિધ નામાવલિ’ ગ્રંથ શીખવ્યો. પછી આજ્ઞા કરી ‘ગડૂદાસ, શ્રીભાગવતના દશમ સ્કંધમાં પ્રભુની જે લીલાઓ છે તેના આધારે પ્રભુનાં નામો આ ગ્રંથમાં છે. તેમાં પ્રભુની બાલલીલા, રાજલીલા અને પ્રૌઢલીલાનો સમાવેશ છે. બાલલીલાના પાઠથી પ્રભુમાં પ્રેમ, રાજલીલાના પાઠથી પ્રભુમાં આસક્તિ ને પ્રૌઢલીલાના પાઠથી પ્રભુમાં વ્યસન થતાં, તમને અહર્નિશ હૃદયમાં ભગવદ્‌લીલાનો અનુભવ થશે. દશમ સ્કંધ પ્રભુનું હૃદય છે, તેમાં નિરોધલીલા છે. એટલે આ ગ્રંથનો પાઠ કરવાથી તમને પ્રભુનો નિરોધ સિદ્ધ થશે. પ્રભુ તમારા હૃદયમાં સદા બિરાજશે. તમે રોજ આ ગ્રંથનો પાઠ કરજો અને માનસી સેવા કરજો.

શ્રીમહાપ્રભુજીની કૃપાથી ગડૂ સ્વામીને ભગવલ્લીલાનો અનુભવ થવા લાગ્યો. તેઓ માનસી સેવામાં સદા મગ્ન રહેતા.

●

સિદ્ધાંત નવનીત

(૧) દાસ તરીકે પ્રભુનું સુખ થાય એ જ આપણો સ્વધર્મ હોય. પ્રભુને પરિશ્રમ થાય એવું કંઈ આપણે કરવું જોઈએ નહિ. વૈષ્ણવે દાસ બનીને રહેવું. સ્વામી બનીને જગતમાં પૂજાવાનો પ્રયત્ન ન કરવો.

(૨) વૈષ્ણવે સદા પ્રભુનો વિરહ કરવો જોઈએ. સંસારના ભોગ ભોગવવાથી કોઈ લાભ થતો નથી. જીવનનો સાચો લાભ પ્રભુ-ભક્તિમાં છે.

(૩) ‘ત્રિવિધ નામવલિ’ ગ્રંથનો વૈષ્ણવોએ દરરોજ પાઠ કરવો જોઈએ.

(૪) શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજીનું ચરણામૃત અલૌકિક છે. ચરણામૃતના પ્રતાપબળથી આપણાં બાહ્ય અને આંતર શરીર શુદ્ધ અને પવિત્ર બને છે; તેથી ચરણામૃત અવશ્ય લેવું.

વૈષ્ણવ પરિચય :

નામ : ગડૂ સ્વામી

જ્ઞાતિ : સનોઢિયા બ્રાહ્મણ

વતન : મથુરા

પરિવાર : અપરિણીત

સેવ્ય સ્વરૂપ : તેઓ માનસી સેવા કરતા

લીલાનું સ્વરૂપ : શ્રીનંદરાયજીના ઘરની બંદી દાસી.

■

૧૦. ટેક સચવાયો : કોનો? કેવી રીતે?

(૭૭. કનૈયા શાલ ક્ષત્રિય)

આગ્રાના એક ધનિક ક્ષત્રિય. તેના પુત્ર કનૈયા શાલ. માતાના લાડકા. બહારગામ તો જવા જ ન દે. કિશોર વયમાં આવ્યા ત્યારે હઠ કરીને મામાની સાથે મથુરાજી ગયા. ત્યાંથી ગયા શ્રીગિરિરાજજીનાં દર્શને. દર્શન કરતાં જ મૂળ લીલાની સ્ફૂર્તિ થઈ આવી. દેહની શુદ્ધિ ભૂલ્યા. બાવરા જેવા બની ગયા.

મામાએ મંત્રતંત્ર ઔષધ-ઉપચાર કર્યા, પણ વ્યર્થ! માતાને ખબર પડી. વ્રજમાં દોડી આવી. રડતાં રડતાં સૌને પૂછે છે : 'મારા દીકરાને સાજો કરે એવું કોઈ છે?'

એને સદુ પાંડે મળી ગયા. એમણે શ્રીમહાપ્રભુજીનું સામર્થ્ય બતાવ્યું. મા ત્યાં પહોંચી. શ્રીવલ્લભે વેદમંત્ર ભણીને જળ છાંટ્યું. કનૈયા શાલ તત્ક્ષણ સાવધાન બની ગયા. જાગૃત થતાં એ વીનવે છે : 'પ્રભુ! હું તો લીલારસમાં મગન હતો. ઘણા આનંદમાં હતો. એમાંથી બહાર કેમ કાઢ્યો?'

આપ સમજાવે છે : 'કનૈયા શાલ, એ તો ઉચ્છલિત રસ હતો. તે સદા ટકે નહિ. સ્થિર ભાવ જોઈએ. તે હવે પ્રાપ્ત થશે.'

કનૈયા શાલ રાજી થઈ શરણે આવ્યા. ઘણી કૃપા થઈ. આપશ્રીએ પોતાના રચેલા ગ્રંથો એમને શીખવ્યા. બધું જ મુખપઠિત થઈ ગયું.

પછી એ આગ્રા આવ્યા. ત્યાં શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનું મનન-પઠન કર્યા કરે છે. નિરંતર ભગવચ્ચિંતન અને લીલારસમાં મગ્ન રહે છે. એમ વર્ષો વીત્યાં. માતા ખબર રાખતી હતી. હવે તો એનોય દેહ છૂટ્યો. એકલા રહ્યા.

એક વાર શ્રીગુસાંઈજી એમને ઘેર આગ્રા પધાર્યા. તાતચરણ શ્રીમહાપ્રભુજી લીલામાં પધાર્યા ત્યારે શ્રીવિઠ્ઠલેશ નાની વયમાં હતા. પછીથી શ્રીમહાપ્રભુજીના ગ્રંથો મેળવવાની ઇચ્છા થઈ, ત્યારે શ્રીઅક્કાજીને પૂછ્યું. એમણે આજ્ઞા કરી, 'આગ્રાના કનૈયા શાલને બધા ગ્રંથો મુખપઠિત છે.'

કનૈયા શાલે આપનો ઉત્તમ સત્કાર કર્યો. પોતાનું અહોભાગ્ય માનીને તમામ ગ્રંથો આપને સમજાવ્યા અને આપ્યા. પછીથી આપશ્રીએ તે ગ્રંથો ઉપર ટીકાઓ રચીને કનૈયા શાલને સમજાવી; એટલું જ નહિ, પોતાના સ્વતંત્ર ગ્રંથો - શૃંગાર રસમંડન વગેરે પણ એમને સમજાવ્યા અને શીખવ્યા.

આવા એ કૃપાપાત્ર ભગવદીય. અહર્નિશ અલૌકિક ચિંતનમાં મગ્ન રહે. લૌકિકનું ભાન ન રહે. ખાનપાનનીયે શુદ્ધિ નહિ. વળી, એમનો એવો ટેક કે અવૈષ્ણવ સાથે બોલે પણ નહિ. એમને એવું લાગતું કે એ રીતે પણ અન્ય સંબંધ થાય છે અને અલૌકિક ચિંતનમાં બાધકતા થાય છે. એમના શુદ્ધ હૃદયમાં આવો અનુભવ થયો, તેથી આવો ટેક રાખેલો.

ફરી એક વાર શ્રીગુસાંઈજી આગ્રા પધાર્યા. ત્યાંથી દ્વારકા પધારવાનું થયું. પાછળથી કનૈયા શાલના મનમાં થયું કે હું પણ દ્વારકા જાઉં, તો વધુ દિવસ શ્રીગુસાંઈજીના સાંનિધ્યનો લાભ મળે. એટલે એ એકલા દ્વારકા જવા નીકળ્યા. એક જ દિશા પકડી. કેમ કે કોઈને રસ્તો પૂછવાનું તો બને તેમ ન હતું. વૈષ્ણવ રસ્તામાં મળે નહિ ને અવૈષ્ણવ સાથે બોલાય નહિ. રસ્તો કેવી રીતે પૂછે?

એમ કરતાં માર્ગ ભૂલ્યા. એક જંગલમાં થઈને નીકળ્યા. ઘણી તરસ લાગી, પણ પાણી મળે નહિ. ભૂખ લાગી પણ શું ખાય? અકળાયા. ભગવાન પોતાના ભક્તનો ટેક સાચવે છે. ગોવાળિયાનું રૂપ ધરીને સાથે પ્રસાદ લઈને પધાર્યા. કહે છે : 'લ્યો, આ શ્રીજીનો મહાપ્રસાદ છે, ખાઓ અને પાછળ જુઓ, સરોવર ભરેલું છે; જળ પીઓ.'

ઘડી પહેલાં જ્યાં કંઈ ન હતું ત્યાં સરોવર દેખાયું. પ્રસાદ લીધો, જળ પીધું, સ્વસ્થ થયા.

ગોવાળ કહે છે : 'તમારે દ્વારકા જવું છે ને? જુઓ સામી બાજુ જ દ્વારકા છે. હમણાં પહોંચી જશો.' - એણે રસ્તો બતાવી દીધો. થોડુંક જ ચાલ્યા ત્યાં તો દ્વારકા આવ્યું. શ્રીરણછોડરાજીના મંદિરમાં શ્રીગુસાંઈજીનાં દર્શન કર્યાં. આપશ્રી પૂછે છે : 'અરે વૈષ્ણવ, તમે એકલા આગ્રાથી દ્વારકા કેવી રીતે આવ્યા? અવૈષ્ણવ સાથે તો તમે બોલતા પણ નથી ને?'

કનૈયા શાલ કહે છે : 'મહારાજ, આપનાથી ક્યાં અજાણ્યું છે? ટેક રખાવનાર આપ છો અને નિભાવનાર પણ આપ જ છો.'

'હવે જાઓ, શ્રીરણછોડરાય પ્રભુનાં દર્શન કરો.' પોતે આજ્ઞા કરી. એ ગયા. દર્શન કર્યાં. શ્રીગોવર્ધનધર સ્વરૂપે જ દર્શન થયાં. એ વ્રજલીલાના જીવ હતા. એમનાં નયનોમાં શ્રીજી જ વસી રહ્યા હતા.

જ્યારે આગ્રા જવા ઊપડ્યા ત્યારે જતી વખતે પણ માર્ગમાં પાછો આવો જ અનુભવ થયો.

લૌકિક દૃષ્ટિએ ન સમજાય તેવું ઘણું ભગવદીયના જીવનમાં બને છે; એ અનેકના અનુભવની વાત છે; અને નિઃસંશય છે.

●

સિદ્ધાંત નવનીત

(૧) શ્રીમહાપ્રભુજીની કૃપાથી ભગવલ્લીલા-રસનો અનુભવ થાય, તો તેને હૃદયમાં સ્થિર કરવો. ભગવદ્‌ભાવ હૃદયમાં ગુપ્ત રહેવો જોઈએ. તેમ થાય તો તેનો કદાપિ નાશ થશે નહિ. ભગવદ્‌ભાવને જગત સામે પ્રગટ કરવો જોઈએ નહિ.

(૨) વૈષ્ણવે વૈષ્ણવો સાથે પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોની ચર્ચા કરવી; ભગવદ્‌વાર્તા કરવી. વૈષ્ણવ સાથે લૌકિક વાતો કરવી નહિ.

(૩) વૈષ્ણવે શ્રીઠાકોરજીમાં દૃઢ વિશ્વાસ રાખવો. લૌકિકમાં કોઈની પાસે કોઈ અપેક્ષા રાખવી નહિ અને કોઈનો ભય રાખવો નહિ.

(૪) વૈષ્ણવનું ચિત્ત વ્રજલીલા વિના બીજામાં જવું જોઈએ નહિ.

વૈષ્ણવ પરિચય :

નામ : કનૈયાલાલ શાલ
જાતિ : ક્ષત્રિય
વતન : આગ્રા
પરિવાર : અપરિણીત
સેવ્ય સ્વરૂપ : માનસી સેવા
લીલાનું સ્વરૂપ : લલિતાજીનાં સખી કમોદિની.

■

●

૧૧. દ્રવ્યથી બચે તે દામોદરને પામે

(૭૧. નરહરદાસ ગોડિયા બ્રાહ્મણ)

'બેટા, હું તો હવે વૃદ્ધ થયો છું. આપણા યજમાનોને હું સાચવી શકતો નથી. હવે તે જવાબદારી તારે સ્વીકારવી પડશે. પરંતુ તું તો બેફિકરો થઈને ફર્યા કરે છે. વૃદ્ધ બાપની પણ દરકાર કરતો નથી. વારંવાર શ્રીજગન્નાથજીનાં દર્શને દોડ્યો જાય છે. મને કહે તો ખરો, શ્રીજગન્નાથજીએ તને શું બંધાવી દીધું?'

'બાપુજી, ભગવાન વિષે આવા શબ્દો કહેવા યોગ્ય નથી. ભગવાન આખા જગતનું પૂરું કરે છે. તમે શું એમ માનો છો કે તમારા પુરુષાર્થથી તમે કમાઓ છો? જો એવું માનતા હો, તો તે તમારી મોટી ભૂલ છે. કોઈ પોતાની અક્કલથી કમાતું નથી. દરેકનું પેટ ભરનાર શ્રીજગન્નાથજી જ છે. પરંતુ તમને શ્રીજગન્નાથજીમાં વિશ્વાસ નથી એટલે આવું બોલો છો. જે જગન્નાથજી બધાંને આપે છે તે મને પણ આપે છે.'

'જો જગન્નાથજી તને આપે છે, તો મારા પૈસાથી શા માટે પેટ ભરે છે?'

'ભલે, આજથી હું તમારા પૈસાથી પેટ નહિ ભરું. જગન્નાથજી મારું પાલન કરે છે તેમ કરતા રહેશે.'

'દીકરા, એક વાત પૂછું? દુનિયામાં જે આપવાવાળો છે તે કોઈનું કંઈ લેતો નથી. ત્યારે તારા જગન્નાથજી તો એમના ભક્તોની ઘણી ભેટ લે છે. હું તને પૈસા આપું છું, તો તું જગન્નાથપુરી સુધી જાય છે. હું પૈસા આપવાનું બંધ કરીશ, એટલે તારે ભીખ માગવાનો વારો આવશે, યાદ રાખજે. આ બધી વાતો કહેવી સહેલી છે, પણ તેનાથી જિંદગી જિવાતી નથી.'

'બાપુજી, નાના મોઢે મોટી વાત કરું તો મને ક્ષમા કરજો; પણ તમે ભગવાનની નિંદા કરનારા છો. ભગવાનના નિંદકની સાથે રહેવું એ પણ પાપ છે. માટે આજથી તમારા ઘરમાં રહીશ નહિ. તમારું મોં જોઈશ નહિ અને તમારું કંઈ લઈશ નહિ'

બાપ-દીકરા વચ્ચે આવી ગરમાગરમી થઈ ગઈ. દીકરાનું નામ છે નરહરદાસ. તેઓ બંગાળના એક ગામમાં રહેતા હતા. જ્ઞાતિએ ગોડિયા બ્રાહ્મણ હતા. તેમના પિતા પુરોહિત હતા, પણ પિતાને ભગવાનમાં ઝાઝો વિશ્વાસ ન હતો. નરહરદાસ ઘર છોડીને નીકળી પડ્યા. પિતાએ ઘણું સમજાવ્યા, પણ એકના બે ન થયા.

તેઓ સીધા જગન્નાથપુરી ગયા. ત્યાં શ્રીજગન્નાથજીનાં દર્શન કર્યાં અને વિનંતી કરી, 'હે ભગવાન, મને તમારામાં દૃઢ વિશ્વાસ છે; એટલે તમારે ભરોસે ઘરબાર છોડી હંમેશ માટે નીકળી ગયો છું. તમે રાખશો તેમ રહીશ.'

તેઓ દરિયા-કિનારે જઈને બેઠા. ખીસામાં એક પાઈ પણ હતી નહિ. તેમણે વિચાર કર્યો કે હવે કોઈની પાસે હાથ લાંબો કરવો નથી. બ્રાહ્મણને ભિક્ષા માંગવાનો અધિકાર છે, પણ તેનો ઉપયોગ કરવો નથી; કારણ કે મારા પિતાને જો ખબર પડશે કે હું ભિક્ષા માગીને પેટ ભરું છું; તો તે જરૂર કહેશે કે આખરે હું કહેતો હતો તેમ જ થયું. ભીખ માગવાનો વારો આવ્યો. ભગવાને પેટ ભર્યું નહિ. એટલે શ્રીજગન્નાથજીના આશરે બેસીશ. તેઓ આપશે તો ખાઈશ, નહિ તો અહીં જ દેહ છોડીશ.

રાત પડી. પોતાના ભક્તનો આવો ટેક જોઈને શ્રીજગન્નાથજી સોળ વર્ષના કિશોરનું રૂપ લઈ, નરહરદાસ પાસે આવ્યા. હાથમાં મહાપ્રસાદની છાબ હતી. કહે, 'બ્રાહ્મણ ઊઠો, આખા દિવસના ભૂખ્યા છો. પ્રભુનો આ મહાપ્રસાદ લો.'

'ભાઈ, મહાપ્રસાદની અવજ્ઞા ન થાય. જગન્નાથપુરીનું એવું માહાત્મ્ય છે કે કોઈ પણ વર્ણની વ્યક્તિ ભગવાન જગદીશનો પ્રસાદ આપે, તો તેની ના ન પડાય; એટલે મહાપ્રસાદને હું વંદન કરું છું, પરંતુ મેં પ્રતિજ્ઞા લીધી છે કે ભગવાન જગદીશ પોતે મને આપશે ત્યારે જ હું લઈશ.'

'બ્રાહ્મણ, ભગવાન જગદીશની ઈચ્છા વિના દુનિયામાં એક પાંદડું પણ હાલી શકતું નથી. જે કંઈ થાય છે તે તેમની ઈચ્છાથી જ થાય છે. ભગવાન જગદીશની ઈચ્છાથી જ આ મહાપ્રસાદ તમને મળી રહ્યો છે. એમના સિવાય આપનાર બીજું કોઈ નથી, માટે મહાપ્રસાદ લો.'

નરહરદાસે પ્રસન્ન થઈ પ્રસાદ લીધો. પછી તેઓ સૂઈ ગયા. રાતે સ્વપ્નમાં શ્રીજગન્નાથજીએ તેમને દર્શન આપી, આજ્ઞા કરી : 'હું તારી ટેકથી ઘણો પ્રસન્ન છું. તારો પિતા બહિર્મુખ જીવ હતો. તેનાથી તેં છુટકારો મેળવ્યો છે, એટલે તું મારી કૃપાને પામ્યો છે. અહીં શ્રીવલ્લભાચાર્યજી પધાર્યા છે. સવારે તું તેમની પાસે જજે, તેમનો સેવક થજે. તારા બધા મનોરથ પૂર્ણ થશે.'

'ભગવાન, હું તો શ્રીવલ્લભાચાર્યજીને ઓળખતો નથી. આટલા મોટા ક્ષેત્રમાં હું તેમને ક્યાં શોધું?'

'શ્રીવલ્લભાચાર્યજી વિશ્વપ્રસિદ્ધ છે. મંદિર પાસે જઈને ગમે તે કોઈને પૂછીશ, તો પણ તને બતાવશે. તેમને મારું સ્વરૂપ જાણજે.'

સવારે સ્નાન કરી નરહરદાસ પૂછતા પૂછતા શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. તેમણે શ્રીમહાપ્રભુજીને દંડવત્ કર્યાં.

'આવો નરહરદાસ, તમે તમારું નામ સાર્થક કર્યું છે.'

'મહારાજ, હું આપની વાણી સમજ્યો નહિ.'

ભાગવતમાં પ્રહ્લાદજીની વાત આવે છે. પ્રહ્લાદજી ભગવાનના મહાનભક્ત હતા. બાળપણથી જ ભગવાનના ગુણગાનમાં રચ્યાપચ્યા રહેતા. તેમનો પિતા રાક્ષસ હતો. તે ભગવાનને માનતો ન હતો, તેથી તેણે ભગવાનનું નામ ન લેવા પ્રહ્લાદજી ઉપર ઘણી કનડગત કરી; પરંતુ પ્રહ્લાદજી એકના બે થયા ન હતા. તેમની ટેક સાચવવા ભગવાન નૃસિંહનું સ્વરૂપ ધારણ કરી પ્રગટ થયા હતા. નૃસિંહ ભગવાનનું બીજું નામ નરહરિ છે, તેથી પ્રહ્લાદજીનું બીજું નામ નરહરિદાસ છે. તમે પણ નરહરિદાસ છો. તમે પણ ભગવાનની નિંદા કરનારા પિતાનો તિરસ્કાર કરી, તેનો ત્યાગ કર્યો છે. તમારી ટેક પ્રહ્લાદજીના જેવી છે; માટે તમે તમારું નામ સાર્થક કર્યું છે.'

'મહારાજ, આપ તો સાક્ષાત્ ઈશ્વર છો. તેથી જ મારી બધી વાત આપ જાણો છો. મને સેવક કરો.'

'નરહરદાસ, હજી તારા મનમાં દ્રવ્યના વિચારો રમે છે. મનનો સ્વભાવ એવો છે કે એક વખતે તે એક જ બાબતમાં ચોંટી શકે. જ્યાં સુધી તારા મનમાં દ્રવ્યનો વિચાર છે, ત્યાં સુધી તને ભગવન્નામ ફળરૂપ બનશે નહિ. માટે તું દરિયાકિનારે જઈને બેસ. ત્યાંથી તને અઢળક દ્રવ્ય મળશે. તેનાથી શ્રીજગન્નાથજીના મનોરથો કરજે. તે દ્રવ્ય વપરાઈ જાય, ત્યારે મારી પાસે આવજે. તું અમારો જ છે, હું તને અવશ્ય સેવક કરીશ.'

'મહારાજ, કાલની કોને ખબર છે? સંસારનાં દુઃખોથી હું દુઃખી છું.'

'તું કાલની ચિંતા ન કરીશ. તને સંસારનું કોઈ દુઃખ બાધા નહિ કરે.'

'મહારાજ, આપની વાત સાચી છે. મારું મન દ્રવ્યમાં રમે છે. એક જ વિચાર છે કે મને પુષ્કળ દ્રવ્ય મળે, તો મનમાની રીતે ખર્ચીને પિતાને બતાવી આપું. પિતાને શરમાવું પડે કે ભગવાન જગન્નાથજીએ મારા ઉપર કેટલી કૃપા કરી છે. એક વખત મારો યશ બધે ફેલાઈ જાય તે જોવાની ઈચ્છા છે.'

'માટે જ તને કહ્યું કે તું દરિયાકિનારે જઈને બેસ. શ્રીજગન્નાથજી તારી ઈચ્છા પૂરી કરશે.'

નરહરદાસ દરિયાકિનારે એકાંતમાં જઈને બેઠા. સમુદ્રમાં ભરતી આવી હતી. મોટાં મોટાં મોજાં ઊછળીને કિનારે અથડાતાં હતાં. અચાનક નરહરદાસે જોયું કે એક મોટા મોજાની સાથે દરિયામાંથી ઘણું સોનું, રૂપું, હીરા, માણેક, મોતી તેમના પગ પાસે ઘસડાઈ આવ્યાં. દ્રવ્યનો મોટો ઢગલો થઈ ગયો. તેઓ રાજી રાજી થઈ ગયા. એક ધોતિયામાં બધું ધન બાંધી લીધું. પછી તેમણે શ્રીમહાપ્રભુજી પાસે આવીને કહ્યું, 'મહારાજ, આપના આશીર્વાદથી ઘણું દ્રવ્ય મળ્યું છે.'

'તમારી ઈચ્છા પ્રમાણે શ્રીજગન્નાથરાયજીના મનોરથ કરી તે સઘળું દ્રવ્ય વાપરો.'

'મહારાજ, અહીં જગન્નાથપુરીમાં બધા લોકો મને જાણે છે કે હું ગરીબ માણસ છું. આ બધું દ્રવ્ય વાપરીશ; એટલે એ વાત અહીંના રાજાના કાને પહોંચશે. રાજા માનશે કે હું ક્યાંકથી ચોરી કરીને લાવ્યો છું. તે મને ઘણી આકરી સજા કરશે.'

'નરહરદાસ, સર્વ કંઈ પ્રભુની ઈચ્છાથી જ થાય છે. માટે તું કોઈ પ્રકારે ચિંતા કરીશ નહિ. તું તો નિમિત્ત છે. તને કોઈ પૂછે તો અમારું નામ આપજે. તને કોઈ શિક્ષા નહિ કરે.'

'મહારાજ, આ દ્રવ્ય આપના આશીર્વાદથી મળ્યું છે. તેમાંથી થોડુંક આપ રાખો.'

'નરહરદાસ, આ બધું જ દ્રવ્ય શ્રીજગન્નાથજીનું છે. તે દેવદ્રવ્ય કહેવાય. તે આપણા ઉપયોગમાં લેવાય નહિ. આપણા માટે દેવદ્રવ્ય વાપરીએ, તો મોટો અપરાધ થાય. માટે આ દ્રવ્ય શ્રીજગન્નાથજીના મનોરથમાં જ વાપરો. અમે તો અમારા સેવક સિવાય કોઈનો પૈસો લેતા નથી. અમારો સેવક પણ તેના પરસેવાની કમાણીમાંથી અમને ભેટ કરે તો જ લઈએ છીએ.'

નરહરદાસે એક મોટું મકાન લીધું. ત્યાં સોની, દરજી, કાપડિયા વગેરેને બોલાવ્યા. શ્રીજગન્નાથજી માટે ઉત્તમોત્તમ વસ્ત્ર, આભૂષણ તૈયાર કરાવ્યાં. રસોઈની સુંદરમાં સુંદર સામગ્રીઓ તૈયાર કરાવી. શ્રીજગન્નાથજીને વસ્ત્રાભૂષણ ધરાવ્યાં. વિવિધ સામગ્રીઓ આરોગાવી. આખા જગન્નાથપુરીના લોકોને પ્રસાદ લેવડાવ્યો. બ્રાહ્મણોને ઘણી દક્ષિણા આપી.

સૌ આશ્ચર્યચક્તિ થઈ ગયાં. અંદરઅંદર વાતો કરવા લાગ્યાં, 'આ નરહરદાસ તદ્દન ગરીબ હતો. આટલું બધું દ્રવ્ય લાવ્યો ક્યાંથી?'

કેટલાક લોકો એમને પૂછવા લાગ્યા, 'તેં આ બધું ક્યાંથી મેળવ્યું?'

નરહરદાસ એક જ જવાબ આપતા, 'મને તો શ્રીવલ્લભાચાર્યજીએ આ બધું આપ્યું છે.'

વાત ત્યાંના રાજા સુધી પહોંચી. તેમણે નરહરદાસને બોલાવ્યા. નરહરદાસે એ જ જવાબ આપ્યો. રાજાએ શ્રીવલ્લભાચાર્યજીની પાસે આવીને પૂછ્યું. આપે જવાબ આપ્યો, 'નરહરદાસની વાત સાચી છે. અમે તેમને શ્રીજગન્નાથજીના મનોરથ કરવાની આજ્ઞા આપી છે.'

નરહરદાસની વાત તેમના પિતાના કાન સુધી પહોંચી. તે સાંભળીને પિતા જગન્નાથપુરી આવ્યા. પિતાને જોઈને નરહરદાસે પોતાનું મોં ફેરવી લીધું અને કહ્યું : 'તમે શ્રીઠાકોરજીની નિંદા કરનારા છો, તેથી હું તમારું મોં જોવા માગતો નથી, પણ તમે તમારી આંખોથી જોઈ લો કે મને શ્રીજગન્નાથજીએ કેટલું બધું દ્રવ્ય આપ્યું છે! તમે એક વાત યાદ રાખજો કે જેમને શ્રીઠાકોરજીમાં વિશ્વાસ નથી તે આ જન્મમાં દુઃખી થાય છે અને પરલોકમાં ભ્રષ્ટ થાય છે. પરંતુ તમે મારા પિતા છો. મારા ઉપર તમારું પિતૃઋણ છે, તેથી શ્રીજગન્નાથજીના ન્યોછાવરનું થોડું દ્રવ્ય તમે પણ લઈ જાઓ. હવે પછી મારી પાસે આવશો નહિ.'

પિતા દ્રવ્ય લઈને એમના ગામ ચાલ્યા ગયા. થોડા સમય પછી બધું દ્રવ્ય વપરાઈ ગયું. નરહરદાસને બધી રીતે સંતોષ થયો. તેઓ શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. તેમણે દંડવત્ કરી વિનંતી કરી : 'મહારાજ, હવે કૃપા કરીને મને શરણે લો. હવે મારું મન કશામાં લાગેલું નથી.'

શ્રીમહાપ્રભુજીએ તેમને નામનિવેદન કરાવ્યું. તે સાથે જ તેમના હૃદયમાં પુષ્ટિમાર્ગનું જ્ઞાન પ્રગટ થયું. તેમણે વિનંતી કરી, 'મહારાજ, મેં બહુ જ ખોટું

કામ કર્યું છે. દ્રવ્ય માટે મેં શ્રીઠાકોરજીને ઘણો શ્રમ કરાવ્યો છે. તે દ્રવ્ય શ્રીઠાકોરજીનું હતું; છતાં મારું હોય તેમ મેં વાપર્યું છે. તે દ્વારા મારી કીર્તિ વધારી છે. હું મહાદુષ્ટ છું. મને ધિક્કાર છે. માટે એવી કૃપા કરો કે મારો પરલોક સુધરે. શ્રીઠાકોરજી કૃપા કરે એવો માર્ગ બતાવો.'

'નરહરદાસ, પોતાની ભૂલ સમજાય એ જ પ્રભુની મોટી કૃપા. ભૂલ સમજાયા પછી તેનો પશ્ચાત્તાપ થાય તે વધારે મોટી કૃપા છે. પશ્ચાત્તાપ થયા પછી તે ભૂલ ફરીથી ન થાય, એ સૌથી મોટી કૃપા. શ્રીઠાકોરજીની કૃપા પ્રાપ્ત કરવા વૈષ્ણવે સેવા કરવી જોઈએ. તમે પણ શ્રીઠાકોરજીની સેવા કરો.'

'મહારાજ, મને શ્રીઠાકોરજી પધરાવી દો. હું સેવા કરીશ.'

'નરહરદાસ, તમે ફરી દરિયાકિનારે જાઓ. ત્યાંથી હવે તમને ભગવદ્સ્વરૂપ પ્રાપ્ત થશે. તે લઈ આવો.'

નરહરદાસ ફરી દરિયાકિનારે ગયા. ત્યાં સમુદ્રનાં મોજાં ઊછળતાં હતાં. એક મોજું નરહરદાસના પગ સુધી આવ્યું. તે સાથે યુગલ-સ્વરૂપનાં દર્શન થયાં. રેતીમાં બિરાજતા યુગલ-સ્વરૂપને પધરાવી લઈ, તેઓ શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. શ્રીમહાપ્રભુજીએ પંચામૃત સ્નાન કરાવ્યું. તેમનું નામ શ્રીમદનમોહનજી રાખ્યું. તે સ્વરૂપ નરહરદાસને પધરાવી આપ્યું.

'મહારાજ, આપે આજ્ઞા કરી કે વૈષ્ણવે પોતાના ઘરમાં પોતાના શ્રીઠાકોરજીની સેવા કરવી જોઈએ; પણ મારા ઘરમાં મારા પિતા બહિર્મુખ છે. મેં તે ઘરમાં પગ નહીં મૂકવાનો સંકલ્પ કર્યો છે. તેથી હું ત્યાં પાછો જઈ શકું તેમ નથી. અહીં રહીને સેવા કરું તો તે પણ બને તેમ નથી, કારણ કે અહીં લોકોમાં મારો યશ ઘણો વધ્યો છે. હવે મારી પાસે જીવનનિર્વાહ માટે પણ કશું દ્રવ્ય નથી. અહીં ભિક્ષા માગું તે મને ગમશે નહિ. મારા કેટલાક યજમાનો કાશીમાં છે. આપ આજ્ઞા આપો તો ત્યાં રહીને સેવા કરું.'

'નરહરદાસ, વૈષ્ણવનું કર્તવ્ય સેવા કરવાનું છે. સેવા મુખ્ય છે. જ્યાં સારી રીતે સેવા બને તે દેશ વૈષ્ણવ માટે ઉત્તમ સમજવો. માટે તમે સુખેથી કાશી જાઓ. અમે અહીંથી દક્ષિણ તરફ જઈશું અને ત્યાંથી વળતાં કાશી આવીશું.'

નરહરદાસ આજ્ઞા લઈ કાશી ગયા. ત્યાં મન લગાવી શ્રીમદનમોહનજીની સેવા કરવા લાગ્યા. ઘણાં વર્ષો સુધી સેવા કરી. તેઓ વૃદ્ધ થયા ત્યારે શરીર થાકી ગયું. શરીરથી સેવા ન બની ત્યારે તેઓ શ્રીઠાકોરજીને પધરાવીને ગોકુળ ગયા. ત્યાં શ્રીગુસાંઈજીને દંડવત્ કરી શ્રીઠાકોરજી પધરાવી દીધા. ત્યાર બાદ તેઓ વ્રજમાં રહ્યા અને માનસી સેવામાં સદા મગ્ન બન્યા.

●

સિદ્ધાંત નવનીત

(૧) વૈષ્ણવે લૌકિક મનુષ્યના આશરે રહેવું નહિ. લૌકિક મનુષ્યનો આશ્રય કરવો તે પણ અન્યાશ્રય છે.

(૨) વૈષ્ણવે શ્રીઠાકોરજીમાં દૃઢ વિશ્વાસ રાખવો. શ્રીઠાકોરજી સૌનું ભરણપોષણ કરે છે, એમાં શંકા ન કરવી.

(૩) વૈષ્ણવે દ્રવ્યમાં મન લગાડવું નહિ. દ્રવ્યની માલિકી પોતાની ન ગણવી. શ્રીઠાકોરજીમાં દ્રવ્યનો વિનિયોગ પોતાની કીર્તિ વધારવા માટે ન કરવો.

(૪) વૈષ્ણવે ગુપ્ત રીતે સેવા કરવી. શ્રીઠાકોરજીને ગુપ્ત રીતે દ્રવ્ય અંગીકાર કરાવવું. તેનાથી પોતાની મોટાઈ વધારવી નહિ.

(૫) જ્યાં સુધી ચિત્ત દ્રવ્ય વગેરે લૌકિક બાબતોમાં રહે, ત્યાં સુધી તે પ્રભુમાં લાગતું નથી. માટે લૌકિક બાબતોમાંથી ચિત્તને પ્રયત્નપૂર્વક દૂર કરી, પ્રભુમાં લગાડવું.

(૬) વૈષ્ણવે પોતાને માટે શ્રીઠાકોરજીને પરિશ્રમ ન કરાવવો.

(૭) જ્યાં સારી રીતે સેવા થઈ શકે એવા સ્થાનમાં જઈને રહેવું.

(૮) જ્યારે શરીરથી સેવા ન થાય, ત્યારે માનસી સેવા કરવી.

વૈષ્ણવ પરિચય :

નામ : નરહરદાસ
જ્ઞાતિ : ગોડિયા બ્રાહ્મણ
વતન : બંગાળનું એક ગામ
પરિવાર : અપરિણીત
સેવ્ય સ્વરૂપ : શ્રીમદનમોહનજી
લીલાનું સ્વરૂપ : સુગંધરા - કુમારિકાઓના યૂથનાં સખી.

■

૧૨. પુષ્ટિમાર્ગનો સંન્યાસ ભિન્ન છે

(૭૨. નરહર સંન્યાસી)

એક સમયે આગ્રામાં ભારે દુકાળ પડ્યો. ગામ લોકો અનાજ-પાણીની શોધમાં દૂર દૂર નીકળી ગયાં. તેમાં એક ગૌડ બ્રાહ્મણનું કુટુંબ હતું. તેઓ ગુજરાતમાં આવીને રહેવા લાગ્યાં.

તે કુટુંબમાં એક-બે વર્ષ પછી એક પુત્ર જન્મ્યો. તેનું નામ નરહરિ પાડવામાં આવ્યું. તે પંદરેક વર્ષનો થયો, ત્યારે તેના ગામમાં એક સંન્યાસી આવ્યા. નરહરિને સંન્યાસીનો સંગ થયો. સંન્યાસીએ નરહરિના કુમળા મનમાં એવું ઠસાવી દીધું કે માનવદેહનું કલ્યાણ કરવા સંન્યાસ લેવો જોઈએ. સંસારમાં રહેવાથી મનુષ્યની અધોગતિ થાય છે.

નરહરિ માતા-પિતાને કહ્યા વિના સંન્યાસી સાથે ગામ છોડી ચાલી નીકળ્યા. તેઓ સંન્યાસીના ચેલા બન્યા. સંન્યાસ લીધો. ભગવાં કપડાં પહેર્યાં. તેમના સંન્યાસી ગુરુએ તેમને ઉગ્ર તપશ્ચર્યા કરવાનું કહ્યું. તેમણે એક વર્ષ સુધી ઘણી ઉગ્ર તપશ્ચર્યા કરી. ઉનાળામાં તેઓ તેમની ચારે બાજુ અગ્નિની ધૂણી ધખાવતા. માથે પણ અગ્નિની સગડી લટકાવતા. એમ પાંચે દિશામાં અગ્નિ રાખીને બેસતા. ચોમાસામાં માથે જળની ધારાઓ પડતી રહે તે રીતે બેસતા. શિયાળામાં વહેલી સવારે કડકડતી ઠંડીમાં એકદમ ઠંડા પાણીમાં કલાકો સુધી બેસતા.

તેમની આવી ઉગ્ર તપશ્ચર્યા જોઈને લોકો તેમની પ્રશંસા કરતા. તેમની વાત દૂરદૂર પહોંચવા લાગી. ઘણાં લોકો તેમના દર્શને આવતાં. તેમની પાસે આશીર્વાદ માગતાં. ઘણા લોકો એમના સેવક પણ થતા. વેણીરામ કોઠારી નામનો એક વણિક પણ તેમનો સેવક થયો હતો.

નરહરિ સંન્યાસીને એક નિયમ હતો. તેઓ સ્ત્રીનું મોઢું જોતા નહિ. કોઈ સ્ત્રી દૂરથી દેખાય, ત્યારે પોતાના મોં ઉપર એક કપડું ઢાંકી દેતા. તેઓ ગામથી દૂર એકાંત સ્થળમાં રહેતા. માત્ર એક લંગોટી જ પહેરતા.

થોડા સમય પછી ફરતા ફરતા તેઓ મહી નદીના કિનારે પહોંચ્યા. ત્યાં મોટાં મોટાં કોતરો આવેલાં હતાં. આજુબાજુ ગાઢ જંગલ હતું. તેમને એ એકાંત સ્થળ ઘણું ગમ્યું. નજીકમાં કોઈ ગામ નહોતું. તેમણે ત્યાં ઘાસની ઝૂંપડી બનાવી. તેમાં રહીને તેઓ ઉગ્ર તપશ્ચર્યા કરવા લાગ્યા. તેમની ખ્યાતિ તે પ્રદેશમાં દૂર દૂર સુધી ફેલાઈ.

ત્યાંથી ચાર-પાંચ માઈલ દૂર એક ગામ હતું. ત્યાં એક ઘાંચી કુટુંબ રહેતું હતું. તે ઘાંચીને લગ્ન કર્યે ઘણો સમય થયેલો, પણ સંતાન થતું ન હતું. ઘાંચીની સ્ત્રીએ સાંભળ્યું કે નરહરિ સંન્યાસી ચમત્કારી મહાપુરુષ છે. તેમના આશીર્વાદ મળે તો પુત્ર થાય; પરંતુ તેઓ કોઈ સ્ત્રીનું મુખ જોતા નથી, એટલે તેમની પાસે જવું કેવી રીતે?

ઘણો વિચાર કર્યા પછી એક દિવસ ઘાંચણે સંન્યાસી માટે શીરો-પુરી બનાવ્યાં. સૂર્યાસ્ત પછી તે ભોજન લઈ, નરહરિ સંન્યાસીની ઝૂંપડી તરફ ગઈ. તેણે દૂરથી સંન્યાસીને બૂમ પાડી. ઘાંચણે પોતાના મોં ઉપર સાડીનો લાંબો ઘૂમટો ખેંચ્યો હતો.

નરહરિ સંન્યાસીએ પૂછ્યું : 'તું કોણ છે? શું કામ છે?'

ઘાંચણે કહ્યું : 'હું ઘાંચણ છું. બાજુના ગામથી આવી છું. તમારા માટે શીરો-પુરીનું ભોજન બનાવીને લાવી છું. તમે સ્ત્રીનું મુખ જોતા નથી, એટલે તમને મારું મુખ ન દેખાય તે રીતે લાંબો ઘૂમટો તાણ્યો છે. આજ્ઞા કરો તો ભોજન લઈને ઝૂંપડી પાસે આવું.'

'બાઈ, હું પણ બે દિવસનો ભૂખ્યો છું; પરંતુ તને મારા માટે વધારે લાગણી હોય તેમ જણાય છે. કારણ કે મારા માટે ખાસ શીરો-પુરી બનાવી, સાંજના સમયે તું ચાર માઈલ ચાલીને આવી છે, માટે ખુશીથી ઝૂંપડી પાસે આવ, અને પ્રસાદ આપ.'

બાઈ ભોજન લઈને ઝૂંપડી પાસે આવી. સંન્યાસીએ ભોજન કર્યું. બાઈને પ્રસન્નતા થઈ.

બીજા દિવસે પણ તે શીરો-પુરીનું ભોજન લઈને આવી. તેણે દૂરથી બૂમ પાડી. સંન્યાસીએ તેને પાસે આવવા કહ્યું. બાઈએ સંન્યાસી સામે ભોજન મૂક્યું. સંન્યાસીએ કહ્યું : 'બાઈ, અહીં આપણા બે સિવાય ત્રીજા કોઈની હાજરી નથી.

મારા માટે આટલી બધી લાગણી રાખીને તું બે દિવસથી કષ્ટ લે છે, તેથી હું તારા પર પ્રસન્ન છું. તારો ઘૂંઘટ ખોલ. મને વાંધો નથી.'

ઘાંચણે ઘૂંઘટ ખોલ્યો. પછી તો ઘાંચણ માટે આ રોજનો ક્રમ બન્યો. એમ કરતાં દશ-બાર દિવસ થયા. એક દિવસ તે ભોજન લઈને તેમની ઝૂંપડીએ આવી. સામે બેસીને સંન્યાસીને આગ્રહ કરી ભોજન કરાવતી હતી. એટલામાં ગુજરાતનો સૂબો નરહરિ સંન્યાસીને મળવા માટે આવ્યો. તેથી સંન્યાસીના કહેવાથી ગભરાયેલી ઘાંચણ ઝૂંપડીમાં સંતાઈ ગઈ. સૂબો સંન્યાસી સામે આખી રાત રહ્યો.

આ બાજુ પત્ની સાંજની ગયેલ તે સવાર થતાં સુધી પાછી ન ફરી; એટલે તેનો પતિ-ઘાંચી તેને શોધતો શોધતો નરહરિ સંન્યાસીની ઝૂંપડીએ આવ્યો. ત્યારે સૂબો ત્યાં બેઠો હતો. ઘાંચીએ સંન્યાસીને પૂછયું : 'બાપજી, કાલ સાંજે મારી પત્ની તમને ભોજન આપવા આવી હતી. તે આજે સવાર સુધી ઘેર પાછી આવી નથી. તે ક્યાં ગઈ હશે? તમે તો તેને અહીં રોકી નથી ને? તમે તો કોઈ સ્ત્રીનું મોં પણ જોતા નથી, તો પછી તેનું શું થયું હશે?'

'ભાઈ, તારી પત્ની વિશે મને કંઈ ખબર નથી.' સંન્યાસી ખોટું બોલ્યા.

ઘાંચીને તેમના શબ્દોમાં વિશ્વાસ ન બેઠો. તેણે પૂછયું : 'જો મારી પત્ની તમારી ઝૂંપડીમાંથી નીકળે તો?'

સૂબાએ કહ્યું : 'તું જરૂર તપાસ કર. એમાં કોઈ વાંધો હોય નહિ.'

ઘાંચી ઝૂંપડીમાં ગયો. તેની પત્ની અંદર બેઠેલી હતી. તેને હાથ પકડીને બહાર લઈ આવ્યો. આ જોતાં જ સૂબાની આંખમાં ગુસ્સો આવ્યો. તેણે નરહરિ સંન્યાસીને કહ્યું : 'તું ઢોંગી સાધુ છે. સ્ત્રીઓને લલચાવી-ફોસલાવી આવા ખોટા ધંધા કરે છે! આજ ને આજ આ દેશ છોડી ભાગી જા. તું સંન્યાસી છે, એટલે તને બીજી કોઈ શિક્ષા કરતો નથી.'

નરહરિ સંન્યાસીને ઘણો પશ્ચાત્તાપ થયો. તેઓ ગુજરાત છોડીને વ્રજમાં ગયા. તેઓ મનમાં વિચારવા લાગ્યા, 'હું સંન્યાસી બન્યો, ઉગ્ર તપશ્ચર્યા કરી; પણ મનને મારી શક્યો નથી. શાસ્ત્રોમાં કહ્યું છે કે સ્ત્રીનો સંગ જ ખોટો છે. તેમાંય પરસ્ત્રીનો સંગ થાય, તો આલોક અને પરલોક બંને બગડે છે. પ્રભુએ મને આટલો દંડ આપી, બચાવી લીધો છે.'

નરહરિ સંન્યાસી વ્રજવાસ કરીને રહેવા લાગ્યા. જ્યારે તેમના સેવક વેણીરામ કોઠારીએ આ વાત જાણી, એટલે તેઓ પણ તેમને મળવા વ્રજમાં આવ્યા. વૃંદાવનમાં તેમને નરહરિ સંન્યાસીનો મેળાપ થયો. વેણીરામ કોઠારી પણ થોડા દિવસ તેમની પાસે રોકાયા.

એવામાં એક દિવસ શ્રીમહાપ્રભુજી વૃંદાવન પધાર્યા. નરહરિ સંન્યાસી અને વેણીરામ કોઠારીને તેમનાં દર્શન થયાં. કોઠારીએ કહ્યું : 'ગુરુજી, જુઓ તો ખરા, કેવા તેજસ્વી પુરુષ છે! એમનો સંગ કરવા જેવો છે.' આથી બંનેએ શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી, 'મહારાજ, આજ્ઞા આપો તો ચાર દિવસ આપના સત્સંગનો લાભ લઈએ.'

'અમે તો આજે જ અહીંથી દ્વારકા જવાના છીએ. તમારી ઈચ્છા હોય તો સાથે ચાલો.'

બંને શ્રીમહાપ્રભુજીની સાથે દ્વારકા જવા નીકળ્યા. રસ્તામાં નરહરિ સંન્યાસીએ પૂછયું : 'મહારાજ, સંન્યાસ ધર્મ મોટો કે વૈષ્ણવ ધર્મ મોટો?'

'જુઓ સંન્યાસીજી, આ કલિયુગમાં સાચો સંન્યાસ ધર્મ સિદ્ધ થવો કઠણ છે. સંન્યાસ લીધા પછી સંન્યાસીનું ચિત્ત એક ક્ષણ પણ નારાયણ વિના બીજે જાય, તો તેનો સંન્યાસ ધર્મ નાશ પામે છે. તમે તમારો જ વિચાર કરો. જ્યારે વૈષ્ણવ ધર્મમાં ભગવાનની પ્રેમલક્ષણા ભક્તિ કરવાની છે. વૈષ્ણવને કદાચ દુઃસંગ લાગે, તો પણ તેના હૃદયમાં રહેલું ભક્તિરૂપી બીજ કદાપિ નાશ પામતું નથી. ફરી જ્યારે સત્સંગ મળે, ત્યારે તેની ભક્તિ વધે છે. ભાગવતમાં જડભરતનો પ્રસંગ છે. ભરત રાજાને હરણના સંગથી ત્રણ જન્મનો અંતરાય થયો; પણ અંતે તેમનો ઉદ્ધાર થયો. ચિત્રકેતુને પાર્વતીજીના શાપથી અસુર યોનિમાં વૃત્રાસુર બની જન્મવું પડ્યું, પણ તેથી તેની ભક્તિ વધી. આ કલિયુગમાં પ્રભુના નામથી જ પાપીથી લઈને પુણ્યશાળી સુધીના સૌનો ઉદ્ધાર થાય છે. તમે સંન્યાસ ધર્મ સાધ્યો, પણ એનું ફળ શું મળ્યું?'

'મહારાજ, આપની વાત સાચી છે. મારો જે પ્રકારે ઉદ્ધાર થાય તેમ કરો. હું આજ સુધી ઘણું દુઃખ પામ્યો છું. મનમાં વિકાર ઘણા જાગ્યા હતા.'

'તમે સંન્યાસી છો, જગતમાં પૂજ્ય છો. બીજાઓને સેવક બનાવો છો. સ્વામીપદ છોડીને તમે દાસપદ કેવી રીતે સ્વીકારી શકશો? જ્યારે સ્વામીપદ છોડો, ત્યારે શરણે આવજો. દાસભાવ વિના વૈષ્ણવધર્મ વધતો નથી.'

'મહારાજ, મેં આ જ ક્ષણથી સ્વામીપદ છોડ્યું. હું આપનો દાસ છું. આપ આજ્ઞા કરશો તેમ કરીશ.'

'આ જટા-દાઢી કઢાવી, ભગવાં વસ્ત્ર ઉતારી સ્નાન કરી, સફેદ વસ્ત્ર પહેરો. આજનો દિવસ વ્રત કરી બધી ઈન્દ્રિયોને શુદ્ધ કરો. આવતી કાલે તમને સેવક કરીશું.' તે પ્રમાણે નરહરિ સંન્યાસીને શ્રીમહાપ્રભુજીએ બીજા દિવસે શરણે લીધા. વેણીરામ કોઠારીને પણ આપે વ્રત કરાવ્યા વિના બ્રહ્મસંબંધ આપ્યું. નરહરિ સંન્યાસીએ પૂછ્યુંઃ 'મહારાજ, આપે મને વ્રત કરાવ્યું અને કોઠારીને ન કરાવ્યું, તેનું કારણ શું?'

'તમે સ્વામીપદમાં હતા. અનેક કર્મ કર્યાં હતાં, તેથી તમારું મન અનેક ઠેકાણે ભટકતું હતું. તેને સ્થિર કરવા તમને વ્રત કરાવ્યું. કોઠારી ગૃહસ્થાશ્રમનાં દુઃખ જાણે છે, પણ તેણે કર્મ-ધર્મ કર્યાં નથી; એટલે તેનું મન ક્યાંય ભટકતું નથી. માટે તેને વ્રત ન કરાવ્યું.'

નરહરિ સંન્યાસી દ્વારકાથી શ્રીમહાપ્રભુજીની આજ્ઞા લઈ, ફરતા ફરતા બદ્રિકાશ્રમ ગયા. ત્યાં માનસીમાં મગ્ન રહેવા લાગ્યા. એક વખત શ્રીમહાપ્રભુજી ત્યાં પધાર્યા. નરહરિ સંન્યાસીએ વિનંતી કરી, 'મહારાજ, જ્ઞાનમાર્ગના સંન્યાસનો પ્રકાર હું જાણું છું. પરંતુ ભક્તિમાર્ગના સંન્યાસનો પ્રકાર હું જાણતો નથી. માટે કૃપા કરીને તે સમજાવો.

શ્રીમહાપ્રભુજીએ 'સંન્યાસનિર્ણય' નામનો ગ્રંથ રચી, નરહરિ સંન્યાસીને શીખવ્યો. તે સમજતાં જ નરહરિ સંન્યાસીના હૃદયમાં પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત દૃઢ થયો. પછી તેમને શ્રીઠાકોરજીની લીલાનો અનુભવ થવા લાગ્યો.

◆

સિદ્ધાંત નવનીત

(૧) સ્ત્રીસંગ મહા બાધક છે. તે મનને મલિન અને પાપી બનાવે છે; માટે વૈષ્ણવોએ પરસ્ત્રીનો સંગથી બચવું. પરસ્ત્રી સાથેના વ્યવહારોમાં ઘણી સાવધાની રાખવી. પર-સ્ત્રીને માતા સમાન ગણવી.

(૨) પુષ્ટિમાર્ગમાં સંન્યાસનું કોઈ મહત્ત્વ નથી. પુષ્ટિમાર્ગમાં ગૃહસ્થાશ્રમ મહત્ત્વનો છે. જે વૈષ્ણવ ઘરમાં શ્રીઠાકોરજીની સેવા કરે છે, તેનું ઘર ગોલોકધામ બની જાય છે.

(૩) ભક્તિમાર્ગમાં નિષ્કપટ જીવોને જલદી ભક્તિ સિદ્ધ થાય છે. જે અન્ય માર્ગોમાં ભટકે છે, તેમને ભક્તિ સિદ્ધ થતી નથી.

વૈષ્ણવ પરિચય :

નામ : નરહરિ

મૂળ વતન : આગ્રા

સ્થિરવાસ : ગુજરાત

પરિવાર : અપરિણીત. સંન્યાસી બનેલા.

સેવ્ય સ્વરૂપ : માનસી સેવા

લીલાનું સ્વરૂપ : મનસુખા ગોપની બેટી ગુલાબી. શ્રુતિરૂપા ગોપીજન. ચંદ્રાવલીજીના યૂથની.

વેણીરામ કોઠારી : લીલામાં પાંડરિ સખી, જે ગુલાબીની સખી છે.

■

૧૩. શ્રીગોવર્ધનનાથજીનાં કૃપાપાત્ર

(૭૩. સદ્દુ પાંડે, તેમનાં પત્ની ભવાની અને પુત્રી નરો)

શ્રીમહાપ્રભુજી બીજી ભારત પરિક્રમા દરમ્યાન ઝારખંડમાં બિરાજ્યા હતા. ત્યાં એક રાતે આપને સ્વપ્નમાં શ્રીગોવર્ધનનાથજીએ દર્શન આપ્યાં. મંદમંદ હાસ્ય કરતાં પ્રભુએ આજ્ઞા કરી, 'વલ્લભ! તમને આપેલા વચન પ્રમાણે હું વ્રજમાં ગોવર્ધન પર્વતમાં પ્રગટ થયો છું. દેવ દમન, નાગદમન અને ઈન્દ્રદમન નામથી વ્રજમાં પ્રસિદ્ધ છું. આપ ઝટપટ અહીં પધારો. દૈવી જીવોને શરણે લઈ તેમને મારી સેવા સોંપો.'

શ્રીઠાકોરજીનાં સ્વપ્નમાં દર્શન થતાં અને આજ્ઞા મળતાં શ્રીવલ્લભ અતિશય પ્રસન્ન થયા. આપે સવારે સેવકોને આજ્ઞા કરી, 'આપણે આજે જ વ્રજ તરફ જઈશું.'

આપશ્રીએ સેવકોને સ્વપ્નની હકીકત કહી. આપ સવારે વ્રજ તરફ જવા નીકળ્યા. સાથે પાંચ સેવકો હતા. દામોદરદાસ હરસાની, કૃષ્ણદાસ મેઘન, રામદાસ, માધવદાસ અને નારાયણદાસ. થોડા દિવસો પછી આપ વ્રજમાં પહોંચ્યા. મથુરાથી આપ ગોવર્ધન પધાર્યા, ત્યારે સાંજ થવા આવી હતી. ગોવર્ધનથી આપ આન્યોર પધાર્યા.

શ્રીગોવર્ધન પર્વતની તળેટીમાં, પર્વતના પછવાડેના ભાગે નાનકડું પણ રળિયામણું આન્યોર ગામ આવેલું. ત્યાં સદ્દુ પાંડે નામના એક જમીનદાર બ્રાહ્મણ રહેતા હતા. તેઓ ગામના સુખી મુખી હતા. તેમનું ઘર ગામની વચ્ચે, પર્વતની બરાબર તળેટીમાં આવેલું હતું. ઘર પાસે એક મોટો ચોતરો હતો. ગામમાં જે સાધુ-સંતો આવતા, તે બધા ત્યાં મુકામ કરતા.

શ્રીમહાપ્રભુજી પણ પધાર્યા. ચોતરા ઉપર બિરાજ્યા. સૂર્યાસ્ત થઈ ગયો હતો. સદ્દુ પાંડે શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. હાથ જોડીને પૂછ્યું, 'સ્વામી, આપ કંઈ ભોજન લેશો?' શ્રીમહાપ્રભુજી મૌન રહ્યા. કૃષ્ણદાસ મેઘને કહ્યું, 'અમારા સ્વામી પોતાના સેવક સિવાય બીજા કોઈનું કંઈ પણ સ્વીકારતા નથી.'

આ વાતચીત ચાલતી હતી, ત્યાં શ્રીગોવર્ધન પર્વત પરથી એક બાળકના જેવો મધુર અવાજ આવ્યો, 'નરો, મારું દૂધ લાવ.'

નરો સદ્દુ પાંડેની દીકરી હતી. તેણે ઘરમાંથી જવાબ આપ્યો, 'વારી જાઉં લાલ, હમણાં જ લાવી. ઘેર મહેમાન આવ્યા છે, તેમનું સ્વાગત કરવામાં જરા વિલંબ થયો છે. એ... આ આવી.'

'નરો, તારા ત્યાં મહેમાન આવ્યા, તો ભલે આવ્યા; પરંતુ મને ભૂખ લાગી છે, માટે જલદી દૂધ લાવ.'

નરો દોડતી દોડતી દૂધનું વાસણ લઈ પર્વત ઉપર ગઈ. શ્રીગોવર્ધનનાથજીને દૂધ આરોગાવી પાછી આવી, ત્યારે શ્રીમહાપ્રભુજીએ તેને પૂછ્યું : 'તું ક્યાં ગઈ હતી?'

'મહારાજ, આ પર્વતમાં એ પર્વતના દેવ દેવદમન બિરાજે છે. તેમને દૂધ પાઈ આવી.'

'છોરી, તારા વાસણમાં જે દૂધ બચ્યું હોય તે મને આપ.'

નરોએ શ્રીમહાપ્રભુજીને દૂધનું વાસણ આપ્યું. આપ તે દૂધ આરોગ્યા. સદ્દુ પાંડે અને તેમનાં પત્ની ભવાનીએ જોયું કે શ્રીમહાપ્રભુજી પોતાના સેવક સિવાય કોઈનું આરોગતા નથી; પણ દેવદમનનું આરોગેલું દૂધ લીધું, એટલે તેમને દેવદમન ઉપર ઘણો પ્રેમ હોવો જોઈએ.

સદ્દુ પાંડે શ્રીમહાપ્રભુજીની સામે બેઠા. તેમણે પૂછ્યું : 'મહારાજ, આપ વ્રજમાં પધાર્યા છો, તે અહીંથી તીર્થયાત્રા કરવા કે કોઈ અન્ય કારણથી?'

'પાંડેજી, અમને ઝારખંડમાં દેવદમને દર્શન આપી આજ્ઞા કરી કે હું ગોવર્ધન પર્વતમાં પ્રગટ થયો છું. માટે અમે અહીં આવ્યા છીએ. તમારા સૌ ઉપર દેવમનની ઘણી કૃપા જણાય છે.'

સદ્દુ પાંડેનાં પત્ની ભવાની ઘરમાંથી બહાર આવ્યાં. તેમણે વિનંતી કરી, 'મહારાજ, અમે વ્રજવાસી આખા જગતનાં પૂજ્ય ગણાઈએ; પણ આપ તો અમારાયે પૂજ્ય છો. અમે આપની પાસે હાર્યાં છીએ. આપ અમને સેવક કરો.'

'પાંડેજી, કાલે સવારે તમારા આખા કુટુંબમને સેવક કરીશું.'

બીજા દિવસે સવારે શ્રીમહાપ્રભુજીએ સદુ પાંડે, ભવાની અને નરોને બ્રહ્મસંબંધ કરાવ્યું. પછી આજ્ઞા કરી: 'પાંડેજી, તમે વૈષ્ણવ થયા છો. હવે તમે દેવદમનની સેવા કરો.'

'મહારાજ, અમે બ્રાહ્મણ ખરા, પણ વ્રજવાસી ગમાર જેવા. ઢોરની સાથે રહીને ઢોર જેવા બનેલા. અમે આચાર-વિચાર કંઈ જાણીએ નહિ. સેવામાં અમને સમજણ ન પડે.'

'પાંડેજી, દેવદમનમાં તમારો શુદ્ધ પ્રેમ છે, તે સૌથી મોટી વાત છે. તમે કપટ વિનાના શુદ્ધ ભક્ત છો. ભગવાન ભક્તનો પ્રેમ ઈચ્છે છે. તમારાથી બને તે સેવા કરજો.'

'મહારાજ, કાલે આપના સેવકે કહ્યું હતું કે આપ સેવકના ઘરનું અંગીકાર કરો છો. આપે અમને સેવક કર્યાં છે, તો હવે અમારી સામગ્રી અંગીકાર કરો.'

સુદ પાંડેએ ઘરમાંથી કાચી સામગ્રી આપી. શ્રીમહાપ્રભુજીએ રસોઈ કરી, ભોગ ધરી ભોજન કર્યું. બપોરના સમયે બધા વ્રજવાસીઓ દર્શન કરવા આવ્યા. રાત પડતાં સદુ પાંડેના ભાઈ માણેકચંદ પાંડે પણ આવ્યા. તેઓ અલગ ઘરમાં રહેતા હતા. ગામના બધા વ્રજવાસીઓ પણ રાત્રે ભેગા થયા.

શ્રીમહાપ્રભુજીએ પૂછયું : 'આ પર્વત ઉપર દેવદમન કેવી રીતે પ્રગટ થયા તે કહો.'

સદુ પાંડેએ કહ્યું : 'મહારાજ, ઘણાં વર્ષો પહેલાંની વાત છે. અમારા ગામમાં એક ગોવાળિયો હતો. તે ગામ આખાની ગાયો ચરાવવા લઈ જતો. તેમાં એક બ્રાહ્મણની મોટી ગાય હતી. તે ઘણું દૂધ આપતી; પરંતુ એક દિવસ તે બ્રાહ્મણ ગાય દોહવા બેઠો, ત્યારે ગાયે એક ટીપુંયે દૂધ ન આપ્યું. સાંજે પણ એમ જ થયું. આમ બે દિવસ સુધી ગાયે દૂધ ન આપ્યું. ત્રીજા દિવસે બ્રાહ્મણ તે ગોવાળિયા ઉપર ગુસ્સે થયો. બ્રાહ્મણે કહ્યું, તું જ મારી ગાયનું દૂધ દોહી લેતો હોવો જોઈએ.'

'માલિક, હું એવી ચોરી કરતો નથી. આજે હું તમારી ગાયની બરાબર ખબર રાખીશ.'

ગોવાળે વનમાં તે ગાયને નજરમાં રાખી. તે ગાય ટોળામાંથી છૂટી પડી, પર્વત ઉપર ચઢી. ગોવાળ પણ તેની પાછળ પાછળ ગયો. પર્વતની ટોચ ઉપર જઈ ગાય ઊભી રહી અને ત્યાં બધું દૂધ સ્રવી દીધું. પછી નીચે ઊતરી. ગોવાળે જોયું કે ત્યાં એક મોટું કાણું હતું, તેમાં બધું દૂધ પડ્યું હતું. સાંજે પણ ગાય તે જ પ્રમાણે પર્વત ઉપર ગઈ અને બધું દૂધ સ્રવી દીધું.

ગોવાળે ઘેર આવી, રાત્રે બ્રાહ્મણને બધી વાત કહી. બીજા દિવસે બ્રાહ્મણ ગોવાળની સાથે ગયો. તેણે નજરોનજર આ દૃશ્ય જોયું. બ્રાહ્મણે રાતે બધા વ્રજવાસીઓને ભેગા કરીને આ વાત કહી. એક વૃદ્ધ વ્રજવાસીએ કહ્યું : 'તે પર્વતમાં કાણા નીચે કાં તો દ્રવ્ય હશે અથવા દેવ હશે. તો જ ગાય આમ કરે.'

બ્રાહ્મણ પાંચ-દસ વ્રજવાસીઓને લઈને સવારે પર્વત ઉપર ગયો. પર્વતની જે શિલામાં કાણું હતું, તે શિલાને ઉઠાવી. અંદર દેવદમન બિરાજતા હતા. બ્રાહ્મણે તેમને પૂછયું : 'તમે કોણ છો?'

તેમણે કહ્યું : 'હું આ પર્વતનો દેવતા છું. મારું નામ દેવદમન છે. મને દૂધ-દહીં બહુ પ્રિય છે. તમે મને સાંજ-સવાર દૂધ-દહીં આરોગાવજો.' વ્રજવાસીઓ તે પ્રમાણે કરવા લાગ્યા.

'મહારાજ, દેવદમને બધા વ્રજવાસીઓને ઘણું સુખ આપ્યું છે. અમે જે માનતા રાખીએ, તે દેવદમન પૂરી કરે છે.'

સદુ પાંડેના ભાઈ માણેકચંદે કહ્યું : 'મહારાજ, દેવદમન પ્રગટ થયા ત્યારે મને આજ્ઞા કરી હતી કે તું મને રોજ માખણ આપજે, તેથી હું નિત્ય સવારે દેવદમનને માખણ આરોગાવું છું.'

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : 'ભલે, આવતી કાલે સવારે આપણે પર્વત ઉપર જઈ દર્શન કરીશું.'

બીજા દિવસે સવારે સ્નાન કરી શ્રીમહાપ્રભુજી તૈયાર થયા. સદુ પાંડે અને માણેકચંદ પાંડે આવ્યા. માણેકચંદ પાંડેની વિનંતીથી તેમને સ્નાન કરાવી, નામનિવેદન મંત્ર આપ્યો. પછી સૌને સાથે લઈ આપ પર્વત ઉપર પધાર્યા. ત્યારે શ્રીગોવર્ધનનાથજી શ્રીમહાપ્રભુજીને લેવા સામે પધાર્યા. શ્રીમહાપ્રભુજી અને શ્રીગોવર્ધનનાથજીનું પૃથ્વી ઉપર પ્રથમ મિલન થયું.

શ્રીમહાપ્રભુજીએ વિનંતી કરી : 'પ્રભુ, હવે આપની શી ઈચ્છા છે?'

'વલ્લભ, મારી સેવા પ્રગટ કરો.'

આપે તરત જ વ્રજવાસીઓની મદદથી ત્યાં એક નાનકડું મંદિર બનાવડાવ્યું. વ્રજવાસીઓએ કહ્યું : અપ્સરાકુંડ ઉપર રામદાસ નામના એક

વિરક્ત વૈષ્ણવ ગુફામાં રહે છે. શ્રીમહાપ્રભુજીએ તેમને બોલાવી, તેમને સેવક કરી, શ્રીનાથજીની સેવા શીખવી. આપે પોતાના વસ્ત્રમાંથી ઠાકોરજીની ધોતી અને પાઘ બનાવી શૃંગાર કર્યો. ગુંજામાળા અને મોરપિચ્છની ચંદ્રિકા ધરી. વ્રજવાસીઓ દૂધ, દહીં, માખણ વગેરે લાવ્યા હતા, તેનો ભોગ ધર્યો.

શ્રીમહાપ્રભુજીએ સદુ પાંડે વગેરેને આજ્ઞા કરી, 'રામદાસજીને સેવા માટે જરૂરી સામગ્રી, વસ્તુઓ આપજો. શ્રીનાથજીનું સુખ થાય તેમ કરજો.' તે વખતે બાજુના જમનાવતા ગામમાંથી કુંભનદાસજી નામના યુવાન વ્રજવાસી આવ્યા. તેઓ શ્રીમહાપ્રભુજીના સેવક થયા. શ્રીમહાપ્રભુજીએ તેમને કીર્તનની સેવા સોંપી. ઘણા વ્રજવાસીઓ શ્રીમહાપ્રભુજીના સેવક થયા.

એક દિવસ શ્રીનાથજીએ શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરી : 'વલ્લભ, મને ગાય બહુ પ્રિય છે. એક ગાય લાવી દો.'

શ્રીમહાપ્રભુજીએ સદુ પાંડેને બોલાવી, પોતાની સોનાની વીંટી આપતાં આજ્ઞા કરી : 'આ લો, એમાંથી શ્રીનાથજી માટે એક મજાની ગાય લાવી દો.'

'મહારાજ, અમારા ઘેર ઘણી ગાયો-ભેંસો છે, એ બધી શ્રીનાથજીની જ છે ને? ઘેરથી હમણાં જ લાવી દઉં છું.'

'પાંડેજી, શ્રીનાથજીએ મને આજ્ઞા કરી, મારી પાસે ગાય માગી છે. માટે મારા તરફથી શ્રીનાથજીને એક ગાય ભેટ કરો. તમારે વ્રજવાસીઓને ગાયો આપવી હોય, તો ખુશીથી આપજો.' જોતજોતાંમાં હજારો ગાયો ભેટ થઈ. ગાયોને માટે નાનકડું ગોપાલપુર ગામ વસી ગયું.

●

એક દિવસ સવારે શ્રીનાથજી સોનાની કટોરી લઈ, સદુ પાંડેના ઘેર પધાર્યા. આપે નરોને આજ્ઞા કરી: 'મને દૂધ પા.'

'લાલા, આ કટોરી ઘણી નાની છે. એમાં કેટલું દૂધ પીવાશે?'

'નરો, તું કટોરીમાં દૂધ રેડતી જા અને હું પીતો જઈશ.'

શ્રીનાથજી દૂધ આરોગી તે કટોરી ત્યાં જ મૂકી મંદિરમાં પધાર્યા. સવારે નરો તે કટોરી લઈને મંદિરમાં ગઈ. બધી વાત કહી. સૌને ઘણું આશ્ચર્ય થયું. આમ, શ્રીનાથજી દરરોજ સદુ પાંડેના ઘેર અવશ્ય પધારતા.

●

સદુ પાંડેનાં માતા ઘણાં વૃદ્ધ હતાં. તેઓ માણેકચંદ પાંડેની સાથે રહેતાં. તેમને આંખે ખાસ દેખાતું નહિ, પણ રોજ સવારે તેઓ ઘરના આંગણામાં રોટી, દહીં, માખણ લઈને બેસતાં. ઘરનાં અને પડોશનાં છોકરાંને નાસ્તો વહેંચતાં. બધાં છોકરાં નાસ્તો લેવા સવારે આવતાં. માજી દરેક બાળકનો હાથ પકડી, તેનું નામ પૂછી, તેના હાથમાં રોટી અને સાથે દહીં-માખણ આપતાં. છોકરાંની સાથે શ્રીનાથજી પણ પધારતા. તેમનો વારો આવે એટલે માજી શ્રીનાથજીનો હાથ પકડી પૂછતાં, 'લાલા, તારું નામ શું છે?'

'મૈયા, હું દેવદમન છું.'

'લાલા, પર્વતનો દેવતા દેવદમન એ તું જ ને?'

'હા, મૈયા. હું જ એ દેવદમન.'

માજી રોટી ઉપર ઘણું દહીં અને માખણ તેમને આપતાં અને કહેતાં. 'લાલા, રોજ આ જ સમયે નાસ્તો લેવા આવજે.' શ્રીનાથજી પણ રોજ પધારતા અને બાળકની જેમ માગીને આરોગતા.

●

સિદ્ધાંત નવનીત

(૧) શ્રીનાથજીનું નામ દેવદમન છે; કારણ કે આપે બધા દેવોનું અભિમાન દૂર કર્યું છે. જગતમાં શ્રીજગન્નાથદેવ, શ્રીનારાયણદેવ વગેરે પ્રસિદ્ધ છે. તેમનાં માનમર્દન કરવાથી તેઓ દેવદમન કહેવાયા તેમનું બીજું નામ નાગદમન છે. શ્રીનાથજીના વામભાગમાં શ્રીયમુનાજી બિરાજે છે. શ્રીયમુનાજીની કૃપાથી જીવોને યમદંડ કે કાલદંડ થતો નથી. આપણે ત્યાં કાલને નાગ કહ્યો છે. કાલનું દમન કરનાર હોવાથી શ્રીઠાકોરજી નાગદમન કહેવાય છે.

આપના દક્ષિણ ભાગમાં શ્રીરાધિકાજી અને શ્રીગિરિરાજજી બિરાજે છે. શ્રીગિરિરાજજી હરિદાસવર્ય છે. ઈન્દ્રના કોપ વખતે વ્રજની રક્ષા કરવા તેઓ છત્રાકાર થયા હતા. ઈન્દ્રને દંડ આપી તેમણે પ્રભુનો યશ પ્રગટ કર્યો હતો, માટે આપનું નામ ઈન્દ્રદમન છે.

(૨) ભગવદીયો ગમે તેવું મહાન કાર્ય કરે, પણ કદી પોતાનો યશ પ્રગટ કરતા નથી. ભગવદીયો હમેશાં પ્રભુનો યશ જ પ્રગટ કરે છે.

(૩) પ્રભુ નિઃસાધનો ઉપર કૃપા કરે છે. જીવોની સાધન-સંપત્તિથી પ્રભુ રીઝતા નથી. જીવોના શુદ્ધ અને નિષ્કપટ પ્રેમથી પ્રભુ રાજી થાય છે. જ્યાં આવો પ્રેમ હોય છે, ત્યાં શ્રીઠાકોરજી અવશ્ય પધારે છે.

વૈષ્ણવ પરિચય :

નામ : સદુપાંડે

જ્ઞાતિ : બ્રાહ્મણ

વતન : આન્યોર

પરિવાર : પત્ની ભવાની, પુત્રી નરો, ભાઈ માણેકચંદ અને માતા.

સેવ્ય સ્વરૂપ : ઘરમાં ઠાકોરજી પધરાવી સેવા કરી નથી. શ્રીનાથજીની સેવામાં તત્પર રહ્યા છે. તેમના ઘરમાં આજેય શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી બિરાજે છે.

લીલાનું સ્વરૂપ : સદુ પાંડે વૃષભાનજીના ભાઈ ચંદ્રભાન ગોપ. ભવાની જશોદાજીનાં નણંદ શ્યામદે. નરો જશોદાજીનાં નણંદ રામદે.

■

૧૪. શ્રીહરિ દુઃખિત ભક્ત અપરાધે

(૭૪. ગોપાલદાસ જટાધારી)

ત્રિવેણી સંગમ પરના તીર્થરાજ પ્રયાગમાં એક ગૌડ બ્રાહ્મણને ત્યાં ગોપાલદાસનો જન્મ થયો હતો. તેઓ છ વર્ષના થયા ત્યારની વાત છે. કાશીથી વૈરાગી નાગાબાવાઓનો એક સંઘ મકર-સ્નાન કરવા માટે પ્રયાગ આવ્યો હતો. ગોપાળદાસ પણ તેમના પિતા સાથે મકર-સ્નાન માટે ગયા હતા. ઘાટ ઉપર ભારે ભીડ હતી. ધક્કામુક્કી થતી હતી. તેમાં ગોપાલદાસ પિતાથી છૂટા પડી ગયા. પિતાનો પત્તો ન લાગતાં, રસ્તા વચ્ચે ઊભા ઊભા રડવા લાગ્યા.

એક નાગાબાવાએ બાળકને રડતો જોયો. તેણે કહ્યું : 'છોકરા, રડ નહિ. ચાલ, હું તને તારા પિતા પાસે લઈ જાઉં.'

તે નાગોબાવો ગોપાદાસને ફોસલાવી તેના મુકામે લઈ ગયો. ત્યાંથી તેના સામાનનુ પોટકું લઈ, સાથે ગોપાલદાસને લઈ, પ્રયાગથી ભાગી છૂટ્યો. ગોપાલદાસને પોતાનો ચેલો બનાવવા માટે તૈયાર કરવા લાગ્યો. તેમને લઈને તે દક્ષિણભારતમાં પહોંચી ગયો.

ગોપાલદાસ પણ પિતાને ભૂલી ગયા. નાગાબાવાઓની જમાતમાં ભળી ગયા. તેમની ઉંમર ૨૦ વર્ષની થઈ. તેમનો ગુરુ નાગોબાવો હરિશરણ થયો. ગોપાલદાસને મનમાં ખિન્નતા થઈ. તેમણે તીર્થયાત્રા કરવાનો વિચાર કર્યો. તે સમય દરમ્યાન તેમની જમાત દ્વારકાની યાત્રાએ જતી હતી. તેઓ પણ દ્વારકા જવા નીકળ્યા. ત્યાંથી જમાત સાથે મથુરા ગયા.

મથુરામાં તેઓ વિશ્રામઘાટ ઉપર ગયા, ત્યારે ત્યાં શ્રીમહાપ્રભુજી બિરાજતા હતા. આપ સંધ્યાવંદન કરતા હતા, ત્યારે ગોપાલદાસને શ્રીમહાપ્રભુજીનાં દર્શન થયાં. અલૌકિક સ્વરૂપની ઝાંખી થતાં તેમના પગ ત્યાં જ ચોંટી ગયા. તેમને લાંબા સમય સુધી ઊભા રહેલા જોઈને કૃષ્ણદાસ મેઘને પૂછ્યું : 'અરે બાવાજી, અહીં કેમ ઊભા છો? એકીટસે શું જોઈ રહ્યા છો? તમારા સંગાથી વૈરાગીઓ તો જતા રહ્યા.'

'ભાઈ, મારો સંગ તો ઘણા જન્મથી છૂટ્યો છે. આ મહાપુરુષ કૃપા કરે, તો મને ફરીથી ભગવદીયોનો અને ભગવાનનો સંગ મળે.'

શ્રીમહાપ્રભુજી સંધ્યાવંદન કરી રહ્યા. તેમણે આ શબ્દો સાંભળીને કહ્યું : 'ગોપાલદાસ, તું આવ્યો?'

ગોપાલદાસે દંડવત્ કરીને કહ્યું : 'મહારાજ, આપની કૃપા થઈ એટલે આવ્યો છું. ઘણા જન્મો ભટક્યો છું. મહા દુ:સંગમાં ફસાયો છું. અનેક પાપાચરણ કરી મહાદુષ્ટ બન્યો છું. આ સંસાર-સમુદ્રમાંથી તરવા માટે મારામાં કોઈ બળ નથી. આપ કૃપા કરીને શરણે લો, તો ભવસાગર તરી જાઉં.'

તેમની દીનતા જોઈ શ્રીમહાપ્રભુજી ઘણા પ્રસન્ન થયા. આપે આજ્ઞા કરી, 'જાઓ જટા મુંડાવી નાખો. સંન્યાસીનો વેશ ઉતારીને આવો.'

તેઓ જટા મુંડાવી, કૂવાના જળથી સ્નાન કરી, પછી શ્રીયમુનાજીમાં સ્નાન કરી, શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. આપશ્રીએ તેમને બ્રહ્મસંબંધ આપ્યું.

'મહારાજ, હવે આપ આજ્ઞા કરો તેમ કરું.'

'અમારી સાથે ગોવર્ધન ચાલો. ત્યાં શ્રીગોવર્ધનનાથજીના બગીચાની સેવા કરો.'

ગોપાલદાસ શ્રીનાથજીનો બગીચો સંભાળવા લાગ્યા. એકેએક વૃક્ષછોડને બરાબર સાચવે. એકેએક ફળ-ફૂલ પર નજર રાખે. બગીચો વાળીઝૂડીને સ્વચ્છ રાખે. વૃક્ષ-છોડને પાણી સીંચીને લીલાં રાખે. તેમના મનમાં એક જ ભાવ રહેતો કે આ શ્રીઠાકોરજીનો બગીચો છે. શ્રીઠાકોરજી રોજ અહીં ખેલતા પધારતા હશે. માટે આ જગ્યા સુંદર અને રમણીય રહેવી જોઈએ. આમ, ઘણા દિવસો સુધી તેમણે શ્રીનાથજીના બગીચાની સેવા કરી.

એક દિવસ એક જુદી ઘટના બની. એક વૈષ્ણવનો છોકરો પોતાના ઘરના ઠાકોરજી માટે બગીચામાં ફૂલ ચોરવા આવતો થયો. તે રોજ પાંચ-દશ ફૂલ બગીચામાંથી ચોરી જાય. ગોપાલદાસને એટલી ખબર પડે કે ફૂલ ચોરાય છે, પણ કોણ લઈ જાય છે તેનો પત્તો ન લાગ્યો. એક દિવસ ગોપાલદાસ ૨૪ કલાક બગીચામાં છુપાઈને રહ્યા. સૂર્યોદય પહેલાં અંધારામાં લપાતો-છુપાતો ૧૧ વર્ષનો એક છોકરો બગીચામાં આવ્યો. તેણે પાંચ ફૂલ તોડ્યાં. છોકરાને જોતાં જ ગોપાલદાસ ત્યાં ધસી આવ્યા. તેમણે બાળકને પકડીને ધમકાવ્યો અને બે-ચાર ધોલધપાટ પણ મારી. તે છોકરો ગોપાલદાસનો હાથ છોડાવી ત્યાંથી ભાગી ગયો. ગોપાલદાસનો ક્રોધ હજી શાંત થયો ન હતો. તેઓ પણ તેની પાછળ પાછળ દોડ્યા.

બાળક દોડતો દોડતો શ્રીગિરિરાજ પર ચઢી, શ્રીનાથજીના મંદિરમાં સંતાઈ ગયો. ગોપાલદાસ પણ પાછળ ગયા. તેમણે મંદિરમાંથી તે છોકરાને શોધી કાઢ્યો. ગુસ્સામાં તેમને યાદ રહ્યું નહિ કે આ શ્રીઠાકોરજીનું મંદિર છે. તેમણે ફરી છોકરાને ધોલધપાટ કરવી શરૂ કરી. બીજા વૈષ્ણવોએ છોકરાને માંડ છોડાવ્યો.

શ્રીનાથજીને ઘણી અપ્રસન્નતા થઈ. આપે વિચાર્યું, ગોપાલદાસે મારી શરમ પણ રાખી નહિ! એક કુમળા બાળકને મારા મંદિરમાં માર્યો. પરંતુ સાથે સાથે ગોપાલદાસની સેવાથી આપને ઘણી પ્રસન્નતા પણ હતી; એટલે શ્રીજીબાવા ચૂપ રહ્યા.

શ્રીમહાપ્રભુજીએ ગોપાલદાસને શ્રીનાથજીના પાનઘરની સેવા સોંપી. તે સેવા પણ તેઓ ઘણા પ્રેમથી કરવા લાગ્યા. વૈશાખ-જેઠના દિવસો આવ્યા. ગરમી સખત પડે. પાન વિલાઈ જાય. તેથી ગોપાલદાસ એક છાબમાં પાન બિછાવી, તેના પર ભીનું કપડું ઢાંકે અને આખી રાત બેઠાં બેઠાં પાનની છાબ ઉપર પંખો કરે.

શ્રીમહાપ્રભુજી જ્યારે જતિપુરામાં બિરાજતા હોય, ત્યારે રાતમાં બે-ત્રણ વખત મંદિરમાં પધારે. સેવકો શું કરે છે તેનું ધ્યાન રાખે; જેથી સેવકો લૌકિક વાતો, નિંદા-કુથલી ન કરે.

શ્રીમહાપ્રભુજી દરરોજ જુએ કે કોઈ સેવક કીર્તન ગાય છે, કોઈ ધોળપદ ગાય છે, તો કોઈ રાસ-પંચાધ્યાયીનો પાઠ કરે છે. ત્યાંથી આપ પાનઘરમાં પધાર્યા. આપે જોયું કે ગોપાલદાસ બેઠાં-બેઠાં પાનની છાબને પંખો કરે છે. વચમાં વચમાં ઝોકું આવી જાય છે. શ્રીમહાપ્રભુજી ઘણા પ્રસન્ન થયા. આપે કહ્યું : 'ગોપાલદાસ, તમારી સેવા ઘણી ઉત્તમ છે. રાતમાં પણ તમે ભગવદ્ સેવા કરો છો. હવે આવતી કાલથી સવારે અપરસમાં સ્નાન કરીને શ્રીનાથજીના નિજમંદિરમાં જઈને, તમે ચોવીસ કલાક પંખાની સેવા કરજો.' તે સમયમાં ખેંચવાના પંખા ન હતા.

ગોપાલદાસ એવા જ ભાવથી પંખાની સેવા કરવા લાગ્યા. અનોસરમાં આંખો મીંચીને પંખાની સેવા કરે. રાત્રે પણ આંખો મીંચીને પંખાની સેવા કરે. એમને શરીરનાં ભૂખ, તરસ, ઊંઘ, થાક કશું બાધા કરતું નહિ.

એક દિવસ રાત્રે શ્રીનાથજીએ પ્રસન્ન થઈને ગોપાળદાસને કહ્યું : 'તું આંખો ખોલ, મારાં દર્શન કર.'

'કૃપાનાથ, મને શ્રીમહાપ્રભુજીની આજ્ઞા નથી, તેથી આંખો નહિ ખોલું.'

શ્રીનાથજી પોતાના બંટાના લાડુ ગોપાલદાસના મુખમાં ખવડાવે, પણ ગોપાલદાસ આંખો ન ખોલે. અનવસરના સમયમાં શ્રીનાથજી પાસે શ્રીસ્વામિનીજી પધારે. યુગલ સ્વરૂપ મધુર વાર્તાલાપ કરે, તે ગોપાલદાસ સાંભળે; પણ કદી આંખો ખોલીને દર્શન કરે નહિ. એમ વિચારે કે ગુરુની આજ્ઞા પ્રમાણે મારે સેવા કરવાની છે. શ્રીઠાકોરજીના સુખ માટે સેવા કરવાની છે, મારા સુખનો વિચાર કરવાનો નથી.

●

શ્રીનાથજીએ વિચાર કર્યો કે ગોપાલદાસ મારો કૃપાપાત્ર છે, પણ તેણે મારા એક નાનકડા સેવકને મારા મંદિરમાં મારીને વૈષ્ણવનો અપરાધ કર્યો છે. એનો દંડ આપી, તેને શુદ્ધ કરવો જોઈએ. આવું વિચારી શ્રીનાથજીએ ગોપાલદાસનું મન ફેરવ્યું.

ગોપાલદાસ શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. દંડવત્ કરીને વિનંતી કરી : 'મહારાજ, તીર્થયાત્રા કરવાનું મન થયું છે, આજ્ઞા આપો તો જાઉં.'

'ગોપાલદાસ, ખુશીથી જાઓ.'

ત્યાં કેટલાક વૈષ્ણવો બેઠા હતા. તેમને આશ્ચર્ય થયું. ગોપાલદાસના ગયા પછી તેમણે શ્રીમહાપ્રભુજીને પૂછયું : 'મહારાજ, જેમના પર શ્રીઠાકોરજીની આટલી કૃપા, જેમની સાથે શ્રીનાથજી સાક્ષાત્ વાતો કરે, પોતાના હસ્તથી જેમના મોંમાં પ્રસાદ મૂકે, તેમને શ્રીનાથજીની સેવા છોડીને તીર્થયાત્રા કરવા જવાની બુદ્ધિ કેમ થઈ?'

'વૈષ્ણવો, ગોપાલદાસનો એક મોટો અપરાધ થયો હતો. વૈષ્ણવનો અપરાધ પ્રભુ સહન કરતા નથી. તે અપરાધનો દંડ પ્રભુ અવશ્ય આપે છે. તે દંડ ન ભોગવાય ત્યાં સુધી વૈષ્ણવ આ માર્ગમાં આગળ વધી શકતો નથી. તેમને દંડ આપીને શુદ્ધ કરવા માટે પ્રભુએ લીલા કરી છે. તેઓ તીર્થયાત્રાએ નીકળશે ખરા, પણ વ્રજ છોડીને આગળ જઈ શકશે નહિ. તેમને પ્રભુનો વિરહતાપ થશે, એટલે દેહ છોડી દેશે અને લીલામાં પ્રાપ્ત થશે.'

વૈષ્ણવોએ જોયું કે શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે જ બન્યું. ગોપાલદાસે તેમનો દેહ છોડી દીધો.

●

સિદ્ધાંત નવનીત

(૧) વૈષ્ણવે પોતાની પ્રામાણિક મહેનતથી કમાયેલા દ્રવ્ય દ્વારા ભગવદ્-સેવા કરવી જોઈએ. ચોરીની ચીજવસ્તુ શ્રીઠાકોરજીને અંગીકાર ન કરાવાય.

(૨) શ્રીઠાકોરજીના મંદિરની દરેક ચીજ-વસ્તુ દેવદ્રવ્ય છે. તે ચોરીને કે અન્ય કોઈ પ્રકારે આપણાથી લેવાય નહિ તેમજ આપણા માટે તેનો ઉપયોગ પણ થાય નહિ. આ બાબતમાં વૈષ્ણવોએ ઘણી સાવધાની રાખવી જોઈએ.

(૩) વૈષ્ણવોએ સેવા સિવાયના સમયમાં લૌકિક વાતો કે નિંદા-કુથલી ન કરવાં. પ્રભુનાં ધોળપદ ગાવાં, સ્તોત્રપાઠ અને અષ્ટાક્ષરનો જપ કરવો.

(૪) રાત દિવસ વૈષ્ણવે સેવામાં પરોવાયેલા રહેવું. સેવાના દરેક કાર્યમાં શ્રીઠાકોરજીના સુખનો વિચાર કરવો.

(૫) શ્રીઠાકોરજીને ભોગ આવ્યો હોય અથવા શ્રીઠાકોરજી પોઢ્યા હોય ત્યારે દર્શન ન થાય. આંખો બંધ રાખીને તે સમયે પંખાની સેવા કરાય.

(૬) સેવા ગુરુ-આજ્ઞા પ્રમાણે જ કરવી. ગુરુ-આજ્ઞાથી વિરુદ્ધથી કોઈ આજ્ઞા સાક્ષાત્ પ્રભુ કરે, ત્યારે પણ તેનો વિચાર કરવો. જો તે આજ્ઞા પ્રભુના સુખ માટેની હોય તો તેનું પાલન કરવું; પણ જો તે આજ્ઞા આપણા સુખ માટેની હોય તો તેનું પાલન ન કરવું.

(૭) જ્યારે ભગવાન જીવને જેવી બુદ્ધિ આપે ત્યારે જીવ તેવું કાર્ય કરે છે. તેથી જ ઘણી વાર વૈષ્ણવો સેવા છોડી આમતેમ ભટકતા થાય છે.

(૮) જ્યાં સુધી આપણાં પાપ-પુણ્ય ભોગવાઈ ન રહે, ત્યાં સુધી ભગવદ્-પ્રાપ્તિ થતી નથી.

(૯) આપણા અપરાધમાંથી મુક્ત થવા માટે વિરહતાપ કરવો.

(૧૦) નાના-મોટા કોઈ પણ જીવનો અપરાધ ન કરવો. કોઈને સંતાપ ન આપવો. અપરાધ થવાથી ધર્મ છૂટી જાય છે. અપરાધ ઉત્તમ ભગવદ્‌ધર્મમાં પ્રતિબંધ કરે છે; માટે અપરાધનો સદા ભય રાખવો.

(૧૧) શ્રીમહાપ્રભુજીની આજ્ઞામાં દૃઢ વિશ્વાસ રાખવો.

(૧૨) પુષ્ટિમાર્ગમાં બધા અપરાધોની નિવૃત્તિ શ્રીઠાકોરજીના વિરહથી થાય છે. વિરહથી પ્રભુની પ્રાપ્તિ થાય છે.

વૈષ્ણવ પરિચય :

નામ : ગોપાલદાસ

જ્ઞાતિ : ગૌડ બ્રાહ્મણ

વતન : પ્રયાગ

પરિવાર : અપરિણીત

સેવ્ય સ્વરૂપ : પધરાવ્યું નથી. શ્રીનાથજીની સેવા કરી.

લીલાનું સ્વરૂપ : રસભદ્રા નામે લલિતાજીનાં સખી.

■

૧૫. ભગવદીયના ભાવ મને ભીંજવે રે

(૭૫. કૃષ્ણદાસ અને તેમનાં પત્ની)

નિત્યલીલામાં વ્રજમાં મદન ગોપ હતા. તેમને બે દીકરી. એકનું નામ નંદા, બીજીનું નામ સુભદ્રા. એક દિવસ નંદા અને સુભદ્રાએ જોયું કે સંકેત વનમાં શ્રીઠાકોરજી શ્રીચંદ્રાવલીજીને મળ્યા હતા. બંને સ્વરૂપો ત્યાં ઘણો સમય બિરાજ્યાં હતાં. તેમણે આ વાત બરસાના જઈને શ્રીકીર્તિજીને કરી. કીર્તિજીએ ખિજાઈને કહ્યું : ‘સખીઓ, આવી ચાડીચૂગલી કરવી તે ઠીક નથી. આજ પછી કોઈની વાત કોઈને કહેશો નહિ.

શ્રીચંદ્રાવલીજીએ જયારે આ હકીકત જાણી, ત્યારે તેમણે એ બંને સખીઓને શાપ આપ્યો, તમે પૃથ્વી ઉપર જાઓ.

આથી નંદા સખી ગુજરાતમાં, સાબરકાંઠા જિલ્લામાં આવેલા બાયડ ગામમાં એક બ્રાહ્મણના ત્યાં કૃષ્ણદાસ સ્વરૂપે જન્મી અને સુભદ્રા સખી ચોઈલા ગામમાં એક બ્રાહ્મણના ત્યાં દીકરી બનીને જન્મી.

બાયડ અને ચોઈલા પાસપાસે આવેલાં ગામો છે. કૃષ્ણદાસનો વિવાહ ચોઈલાના આ બ્રાહ્મણની દીકરી સાથે થયો. તેનું નામ સુમિત્રા હતું. બંને મોટાં થતાં તેમનાં લગ્ન થયાં. બંનેનાં કુટુંબની એવી રીત કે તેમના આંગણે આવેલ કોઈ સાધુસંત ખાલી હાથે પાછા ન જાય. સૌનો શક્તિ પ્રમાણે સત્કાર કરે.

એક દિવસ સુમિત્રા બાયડ ગામની પાંચ-દશ સ્ત્રીઓ સાથે ગામ બહાર માટી ખોદવા ગઈ. માટી ખોદતાં ઉપરથી એક મોટી ભેખડ તૂટીને નીચે ધસી આવી. તેમાં બધી સ્ત્રીઓ દબાઈ ગઈ. એ જ વખતે શ્રીમહાપ્રભુજી ત્યાંથી પધારતા હતા. આ દૃશ્ય જોઈ, દયાનિધાન શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવોને આજ્ઞા કરી, ઝટપટ માટી હટાવી દટાયેલા જીવોને બચાવી લો. સૌએ હાથોહાથ માટી હટાવી, સૌને બહાર કાઢ્યાં. બે-ચાર સ્ત્રીઓ બેભાન થઈ ગઈ હતી, તેમના પર શ્રીમહાપ્રભુજીએ વેદમંત્ર ભણીને જળ છાંટ્યું. સૌ ભાનમાં આવ્યાં.

બીજી બાજુ ગામનાં લોકો દોડી આવ્યાં. પોતપોતાની સ્ત્રીઓને તેઓ લઈ ગયાં. સુમિત્રાએ શ્રીમહાપ્રભુજીને દંડવત્ કર્યાં. હાથ જોડીને કહ્યું : 'મહારાજ, આપને જાણતી નથી, પણ આપ જરૂર ભગવાન છો. તે વિના આવી વિપત્તિમાં બીજું કોણ સહાય કરવા આવે? આપ મારે ત્યાં પધારો. મને આપની સેવા કરવા દો.'

'બાઈ, તું દૈવી જીવ છે; તેથી તારે કારણે બીજી સ્ત્રીઓ બચી ગઈ છે.'

કૃષ્ણદાસ મેઘને કહ્યું : 'અમારા સ્વામી સેવકો સિવાય કોઈનું કશું સ્વીકારતા નથી.'

એટલામાં સુમિત્રાના પતિ કૃષ્ણદાસ પણ દોડતા આવી પહોંચ્યા. સુમિત્રાએ તેમને બધી વાત કહી. કૃષ્ણદાસે શ્રીમહાપ્રભુજીને દંડવત્ કરી વિનંતી કરી : 'મહારાજ, અમને બંનેને સેવક કરો. અમારા ઘેર પધારો.'

શ્રીમહાપ્રભુજી તેમના ઘેર પધાર્યા. તેમને બંનેને બ્રહ્મસંબંધ આપી, સેવક કર્યાં. પછી આજ્ઞા કરી : 'તમે વૈષ્ણવ-સેવા કરી છે. આ રસ્તે જે આવતાં-જતાં હોય તેમની સેવા કરજો.' તેમને શ્રીનવનીતપ્રિયજીનાં વસ્ત્રની સેવા પધરાવી આપી. ત્યાંથી શ્રીમહાપ્રભુજી દ્વારકા પધાર્યા.

એક દિવસ દશ-પંદર જેટલા વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરવા અડેલ જતા હતા. તેઓ કૃષ્ણદાસને ત્યાં આવ્યા. કૃષ્ણદાસ ઘેર ન હતા. ઘરમાં સીધુ-સામગ્રી પણ ન હતાં. સુમિત્રાએ સૌને પ્રેમથી આવકાર્યા. વિચાર કર્યો, 'ઘરમાં કંઈ છે નહિ. પતિ ઘેર નથી. વૈષ્ણવો ભૂખ્યા જાય, તો વૈષ્ણવધર્મ લોપાય. હવે શું કરવું?'

બહુ વિચાર કરતાં તેમને યાદ આવ્યું. ગામમાં એક દુકાનદાર વાણિયો છે, તે કામાંધ છે. ક્યારેક મારી સામે કામદૃષ્ટિથી જુએ છે. તે કદાચ મદદરૂપ થાય. આવો વિચાર કરી, સુમિત્રા તે વણિકની દુકાને ગયાં. સીધુ-સામગ્રી માગી. વેપારીએ કહ્યું : 'જે માગે તે આપું, પણ બદલામાં તું મને શું આપીશ? તારી પાસે પૈસા તો હશે નહિ!'

'જુઓ શેઠ, મારી પાસે મારા આ દેહ સિવાય બીજું કંઈ જ નથી. તેના બદલામાં મને સીધુ આપો. હું આજ રાત્રે તમને મારો દેહ સોંપવા આવીશ. મારામાં વિશ્વાસ રાખો.'

સુમિત્રા સીધુ-સામગ્રી લઈ ઘેર આવી. સ્નાન કરી રસોઈ કરી. શ્રીઠાકોરજીને ભોગ ધરી, બધા વૈષ્ણવોને પ્રસાદ લેવડાવ્યો. પછી જે મહાપ્રસાદ વધ્યો તે ગાયોને ખવડાવ્યો. તેણે તેમાંથી કંઈ પણ લીધું નહિ. સાંજે કૃષ્ણદાસ ઘેર આવ્યા. વૈષ્ણવોને મળી ઘણા પ્રસન્ન થયા. વૈષ્ણવોએ વિદાય માગી. તેમણે ભારે હૈયે વિદાય આપી.

કૃષ્ણદાસે સુમિત્રાને પૂછ્યું : 'શું વૈષ્ણવો આપણા ઘેરથી ભૂખ્યા ગયા?'

'ના, તેઓ મહાપ્રસાદ લઈને વિદાય થયા છે. તમે ચિંતા કરશો નહિ.'

'પણ આજ સવારે હું ગયો ત્યારે તો ઘરમાં અનાજનો એક દાણો પણ હતો નહિ. આપણે એટલાં બધાં ગરીબ છીએ કે કોઈ આપણને ઉધાર આપે એવું ગામમાં છે નહિ. તો તેં વૈષ્ણવોને કેવી રીતે મહાપ્રસાદ લેવડાવ્યો?'

સુમિત્રાએ બધી હકીકત કહી, તે સાંભળી કૃષ્ણદાસ ઘણા પ્રસન્ન થયા, 'તને ધન્ય છે, તેં આપણો ધર્મ રાખ્યો.' રાત પડી. કૃષ્ણદાસે સુમિત્રાને કહ્યું : 'તું વાણિયાને જે વચન આપીને આવી છે, તેનું પાલન કરવું જોઈએ. વૈષ્ણવ કદી છેતરપિંડી કરે નહિ. વાણિયાએ આપણો ધર્મ રાખ્યો છે, તો આપણે તેને દગો ન દેવાય. તું તૈયાર થઈને જઈ આવ.'

સુમિત્રા તૈયાર થયાં. ત્યાં ધોધમાર વરસાદ વરસવા લાગ્યો. અંધારું થઈ ગયું. કૃષ્ણદાસે કહ્યું : 'રસ્તામાં કીચડ હશે. તારું શરીર ગંદું થાય, માટે તું મારા ખભે બેસી જા, હું તને તેના ઘેર મૂકી જઉં છું.'

કૃષ્ણદાસ સુમિત્રાને ખભે બેસાડી વણિકના ઘેર લઈ ગયા. સુમિત્રાએ કમાડ ખખડાવ્યું. વાણિયો મનમાં રાજી થતો થતો પાણીનો લોટો લઈને બહાર આવ્યો અને બોલ્યો : 'આવ સુમિત્રા. આવા વરસાદમાં પણ તેં બોલેલું પાળ્યું ખરું! પગ કીચડથી ખરડાયા હશે. લે આ પાણી, પગ ધોઈ લે.'

'મારા પગ કોરા છે, ધોવાની જરૂર નથી.'

'આવા વરસાદમાં તારા પગ કોરા કેવી રીતે રહ્યા?'

'તારે તે વાત સાથે કોઈ મતલબ નથી. તું તારું કામ કર.'

'ના. મને પહેલાં એ બતાવ કે તારા પગ કોરા કેવી રીતે રહ્યા?'

સુમિત્રાએ બધી હકીકત કહી. આ સાંભળી વાણિયાને ભારે નવાઈ લાગી. તેણે કહ્યું : 'તમને પતિ-પત્ની બંનેને ધન્ય છે. તમે એકબીજાંને સાચું કહો છો.

તારો પતિ પોતે તને મારે ત્યાં લઈ આવે છે. સીધુ લેવા માટે તેં તારી જાત મને સોંપવાની તૈયારી બતાવી. બદલામાં બીજું કશું તું માગતી નથી. આ બધું શું છે? મને સાચેસાચું કહે.'

સુમિત્રાએ બધી હકીકત કહી. તેણે કહ્યું : 'મારા ઘેરથી વૈષ્ણવો ભૂખ્યા જાય, તો તો અમારું જીવવું નકામું કહેવાય. લોહી-માંસના આ શરીરને જો વૈષ્ણવોની સેવામાં વેચવો પડે તોયે શું? માટે મેં તને આ વચન આપ્યું હતું.'

આ બધું સાંભળતાં વાણિયાને પોતાના કામાંધ સ્વભાવ માટે ઘણો પસ્તાવો થયો. તે સુમિત્રાને પગે પડ્યો. તેણે કહ્યું : 'આજથી તું મારી ધર્મની બહેન છે. મારો અપરાધ ક્ષમા કર.' બહેન તરીકે તેણે સુમિત્રાને એક નવી સાડી ઓઢાડી. પછી તે જાતે સુમિત્રાને તેના ઘેર પાછી મૂકી આવ્યો.'

તેણે કૃષ્ણદાસને પગે પડીને કહ્યું : 'હું મહાપાપી છું, મારો અપરાધ ક્ષમા કરો. તમારી પત્ની મારી ધર્મની બહેન છે. તમે મારા પૂજ્ય છો. મને સંસારના દુઃખમાંથી છોડાવો.'

'ભાઈ, હું કોઈને સેવક કરતો નથી. અમે શ્રીમહાપ્રભુજીનાં સેવક છીએ. તેઓ દ્વારકાથી પાછા પધારતાં અહીં પધારશે, ત્યારે તમે સેવક થજો.'

શ્રીમહાપ્રભુજી પાછા પધાર્યા, ત્યારે તે વાણિયાએ આવી દંડવત્ કર્યાં. પોતાના અપરાધની ક્ષમા માગી. શ્રીમહાપ્રભુજી તેને સેવક કર્યો.

શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણદાસ અને સુમિત્રાને આજ્ઞા કરી, 'તમને ધન્ય છે. તમે વૈષ્ણવોની સેવા તન-મન-ધનથી કરી છે. તમારા સંગથી આ વણિક પણ વૈષ્ણવ બન્યો છે. વૈષ્ણવ-સેવા સર્વોત્તમ છે, તે હમેશાં કરતાં રહેજો, તેનાથી શ્રીઠાકોરજી તમારા ઉપર પ્રસન્ન રહેશે.'

●

સિદ્ધાંત નવનીત

(૧) શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની સેવા શુદ્ધ અને નિષ્કપટ ભાવે કરવી. વૈષ્ણવની સેવા અત્યંત દુર્લભ છે. જીવ શ્રીઠાકોરજીનો અને ગુરુનો દાસ થઈને સેવા કરે, પરંતુ વૈષ્ણવના દાસ બનીને વૈષ્ણવની સેવા કરવી એ ખરેખર વધારે કઠણ છે.

(૨) કૃષ્ણદાસજીની આ વાર્તા ઘણી વિચારણા માગી લે છે. કોઈ પણ વાતનું વગર સમજ્યે અનુકરણ ન કરી શકાય. કૃષ્ણદાસજી અને તેમનાં પત્ની મહાભગવદ્-ભક્ત હતાં. તેમનામાં વૈષ્ણવ-ધર્મ દૃઢ બન્યો હતો, માટે શ્રીઠાકોરજીએ તેમના લૌકિક ને અલૌકિક બંને ધર્મ સાચવ્યા. આપણા જેવા સામાન્ય વૈષ્ણવોએ તેમની ક્રિયાનું વગર સમજ્યે અનુકરણ ન કરવું. તેમ કરવા જતાં પતિત થવાય.

●

વૈષ્ણવ પરિચય :

નામ : કૃષ્ણદાસ

જ્ઞાતિ : બ્રાહ્મણ

વતન : સાબરકાંઠા જિલ્લાનું બાયડ ગામ.

પરિવાર : પત્ની. તેમનું સુમિત્રા નામ કલ્પિત છે. વાર્તામાં નામ જણાવેલું નથી. તેઓ બાજુના ચોઈલા ગામનાં હતાં.

સેવ્ય સ્વરૂપ : શ્રીનવનીતપ્રિયજીના વસ્ત્રની સેવા.

લીલાનું સ્વરૂપ : કૃષ્ણદાસ - નંદા સખી, સુમિત્રા - સુભદ્રા સખી. બંને શ્રુતિરૂપાઓ છે.

વણિક વૈષ્ણવ તેલી નામનો ગોપ.

■

૧૬. ધન અને ધર્મ

(૭૬. સંતદાસ ચોપડા)

આગ્રાના એક લખપતિ ક્ષત્રિય પાસે બધું હતું, પણ પુત્ર નહોતો. પુત્ર માટે એને ઘણી લાલસા રહેતી. એણે સાધુ-સંતોની સેવા કરવા માંડી. પ્રભુ પ્રસન્ન થયા. સ્વપ્નમાં જણાવ્યું કે 'ચિંતા કરીશ નહિ. તારે ત્યાં હરિભક્ત પુત્ર થશે.' એને બહુ આનંદ થયો. પુત્ર થયો. એનું નામ સંતદાસ રાખ્યું. સંતોની સેવાનું એ ફળ હતું ને?

પુત્ર મોટો થયો. ભારે ધામધૂમથી એનાં લગ્ન કર્યાં. અમુક સમય પછી પિતા હરિશરણ થયા, ત્યારે બધી સંપત્તિ પુત્રના હાથમાં આવી. મોટી મોટી દુકાનો ચાલતી હતી. એની જવાબદારી અને જંજાળ મોટી હતી. સંતદાસનું મન તો પહેલેથી જ ભગવાનમાં હતું. પ્રભુપ્રાપ્તિની ઝંખના રહ્યા કરતી. ધનનો મોહ નહોતો. એટલે ધંધા-રોજગારની જંજાળ એમને ફાવી નહિ. કથાવાર્તામાં એમની વિશેષ પ્રીતિ રહેતી.

આગ્રાના ક્ષત્રિયોમાં કેટલાક વૈષ્ણવ થયેલા હતા. સંતદાસે એક વૈષ્ણવ સંબંધીને પૂછ્યું : 'ભાઈ, સરસ કથાવાર્તા સાંભળવી હોય તો ક્યાં જવું?'

વૈષ્ણવે સલાહ આપી : 'આપણા સંબંધી કનૈયાલાલ ક્ષત્રિયને ઘેર શ્રીવલ્લભાચાર્યજી પધારેલા છે. મોટા વિદ્વાન છે. કથાવાર્તા ઘણી સરસ કહે છે. હું તો રોજ જાઉં છું, ભાઈ!'

'ત્યારે મનેય બોલાવતા જજો ને!' સંતદાસે કહ્યું.

બપોરનો સમય હતો. બંને જણ કનૈયાશાલને ત્યાં પહોંચ્યા. આપશ્રીની કથા સાંભળી સંતદાસને અજબ આકર્ષણ થયું. વિનંતી કરી : 'કૃપાનાથ, આપ મારે ઘેર પધારવા કૃપા કરશો?'

આપશ્રી પધાર્યા. એમની વિનંતીથી પતિ-પત્ની બંનેને શરણે લીધાં. પછી રસોઈ કરી, ભોગ ધરી, પોતે ભોજન કરીને, જૂઠણની પાતળો ધરી. બંનેએ મહાપ્રસાદ લીધો.

ભોજન પછી આપશ્રી એકલા બિરાજતા હતા, ત્યાં સંતદાસ ગયા. પ્રેમથી દંડવત્ કરીને બેઠા. મનમાં આજે પ્રબળ ભાવાવેશ થયેલો છે. શ્રીવલ્લભ ઘેર પધારેલા છે, પછી આનંદમાં શું બાકી હોય! મનમાં વિચારો ચાલી રહ્યા છે : જીવનની ખરી સાર્થક્તા હવે થશે, પણ મારે કઈ રીતે જીવન ગાળવું; તે તો આપશ્રીને પૂછી લઉં!

'કૃપાનિધાન! શરણે લેવાની કૃપા કરી. હવે મન વધારે ને વધારે પ્રભુમાં લાગે, ભગવાન કંઈ અનુભવ જતાવે, સંસારની માયા-સુખદુ:ખ - બાધા ન કરે, એવી કૃપા કરો. પ્રભુ! ધન ઘણું છે. સાથે વેપાર-રોજગારની જંજાળ પણ વધી છે. સંસારના આ બધા બખેડામાંથી ચિત્ત કેમ નીકળશે? પ્રભુમાં કેમ કરીને લાગશે?'

શરણે આવતાં જ આવો ભાવ થયેલો જોઈને આપશ્રી અધિક પ્રસન્ન થયા. પોતે આજ્ઞા કરી : 'સંતદાસ, તમને શ્રીઠાકોરજીની સેવા પધરાવી આપું છું. ચિત્ત પરોવીને સેવા કરજો અને સ્વમાર્ગના સુંદર ગ્રંથો આપું છું, એનું પઠન-મનન કરતા રહેજો. વળી ધનની બાધક્તાની તમને ચિંતા થાય છે ને! આપણા પ્રભુ એવા છે કે જેના પર વિશેષ કૃપા કરવા ધારે તેના ધનનું પોતે ક્રમેક્રમે હરણ કરે છે, 'યસ્યાહમનુગૃહ્ણામિ, હરિષ્યે તદ્ધનં શનૈઃ ।।' (શ્રીમદ્ ભાગવત) અને ધનની સાથે એનું મન પણ હરાઈ જાય છે. તનથી સેવા, મનથી સ્મરણ અને ધનથી જે બને તે અલૌકિક વિનિયોગ કરાવતાં, ચિત્ત અવશ્ય પ્રભુમાં લાગી જશે. મનનો નિરોધ સિદ્ધ થશે. તમારું દૈવી દ્રવ્ય તો અલૌકિકમાં જશે. આસુરી દ્રવ્યને પ્રભુ કોઈ ને કોઈ પ્રકારે દૂર કરશે. ચિંતા ન કરશો.'

'પ્રભુ, પણ અત્યારે મારું કર્તવ્ય શું?' એમણે વિનંતી કરી.

'ખરી વાત કહું! જુઓ, તમારે માટે ભગવદિચ્છા એવી છે કે થોડા સમયમાં ઘણું બધું ધન જતું રહેવાનું છે; પણ તે પહેલાં તમે જેટલા ધનનો અલૌકિક વિનિયોગ કરાવી દેશો, એટલું ધન બચી જશે - સાર્થક થશે.' આપે આજ્ઞા કરી.

સંતદાસના ચિત્તમાં પ્રકાશ પથરાયો. શ્રીવલ્લભની વાણીમાં એમને દૃઢ વિશ્વાસ હતો. પછી આપશ્રી તો અન્યત્ર પધાર્યા.

(૨)

સંતદાસ ખૂબ પ્રેમથી સેવા-સ્મરણ કરવા લાગ્યા. પોતાની અઢળક

સંપત્તિમાંથી સુવર્ણનાં રત્નજટિત આભૂષણો, સોનાચાંદીનાં પાત્રો, વસ્ત્રોના સાજ વગેરે ઘણુંબધું બનાવડાવ્યું. કેટલુંક ઘરના ઠાકોરજી માટે રાખ્યું. કેટલુંક શ્રીનાથદ્વારા મોકલાવ્યું. બીજું કેટલુંક શ્રીમહાપ્રભુજીને ત્યાં પહોંચાડ્યું. વધુમાં વધુ બને તેટલો ધનનો અલૌકિક વિનિયોગ કરાવવા પાછળ એ લાગી ગયા. પ્રભુને વિવિધ સામગ્રીઓ આરોગાવી, વૈષ્ણવોને બોલાવી મહાપ્રસાદ લેવડાવે છે. રાત્રે મંડળીમાં પ્રસાદ વાંટે છે. આમાં એમને ઘણો આનંદ આવે છે.

આમ કરતાં અમુક સમય થયો; ત્યાં તો આપશ્રીની આગાહી સાચી પડતી જણાઈ. એક પછી એક વેપારમાં ખોટ આવતી ગઈ. વળી ચોરીઓ થઈ, તેમાં ઘણું ગયું. રાજાએ મોટી રકમો વેરા પેટે વસૂલ લેવા માંડી. દુકાનો ક્રમેક્રમે બંધ થતી ગઈ. નોકર-ચાકર-ગુમાસ્તાઓને રજા અપાઈ ગઈ. પછી તો માત્ર જૂજ મૂડી રહી. ફક્ત ચોવીસ ટકાની પૂંજી! કેવી નવાઈની વાત!

શ્રીઠાકોરજીમાં વૈભવ વધારેલો તે તો અકબંધ રહ્યો. એમાં જરાયે ઊણપ ન આવી.

ધન જતું ગયું તેમ તેમ એમનો ભાવ અને મનનો આનંદ પણ વધતો ગયો! આ વળી વિશેષ નવાઈ જેવું! લૌકિક જીવોને તો ધન જાય, ત્યારે પ્રાણત્યાગ સમાન દુઃખ થાય. કેટલાક તો આત્મઘાત પણ કરી બેસે છે!

ભગવદ્-ભક્તોની વાત જગતના જીવોથી જુદી છે. સંતદાસને ધન જવાનો જરાયે રંજ નહોતો. એમના મનમાં તો 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાલ' જેવું જ કંઈ આવ્યા કરતું હતું.

શ્રીઠાકોરજીને તો પહેલાંની જેમ જ રાજભોગ વગેરે ધરાતો, પણ સંતદાસ એમાંથી કશું લેતા નહિ. પ્રભુને નામે કરાયેલી સંપત્તિમાંથી કંઈ પણ કેમ લેવાય!

પોતે ચોવીસ ટકાની મૂડીમાં નવો ધંધો શરૂ કર્યો. કેવો ધંધો? પોતાના ઘર પાસે 'સેઉનું બજાર' હતું. ત્યાં રસ્તાની બાજુમાં કોડીઓ લઈને બેસતા. કોડીઓ સામટી મંગાવી રાખતા, જેથી સસ્તી પડે. કપડું પાથરી તેના પર કોડીઓની ઢગલીઓ કરે અને છૂટક વેચે. એ જમાનામાં કોડીઓનું ચલણ હતું. જેમ રૂપિયાનું પરચૂરણ લઈ જાય, તેમ પૈસો મૂકીને લોકો કોડીઓ લઈ જતા. એમાં જૂજ વટાવ રહેતો, એ એમનો નફો.

સેવાથી પરવારી ચારેક કલાક કોડી વેચવા બેસતા. પોતે બેઠા બેઠા પુસ્તક વાંચ્યા કરે કે ગ્રંથનો પાઠ કર્યા કરે. કોઈની સાથે બોલે પણ નહિ. સાંજ પડ્યે અઢી પૈસા જેટલી કમાણી થાય, એટલે ઊભા થઈ જાય.

અગાઉના આબરૂદાર અને માતબર વેપારીને આમ કરવાનાં જરાયે સંકોચ પણ થતો ન હતો. જેને લોકપ્રતિષ્ઠાનો મોહ નથી, તેને શા માટે સંકોચ થાય! એ ખૂબ પ્રસન્ન રહેતા. લોકો જાણી ગયેલા કે આ તો મહાત્મા છે. વગર બોલ્યે એમનો વેપાર ચાલ્યા કરતો.

એ અઢી પૈસાની આવકમાંથી રસોઈ કરીને જુદો ભોગ ધરીને; એ સાદી રીતે પોતાનો નિર્વાહ કરતા. જમાનો અતિશય સોંઘવારીનો હતો, જે જાણીને આપણને નવાઈ લાગે. (કહે છે કે શ્રીમહાપ્રભુજીએ એક રૂપિયામાં શ્રીજીને અન્નકૂટ આરોગાવેલો!)

અનાજ બહુ સસ્તું આવતું. એક પૈસાના બશેર ચણા અથવા દોઢ શેર ઘઉં મળે. સંતદાસ થોડાક શેકેલા ચણા ઉત્થાપનમાં ધરતા. તે રાત્રે મંડળીમાં વાંટતા. એમની ભાવનાનો સ્વાદ એ પ્રસાદમાં એવો તો આવતો કે વૈષ્ણવો સરાહના કરતા. એ પ્રસાદ લેવા માટે કેટલીક વાર તો સ્વયં મહાદેવજી પણ એ મંડળીમાં આવતા.

ગૌડ દેશના ભગવદીય દીવાન નારાયણદાસે જયારે સંતદાસજીના દ્રવ્યસંકોચની વાત જાણી, ત્યારે એમણે સો સોનામહોરની હૂંડી એમના પર મોકલી; પરંતુ ત્યાગભાવનાનાને વરેલા સંતદાસજીએ એ હૂંડી પોતે રાખી નહીં. સીધી શ્રીગુસાંઈજીને જ મોકલી દીધી.

સંતદાસના હૃદયમાં વિવેક, ધૈર્ય અને આશ્રય ત્રણે દૃઢ થઈ ગયાં હતાં. સેવા અને સ્મરણમાં અહર્નિશ મગ્ન રહેતા. હરિ-ગુરુ-વૈષ્ણવમાં એમને અત્યંત પ્રેમ હતો.

(૩)

એક વાર એવું બન્યું કે ચાચા હરિવંશજી કાર્ય પ્રસંગે આગ્રા આવ્યા, ત્યારે છારછૂ દરવાજે એમને રૂપચંદનંદા મળી ગયા. ચાચાજીને જોઈને એમને ઘણો આનંદ થયો. વિનવણી કરી : આપ મારે ઘેર પધારો.

ચાચાજીએ કહ્યું : 'સંતદાસજીને ત્યાં જઈશ.'

રૂપચંદ નંદા કહે : 'ત્યાં તો દરેક વખતે જાઓ છો, આજે મારું ઘર પાવન કરો, પધારો. ચાચાજી શરમમાં વધુ કંઈ બોલી શક્યા નહિ. એમને ઘેર ગયા. સ્નાનાદિ કરીને પ્રસાદ લીધો.

કોઈ વૈષ્ણવે આ વાત સંતદાસજીને કહી. એ તો ખેદ કરવા લાગ્યા, 'અરે રે, મારો એવો શો અપરાધ પડ્યો હશે કે ચાચાજી અહીં આવ્યા નહિ!' સ્ત્રીને પણ પૂછ્યું : 'ગઈ વખતે તારાથી કંઈ અનુચિત વચન તો બોલાયું નહોતું ને? ચાચાજી બીજે કેમ ગયા?' - સ્ત્રીનો પણ ઘણો ખેદ થયો. એ પણ કંઈ કારણ સમજી શકી નહિ.

રાજભોગ થઈ ગયા. બેમાંથી કોઈએ પ્રસાદ લીધો નહીં. સંતદાસજી વ્યાવૃત્તિ માટે બજારમાં ગયા. કહેતા ગયા કે 'ચાચાજી આવે તો મને તરત જ બોલાવજે.'

સાંજે ઘેર આવ્યા. જાણ્યું કે ચાચાજી આવ્યા નથી. શયનપર્યન્ત સેવા પહોંચ્યાં, પણ પ્રસાદ લીધો નહિ. બંને જણ ભૂખ્યાં સૂઈ ગયાં. ઊંઘ આવતી નથી, મનમાં થયા કરે છે : અરે રે, ભગવદીય આપણા પર કેમ અપ્રસન્ન થયા હશે?

ત્યાં ચાચાજી સૂઈ ગયા છે. મધ્યરાત્રિ થઈ હશે, ત્યાં તો શ્રીગુસાંઈજીએ એમને દર્શન આપીને આજ્ઞા કરીઃ 'હરિવંશજી, તમે કેવું અનુચિત કર્યું! તાતચરણના કૃપાપાત્ર સંતદાસજીને ખેદ કરાવ્યો! બંને જણ તમારી રાહ જોતાં ભૂખ્યાં સૂઈ ગયાં છે!'

ચાચાજી સફાળા ઊભા થઈ ગયા. રૂપચંદ નંદાને કહે : 'હું જાઉં છું. તમે કમાડ બંધ કરજો.'

'અરે ભાઈ, અર્ધી રાતે ક્યાં જશો?' એમણે પૂછ્યું.

'સંતદાસજીને ઘેર.' એટલું કહેતાં જ એ તો ઊપડ્યા. આવીને સંતદાસજીનું ઘર ઉઘડાવ્યું. પરસ્પર ભેટ્યા. પોતાની ભૂલ માટે ક્ષમા માગી. પછી કહેવા લાગ્યા : 'ભાઈ, મને ભૂખ લાગી છે. આપણે ત્રણે જણ નાહી લઈએ, મહાપ્રસાદ લઈએ.'

સંતદાસજી કહે છે : 'પ્રસાદ ઠંડો થઈ ગયો છે, કાલે સવારે લઈશું!'

ચાચાજી કહે : 'ના, ભાઈ. અત્યારે જ લેવો છે.' એ જાણતા હતા કે બંને જણ આખા દિવસનાં ભૂખ્યાં છે.

ત્રણે જણે આનંદથી પ્રસાદ લીધો. પ્રસાદ એવો ને એવો સુંદર રહ્યો હતો. પછી સંતદાસજી અને ચાચાજી ભગવદ્-વાર્તા કરવા બેઠા. એમાં રાત્રિ વીતી ગઈ. સ્ત્રીએ જોયું કે બંને જણ વાર્તાના રસમાં મગ્ન છે. એણે નાહી લીધું. રાજભોગ પર્યન્ત સેવા પહોંચી. પછી કહેવા આવી, પણ એનું સાંભળે કોણ? બહારની સુધબુધ હતી જ નહિ.

સાંજે શયનભોગ સરાવીને કહેવા ગઈ. ત્યારે જરા શુદ્ધિમાં આવેલા. પૂછવા લાગ્યા : 'રાજભોગ વખતે કેમ ખબર ન આપી?'

સ્ત્રી કહે : 'તમે અહીં હતા જ ક્યાં કે ખબર આપું. તમે તો કોઈક બીજા જ પ્રદેશમાં જઈ પહોંચેલા - મારાથી ત્યાં અવાય તેમ નહોતું.' રાત્રે સૌએ મહાપ્રસાદ લીધો.

(૪)

સંતદાસજી ઘણાં વર્ષ પર્યન્ત ભૂતલ પર રહ્યા. દર સાલ શ્રીગુસાંઈજીના જન્મદિવસનો આનંદ લેવા એ આપની પાસે જતા જ. એમના ઉપર આપની વિશેષ કૃપા રહેતી.

છેવટે દેહ અશક્ત થયો, ત્યારે જવાનું બંધ થયું. લાગ્યું કે હવે તો લીલામાં જવાની તૈયારી છે, ત્યારે શ્રીગુસાંઈજીને વિનંતીપત્ર લખીને, ચાંપાભાઈ અધિકારીને આગ્રા બોલાવ્યા. શ્રીગુસાંઈજીએ એમની સાથે ચરણામૃત અને મહાપ્રસાદ મોકલ્યાં.

એ આવ્યા ત્યારે સંતદાસજી આખર સ્થિતિમાં હતા. ચાંપાભાઈએ શ્રીગુસાંઈજીનું ચરણોદક લેવડાવ્યું. કણિકા મહાપ્રસાદ આપ્યો. આપશ્રીના આશીર્વાદ કહ્યા. સંતદાસનું મન પ્રસન્ન થયું. પછી ઘરમાં જે હતું તે સર્વસ્વ ચાંપાભાઈને સોંપ્યું, 'આ બધું આપશ્રીનું છે. લઈ જાઓ. આપને સોંપજો. આ ઘર પણ આપશ્રીનું છે, એનું ખતપત્ર પણ લઈ જાઓ.'

પછી ગદ્ગદ કંઠે, હાથ જોડીને વિનંતી કરી : 'ચાંપાભાઈ, આ દાસને આપશ્રી કૃપાપૂર્વક યાદ કરે એટલી વિનંતી કરજો.'

આગ્રાના વૈષ્ણવો તેમજ સંબંધીઓ એકઠાં થઈ ગયાં હતાં. કોઈએ કહ્યું : 'સંતદાસજી હવે આખર સમય છે. કહો તો તમને રેણુકા તીર્થ લઈ જઈએ અથવા મથુરા મોટું તીર્થક્ષેત્ર છે ત્યાં જઈએ.' એ સમયમાં એવો રિવાજ હતો.

સંતદાસજી કહે છે : 'ભાઈ, તીર્થ મને શું કૃતાર્થ કરવાનું છે! જન્મભર ભગવદાશ્રય કરીને હવે તીર્થનો આશ્રય કરું? શ્રીગુસાંઈજી મારું સર્વસ્વ છે. મારે ક્યાંય જવું નથી.'

ત્યારે કોઈએ કહ્યું, 'શ્રીમદ્ ગોકુલ લઈ જઈએ તો!'

સંતદાસજીએ કહ્યું, 'ના, ભાઈ, ના. શું આ દેહની રાખ ઉડાડવા હવે ગોકુલ જાઉં! એ તો પ્રભુનું લીલાધામ છે. તમે બધાં ભગવન્નામ લો.'

ત્યારે કોઈ રાસ-પંચાધ્યાયીનો પાઠ કરવા લાગ્યા. કોઈએ અષ્ટાક્ષરની ધૂન લગાવી. કોઈ ધોળ-કીર્તન બોલતા રહ્યા. કેટલોક સમય આવી રીતે પસાર થયો. છેવટે સંતદાસજી બોલ્યા : 'ભાઈઓ, મારી એક વાત સાંભળો. જુઓ, એક વખત શ્રીગુસાંઈજીનો જન્મદિવસ હતો ત્યારે હું ગોકુલ ગયેલો. વૈષ્ણવો વધાઈમંગલ ગાઈ રહ્યાં હતાં. આપશ્રીને કેશરસ્નાન થઈ ગયાં હતાં. કેસરી ધોતી અને કેસરી ઉપરણો આપે ધર્યાં હતાં.

મેં જઈને સાષ્ટાંગ દંડવત્ કર્યાં. પોતે મંદ હાસ્યપૂર્વક દર્શન આપ્યાં અને પૂછયું : 'સંતદાસ, તમે ક્યારે આવ્યા?' એમ કહેતાં પોતાનું ચરણોદક આપ્યું.

મેં હાથ જોડીને વિનંતી કરી : 'કૃપાનાથ! આપનાં દર્શને હમણાં જ ચાલ્યો આવું છું.' બસ, આટલું બોલતાં જ એમણે દેહ છોડી દીધો.

કેવું અંતિમ સ્મરણ! જ્યાં મતિ ત્યાં ગતિ, એ તો સ્પષ્ટ જ છે! લૌકિક દેહ છોડીને એ અલૌકિક સ્થાનમાં ચાલ્યા ગયા. આવા હતા પરમ કૃપાપાત્ર, બડભાગી ભગવદીય, આપણા સંતદાસજી!

●

દરરોજ રાત્રે સંતદાસજીના ઘેર ભગવદ્-વાર્તા વંચાય. આગ્રાના બધા વૈષ્ણવો ભેગા થાય, ત્યારે મહાદેવજી પણ ગુપ્ત સ્વરૂપે ત્યાં આવે. દ્વાર પાસે બેસીને રોજ ભગવદ્-વાર્તા સાંભળે. કોઈ તેમને જાણે નહિ.

આગ્રામાં શ્રીગુસાંઈજીના સેવક એક શ્રીમંત વૈષ્ણવ હતા. તેમને પોતાના પૈસાનું ઘણું અભિમાન હતું. તેમણે સાંભળ્યું કે સંતદાસજીના ઘેર રોજ રાતે વૈષ્ણવો ભગવદ્-વાર્તા સાંભળવા ભેગા થાય છે. ત્યાં ભગવદ્-વાર્તા પછી મહાપ્રસાદમાં ચણા વંટાય છે.

આ સાંભળીને શેઠે કેટલાક વૈષ્ણવોને કહ્યું : 'મારા ત્યાં વૈષ્ણવો ભેગા થાય એમ કરો. ગામમાં હું આગેવાન અને શ્રીમંત છું. વૈષ્ણવ મંડળી તો મારા જેવાના ઘેર શોભે. હું રોજ ઠૉર અને લાડુ વાંટીશ.' શેઠે બધા વૈષ્ણવોને ભગવદ્-વાર્તામાં તેમના ત્યાં આવવા આમંત્રણ મોકલ્યું.

જે ખાનપાનના લોભી અને શેઠની ખુશામત કરનારા હતા, તે શેઠના ઘેર ગયા. બાકીના તો ભગવદ્-વાર્તાના લોભી હતા. તે બધા તો દરરોજની જેમ સંતદાસજીના ઘેર જ ગયા. પંદરેક દિવસ સુધી આ ક્રમ ચાલ્યો.

શેઠે વિચાર કર્યો, હું ઠૉર અને લાડુ વાંટું છું, છતાં બધા મારા ઘેર કેમ આવતા નથી? તેમણે કેટલાક વૈષ્ણવોને આ પ્રશ્ન પૂછયો. શેઠને જવાબ મળ્યો કે સંતદાસજીના ત્યાં ભગવદ્-વાર્તા અને કીર્તનોનું સુખ ઘણું છે, જે તમારા ત્યાં નથી. માટે બધા વૈષ્ણવ ત્યાં જાય છે. આ સાંભળીને શેઠે વિચાર કર્યો, હું પણ એક દિવસ સંતદાસના ત્યાં જાઉં અને જોઉં કે ત્યાં કેવી રીતે ભગવદ્-વાર્તા-કીર્તન થાય છે. પછી તે પ્રમાણે હું મારા ઘેર પણ ગોઠવીશ.

તેઓ પોતાના બે-ચાર મળતિયા વૈષ્ણવોની સાથે સંતદાસજીને ત્યાં ભગવદ્-વાર્તામાં ગયા, પણ તેમને કંઈ સમજણ પડી નહિ; એટલે ઊંઘ આવી ગઈ. કથાવાર્તા પૂરી થયા પછી પ્રસાદ વંટાયો. શેઠને પણ જગાડીને ચણાનો પ્રસાદ આપ્યો. શેઠે હાથમાં લીધો ખરો, પણ ખાધો નહીં. તેઓ ઊભા થયા, ત્યારે જોડા પહેરતાં પહેલાં ત્યાં ખૂણામાં તે પ્રસાદ પધરાવી દીધો. ત્યારે મહાદેવજી તે વીણવા લાગ્યા. બે-ચાર વૈષ્ણવોએ તેમને ચણા લેતા જોયા, એટલે ચોર-ચોર કરી બૂમ પાડી.

સંતદાસજીએ કહ્યું : 'વૈષ્ણવો, ભગવદ્-વાર્તામાં ચોર શા માટે આવે? મારા ઘરમાં ચોરવા જેવું છે પણ શું? આપણે એમને જ પૂછીએ.'

સંતદાસજીએ મહાદેવજીને પૂછયું : 'સાચું કહો, તમે કોણ છો?'

'સંતદાસજી, તમે મહાન ભગવદીય છો, એટલે તમને સાચું કહીશ. પણ પહેલાં આ બધાંને જવા દો.'

બધા વૈષ્ણવો ગયા એટલે મહાદેવજીએ કહ્યું, 'હું શંકર છું. દરરોજ આમ સંતાઈને ભગવદ્-વાર્તા સાંભળું છું. મને ઠાકોરજીના પ્રસાદની ઘણી ઈચ્છા હોય

છે, પણ મળતો નથી. આજે પેલા શેઠે ધરતી ઉપર પ્રસાદ પધરાવ્યો, તેથી હું વીણું છું. મહાપ્રસાદ અજાણતાંમાં પણ પગ નીચે આવે, તો અપરાધ થાય. પ્રસાદ તો પ્રભુ-સ્વરૂપ છે.'

'મહાદેવજી; આપ દ્વાર પાસે કેમ બેસો છો? કાલથી અંદર બેસજો.'

'સંતદાસજી, તમે સૌ પુષ્ટિમાર્ગીય ભક્તો છો. હું મર્યાદામાર્ગીય ભક્ત છું. તમે રસમગ્ન થઈ શ્રીઠાકોરજીની લીલાઓનું ગાન કરો છો, તેથી તે સાંભળવાનો મારો અધિકાર નથી. મારો જેટલો અધિકાર છે તેટલું જ હું સાંભળું છું, માટે દૂર બેસવું મારા માટે ઉચિત છે.'

●

સિદ્ધાંત નવનીત

(૧) ધનનો ઉપયોગ ભગવદ્-સેવામાં થવો જોઈએ. જે ધન લૌકિકના ઉપયોગમાં વપરાય, તે આસુરી ધન છે. જે સેવામાં વપરાય તે દૈવી દ્રવ્ય છે. સેવા કાજે ધનનું રક્ષણ કરવું, પણ ધન માટે લોભ કરવો નહિ કે ધનમાં મનને રોકવું નહિ.

(૨) જે દ્રવ્ય શ્રીઠાકોરજીને ભેટ ધરાય, તે દેવદ્રવ્ય કહેવાય. તેમાંથી શ્રીઠાકોરજીને માટે સામગ્રી સિદ્ધ થાય અને ભોગ ધરાય, પણ તે દેવદ્રવ્યનો મહાપ્રસાદ વૈષ્ણવથી લેવાય નહિ. દેવદ્રવ્ય આપણા પેટમાં જાય, તો મોટો અપરાધ લાગે.

(૩) વૈષ્ણવોનું દ્રવ્ય પણ આપણા ઉપયોગમાં ન લેવાય. પોતાની મહેનતના દ્રવ્યથી જ જીવન-વ્યવહાર ચલાવવો જોઈએ.

(૪) વૈષ્ણવ પ્રસાદ ન લે ત્યાં સુધી આપણાથી પ્રસાદ ન લેવાય.

(૫) ભગવદાશ્રય છોડીને તીર્થનો આશ્રય કરવો તે અન્યાશ્રય છે.

વૈષ્ણવ પરિચય :

નામ : સંતદાસ ચોપડા

જ્ઞાતિ : ક્ષત્રિય

વતન : આગ્રા

પરિવાર : પત્ની

સેવ્ય સ્વરૂપ : શ્રીનવનીતપ્રિયજીની વસ્ત્રસેવા.

લીલાનું સ્વરૂપ : ચંદ્રાવલીજીનાં સખી ચંદ્રિકા*.

---

* એક દિવસ ચંદ્રિકા ચંદ્રાવલીજી સાથે યમુના-સ્નાન કરવા ગઈ હતી. તેઓ સ્નાન કરી રહ્યાં, ત્યાં સુધી શ્રીઠાકોરજી ત્યાં પધાર્યા નહિ; તેથી શ્રી ચંદ્રાવલીજીએ ચંદ્રિકાને શ્રીઠાકોરજીને શોધવા મોકલી. નંદભવનના દ્વારે તેને શ્રીરાધિકાજી મળ્યાં. શ્રીરાધિકાજીએ પૂછ્યું : ચંદ્રાવલીજી ક્યાં છે? ચંદ્રિકાએ કહ્યું : મને ખબર નથી. શ્રીરાધિકાજીએ કહ્યું : તું જૂઠું બોલે છે, તને અભિમાન છે, માટે તું પૃથ્વી ઉપર જા. આથી ચંદ્રિકા સંતદાસજીરૂપે પૃથ્વી ઉપર જન્મી.

૧૭. તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે...

(૭૭. સુંદરદાસ અને માધવદાસ)

પૂર્વ ભારતમાં શ્રીજગન્નાથજીથી દશ ગાઉ દૂર પીપરી નામે એક ગામ હતું. ત્યાં એક ગંગાપુત્ર બ્રાહ્મણ કુટુંબમાં સુંદરદાસનો જન્મ થયો. તેમનાથી થોડેક દૂર એક સારસ્વત બ્રાહ્મણ કુટુંબ રહેતું હતું. તેમને ત્યાં માધવદાસનો જન્મ થયો. સુંદરદાસ અને માધવદાસ લંગોટિયા મિત્રો હતા. માધવદાસના પિતાને કોઈકે એમ શીખવ્યું હતું કે તમારે પુત્ર નથી, માટે પીરની માનતા રાખો. તેથી માધવદાસના પિતાએ ગામના એક પીરની માનતા રાખી હતી. ત્યાર બાદ માધવદાસનો જન્મ થતાં તેમનો પીરમાં વિશ્વાસ વધી ગયો. તે પીરની ઘણી પૂજા-ઉપાસના કરે. પીર તેમની સાથે વાતો પણ કરે. તેમણે વિચાર કર્યો કે પીરની કૃપાથી દીકરો થયો છે, તો તેનું નામ પીરદાસ રાખું.

પણ તેણે વિચાર કર્યો કે સમાજના લોકો મારી નિંદા કરશે. સારસ્વત બ્રાહ્મણ થઈ હું મુસલમાનના દેવને પૂજું, તો મારી નિંદા જ થાય. માટે તેમણે દીકરાનું નામ માધવદાસ રાખ્યું; પરંતુ મનમાં તો પીર ઉપર જ શ્રદ્ધા હતી. તેથી તેમણે લોકોને બહારથી દેખાડવા કૃષ્ણની એક મૂર્તિ આણી. તેમની બહારથી પૂજા કરે અને તેમને ભોગ ધરે, પણ મનમાં પીરનું રટણ ચાલે. તેઓ પીરને બોલાવે એટલે પીર આવીને મૂર્તિ પાસે ધરેલો બધો ભોગ ખાઈ જાય. માધવદાસ પણ પિતાના પગલે પગલે ચાલવા લાગ્યા. તેમની શ્રદ્ધા પણ પીરમાં ઘણી વધી ગઈ. પિતાના મૃત્યુ પછી તેઓ પણ પિતાની જેમ જ પીરની પૂજા-ઉપાસના કરતા.

સુંદરદાસ જુદા સ્વભાવના હતા. ગામમાં કોઈ સંત-મહંત કે મહાપુરુષ આવ્યાના સમાચાર મળે, એટલે તેમની પાસે દોડી જાય. આખો દિવસ તેમની સેવા કરે. તેમના પગ દબાવે, તેમના માટે પાણી ભરી લાવે, સીધુ લઈ આવે. આમ તેઓ સૌની સેવા કરતા.

એક વખત શ્રીમહાપ્રભુજી જગન્નાથપુરી પધારતાં આ ગામના તળાવ પાસે ઊતર્યા. સુંદરદાસને ખબર પડતાં તેઓ ત્યાં આવ્યા. હાથ જોડીને વિનંતી કરી : મને આપની સેવા આપો.

કૃષ્ણદાસ મેઘને કહ્યું : 'તું વૈષ્ણવ નથી, એટલે અહીં કોઈ વસ્તુને અડીશ નહીં. શ્રીમહાપ્રભુજી પોતાના સેવક સિવાય કોઈની સેવા સ્વીકારતા નથી.'

સુંદરદાસે કહ્યું : 'હું બ્રાહ્મણ છું. અહીં જે મહાપુરુષો આવે છે, તે બધાંની સેવા કરું છું; તો તમે મને શા માટે ના પાડો છો?'

કૃષ્ણદાસે કહ્યું : 'અમે વૈષ્ણવ સિવાય અન્યનો સ્પર્શ કરતા નથી.'

સુંદરદાસ ઊભા રહ્યા. શ્રીમહાપ્રભુજી ત્યાં એક વૃક્ષ નીચે બિરાજ્યા. તેમનાં દર્શન કરતાં સુંદરદાસ ઘણા રાજી થયા. તેઓ ત્યાંથી ખસ્યા નહીં. શ્રીમહાપ્રભુજીએ સ્નાન કરી રસોઈ કરી, ભોગ ધરી, ભોજન કર્યું. પછી સુંદરદાસને દૈવી જીવ જાણી મહાપ્રસાદ આપ્યો. મહાપ્રસાદ લેતાં જ તેમની બુદ્ધિ નિર્મળ થઈ ગઈ. સુંદરદાસે વિનંતી કરી : 'મહારાજ, આપ સાક્ષાત્ ઈશ્વર છો. મને સેવક કરો, જેથી હું તમારી સેવા કરી શકું.'

સુંદરદાસની દીનતા જોઈ શ્રીમહાપ્રભુજીએ તેમને નામમંત્ર આપ્યો. પછી તેમને ચરણસેવા કરવાની આજ્ઞા આપી. સુંદરદાસે આખી રાત પરમ પ્રેમથી ચરણસેવા કરી. રાતમાં બે વખત શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, હવે તમે સૂઈ જાઓ. પણ સુંદરદાસ ન માન્યા. તેમણે વિનંતી કરી : મહારાજ સૂવાનું તો રોજ છે, પરંતુ આપની સેવા ફરી ક્યારે મળશે?

સવારે સુંદરદાસે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી પોતાના ઘેર પધરાવ્યા. શ્રીમહાપ્રભુજીએ તેમને અને તેમનાં પત્નીને બ્રહ્મસંબંધ કરાવ્યું. ઘરમાં લાલનનું સુંદર સ્વરૂપ હતું, તેમને પંચામૃત સ્નાન કરાવી ભોગ ધરી, આપે ભોજન કર્યું. સુંદરદાસ અને તેમનાં પત્નીને મહાપ્રસાદ આપ્યો. સેવાની બધી રીત શીખવી. પછી આપ જગન્નાથપુરી તરફ પધાર્યા.

સુંદરદાસે મનમાં વિચાર કર્યો, માધવદાસ મારો મિત્ર છે. તેને પીરનો અન્યાશ્રય છે. તે શ્રીમહાપ્રભુજીનો સેવક થાય તો સારું. આથી સુંદરદાસે વારંવાર માધવદાસ પાસે શ્રીમહાપ્રભુજીની ઘણી વાતો કરી, પણ માધવદાસનું મન પીગળ્યું નહિ. સુંદરદાસ શાંત રહ્યા.

થોડા દિવસ પછી શ્રીમહાપ્રભુજી પાછા પધાર્યા. સુંદરદાસના ઘેર મુકામ કર્યો. તે સમયે માધવદાસ પણ ત્યાં આવ્યા હતા. શ્રીમહાપ્રભુજીએ ભોગ સરાવ્યા. માધવદાસે જોયું કે મહાપ્રસાદનો થાળ પૂરેપૂરો ભરેલો છે. તેમણે સુંદરદાસને કહ્યું : 'તારા ગુરુના હાથે શ્રીઠાકોરજી આરોગતા નથી. મહાપ્રસાદનો થાળ તો તેમનો તેમ ભરેલો છે. જ્યારે મારા ઘરમાં હું મારા ઠાકોરજીને જે ધરું છું, તે બધું તેઓ ખાઈ જાય છે. એક કોળિયો પણ બચતો નથી.'

'તો પછી તમે શું ખાઓ છું?'

'અમારા ઘર માટે અમે અલગ રસોઈ કરી રાખીએ છીએ.'

'માધવદાસ, આ વાતનો જવાબ તમને સાંજ મળશે. સાંજે આવજો.'

સુંદરદાસે શ્રીમહાપ્રભુજીને આ હકીકત કહી, ત્યારે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, 'એ મૂર્ખ છે. શ્રીઠાકોરજીનો હાથ લાગે તે વસ્તુ ક્યારેય ઘટે નહિ. તેનો નૈવેદ્યનો થાળ પીર ખાઈ જાય છે. પણ તે દૈવી જીવ છે; એટલે તેનો ઉદ્ધાર જરૂર થશે. તમે ચિંતા કરશો નહિ.'

સાંજે માધવદાસ આવ્યા. શ્રીમહાપ્રભુજીએ તેમને પૂછયું : 'તમારા ઘેર ઠાકોરજી બધી સામગ્રી ખાઈ જાય છે.'

'હા, મહારાજ. થાળમાં કશું બચતું નથી.'

'કાલે જ્યારે તમે ભોગ ધરો, ત્યારે અમને સમાચાર મોકલજો. અમે ત્યાં આવીને જોઈશું.'

બીજા દિવસે શ્રીમહાપ્રભુજી માધવદાસના ત્યાં પધાર્યા. મંદિરના દ્વાર પાસે જઈને બિરાજ્યા. માધવદાસ થાળ લઈને આવ્યા. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા લઈ ભોગ ધર્યો. પછી પીરનું સ્મરણ કર્યું, એટલે પીર આવ્યો; પણ દ્વાર પાસે શ્રીમહાપ્રભુજીનું અગ્નિ સ્વરૂપ જોઈ, તે ડરી ગયો. તે પાસે આવી શક્યો નહીં. તેણે હાથ જોડીને કહ્યું: 'મહારાજ, તમારી હાજરી હોવાથી આજે હું ભૂખ્યો રહ્યો છું.'

'આજ સુધી તેં ઠાકોરજીના નામે ઘણું ખાધું છે. હવે ફરી અહીં આવીશ નહીં. આવીશ તો બળીને ખાખ થઈ જઈશ.'

પીર ગભરાઈને ત્યાંથી ભાગી ગયો. સમય થતાં માધવદાસે દ્વાર ખોલ્યાં. જુએ છે તો થાળમાં બધી સામગ્રી જેમની તેમ છે. માધવદાસે શ્રીમહાપ્રભુજીને કહ્યું : 'આપના આવવાથી મારા ઠાકોરજી આરોગ્યા નહીં. તેઓ ભૂખ્યા રહ્યા છે.' શ્રીમહાપ્રભુજી કંઈ બોલ્યા નહિ. આપ સુંદરદાસના ત્યાં પાછા પધાર્યા.

રાત્રે માધવદાસ સૂઈ રહ્યા હતા, ત્યારે વિષ્ણુદૂતોએ આવીને માધવદાસને જમીન ઉપર પટકી, માર મારવો શરૂ કર્યો. માધવદાસ ધ્રૂજતાં ધ્રૂજતાં પૂછવા લાગ્યા, 'તમે મને શા માટે મારો છો? મારો વાંક-ગુન્હો શો છે?'

'તેં શ્રીમહાપ્રભુજીનો અપરાધ કર્યો છે. તેં કહ્યું કે તમારા આવ્યાથી મારા ઠાકોરજી ભૂખ્યા રહ્યા; પણ તને ખબર નથી કે તારો પીર શ્રીમહાપ્રભુજીની હાજરીમાં મંદિરમાં જઈ શક્યો નહિ. તે ભાગી ગયો. રોજ તે પીર જ બધું ઝાપટી જતો હતો. અત્યાર સુધીમાં આજે જ તારા ઠાકોરજી આરોગ્યા છે.'

માધવદાસે કહ્યું : 'મને છોડી દો. હું સવારે શ્રીમહાપ્રભુજી પાસે જઈ, મારા અપરાધની ક્ષમા માગીશ. તેમનો સેવક થઈશ.'

સવારે માધવદાસ શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. પોતાના અપરાધની ક્ષમા માગી. શ્રીમહાપ્રભુજી તેમના ઉપર પ્રસન્ન થયા. તેમના ઘેર પધારી તેમને બ્રહ્મસંબંધ કરાવ્યું. શ્રીઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવી, ભોગ ધરી, પોતે ભોજન કર્યું. પછી માધવદાસને આજ્ઞા કરી, 'ગામમાં જેટલાં વૈષ્ણવ હોય તે બધાંને મહાપ્રસાદ લેવા બોલાવી લાવો.'

'મહારાજ, આ ગામમાં ઘણાં વૈષ્ણવો છે. મહાપ્રસાદ થોડો છે. બધાંને કેવી રીતે પહોંચશે?'

'માધવદાસ તમે મૂર્ખ છો. મહાપ્રસાદનું સ્વરૂપ જાણતા નથી. મહાપ્રસાદ ક્યારેય ઘટે નહિ. મારા આજ્ઞામાં વિશ્વાસ રાખો. બધાંને બોલાવી લાવો.'

તે બધા વૈષ્ણવોને બોલાવી લાવ્યા. શ્રીમહાપ્રભુજીએ દરેક વૈષ્ણવની પાતળમાં મહાપ્રસાદ પધરાવ્યો. સૌએ પેટ ભરીને પ્રસાદ લીધો, છતાં મહાપ્રસાદનો થાળ ભરેલો જ રહ્યો. આ જોઈને માધવદાસને ઘણી નવાઈ લાગી.

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : 'માધવદાસ, વૈષ્ણવને દૃઢ વિશ્વાસ જોઈએ. તો જ પ્રભુમાં આશ્રય થાય અને તો જ ભગવદ્પ્રાપ્તિરૂપી ફળ મળે.

●

સિદ્ધાંત નવનીત

(૧) જીવ ગમે તેવો દુષ્ટ હોય, પણ ભગવદીયના સંગથી તેનો ઉદ્ધાર થાય છે.

(૨) દુષ્ટ મનુષ્યોના સંગથી દુઃસંગ થાય છે અને તેથી દુઃખ મળે છે. સત્સંગ કરવાથી કૃતાર્થ થવાય છે.

(૩) મહાપ્રસાદનું માહાત્મ્ય અનોખું છે, માટે ભાવપૂર્વક મહાપ્રસાદ લેવો.

વૈષ્ણવ પરિચય :

નામ : સુંદરદાસ
જ્ઞાતિ : ગંગાપુત્ર બ્રાહ્મણ
વતન : પીપરી ગામ
પરિવાર : પત્ની
સેવ્ય સ્વરૂપ : શ્રીબાલકૃષ્ણલાલજી
લીલાનું સ્વરૂપ : કુમારિકાના યૂથમાં રાધા સહચરીજીનાં સખી શીલા.

●

નામ : માધવદાસ
જ્ઞાતિ : સારસ્વત બ્રાહ્મણ
વતન : પીપરી
સેવ્ય સ્વરૂપ : શ્રીબાલકૃષ્ણલાલજી
લીલાનું સ્વરૂપ : કુમારિકાના યૂથમાં રાધા સહચરીજીનાં સખી લીલા.

■

૧૮. વૈષ્ણવોની કૃપાથી પ્રભુકૃપા પમાય

(૭૮. માવજી પટેલ અને તેમનાં પત્ની બિરજો)

માવજી પટેલ અને બિરજો ઉજ્જૈનમાં રહેતા હતાં. તેમના પુરોહિત પદ્મા રાવલ હતા. પદ્મા રાવલના સંગે તેઓ અડેલ ગયાં હતાં અને ત્યાં શ્રીમહાપ્રભુજીનાં સેવક થયાં હતાં. તેમણે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી : 'મહારાજ, અમને શ્રીઠાકોરજીની સેવા પધરાવી આપો.'

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, 'વૈષ્ણવ, તમારો મનોરથ મારા પુત્ર શ્રીવિઠ્ઠલનાથજી પૂર્ણ કરશે.'

જ્યારે શ્રીવિઠ્ઠલનાથજી - શ્રીગુસાંઈજી ગોકુળમાં સ્થિરવાસ કરીને બિરાજ્યા, ત્યારે માવજી અને બિરજો ગોકુળ આવ્યાં. તેમણે શ્રીગુસાંઈજીને વિનંતી કરી, 'મહારાજ, શ્રીમહાપ્રભુજીએ અમને આજ્ઞા કરી હતી કે આપ અમારો મનોરથ પૂર્ણ કરશો. માટે કૃપા કરીને અમને સેવા પધરાવી આપો.' શ્રીગુસાંઈજીએ તેમને શ્રીબાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ પધરાવી આપ્યું.

બિરજોએ વિનંતી કરી : 'મહારાજ, જિંદગી ઘણી વીતી ગઈ. જેટલાં વર્ષો ગયાં એટલાં બીજાં જવાનાં નથી. શ્રીઠાકોરજી અમારા ઉપર જલદી કૃપા કરે અને તેમનો અનુભવ જતાવે એવો કોઈ ઉપાય બતાવો.'

'વૈષ્ણવ, શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવ ત્રણેયના ઉપર સમાન ભાવ રાખવો. શ્રીઠાકોરજીમાં જેટલો ભાવ રાખો, તેનાથી વધારે ભાવ શ્રીગુરુમાં હોવો જોઈએ. શ્રીગુરુમાં જેટલો ભાવ હોય, તેનાથી વધારે ભાવ વૈષ્ણવમાં હોવો જોઈએ; કારણ કે વૈષ્ણવના હૃદયમાં શ્રીઠાકોરજી અને ગુરુ બંને બિરાજે છે. વૈષ્ણવ ઘણાં દયાળુ હોય છે. તેઓ બીજાના દોષ જોતા નથી. સહજ રીતે બીજાના ઉપર કૃપા કરે છે. શ્રીઠાકોરજી અને શ્રીગુરુ વૈષ્ણવને વશ હોય છે, એટલે વૈષ્ણવને પ્રસન્ન કરો તો શ્રીઠાકોરજી અને ગુરુ જરૂર પ્રસન્ન થાય. માટે તમે જેવો ભાવ અમારામાં રાખો છો, તેવો જ ભાવ વૈષ્ણવોમાં રાખશો તો તમારા બધા મનોરથ શ્રીઠાકોરજી પૂર્ણ કરશે.'

માવજી અને બિરજો શ્રીઠાકોરજી પધરાવીને ઘેર આવ્યાં. પાસે દ્રવ્ય ઘણું હતું, તેથી ધામધૂમથી મોટો ઉત્સવ કર્યો. ગામેગામના વૈષ્ણવોને બોલાવી મહાપ્રસાદ લેવડાવ્યો.

ઉજ્જૈનમાં પદ્મા રાવલના દીકરા કૃષ્ણ ભટ્ટ શ્રીગુસાંઈજીના સેવક હતા. તેમના સત્સંગથી બંનેની બુદ્ધિ અલૌકિક થઈ. શ્રીઠાકોરજી સાનુભાવ જતાવવા લાગ્યા. બંને વર્ષમાં બે વખત વ્રજમાં જતા. એક ગાડું ગોળ અને એક ગાડું ઘી સાથે લઈ જતાં. ૧૫ દિવસ જતિપુરામાં રહેતાં અને ૧૫ દિવસ ગોકુળમાં રહેતાં. શ્રીઠાકોરજીને સામગ્રી અંગીકાર કરાવી, બધો મહાપ્રસાદ વ્રજવાસીઓ અને ગાયોને લેવડાવતાં. વ્રજવાસીઓને સુંદર પહેરામણી આપતાં. શ્રીગુસાંઈજીને ઘણી ભેટ ધરતાં.

એક દિવસ ઉજ્જૈનમાં મોટો ઉત્સવ હતો. ઘણાં વૈષ્ણવો તેમાં આવ્યાં હતાં. વૈષ્ણવો મહાપ્રસાદ લેવા બેઠાં હતાં. બિરજો તેમને અનસખડી પ્રસાદ પીરસતાં હતાં, ત્યારે તેમના મનમાં એવો મનોરથ થયો કે હું મારા હાથે વૈષ્ણવોને સખડી પ્રસાદ ક્યારે લેવડાવું?

બિરજો પોતે જ્ઞાતિએ પટેલ હતાં, તેથી તેઓ વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે બધાં વૈષ્ણવોને સખડી લેવડાવી શકતાં ન હતાં. બિરજોએ કૃષ્ણ ભટ્ટને પોતાનો મનોરથ કહ્યો. કૃષ્ણ ભટ્ટે કહ્યું : 'શ્રીગુસાંઈજી કૃપા કરે તો તમારો મનોરથ સિદ્ધ થાય. પરંતુ આ મનોરથ દ્રવ્યસાધ્ય છે.'

માવજી પટેલ અને બિરજોએ કહ્યું : 'અમારી પાસે એક લાખ સોનામહોર છે. જો એટલાથી આ મનોરથ થતો હોય તો સુખેથી કરો.'

કૃષ્ણ ભટ્ટે માવજી પટેલ અને બિરજોને લઈ ગોકુલ જવાનું ગોઠવ્યું. ચારે બાજુના ગામના વૈષ્ણવોને આમંત્રણ મોકલ્યાં. વૈષ્ણવોનો મોટો સંઘ લઈ, સૌ ગોકુલ ગયાં. ત્યાં શ્રીગુસાંઈજીનાં દર્શન થયાં. કૃષ્ણ ભટ્ટે શ્રીગુસાંઈજીને બિરજોનો મનોરથ કહ્યો. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'બિરજોનું અહોભાગ્ય છે કે તેને આ મનોરથની પ્રેરણા થઈ છે, પણ શ્રીમહાપ્રભુજીએ વેદમાર્ગની મર્યાદા રાખી છે, માટે તેને સાચવીને મનોરથ કરવો જોઈએ. આ મનોરથ શ્રીજગન્નાથપુરીમાં સિદ્ધ કરી શકાય. ત્યાં વર્ણાશ્રમ ધર્મની મર્યાદા નથી.'

શ્રીગુસાંઈજીની આજ્ઞા થતાં જગન્નાથપુરી જવાનું નક્કી થયું. શ્રીગુસાંઈજીને પધરાવી, ગોકુળ અને મથુરાના વૈષ્ણવોને પણ સાથે લઈ સંઘ જગન્નાથપુરી જવા નીકળ્યો. રસ્તામાં જે જે ગામ આવ્યાં તે બધાં ગામના વૈષ્ણવોને સાથે લીધા. સંઘ જગન્નાથપુરી પહોંચ્યો. ત્યાં શ્રીજગન્નાથજીને અનેક પ્રકારની સખડી-અનસખડી સામગ્રીઓ આરોગાવી. પછી બિરજોએ શ્રીગુસાંઈજીને પોતાના હાથે સખડી-અનસખડીનો થાળ સાજીને ભોજન કરાવ્યું.

પતિ-પત્ની બંનેએ બધા વૈષ્ણવોએ પ્રેમથી મહાપ્રસાદ લેવડાવ્યો. એ બંનેની આંખોમાં આનંદમાં આંસુ ઊભરાયાં. રોમ-રોમ પુલકિત થઈ ગયું. ઘણા દિવસ જગન્નાથપુરી રહીને સંઘ પાછો ગોકુળ આવ્યો. જે દ્રવ્ય બચ્યું હતું. તે બધું શ્રીગુસાંઈજીને ભેટ ધરી સૌ ઉજ્જૈન આવ્યાં.

●

સિદ્ધાંત નવનીત

(૧) શ્રીહરિરાયજી શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે કે જેવો ભાવ શ્રીઠાકોરજી અને મહાપ્રભુજીમાં રાખીએ, તેવો જ ભાવ વૈષ્ણવોમાં પણ રાખવો જોઈએ. આપણે ત્યાં આવેલા વૈષ્ણવોને પૂર્ણ પ્રેમથી સત્કારવા જોઈએ અને તેમની બને તેટલી સેવા અવશ્ય કરવી જોઈએ. વૈષ્ણવોની સેવાથી શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજી ઘણા પ્રસન્ન થાય છે.

(૨) પુષ્ટિમાર્ગ વેદમાર્ગની પરંપરામાં છે, તેથી શ્રીમહાપ્રભુજીએ વેદમાર્ગની બધી મર્યાદાઓ સાચવી છે. વર્ણાશ્રમધર્મ વેદપરંપરામાં છે, માટે વર્ણાશ્રમ સાચવીને સૌની સાથે વ્યવહાર કરવો જોઈએ. વૈષ્ણવોએ વેદમાર્ગની મર્યાદાઓનું ઉલ્લંઘન ન કરવું જોઈએ.

(૩) કોઈ પણ મનોરથ કરવો હોય, તો પોતાના શ્રીગુરુદેવની આજ્ઞા લઈને, આજ્ઞા પ્રમાણે કરવો જોઈએ. પોતાના મનથી નક્કી કરીને મનોરથ ન કરવો જોઈએ.

(૪) પ્રત્યેક મનોરથમાં શ્રીહરિ - ગુરુના સુખનો વિચાર કરવો જોઈએ.

(૫) મનોરથમાં ગમે તેટલું દ્રવ્ય ખર્ચીએ, તો પણ મનમાં અભિમાન ન થવું જોઈએ, દીનતા રહેવી જોઈએ.

વૈષ્ણવ પરિચય :

નામ : માવજી

જ્ઞાતિ : પટેલ

વતન : ઉજ્જૈન

પરિવાર : પત્ની બિરજો

સેવ્ય સ્વરૂપ : શ્રીબાલકૃષ્ણજી

લીલાનું સ્વરૂપ : માવજી પટેલ રૂપા અને બિરજો હરખા. બંને શ્રીચંદ્રાવલીજીનાં સખી છે.

■

૧૯. ભગવદ્ધર્મ ગુપ્ત રાખે તે ભગવદીય

(૭૯. નરોડાવાળા ગોપાલદાસ)

નિત્યલીલામાં શ્રીનંદરાયજીના એક મુખ્ય ખવાસ હતા, તેમનું નામ જશવંત. એક દિવસ સૂર્યોદય પહેલાં નંદરાયજી સ્નાન કરવા ગયા, ત્યારે જળના દેવતા વરુણ નંદરાયજીને પકડીને પોતાના વરુણલોકમાં લઈ ગયા. ત્યારે જશવંત શ્રીનંદરાયજીને ઘાટ ઉપર એકલા મૂકી તેના ઘેર ચાલ્યો ગયો હતો, તેથી શ્રીનંદરાયજીને આ પરિશ્રમ થયો. શ્રીનંદનંદને શ્રીનંદરાયજીને વરુણલોકમાંથી પાછા આણ્યા. શ્રીબળદેવજીએ જશવંતને ઠપકો આપ્યો : 'તેં નંદબાવાની સેવામાં બેદરકારી રાખી, માટે આમ બન્યું. એટલે તું ભૂમિ ઉપર પડ.' આથી જશવંત પૃથ્વી ઉપર જન્મ્યો.

અમદાવાદ પાસે નરોડામાં એક ક્ષત્રિયના ઘેર તેનો જન્મ થયો. તેનું નામ ગોપાલદાસ પડ્યું. ઘરના ઘણા સુખી હતા. સાત વર્ષની ઉંમરે ઘણું ભણ્યા. સ્વભાવ રાજા જેવો. કોઈ પણ ઠેકાણે જાય, ત્યારે પાંચ-દશ માણસ આગળ-પાછળ ચાલે. ભારે અભિમાની, કોઈને ગણકારે નહિ. સજ્જનોને પણ ગમે તેમ બોલે.

તેમનું લગ્ન બાજુના ગામે થયું. લગ્ન કરીને પાછા આવતા હતા, ત્યારે એક મોટો પંડિત સામે મળ્યો. તેની સાથે વાદ કરવા બેસી ગયા. ત્રણ દિવસ જાન રસ્તામાં રોકાઈ રહી; પરંતુ તેઓ પંડિતને હરાવી શક્યા નહીં. છેવટે મારામારી ઉપર આવી ગયા. તેમાં તેમના પિતાનું મૃત્યુ થયું, તેથી ગુસ્સે થઈ ગોપાલદાસ પંડિતને મારવા દોડ્યા. પંડિત ભાગી ગયો. લગ્નનો પ્રસંગ પિતાના મૃત્યુના કારણે શોકમાં પલટાઈ ગયો.

આથી ઘણો ક્લેશ થયો. ગોપાલદાસ તીર્થયાત્રાએ નીકળ્યા. દ્વારકા ગયા. ત્યાં શ્રીમહાપ્રભુજી પધાર્યા હતા. તેમણે વિચાર કર્યો, ચાલો તેમની સાથે વાદ કરીએ; પરંતુ શ્રીમહાપ્રભુજી સામે તેઓ એક મિનિટ પણ ટકી શક્યા નહિ. હારી ગયા પછી પણ ગોપાલદાસે પૂછ્યું : 'આપ કહો છો કે આખું જગત કૃષ્ણરૂપ છે, છતાં તમારા વૈષ્ણવો કૂતરા વગેરેથી કેમ અભડાય છે?'

'અમારો માર્ગ વેદમાર્ગ છે. જગત ભગવદ્-રૂપ છે, તે વાત સાચી છે; માટે બધાં ઉપર દયા રાખવી જોઈએ. તમે પણ જો આ વાત માનતા હો, તો બધાંમાં દોષબુદ્ધિ કરી તેમની નિંદા કેમ કરો છો?'

ગોપાલદાસને આટલાં વચનોથી જ્ઞાન થયું. તેમને પશ્ચાત્તાપ થયો. તેમણે કહ્યું : 'મહારાજ, મારો બધો જન્મ દુષ્ટતામાં વીત્યો છે. હવે મારી આંખો ખૂલી ગઈ છે. મને કૃપા કરીને શરણે લો અને સેવક કરો.'

શ્રીમહાપ્રભુજીએ તેમને સેવક કર્યા. દ્વારકાથી પાછા પધારતાં ગોપાલદાસના ઘેર નરોડામાં બિરાજ્યા. ત્યાં તેમની પત્નીને અને પુત્રને નામમંત્ર આપ્યો. આપે આજ્ઞા કરી : 'ગોપાલદાસ; તમારાથી ભગવદ્-સેવા બનશે નહીં; કારણ કે દીકરો અને પત્ની દૈવી જીવ નથી. તમને વિરહનું દાન થયું છે. તેને લઈને હૃદયમાં પ્રભુનો ઘણો અનુભવ છે. એ સ્થિતિમાં તમારાથી બહારની ક્રિયા થશે નહિ. તમે મારા હસ્તાક્ષરને ભોગ ધરી, ખાનપાન કરજો. શ્રીમહાપ્રભુજીએ તેમને ગદ્યમંત્રનો શ્લોક લખી આપ્યો. વિશેષમાં આજ્ઞા કરી કે 'જે જીવ આવે તેને તમે અમારા વતી નામમંત્ર આપજો. જે પંડિત આવે તેની સાથે વાદ કરજો. કોઈ તમને જીતશે નહિ.'

શ્રીમહાપ્રભુજી ફરી એક વખત દ્વારકા પધારતા હતા, ત્યારે અચાનક નરોડામાં ગોપાલદાસના ત્યાં પધાર્યા. ગોપાલદાસ ઘેર ન હતા. તેમનો ૧૪ વર્ષનો દીકરો ઘેર હતો. આપે પૂછયું : 'તારા પિતા ક્યાં ગયા છે?'

તેણે કહ્યું : 'મહારાજ, શ્રીઠાકોરજીની સેવા માટે ગયા છે.'

આ સાંભળી શ્રીમહાપ્રભુજી તેના પર અપ્રસન્ન થયા. ગોપાલદાસ જેવા ભગવદીયનો દીકરો આવું અનુચિત બોલે, તો અહીં રહેવું ઉચિત નથી. આપે વિચાર કર્યો, ગોપાલદાસને આવવા દો. તે શું કહે છે? તે પણ જાણીએ.

થોડા સમય પછી ગોપાલદાસ ઘેર આવ્યા. તેમણે શ્રીમહાપ્રભુજીને દંડવત્ કર્યાં. આપે પૂછયું : 'તમે ક્યાં ગયા હતા?'

ગોપાલદાસે કહ્યું : 'મહારાજ, પેટ લાગ્યું છે એટલે કમાવા ગયો હતો.'

ગોપાલદાસનાં વચન સાંભળી શ્રીમહાપ્રભુજી પ્રસન્ન થયા. ગોપાલદાસે બિરાજવા વિનંતી કરી, પણ આપ રોકાયા નહિ.

ગોપાલદાસને શ્રીનાથજીના દર્શનનો ઘણો વિરહ રહેતો. તેથી અવારનવાર જતિપુરા જતા. એક વખત ત્યાં તેમને તાવ ચઢ્યો. બે દિવસ ભોજન ન થયું. રાતે સખત તરસ લાગી, પણ પાસે પાણી ન હતું. તેમનો કંઠ સુકાઈ ગયો. પ્રાણ ચાલી જાય તેમ થયું, ત્યારે શ્રીનાથજી પોતે ઝારીજી લઈને પધાર્યા. ગોપાલદાસને જલપાન કરાવ્યું. ઝારીજી ત્યાં જ મૂક્યાં.

ગોપાલદાસ શ્રીઠાકોરજીનાં ઘણાં પદો રચીને ગાતા.

●

એક વખત શ્રીગુસાંઈજી દ્વારકા પધારતાં નરોડા ગામની બહાર મુકામ કરીને બિરાજ્યા. ગોપાલદાસ દર્શન કરવા આવ્યા. સાથે બીજા બે મનુષ્યો હતા. તેમણે ગોપાલદાસને કહ્યું : 'અમને શ્રીગુસાંઈજી પાસે નામમંત્ર અપાવો.'

ગોપાલદાસે કહ્યું : 'મને પણ નામમંત્ર આપવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે. તમે મારા ઘેર આવજો.'

વૈષ્ણવોએ કહ્યું : 'અમારે તો શ્રીગુસાંઈજી પાસેથી જ નામમંત્ર ગ્રહણ કરવો છે, તમારી પાસેથી નહીં.'

આ વાત શ્રીગુસાંઈજી પાસે પહોંચી. શ્રીગુસાંઈજીએ ગોપાલદાસને કહ્યું : 'તમારો અંગીકાર શ્રીમહાપ્રભુજીએ કર્યો છે, માટે પ્રભુ તમને કદી છોડશે નહિ; પરંતુ તમે જેમને નામમંત્ર આપ્યો છે એ બધાંનો પુષ્ટિમાર્ગમાં અંગીકાર નહીં થાય. તે બધા પુષ્ટિમાર્ગથી બુહિર્મુખ થશે.'

●

સિદ્ધાંત નવનીત

(૧) વૈષ્ણવે પોતાની શક્તિનું અભિમાન ન કરવું જોઈએ.

(૨) વૈષ્ણવે બોલવામાં ઘણો વિવેક રાખવો જોઈએ. ભગવદ્-ધર્મ કોઈની સામે પ્રગટ ન કરવો. સેવા માટે ગયા હોઈએ તો પણ તે વાત છુપાવવી. સામાન્ય વૈષ્ણવો પોતાની અલ્પ ભગવદ્-સેવાની બડાઈ હાંકે છે તે બરોબર નથી.

(૩) શ્રીમહાપ્રભુજી બીજી વખત ગોપાલદાસના ત્યાં રોકાયા નહિ, કારણ કે તેમનાં પત્ની અને પુત્ર લૌકિક સ્વભાવનાં હતાં.

(૪) શ્રીનાથજી ગોપાલદાસનો યશ પ્રગટ કરવા તેમની પાસે પોતાનાં ઝારીજી મૂકી ગયા હતા.

(૫) જેમ જીવ શ્રીઠાકોરજીનો યશ ગાઈને કૃતાર્થ થાય, તેમ ભગવદીયનો યશ ગાઈને પણ કૃતાર્થ થવાય. શ્રીઠાકોરજીનું હૃદય કોમળ છે, તેઓ ભક્તોનાં દુઃખ સહન કરી શકતા નથી.

(૬) શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવને કોઈ વિશેષ અધિકાર આપ્યો હોય, તો તેનું અભિમાન કરવું નહિ. નામમંત્ર અને નિવેદનમંત્રની દીક્ષા શ્રીવલ્લભકુળથી જ લેવાં. વૈષ્ણવને તેનો અધિકાર નથી.

●

વૈષ્ણવ પરિચય :

નામ : ગોપાલદાસ

જ્ઞાતિ : ક્ષત્રિય

વતન : અમદાવાદ પાસે નરોડા ગામ. ત્યાં તેમના ઘરમાં આજે પણ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનાં બેઠકજી બિરાજે છે.

પરિવાર : પત્ની અને પુત્ર

સેવ્ય સ્વરૂપ : શ્રીમહાપ્રભુજીના હસ્તાક્ષર

લીલાનું સ્વરૂપ : શ્રીનંદરાયજીના મુખ્ય ખવાસ જશવંત.

■

૨૦. કથા કથામાં ફેર છે

(૮૦. બાદરાયણદાસ)

સૌરાષ્ટ્રમાં મચ્છુ નદીના કાંઠે મનોહર મોરબી ગામ આવેલું છે. ત્યાં એક પુષ્કરણા બ્રાહ્મણ કુટુંબમાં એક બાળક હતો. એનાં માતા-પિતા એને લાડમાં બાદા કહેતાં, એટલે સૌ લોકો પણ તેને બાદા કહીને જ બોલાવતાં. તેનું મૂળ નામ કોઈ જાણતું નહિ. બાદાની ઉંમર ૧૩ વર્ષની થઈ. તે સમયના રિવાજ મુજબ નાની ઉંમરમાં તેનું લગ્ન થઈ ગયું. તે ૧૭-૧૮ વર્ષનો થયો, એટલે તેણે ગૃહસ્થાશ્રમનો પ્રારંભ કર્યો.

એક વખત વત્સા ભટ્ટ નામના ભાગવતના એક કથાકાર મોરબી આવ્યા. તેઓ દ્વારકાની યાત્રાએ જવા નીકળ્યા હતા. મોરબીમાં તેમણે કથા કરી. તેમની ખ્યાતિ વધી. બાદા આ ભટ્ટજીને પોતાના ઘેર લઈ આવ્યા. તેમની ઘણી સારી આગતા-સ્વાગતા કરી. તેમને ઘણી વિનંતી કરી, પોતાના ઘરમાં તેમની કથા કરાવી. બાદા વત્સા ભટ્ટના સેવક થયા. તેમણી કંઠી પહેરી. પછી વસ્તા ભટ્ટ દ્વારકા જવા નીકળ્યા.

એકાદ વર્ષ પછી શ્રીમહાપ્રભુજી પણ મોરબી પધાર્યા. નદીકિનારે એક બગીચામાં આપે મુકામ કર્યો. મોરબીવાસીઓ શ્રીમહાપ્રભુજીનું અલૌકિક ચરિત્ર જાણી, દર્શને આવ્યાં. બાદા પણ દર્શન કરવા આવ્યા હતા. શ્રીમહાપ્રભુજીએ સૌની વિનંતીથી 'ભ્રમરગીત'ની કથા કરી. પ્રભુના મથુરાગમન પછી વિરહી ગોપીજનોની પાસે ઉદ્ધવજી પધાર્યા હતા. ગોપીજનોએ ઉદ્ધવજીને જે વચનો કહ્યાં, તે આ ભ્રમરગીત. પ્રેમવિવશ ભક્તોનાં પ્રેમ-વચનોથી સભર આ અલૌકિક ગીતનો પ્રસંગ સાંભળતાં બાદાને મૂર્છા આવી ગઈ. એક કલાક મૂર્છાવશ રહ્યા. ફરી તેઓ ભાનમાં આવ્યા, ત્યારે તેમને વિચાર થયો કે વત્સા ભટ્ટ પાસેથી ભાગવત સાંભળ્યું, પણ આવો આનંદ આવ્યો નહિ.

તેમણે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી, 'મહારાજ, મને સેવક કરો.'

અંતર્યામી શ્રીમહાપ્રભુજીએ કહ્યું : 'ભાઈ, તું તો વત્સા ભટ્ટનો સેવક થઈ ચૂક્યો છે. એક જન્મમાં ગુરુ બદલવાથી શો લાભ થશે? અમે તને ફરી સેવક ન કરીએ.'

બાદા નિરાશ થઈને ઘેર આવ્યા. પત્નીને સર્વ હકીકત કહી. પત્નીએ કહ્યું : 'ભટ્ટજી, તમે સાવ ભોળા છો. તમને વિનંતી કરતાં ન આવડી. ચાલો, આપણે ફરી તેમની પાસે જઈએ.'

બાદાને લઈને તેમનાં પત્ની શ્રીમહાપ્રભુજી પાસે આવ્યાં. બંનેએ દંડવત્ કર્યાં. બાદાનાં પત્નીએ કહ્યું : 'મહારાજ, આપ તો પતિતપાવન છો. અમે સંસારમાં પડેલાં અધમ જીવ છીએ. અમારા જેવા અધમોનો ઉદ્ધાર કરવા આપ પધાર્યા છો. આપ અમને શરણે લેવાની ના પાડશો, તો પછી અમે ક્યાં જઈશું? હા, મારા પતિ વત્સા ભટ્ટના સેવક થયા હતા, તે વાત સાચી છે. પણ પારસમણિને જોયો ન હતો, ત્યાં સુધી અમારો જીવ કાચના ટુકડામાં લોભાયો હતો. એટલે કાચનો ટુકડો ઘરમાં રાખ્યો હતો, પણ પારસમણિ મળે પછી કાચનો ટુકડો કોણ સંઘરે?'

'બાઈ, અમારા સેવક થવાથી તમને શો ફાયદો થશે?'

'મહારાજ, વત્સા ભટ્ટ પાસેથી ભાગવત સાંભળ્યું, પણ તેનું કોઈ ફળ મળ્યું નહિ. જે બ્રાહ્મણ એની પેટપૂજા માટે ભાગવતની કથા કહેતો ફરે, તે અમારો શો ઉદ્ધાર કરે? માટે આપ અમને સેવક કરી, અમારો ઉદ્ધાર કરો.'

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : 'આજે સાંજ થઈ ગઈ છે. કાલે સવારે આવજો.' બીજા દિવસે સવારે બંને શ્રીમહાપ્રભુજી પાસે ગયાં. આપને વિનંતી કરી પોતાના ઘેર પધરાવ્યા. શ્રીમહાપ્રભુજીને બંનેને નામનિવેદન-મંત્ર આપ્યો. શ્રીનવનીતપ્રિયજીનાં પ્રસાદીવસ્ત્ર સેવા માટે પધરાવી આપ્યાં.

આપે આજ્ઞા કરી, 'તમારું બાદા નામ અમને ગમતું નથી. પ્રભુએ પૃથ્વી ઉપર મોકલેલા બધા જીવો પ્રભુના અંશરૂપ છે. તેથી એ જીવોનું પણ સ્વમાન અને સન્માન હોવું જોઈએ. માટે આજથી તમારું નામ બાદરાયણદાસ રાખું છું. મહર્ષિ બાદરાયણે શ્રીભાગવત પ્રગટ કર્યું. તમારી ભાગવતની પ્રીતિએ તમને પ્રભુના સેવક બનાવ્યા છે, માટે આજથી તમે બાદરાયણદાસ તરીકે પ્રસિદ્ધ થશો. તમે ઘરમાં રહીને બંને જણ હળી-મળીને સેવા કરજો. શ્રીભાગવતનો પાઠ કરજો. શ્રીઠાકોરજી તમારા ઉપર જરૂર કૃપા કરશે.'

'મહારાજ, શ્રીઠાકોરજીની સેવા કરીએ, તે પહેલાં થોડો સમય આપની સેવા કરવાનો મનોરથ છે. આજ્ઞા આપો તો અમે આપની સાથે દ્વારકા સુધી આવીએ અને આપની સેવા કરીએ.'

શ્રીમહાપ્રભુજી ઘણા પ્રસન્ન થયા. બંને શ્રીમહાપ્રભુજી સાથે ચાલ્યાં. બાદરાયણદાસનાં પત્ની જળ ભરી લાવતાં, શ્રીમહાપ્રભુજીનાં વસ્ત્રો ધોતાં અને બાદરાયણદાસ રસોઈમાં શ્રીમહાપ્રભુજીની ટહેલ કરતા. રાતે ચરણ-સેવા કરતા. આમ બંને જણે ખૂબ જ ભાવથી એક વર્ષ સુધી શ્રીમહાપ્રભુજીની સેવા કરી. પછી શ્રીમહાપ્રભુજીએ તેમને ઘેર જવા આજ્ઞા કરી.

સિદ્ધાંત નવનીત

(૧) 'જલભેદ'માં શ્રીમહાપ્રભુજીએ વક્તાના પ્રકારો બતાવ્યા છે. ભગવદ્-કથા પ્રભુનું જ સ્વરૂપ છે. તે દિવ્ય છે. પ્રભુના છ દિવ્ય ધર્મો પ્રભુની કથામાં પણ છે; છતાં કથાશ્રવણના ફળનો આધાર કથાના વક્તા ઉપર છે. જે વક્તા પોતે પેટ ભરવા માટે કથા કહેતો હોય, તે કથાશ્રવણથી શ્રોતાઓનું મન પણ લૌકિકમાં જ ફસાયેલું રહે છે, તેમનો ઉદ્ધાર થતો નથી. માટે પ્રભુમાં પ્રીતિવાળા, નિષ્કામ હૃદયવાળા ભક્ત દ્વારા નિષ્કામ કથાના શ્રવણનો આગ્રહ રાખવો. તે જ અલૌકિક ફળ આપનારી છે.

(૨) શ્રીમહાપ્રભુજી આદિ સ્વરૂપોને દીનતાપૂર્વક વિનંતી કરવી જોઈએ. શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવ સાથે કેમ બોલવું તે પણ સમજવા જેવું હોય છે, તો જ તેમની કૃપા પ્રાપ્ત થાય.

(૩) શ્રીમહાપ્રભુજી જેમને સેવક કરે છે, તેઓ આ જન્મમાં જ કૃતાર્થ થાય છે. તેમને બીજો જન્મ લેવો પડતો નથી.

(૪) શ્રીગુરુની સેવાથી શ્રીગુરુની પ્રસન્નતા મળે છે. શ્રીગુરુ પ્રસન્ન થાય, એટલે શ્રીઠાકોરજી પ્રસન્ન થાય છે. માટે આગ્રહ અને આદરપૂર્વક ગુરુસેવા અવશ્ય કરવી.

◆

વૈષ્ણવ પરિચય :

નામ : બાદરાયણદાસ

જ્ઞાતિ : પુષ્કરણા બ્રાહ્મણ

વતન : મોરબી

પરિવાર : પત્ની (નામ વાર્તામાં આવ્યું નથી.)

સેવ્ય સ્વરૂપ : શ્રીનવનીતપ્રિયજીની વસ્ત્રસેવા.

લીલાનું સ્વરૂપ : બાદરાયણદાસ લલિતાજીનાં સખી શ્રુતિરૂપા; તેમનાં પત્ની લલિતાજીનાં સખી ગંગા.

■

૨૧. પુષ્ટિમાર્ગનું જહાજ

(૮૧. સૂરદાસજી)

દિલ્હી પાસે સિંહી નામનું એક ગામ છે. ત્યાં એક બ્રાહ્મણ કુટુંબ વસે છે. કુટુંબ મોટું છે, પણ સ્થિતિ નિર્ધન છે. ત્રણ પુત્રો હતા, તેમાં ચોથો આવ્યો. એ તો ઠીક, પરંતુ ચોથો પુત્ર જન્મથી જ અંધ! ઘરમાં ગમગીની છવાઈ ગઈ. માતા-પિતાને ચિંતાનો વિષય થઈ પડ્યો.

સૌ એને 'સૂર' કહીને બોલાવતાં. કોઈને એના ઉપર પ્રેમ નહિ. કોઈ એની કાળજી ન લે. સૌ એનો અનાદર કરે. જેમ-તેમ તે મોટો થયો.

એક દિવસ એવું બન્યું કે એમના એક યજમાનના ઘેર મોટું ટાણું આવ્યું. શ્રીમંત યજમાનને ગરીબ ગૉરની દયા આવી. તેણે દક્ષિણામાં બે સોનામહોરો મોકલી. ગૉર મહારાજ રાજીરાજી થઈ ગયા. ઘરમાં સૌને આનંદ થયો. એમને લાગ્યું કે બે-ચાર મહિનાની ભૂખ ભાંગી.

ત્યાં રાત પડી. મૂંઝવણ થઈ કે આ મૂડીને મૂકવી ક્યાં? ઘર તો ખંડેર જેવું હતું. છેવટે કપડાના મેલા ટુકડાના છેડે સોનામહોરોને બાંધી, એક નાના ભંડકિયામાં મૂકી. સૌને રાતે નિરાંતની ઊંઘ આવી, પણ ઘરના ઉંદરોને ઊંઘ ન આવી. આમેય અટકચાળી જાત. ભંડકિયાના દરમાંથી સોનામહોરોવાળું કપડું ખેંચીને લઈ ગયા, તે ઠેઠ છાપરાની છતની બખોલમાં મૂકી આવ્યા.

સવાર થતાં શોધાશોધ થઈ. મહોરોનો પત્તો ન લગ્યો. સૌ રડવા લાગ્યાં. નથી રડતા એક સૂરદાસ. તેઓ તો ઊલટાના શિખામણ આપે છે : 'બા-બાપુજી, દુઃખ શા માટે કરો છો? ભગવાનનું સ્મરણ કરો.'

સૂરદાસના શબ્દોથી બળતામાં ઘી હોમાયું અને ભડકો થયો. પિતા ઊકળી ઊઠ્યા, 'દીકરા! તું જે ઘડીનો આવ્યો છે, ત્યારથી અમને બે ટંક ખાવાના પણ સાંસા પડ્યા છે. તું એવું નસીબ લઈને આવ્યો છે કે ઘરમાં આવેલી લક્ષ્મી પણ ચાલી ગઈ.'

સૂરદાસજીએ આ તક ઝડપી લીધી. તેમણે કહ્યું : 'બાપુજી, ખરી વાત છે. મારા જેવા કમનસીબને ઘરમાં ન રખાય. મને ઘરમાંથી વિદાય કરી દો. હું રહીશ ત્યાં સુધી તમને દુ:ખ રહેશે, માટે મને જવા દો. ભગવાન મને સંભાળશે. મારી ચિંતા તમે ન કરશો.'

સૂરદાસની વાતથી મા-બાપ મૂંઝાઈ ગયાં. સૂરદાસજીએ પોતાની વાત આગળ ચલાવી, 'જો તમે મને ખરેખર જવા દો, તો હું તમારી ખોવાયેલી સોનામહોરો શોધી આપું.'

પિતાએ કહ્યું, 'આંખો તો ભગવાનને ઘેર મૂકીને આવ્યો છે, તું શું તારું કપાળ સોનામહોરો શોધી આપવાનો છે?'

'મને જવાની રજા આપો, પછી જુઓ. તમને મહોરો બતાવું છું કે નહિ!'

ડૂબતો માણસ તરણું પકડે, તેમ આશાને તાંતણે વળગીને સગી માએ કહ્યું, 'સારું સારું, તારે જ્યાં જવું હોય ત્યાં જજે, પહેલાં મહોરો તો બતાવ. કયો સગલો તારી લાકડી પકડવા આવશે? ટાઢાપહોરનાં ગપ્પાં મારે છે તે.'

સૂરદાસજીએ માતાની વાત ધ્યાનમાં લીધા વિના મહોરોની જગ્યા બતાવી. ત્યાંથી મહોરો મળી. સૌ રાજી થયાં. વધારે આનંદ તો એ થયો કે જે દીકરાને નકામો ધારતાં હતાં તે ચમત્કારી નીકળ્યો; પણ સૂરદાસ તો હાથમાં લાકડી લઈ, ઘર છોડવા તૈયાર થયા. સૌ તેમને મનાવવા લાગ્યાં.

સૂરદાસજીએ કહ્યું : 'મેં પહેલેથી જ શરત કરી છે, તમે મને રજા આપી છે. હવે ફરી ન જાઓ, મને ઘરમાં રાખશો; તો ફરીથી તમારી સોનામહોરો ખોવાઈ જશે.'

નિર્ધનતામાં સ્નેહની લાગણી પણ ઘણી વાર બુઠ્ઠી બની જાય છે. માતા-પિતા એમને રોકી શક્યાં નહીં.

બાળક સૂર લાકડી ઠપકારતા એકલા ચાલી નીકળ્યા. પ્રભુ સિવાય એમને દોરનાર કોઈ નથી. ચારેક ગાઉ ચાલ્યા, ત્યાં એક ગામ આવ્યું. ગામના ગોંદરે એક તળાવ છે. કાંઠે પીપળાનું ઝાડ છે. ત્યાં સૂરે જમાવ્યું. તળાવમાંથી જળ પીધું. ભગવાન ભરોસે, ભગવાનનું સ્મરણ કરતા બેઠા. લોકો નજર નાખે છે, પણ કોઈને આ અંધ બાળક પર દયા આવતી નથી.

જેની ફિકર કોઈ કરે, તેની ફિકર ભગવાન કરે છે. ભગવાનનો ભક્ત સાવ ભૂખ્યો બેસી રહે તે કેમ બને? પરમ કૌતુકી પ્રભુએ નાટક રચ્યું.

એ ગામનો જમીનદાર બ્રાહ્મણ હતો. આગલી રાતે તેની દશેક ગાયો ચોરાઈ ગયેલી, તેને શોધવા નીકળ્યો હતો. તે તળાવ પાસે લોકોને પૂછતો હતો. બાળક સૂરે એની વાત સાંભળી, જમીનદારને પાસે બોલાવીને કહ્યું : 'અહીંથી એક ગાઉ પર ગામ છે, ત્યાંના જમીનદારના માણસો કાલ રાતે તમારી ગાયો ભગાડીને લઈ ગયા છે. એના ઘરમાં જ્યાં ઘોડા બાંધ્યા છે, ત્યાં ગાયોને પણ બાંધી છે. તમને જરૂર તે મળશે.'

જમીનદારને નવાઈ લાગી. આટલો નાનો છોકરો, અને તેય પાછો આંધળો! છતાં આવી વાત કરે છે. વાત મનાય તેવી નથી, પણ તપાસ તો કરીએ! બાળક સૂરે બતાવેલા સ્થળેથી જમીનદારને એની દશે ગાયો મળી. તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. તે દોડતો સૂરદાસ પાસે આવ્યો. કહેવા લાગ્યો, 'બાળક, તને ધન્ય છે. તું ખરેખર ભગવાનનો ભક્ત છે. મારી ગાયો મળી ગઈ, હવે તારી બધી સેવાચાકરી હું કરીશ. તું કહે તેવી વ્યવસ્થા કરી આપું.'

'જુઓ ભાઈ, મારે ગામમાં નથી આવવું. હું તો અહીં જ રહીશ અને ભગવાનનું ભજન કરીશ. ભગવાન આપશે તે ખાઈશ.'

'બાળક, ઝાડ નીચે ખુલ્લામાં રહેવાય નહીં. હું તને અહીં ઝૂંપડી બનાવી આપું છું. હું બ્રાહ્મણ છું. મારા ઘેરથી રોજ તારા માટે ભોજન લાવીશ.'

'ના જી, રસ્તામાં લાવેલી દાળ-રોટી અપવિત્ર કહેવાય. તે હું નહીં લઉં.'

'તારા માટે હું દૂધમાં પુરી-શાક બનાવી લાવીશ. તું કોઈ વાતે ચિંતા ન કરીશ.'

જમીનદારે ત્યાં સરસ પર્ણકૂટી બનાવી દીધી. સૂરદાસની ચાકરીમાં એક માણસ રાખ્યો. પોતાના ઘેરથી બે વખત ભોજન મોકલવા માંડ્યું.

આ અદ્ભુત બાળકની વાત ચારે બાજુ ફેલાઈ ગઈ. લોકો નવાઈ પામી સૂરદાસ પાસે આવતાં, પોતપોતાની મૂંઝવણ કહેતાં. દિવ્ય દૃષ્ટિથી સૂરદાસ સૌને સાચી સલાહ આપતા. આસપાસના પ્રદેશમાં એમનો મહિમા વધ્યો. લોકોની ભીડ જામવા લાગી. સૂરદાસ તેમના મધુર કંઠથી વિવિધ રાગોમાં ભજનો ગાતા.

સૌને આનંદ આવતો. કેટલાક લોકો તેમના સેવક થવા લાગ્યા. તેમની કંઠી બાંધવા લાગ્યા. સૂરદાસ હવે 'સૂરસ્વામી' તરીકે જાણીતા થયા.

ઝૂંપડીની જગ્યાએ મોટું પાકું મકાન બન્યું. સંપત્તિ વધવા લાગી. સૂરદાસની ઉંમર ૧૮ વર્ષની થઈ. પણ સૂરદાસને વૈભવનો મોહ નથી. તેમને આ વૈભવ ભારરૂપ લાગે છે. ભગવાનની લીલાના જીવ છે, ભક્ત-હૃદય છે. તેઓ વિચારવા લાગ્યા, ઘર છોડીને નીકળ્યો અને આ નવું ઘર ઊભું થયું. પ્રભુના ચિંતન માટે એકાંત મળતું નથી. લોકો રાતદિવસ પીછો છોડતા નથી. ભક્તને તો દીનતા જોઈએ, લોકોએ મને સ્વામી બનાવી દીધો. મારી દીનતા ઓછી થાય છે. પ્રતિષ્ઠા પીડારૂપ લાગે છે. આ ઉપાધિમાંથી છૂટવું જોઈએ.

એક દિવસ એમની વૈરાગ્યભાવના પરાકાષ્ઠાએ પહોંચી. ત્યાંથી ચાલ્યા જવાનો નિશ્ચય કર્યો. માતા-પિતાને બોલાવી, બધું સોંપી દીધું. ચૂપચાપ પહેરેલે કપડે ત્યાંથી નીકળી ગયા. તેમના કેટલાક ખાસ શિષ્યો આગ્રહ કરીને એમની સાથે ગયા.

ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે તેમને આદર અને ભક્તિભાવ હતો; એટલે વ્રજ તરફ મન ખેંચાયું. મથુરાજી આવ્યા. મથુરાજીની ધમાલથી અકળાયા એટલે ત્યાંથી પણ ચાલ્યા. મથુરા-આગ્રા વચ્ચે શ્રીયમુનાજીના કિનારે તેમને જોઈતું એકાંત સ્થાન મળ્યું. તે ગૌઘાટ હતો. ત્યાં નિવાસ કર્યો.

ફૂલની સુગંધ કદી પ્રસર્યા વિના રહેતી નથી. અહીં પણ તેમનું માહાત્મ્ય ફેલાતું ગયું, પણ હવે મનમાં મોટાઈ નથી. પ્રતિષ્ઠાનો મોહ નથી. ધનનો લોભ નથી. છતાં એમાંથી છૂટવા મન તલસી રહ્યું હતું. તે માટે પ્રભુને સાચા હૃદયથી વિનંતી કરી રહ્યા હતા. પ્રભુએ વિનંતી સાંભળી.

અડેલથી વ્રજ પધારતાં શ્રીમહાપ્રભુજીએ એક દિવસ ગૌઘાટ ઉપર મુકામ કર્યો. શ્રીયમુનાજીમાં સ્નાન કરી, આપ સંધ્યાવંદન કરતા હતા, ત્યારે સૂરદાસજીના કેટલાક સેવકોને તેમનાં દર્શન થયાં. સેવકો પ્રભાવિત થયા. તેમનો પરિચય જાણ્યો. તેમણે આવીને સૂરદાસજીને બધી વાત કરી. લીલાના જીવને લીલા-મધ્યપાતી શ્રીવલ્લભનું આકર્ષણ થાય, એમાં શી નવાઈ? સૂરદાસજી શિષ્યોને લઈને શ્રીમહાપ્રભુજી પાસે પહોંચ્યા. સાષ્ટાંગ દંડવત્ કર્યાં. શ્રીમહાપ્રભુજીએ કરુણાભરી વાણીથી એમને સત્કાર્યા : 'આવો સૂરદાસજી, બેસો. અમને કંઈક ભગવદ્‌યશ ગાઈ સંભળાવો.'

સૂરદાસ ગદ્‌ગદિત થયા. કહેવા લાગ્યા : 'મહારાજ, ભગવદ્-યશ ગાતાં તો મને ક્યાંથી આવડે? હું તો મહાપતિત જીવ છું. પણ આપની આજ્ઞા છે તો જેવું આવડે તેવું ગાઉં.' તેમણે ગાયું, 'પ્રભુ, હૌં સબ પતિતનકો ટીકો' - હે પ્રભુ! હું બધા પાપી પતિતોનો શિરોમણી છું.

એમનું દૈન્યભાવ ભરેલું ભક્તિપદ સાંભળી શ્રીમહાપ્રભુજીએ વિચાર કર્યો, આ જીવ ખરેખર કૃપાને પાત્ર છે. આપે આજ્ઞા કરી : 'સૂરદાસ! જીવમાત્ર સ્વભાવથી દુષ્ટ છે, એમાં તમે નવું શું કહ્યું? પણ એ દુષ્ટતા ભગવદ્‌લીલાના ચિંતન અને ગાનથી દૂર થઈ શકે. માટે ભગવદ્-યશ ગાઓ. તમે તો સૂર-શૂરવીર છો. શૂરવીર થઈને આવી કાયર વાણી કેમ ઉચ્ચારો છો?'

'પ્રભુ, ભગવાનની લીલા તો આપ અનુભવ કરાવો ત્યારે ગવાય. આજ સુધી હું તો આવાં દીનતાનાં પદો જ ગાતો આવ્યો છું.'

'જાઓ, શ્રીયમુનાજીમાં સ્નાન કરીને આવો.'

શ્રીમહાપ્રભુજીએ તેમને નામનિવેદન કરાવ્યું. પછી શ્રીભાગવતના દશમ સ્કંધની અનુક્રમણિકા સંભળાવી. તે સાથે સૂરદાસજીના અંતઃકરણમાં પ્રેમલક્ષણા ભક્તિના ભાવો ઊઠવા લાગ્યા અને દશમ સ્કંધની વિવિધ લીલાઓનાં પદો એમના કંઠથી ગવાવા લાગ્યાં. તેમણે આવાં સવા લાખ પદ રચવાનો સંકલ્પ પણ કર્યો.

શ્રીસૂરદાસજીએ તરત જ 'વ્રજ ભયો મ્હરકે પૂત' એ વધાઈ ગાઈ. શ્રીમહાપ્રભુજી ઘણા પ્રસન્ન થયા.

સૂરદાસજીએ વિનંતી કરી, 'મહારાજ, હું તો આપનો દાસ બન્યો. પણ મેં અજ્ઞાનવશ કેટલાક લોકોને કંઠી બાંધી છે અને સેવક કર્યા છે. આપ તેમના ઉપર કૃપા કરો અને તેમનો પણ ઉદ્ધાર કરો.' શ્રીમહાપ્રભુજીએ તેમના સેવકોને પણ નામમંત્ર આપ્યો.

આપે આજ્ઞા કરી, 'આજથી તમે 'સૂરસ્વામી'માંથી સૂરદાસ બન્યા છો. હવે તમારે સંસારની ફિકર કરવાની નથી. તમે અમારી સાથે વ્રજમાં ચાલો. શ્રીગોવર્ધનનાથજીને તમારાં કીર્તનોથી રીઝવો. ત્યાં રહીને એમનાં કીર્તનની સેવા કરો.

સૂરદાસજી શ્રીમહાપ્રભુજીની સાથે જતિપુરા આવ્યા. શ્રીનાથજીનાં દર્શન કરી, પ્રસન્ન થયા. મંગળાથી શયન સુધીની કીર્તનની સેવા કરવા લાગ્યા. શ્રીનાથજી એમનાં કીર્તનોથી પ્રસન્ન રહેતા. વૈષ્ણવો એમનાં કીર્તનો ચોપડામાં ઉતારે છે. સૂરદાસજી વિવિધ પ્રકારની પદરચનાઓ કરવા લાગ્યા. જ્ઞાન-વૈરાગ્યનાં, દીનતા-વિરહનાં, વિવિધ લીલાઓનાં અને વિવિધ સિદ્ધાંતબોધક પદો તેઓ વિવિધ રાગોમાં ગાવા લાગ્યા. કાવ્ય અને સંગીતશાસ્ત્રમાં તેઓ નિષ્ણાત હતા. કંઠ મધુર અને સુરીલો હતો. તેમણે હજારો પદો ગાયાં.

●

બીજા ગવૈયાઓ એમનાં પદો શીખીને અનેક સ્થળે ગાવા લાગ્યા. એક દિવસ, બાદશાહ અકબરના દરબારનાં નવરત્નો પૈકી સંગીતકાર તાનસેનજીએ સૂરદાસજીનું એક પદ બાદશાહ પાસે ગયું. તેમાં સૂરદાસજીએ ભક્તોનાં લક્ષણ બતાવ્યાં હતાં : 'ભક્ત કોઈની નિંદા અને પ્રશંસાને સમાન ગણે છે. કોઈ તેનું ધન પડાવી જાય, ભાણામાં ધૂળ નાખી જાય, કોઈ તેને મૂરખ કહે તો પણ તે અકળાતા નથી. ભક્ત એક ક્ષણ પણ શ્રીકૃષ્ણની પ્રીતિને વીસરતા નથી. આવા ભક્તને ભગવાન તરત જ મળે છે.'

આ પદ બાદશાહ અકબરને ઘણું ગમી ગયું. તેમણે તાનસેનને પૂછ્યું : 'આવા લક્ષણવાળા ભક્તનો મેળાપ થાય, તો કેવું સારું!'

'જહાંપનાહ, આ પદ રચનાર ભક્ત સૂરદાસજી વ્રજમાં છે, તેમને મળવાથી વિશેષ માહિતી મળે.'

બાદશાહે સૂરદાસજીને બોલાવી લાવવા માણસોને દોડાવ્યા. સૂરદાસજીને કમને આવવું પડ્યું. બાદશાહે કહ્યું : 'ભક્તરાજ, તમે ઘણાં પદોની રચના કરી છે. તેમાંથી મને કંઈક સંભળાવો.' ત્યારે સૂરદાસજીએ ૨૫ કડીઓનું બોધદાયક એક પદ ગાયું : 'મન રે, તું કર માધો સોં પ્રીત...'

આ પદ 'સૂર-પચીસી'ના નામે પ્રસિદ્ધ છે. તે સાંભળીને બાદશાહ ઘણા રાજી થયા. તેમણે મનમાં વિચાર કર્યો, આ કવિ ત્યાગ અને ભક્તિની વાતો સંભળાવે છે; પરંતુ તેમના જીવનમાં એવું હશે ખરું; કસોટી કરવી જોઈએ.

બાદશાહે કહ્યું : 'બાબા, તમે ભગવાનનું પદ ઘણું સુંદર ગાયું. હવે મારાં યશોગાન ગાઓ. તમે જે માગશો તે આપીશ. હું દિલ્હીનો બાદશાહ છું. જે મારા યશ ગાય છે, તેમની ઈચ્છા હું પૂરી કરું છું.'

જવાબમાં સૂરદાસજીએ એક બીજું સચોટ પદ ગાયું, 'નાહીન રહ્યો મનમેં ઠૌર...' હવે મારા મનમાં બીજી કોઈ ઈચ્છા રહી નથી; કારણ કે શ્રીકૃષ્ણ મારા મનમાં પૂરેપૂરા વસી ગયાં છે. તમે અનેક પ્રકારના લોભ દેખાડો છો, પણ અમૃતરસથી ભરેલા ઘડામાં કયો મૂરખ ખારા જળનો સાગર ભરે?'

બાદશાહના કથનનો સૂરદાસજીએ સચોટ પ્રત્યુત્તર આપ્યો. બાદશાહ સમજી ગયા કે સૂરદાસજી સાચા ભક્ત છે. તેમણે પૂછ્યું : 'બાબા, તમે આ પદની છેલ્લી પંક્તિમાં એમ કહ્યું કે તમારી આંખો હરિના દર્શન માટે તલસે છે, પણ તમારે લોચન તો છે નહીં!'

'બાદશાહ, બહારની આંખો સૌને હોય છે; પણ તે આંખો હરિદર્શન માટે આતુર હોતી નથી. તે માટે હૃદયચક્ષુ ખૂલવાં જોઈએ.'

બાદશાહે પ્રસન્ન થઈ ઘણું દ્રવ્ય આપવા માંડ્યું, પણ સૂરદાસજીએ કંઈ લીધું નહિ. છેવટે બાદશાહે કહ્યું: 'ભક્તરાજ; કંઈક તો માગો.'

'તમે રાજી થયા હો, તો એટલું કહી દો કે તમે મને ફરીથી કદી અહીં બોલાવશો નહિ.'

સૂરદાસજીની આવી નિસ્પૃહતા જોઈને અકબરને ઘણો સંતોષ થયો. તેમણે માનપૂર્વક સૂરદાસજીને વિદાય આપી.

ત્યાર બાદ બાદશાહ અકબરને સૂરદાસજીનાં પદો એકઠાં કરવાની રઢ લાગી. તેમણે દરબારમાં જાહેરાત કરી કે 'જે કોઈ સૂરદાસનાં નવાં નવાં પદો મને સંભળાવશે, તેને હું સારું ઈનામ આપીશ.'

કેટલાક લોકો આવાં પદો શીખીને અકબર પાસે રજૂ કરવા લાગ્યા. ત્યારે એક પંડિત કવિના મનમાં વિચાર આવ્યો, 'આ અંધ કવિમાં એવું શું છે કે બાદશાહ એનાં પદો પાછળ ઘેલો થયો છે? સૂરદાસની છાપ વગર તે પદ સાંભળતો જ નથી!'

તે પંડિતે સૂરદાસની છાપ લગાવી કેટલાંક પદો રચ્યાં. તે લઈને બાદશાહ પાસે આવ્યો. તે પદો ગાઈ બતાવ્યાં. બાદશાહને લાગ્યું કે આ પદો સૂરદાસજીનાં જણાતાં નથી. તેમણે પંડિતને પૂછ્યું, 'ખરેખર, આ પદો સૂરદાસજીનાં છે?' પંડિતે હા પાડી. બાદશાહે કહ્યું, 'વાત મારા ગળે ઊતરતી નથી. એની કસોટી કરીએ.'

બાદશાહે પોતાની પાસેનાં સૂરદાસજીનાં પદોના કાગળ લીધા અને પંડિત પાસેથી પણ પદોના કાગળ લીધા. પછી પાણીના હોજમાં બધા કાગળ મૂકી દઈને કહ્યું : 'ઈશ્વર આનો ન્યાય કરશે.'

સૌના આશ્ચર્ય વચ્ચે સૂરદાસજીનાં સાચાં પદોના કાગળ પાણીમાં ભીંજાયા વિના પાણી પર તરતા રહ્યા. પંડિતની રચનાના બનાવટી કાગળ પાણીમાં ડૂબી ગયા.

આ પ્રસંગ બતાવે છે કે ભક્તકવિના અનુભવનાં પદો ગાનાર સંસારસાગરને તરે છે અને કલ્પનાથી રચેલાં પદો ગાનાર સંસાર-સાગરમાં ડૂબે છે. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, 'ભગવદ્-લીલામાં ગુણગાન ઘી ચોપડેલી રોટી જેવાં છે અને લૌકિક ગુણગાન લૂખા ભોજન જેવાં છે. ભગવદ્ ગુણગાન ગાનારના હૃદયના ઊંડાણમાંથી આવતાં પદો આપણા હૃદયને સ્પર્શે છે અને કૃતાર્થ કરે છે. માટે તો આપણા સેવાપ્રકારમાં અષ્ટસખા વગેરેની વાણી જ ગવાય છે, બધાંની વાણી નહિ.

●

સૂરદાસજી જેવાં દર્શન કરતા, તેવાં જ પદો ગાતા. શ્રીગુસાંઈજીનાં બાળકોને ઘણી નવાઈ લાગતી કે સૂરદાસજીને નેત્રો નથી, ત્યારે જે વસ્ત્રશૃંગાર કર્યા હોય તેનું આબેહૂબ વર્ણન તેઓ કેવી રીતે કરે છે? તેમની પરીક્ષા કરવી જોઈએ.

આવો વિચાર કરી શ્રીગોવિંદરાયજી, શ્રીબાલકૃષ્ણજી અને શ્રીગોકુલનાથજી શ્રીસૂરદાસજીને ગોકુલ લઈ આવ્યા. ભરઉનાળાના દિવસો હતા. સૌ બાળકો સેવામાં પધાર્યા. શ્રીનવનીતપ્રિયજીને શૃંગાર ધરવાનો સમય થયો. ગરમી હોવાથી શ્રીઠાકોરજીને કેવળ બારીક મોતીની એક કંઠસરી, નક્વેસર અને કર્ણફૂલ ધરી દર્શન ખોલી દીધાં. અન્ય કોઈ શૃંગાર કે વસ્ત્ર ન ધર્યાં.

શૃંગાર કરતાં પહેલાં સૂરદાસજીને ચોકમાં બોલાવીને બેસાડ્યા હતા. ત્યાં કોઈ પણ માણસ ન રહે, તેની ચોકસાઈ રાખી હતી. દર્શન ખોલતાં જ શ્રીગોકુલનાથજીએ આજ્ઞા કરી, 'સૂરદાસજી, કીર્તન કરો.' સૂરદાસજીએ બિલાવલ રાગમાં ગાયું, 'દેખો રી હરિ નંગમ્ નંગા...'

શ્રીગોકુલનાથજીએ પૂછ્યું, 'સૂરદાસજી, અરે! આવું પદ ગવાય? વસ્ત્ર-આભૂષણનું વર્ણન તો કરો.'

'મહારાજ, આપે અદ્‌ભુત શૃંગાર કર્યો, એટલે મેં અદ્‌ભુત પદ ગાયું. આપે કંઈ ધર્યું હોય તો હું ગાઉં ને?'

બાળકોને આ વાત શ્રીગુસાંઈજીને કરી, ત્યારે શ્રીગુસાંઈજી ઘણા પ્રસન્ન થયા. સૂરદાસજી પર શ્રીઠાકોરજીની આવી કૃપા હતી. બહારનાં નેત્રો ન હોવા છતાં હૃદયચક્ષુથી તેમને બધાં દર્શન થતાં હતાં.

આમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ નથી. આપણા શરીરમાં જેમ બહારની ઈન્દ્રિયો છે, તેમ શરીરની અંદર સૂક્ષ્મ ઈન્દ્રિયો છે. આપણને ઊંઘમાં સ્વપ્ન આવે છે, ત્યારે જે દૃશ્ય જોઈએ છીએ અને શબ્દો સાંભળીએ છીએ તે આ સૂક્ષ્મ ઈન્દ્રિયોને કારણે. જયારે આપણો દેહ છૂટે, ત્યારે આત્માની સાથે આપણી અંદર રહેલ સૂક્ષ્મ શરીર-જેને લિંગદેહ કહેવામાં આવે છે તે - પણ ચાલ્યું જાય છે.

મહાપુરુષોને જે અલૌકિક અનુભવ થાય છે, તે આ સૂક્ષ્મ ઈન્દ્રિયોથી જ થાય છે. ભક્તોને પ્રભુનો અનુભવ હૃદયમાં આ સૂક્ષ્મ ઈન્દ્રિયો દ્વારા જ થાય છે. એવી દિવ્યદૃષ્ટિ સૂરદાસજીને પણ પ્રાપ્ત થઈ હતી.

ચંદ્રસરોવર ઉપર પરાસોલીમાં એક નાનીસરખી કુટિરમાં સૂરદાસજી રહેતા. પરોઢમાં વહેલા ઊઠી, સ્નાનાદિ કરીને માનસી સેવામાં મગ્ન થઈ જતા. પછી તેઓ આન્યોર થઈ શ્રીગિરિરાજજી ઉપર શ્રીનાથજીના મંદિરે જતા. ત્યાં મંગળાથી રાજભોગ સુધી કીર્તન-સેવામાં તત્પર રહેતા. રાજભોગ પછી પરાસોલી પાછા આવતા. મંદિરમાંથી એક ભીતરિયો પ્રસાદની પાતળ મૂકી જતો. સૂરદાસજી પ્રસાદ લેતા. ઘડીક વિશ્રામ કરી પદરચનામાં તત્પર થતા. સાંજે પાછા ઉત્થાપનથી શયન સુધી મંદિરમાં કીર્તનની સેવા કરતા. રાત્રે ભગવદ્-વાર્તા કરતા. આવી તેમની દિનચર્યા હતી.

●

તેઓ એકલા હોવાથી તેમણે પોતાની સહાયતામાં એક વ્રજવાસીને રાખ્યો હતો. તેનું નામ ગોપાલ. એક દિવસ તેઓ બપોરે પ્રસાદ લેવા બેઠા, ત્યારે ગોપાલને કહ્યું : 'ભાઈ, જળની લોટી ભરીને મારી પાસે મૂક.'

ગોપાલ તે વખતે બહાર જતો હતો. પોતનું કરવા માટે ગોબર લાવવાનું હતું. પાંચ મિનિટનું કામ હતું; એટલે આવીને જળની લોટી મૂકું છું, એવું વિચારીને તે ચાલી નીકળ્યો. ત્યાં ગોપાલને એનો કોઈ મિત્ર મળી ગયો. તે વાતોમાં ચઢી ગયો અને જળની લોટીની વાત ભૂલી ગયો.

પ્રસાદ લેતાં સૂરદાસજીને તરસ લાગી. આસપાસ હાથ ફેરવ્યો, પણ લોટી ન મળી. તેમણે ગોપાલને બૂમો પાડી, પણ ગોપાલ હોય તો સાંભળે ને? તેમનો કંઠ સુકાવા લાગ્યો. કોળિયો ગળે અટકી ગયો. બોલાતું બંધ થયું. શ્વાસ રુંધાવા લાગ્યો. આકુળ-વ્યાકુળ બની ગયા.

એટલામાં તેમની નજીકમાં કોઈએ જળપાત્ર મૂક્યું હોય તેમ વાસણનો અવાજ આવ્યો. માન્યું કે ગોપાલ મૂકી ગયો. તેમણે જળપાત્ર લીધું અને જળપાન કર્યું. વ્યાકુળતા દૂર થતાં પ્રસાદ લીધો. બીજી બાજુ ગોપાલને યાદ આવ્યું કે સૂરદાસજીને જળની લોટી આપી નથી. તે પસ્તાવો કરતો દોડતો આવ્યો. કહેવા લાગ્યો : 'બાબા, મારી ભૂલ થઈ ગઈ. તમને જળ વગર તકલીફ પડી હશે.'

સૂરદાસજીએ કહ્યું : 'ગોપાલ, આજે તેં લોટીને બદલે ઝારી મૂકી છે. જો, એમાંથી મેં જળપાન પણ કર્યું. હજી તે ત્યાં જ પડી હશે.'

ગોપાલે જોયું. સુંદર સોનાની ઝારી હતી. તેનાથી બોલાઈ ગયું, 'બાબા, મોટો ચમત્કાર થઈ ગયો. આ તો શ્રીનાથજીની સોનાની ઝારી છે. મારી ગેરહાજરીમાં ચૂપચાપ એ કોણ મૂકી ગયું હશે?'

સૂરદાસજી ચમક્યા, 'ભાઈ, જરૂર શ્રીજીએ મારે માટે શ્રમ લીધો. બહુ ખોટું થયું. ઠાકોરજીને શ્રમ પડ્યો. ગોપાલ, તારી ફોઈએ તારું નામ ગોપાલ પાડ્યું, એને લઈને આ પંચાત થઈ. મને તરસ લાગી. મેં ગોપાલ, ગોપાલ કહીને બૂમો પાડી. તેં ન સાંભળી, પણ મંદિરવાળા ગોપાલે સાંભળી. એ દોડી આવ્યા. પ્રભુને શ્રમ કરાવ્યાનો આજે આપણને અપરાધ થયો છે. ફરી આવી ભૂલ ન કરીશ.'

કેવા ભક્તવત્સલ ભગવાન! ભક્ત દુ:ખ પામે ત્યારે ભગવાન દુ:ખી થાય. ભગવદીય અને ભગવાન વચ્ચે એવું ઐક્ય સદાય છે. ભક્તિમાર્ગની આ તો મોટી વિશિષ્ટતા છે.

●

શ્રીગોવર્ધનધરની અદ્‌ભુત ઝાંખી શ્રીગિરિરાજજી ઉપર થતી હતી. ભાવિક ભગવદીયો દેશ-પરદેશથી આવીને દર્શનનો અનેરો આનંદ લેતા. ત્યાં તળેટીમાં ગોપાલપુર ગામ. શ્રીગિરિરાજજી પરથી ઊતરતાં એક વાણિયાની દુકાન. વાણિયાનું નામ જ્ઞાનચંદ. ૬૦ વર્ષની ઉંમર. સવારે સૂર્યોદય પહેલાં દુકાન ખોલી દે. એક પણ ઘરાક આખા દિવસમાં તેની દુકાનેથી ખરીદી કર્યા વિના પાછું ન જાય તેની પૂરેપૂરી કાળજી લે. ધનનો પરમ લોભી. ધનને જ તેણે ધર્મ માની લીધો હતો.

દરરોજ વૈષ્ણવો શ્રીજીના શૃંગારનાં દર્શન કરીને નીચે આવે. જેને સીધુ-સામાન લેવાનું હોય તે જ્ઞાનચંદની દુકાને જાય. દુકાને પહેલા આવનારને જ્ઞાનચંદ પૂછી લે કે આજે શ્રીજીએ શા વસ્ત્ર-શૃંગાર ધર્યા છે. તે કદી દર્શન કરવા જાય નહિ, પણ દિવસભર જે વૈષ્ણવ આવે તેની આગળ ગળગળો થઈને શ્રીજીના સ્વરૂપ અને શૃંગારનું વર્ણન કરે અને કહે કે પહેલાં દર્શન કરી આવો. દર્શન ચૂકશો નહિ.

એ એવી ખૂબીથી વાત કરે કે સાંભળનારને એનો દંભ સમજાય નહિ. સૌને લાગે કે આ પરમ ભક્ત છે; માટે એમની દુકાનેથી જ માલસામાન ખરીદો. આમ, વૈષ્ણવ યાત્રાળુઓને વિશ્વાસમાં લઈને સૌને સારી પેઠે મૂંડતો. એમ કરતાં કરતાં તેણે રૂપિયા ૬૦ હજાર જેવી મૂડી ભેગી કરેલી. પાછો કંજૂસ એવો કે ચમડી તૂટે, પણ હાથમાંથી દમડી ન છૂટે.

એક વાર એવું બન્યું કે સૂરદાસજી તેની દુકાને આવી ચઢ્યા. જ્ઞાનચંદે તો રોજની ટેવ પ્રમાણે તેમની આગળ પણ શ્રીજીના શૃંગારનું વર્ણન કર્યું. સૂરદાસજી જાણી ગયા કે તેની વાણીમાં દંભ હતો. તેના અંતરના પાખંડને તેઓ પારખી ગયા.

સૂરદાસજીએ કહ્યું : 'તું બીજાં બધાંને છેતરે, પણ મને નહિ છેતરી શકે. મને ખબર છે કે તું સાંભળેલું બોલે છે. દર્શન કરીને આ વર્ણન કરતો નથી. ધન કમાવા માટે પાખંડ કરે છે.'

જ્ઞાનચંદ ચેતી ગયો. તેને લાગ્યું કે સૂરદાસજી મોટા ભગવદીય છે. તેઓ ભગવાનના મનની વાત જાણનારા છે, ત્યાં મારા જેવાનો તો શો હિસાબ? તેમની પાસે નમી જવામાં લાભ છે. કહેવત છે કે વાણિયા મૂછ નીચી, તો કહે સાડી સાત વાર નીચી.

જ્ઞાનચંદે કહ્યું : 'તમારી વાત ખરી છે બાપજી, પણ કોઈને કહેશો નહિ. મારા પેટ ઉપર પાટું પડશે.'

સૂરદાસજીએ કહ્યું : 'શેઠ. જાત્રાળુ વૈષ્ણવોને ધૂતીને રૂપિયા સાઠ હજાર ભેગા કર્યા છે. પેટ પર પાટું ક્યાંથી પડવાનું છે? શું તું ભૂખે મરવાનો છે?'

વાણિયો વધારે ચમક્યો. તેણે સૂરદાસજીના પગ પકડી લીધા, 'બાપજી, તમે કહેશો એમ કરીશ. પણ મને ફજેત કરશો નહિ.'

સૂરદાસજીને દયા આવી. તેમણે કહ્યું, 'તું મારી સાથે દર્શન કરવા ચાલ, હું તારી વાત છાની રાખીશ.'

વાણિયાએ તે વખતે બહાનું બતાવ્યું. સૂરદાસજીએ કહ્યું : 'ફરી આવું ત્યારે તૈયાર રહેજે.'

જ્યારે જ્યારે સૂરદાસજી આવતા, ત્યારે વાણિયો કોઈ ને કોઈ બહાનું બતાવતો, પણ દર્શન કરવા જતો નહિ.

પરંતુ ભગવદીય જેનો હાથ પકડે તેને કેમ છોડે? આખરે સૂરદાસજીએ કહ્યું કે 'હું આ બેઠો તારી દુકાને. વૈષ્ણવો આવશે તેમને તારી પોલ બતાવી દઈશ. પછી જોઉં છું, તારો વેપાર કેમ ચાલે છે?' સૂરદાસજીએ એક પદ રચીને તેને સંભળાવ્યું -

આજ કામ, કાલ કામ, પરસોં કામ કરનો,
પહલે દિન બહુત કામ, વિમુખ ભયો ચરનો.
જાગત કામ, સોવત કામ, કામમેં પચી મરનો,
છાઁડ કામ, સુમર શ્યામ, સૂર પકડ સરનો.

પદ પૂરું થતાં તેમણે કહ્યું : 'બોલ, અત્યારે આવવું છે કે નહિ?'

વાણિયો ઊભો થયો. જેમ તેમ દુકાન બંધ કરીને આગળ થયો. બંને ઉપર પહોંચ્યા. દર્શન ખુલ્લાં હતાં. સૂરદાસજીએ મનથી શ્રીનાથજીને વિનંતી કરી : 'પ્રભુ, આજે શેઠને આપનાં ચરણોમાં પકડીને લાવ્યો છું. મૂળમાં દૈવી જીવ છે, એટલે એને બાંધી રાખવાનું હવે આપના હાથમાં.'

ભગવદીયની વિનંતી ભગવાને સાંભળી. શ્રીજીએ જ્ઞાનચંદને એવાં અલૌકિક દર્શન આપ્યાં કે તેનું મન શ્રીજીમાં લાગી ગયું. તે ગળગળો થઈ ગયો.

કહેવા લાગ્યો : 'આવાં અલૌકિક દર્શનનો લાભ મેં જીવનભર ગુમાવ્યો. મને ધિક્કાર છે.'

દર્શન થઈ જતાં બહાર આવી તેણે સૂરદાસજીને કહ્યું : 'બાપજી, તમારી કૃપાથી આજે મને સાચું સુખ મળ્યું.'

'જ્ઞાનચંદ, પૂરું સુખ તો હજુ બાકી છે. ચાલ, શ્રીગુસાંઈજી પાસે. તેમનો સેવક થા.'

'બાપજી, આપ જેમ કહેશો તેમ કરીશ. પણ મને પહેલાં એવો કંઈક ઉપદેશ આપો કે મારું મન ધનમાંથી છૂટી ધર્મમાં લાગે. સંસારમાંથી નીકળીને ભગવાનમાં લાગે.'

સૂરદાસજીએ ૬૦ કડીઓનું 'સૂરસાઠી' નામનું પદ તેને સંભળાવવા માંડ્યું. તેમાં સૂરદાસજીએ સમજાવ્યું કે હે મનુષ્ય, તું શ્રીકૃષ્ણનું સ્મરણ કરીશ તો આ જીવન પાવન થઈ જશે. આ સંસાર તો એક સ્વપ્ન છે. તે કાયમ ટકવાનું નથી. શ્વાસે શ્વાસે આયુષ્ય ઘટે છે. મરણનો ભય ક્ષણેક્ષણે પાસે આવતો જાય છે. માટે તું ચેત. વિવેકથી ધર્માચરણ કર. જેથી જન્મ-મરણનો ભય ટળી જાય. તું ગમે તેટલી સંપત્તિ કમાઈશ, અરે! ત્રિભુવનનું રાજ્ય મેળવીશ, તો પણ તે બધું અહીં જ પડ્યું રહેશે. તારી સાથે કેવળ ધર્મ આવશે. ભગવાનને ભૂલીને વિષયોની પાછળ ન દોડ. માયા-મમતામાં રાચ નહિ. પ્રતિષ્ઠા માટે ફાંફાં માર નહિ. લોભ બૂરી ચીજ છે. ભોગ ભોગવવાથી વાસનાઓ શાંત થતી નથી.

આ બધું દેહનું સુખ છે. જૂઠું નાટક છે. સાચું સુખ તો પરમાત્માને પ્રાપ્ત કરવામાં છે. માટે શ્રીકૃષ્ણનો આશ્રય કર. બીજા કોઈ દેવનો ભરોસો કરીશ નહિ. શ્રીકૃષ્ણના નામ-રટણથી તારું કામ સિદ્ધ થઈ જશે. માટે તું ચેત અને ભગવાનની ભક્તિ કર. ધ્રુવજી જેવું ધર્માચરણ કરીશ, તો સપ્તર્ષિઓ જેમ ધ્રુવજીની પ્રદક્ષિણા કરે છે તેમ કાળ તારી પ્રદક્ષિણા કરશે.

સૂરદાસજીનો આવો સુંદર ઉપદેશ સાંભળતાં જ્ઞાનચંદના હૃદયમાં પ્રકાશ પ્રગટતો ગયો. પદની એક એક ઘડીએ એક-એક હજાર શ્રીનાથજીને ભેટ ધરવાનો તે મનમાં સંકલ્પ કરતો ગયો. ભગવદીયના સંગથી તેનો લોભી સ્વભાવ બદલાયો. કંજૂસાઈ જતી રહી.

સૂરદાસજી તેને શ્રીગુસાંઈજી પાસે લઈ ગયા. સઘળી હકીકત કહી. શ્રીગુસાંઈજીએ પ્રસન્ન થઈને કહ્યું : 'સૂરદાસજી, તમને ધન્ય છે. તમે આજે બુઢ્ઢો

બેલ નાથ્યો છે.' શ્રીગુસાંઈજીએ તેને નામમંત્ર આપી, સેવક કર્યો. જ્ઞાનચંદને જાણે નવું જીવન પ્રાપ્ત થયું.

આમ, સૂરદાસજીના સત્સંગથી અનેક દૈવી જીવો શરણે આવ્યા.

સૂરદાસજી જીવનભર ભગવદ્-યશ અને લીલાઓનું ગાન કરતા રહ્યા. તેઓ લીલાના જીવ છે. પ્રભુની દિવસકાલીન લીલામાં કૃષ્ણસખાનું પ્રાગટ્ય છે. રાત્રિકાલીન લીલામાં ચંપકલતા સખીનું સ્વરૂપ છે. ભગવાનની રાત-દિવસની બધી લીલાઓનો તેમને અનુભવ છે. પૃથ્વી ઉપર તેમને શ્રીવલ્લભની અસીમ કૃપા પ્રાપ્ત થઈ છે.

તેમણે સવાલાખ પદો રચવાનો સંકલ્પ કરેલો. લગભગ લાખેક પદો રચાયાં અને દેહ અશક્ત થવા લાગ્યો. તેમને ખાત્રી થઈ કે હવે પ્રભુની ઈચ્છા મને નિત્યલીલામાં બોલાવી લેવાની છે. પોતાનો સંકલ્પ અધૂરો રહી જવાની તેમને ચિંતા થવા લાગી, પણ પ્રભુ સત્ય-સંકલ્પ છે. ભગવદીયના સંકલ્પને ભગવાન પૂરા કરે છે.

એક રાતે પોતાનો સંકલ્પ અધૂરો રહેવાની ચિંતા કરતા તેઓ સૂઈ ગયા. રાતમાં શ્રીગોવર્ધનધર પધાર્યા. દર્શન આપીને આજ્ઞા કરી, 'સૂરદાસજી, ચિંતા કેમ કરો છો? તમારો સંકલ્પ પૂરો થઈ ગયો છે. સવાલાખ પદો તમારા ચોપડામાં છે. ગણત્રી કરાવી લો. હવે સત્વરે લીલામાં પાછા આવો.'

સૂરદાસજી આશ્ચર્યચક્તિ થયા. પ્રભુ પોતાની કેટલી કાળજી લઈ રહ્યા છે, એ વિચારી રોમાંચિત થયા.

સવારે વૈષ્ણવો પાસે પદોની પોથી જોવડાવી. વૈષ્ણવોએ કહ્યું : પોથીઓમાં વચ્ચે-વચ્ચે ખાલી જગ્યાઓમાં સુંદર હસ્તાક્ષરથી ઘણાં નવાં પદો લખાઈ ગયાં છે. તેમાં છાપ પણ જુદી છે. તેમાં 'સૂરશ્યામ'ની છાપ છે. તેની સંખ્યા ૨૫ હજાર છે. કુલ સવાલાખ પદો પોથીઓમાં લખાયેલાં છે. આ જાણી સૂરદાસજી ઘણા પ્રસન્ન થયા.

●

સૂરદાસજીના જીવનમાં બનેલા કેટલાક પ્રસંગો વાર્તાસાહિત્યમાં નથી, પણ અન્ય ગ્રંથોમાંથી મળી આવે છે; તે પણ જાણવા યોગ્ય છે.

વિ.સં. ૧૫૫૨ની સાલ હતી. સૂરદાસજીની ઉંમર તે વખતે ૧૭ વર્ષની હતી. એક દિવસ સૂરદાસજીને પ્રભુના મહાન ભક્ત નારદજીનો સાક્ષાત્કાર

થયો. નારદજીએ તેમને ભગવદ્ ગુણાનુવાદ સંભળાવ્યા. નારદજીની આજ્ઞાથી સૂરદાસજીએ એક પદ ગાયું, જેમાં પ્રભુના માહાત્મ્ય સાથે પ્રભુની નિષ્ઠુરતા ઉપર વ્યંગ્ય કરવામાં આવ્યો છે. પદના શબ્દો છે 'કહાવત ઐસે ત્યાગી દાની'- હે પ્રભુ, તમે આવા મોટા દાનવીર કહેવાઓ છો. ઘણાંને ઘણું બધું આપ્યું છે, પણ મારી આંખો તમે લઈ લીધી. શું આ આપનું દાનીપણું છે?

આ પદ સાંભળી નારદજી ઘણા પ્રસન્ન થયા. તેમણે સૂરદાસજીને વરદાન આપ્યું, તમને દિવ્યચક્ષુ પ્રાપ્ત થશે અને પ્રભુનાં દર્શન થશે.

એક દિવસ પ્રભુના ગુણગાન ગાતાં સૂરદાસજી શરીરનું ભાન ભૂલી ગયા. કીર્તનના ભાવાવેશમાં ચાલી નીકળ્યા. રસ્તામાં એક કૂવો આવ્યો. તેના ઉપર કઠેડો ન હતો. સૂરદાસજીનો પગ તેમાં પડવાની તૈયારીમાં હતો, ત્યારે એક ગોપબાલકે તેમનો હાથ પકડી બચાવી લીધા. સૂરદાસજી એ અલૌકિક હસ્તના સ્પર્શને ઓળખી ગયા. તેમને ખાત્રી થઈ કે ભગવાન શ્રીકૃષ્ણે જ મને બચાવ્યો છે. પછી તે બાળક હાથ છોડાવીને જતો રહ્યો, ત્યારે તેમણે એક દૂહો ગાયો. તેમાં પ્રભુને એમ કહ્યું કે મને નિર્બળ જાણીને હાથ છોડાવીને જાઓ છો, પણ મારા હૃદયમાંથી જો તમે ભાગી શકો તો હું તમને મરદ જાણું!

તેઓ બાવરા બની ચારે બાજુ ભગવાનને શોધવા લાગ્યા. જતા-આવતા લોકોને પૂછવા લાગ્યા કે તમે ભગવાનને જોયા? પણ કોઈ બતાવી ન શક્યું. ત્યારે તેઓ વિકળ બની ગયા. તેમની દીનતા પરાકાષ્ઠાએ પહોંચી. રાસ વખતે ગોપીજનોએ જે કર્યું હતું, તેવું તેઓ કરવા લાગ્યા. છેવટે ભક્તાધીન ભગવાન ત્યાં સાક્ષાત્ પ્રગટ થયા. સૂરદાસજીને દિવ્યચક્ષુ આપી, પોતાનાં દર્શન કરાવ્યાં. ભગવાને પ્રસન્ન થઈને વરદાન માગવા કહ્યું, ત્યારે તેમણે માગ્યું કે મારે હવે બીજું કંઈ જોવું નથી. મારાં અંતઃચક્ષુથી આપનું સ્વરૂપ અને લીલાઓ હમેશાં નીરખ્યા કરું અને ગાયા કરું. ભગવાને આજ્ઞા કરી કે શ્રીવલ્લભાચાર્યજીનો સેવક થઈશ, ત્યારે તારી આ ઈચ્છા પરિપૂર્ણ થશે.

એક વર્ષ પછી ફરી શ્રીકૃષ્ણે સ્વપ્નમાં દર્શન આપીને આજ્ઞા કરી કે તું જલદી મથુરામંડલ તરફ જા. શ્રીમહાપ્રભુજી તે તરફ પધારી રહ્યા છે. તેથી તેઓ મથુરા ગયા. ત્યાંથી ગૌઘાટ ગયા. ત્યાં શ્રીમહાપ્રભુજીનાં દર્શન થયાં. એ પ્રસંગ આપણે આગળ જોઈ ગયા છીએ.

●

સૂરદાસજી ગૌઘાટ ઉપર રહેતા હતા, ત્યારે તેમની ખ્યાતિ સાંભળીને ઘણા સંતકવિઓ તેમને મળવા આવતા. એક વખત સંત કબીર સૂરદાસજીને મળવા ગૌઘાટ આવ્યા. બંને વચ્ચે થોડો વાર્તાલાપ થયો. પછી કબીરજીએ વ્રજમાં જવાની ઈચ્છા દર્શાવી, ત્યારે સૂરદાસજીએ કહ્યું : 'કબીરજી, મારું માનો તો તમે વ્રજમાં ન જશો; કારણ કે તમે નિરંજન નિરાકારના ઉપાસક છો. વ્રજમાં તો એ પરબ્રહ્મ સગુણ લીલામય રસાત્મક શ્રીકૃષ્ણ સ્વરૂપે બિરાજે છે. ત્યાંના વૃક્ષેવૃક્ષમાં વેણુધારી બિરાજે છે. તમે શુષ્ક નિરાકારવાદીની દૃષ્ટિ લઈને તે વૃક્ષો જોશો, તો ત્યાંનાં વૃક્ષો પણ સુકાઈ જશે.'

કબીરજીને આ વાતમાં વિશ્વાસ ન બેઠો. તેમણે સૂરદાસજીને કહ્યું : 'જુઓ, સામે યમુના-કિનારે વૃક્ષ છે. ત્યાં તેની નીચે બેસીને આપણે બંને પદ ગાઈએ. પછી જોઈએ કે શું થાય છે!'

પહેલાં કબીરજીએ જ્ઞાનનું એક પદ ગાયું. તે સાથે તે વૃક્ષનાં પાન એકાએક પીળાં પડી સુકાવા લાગ્યાં. કબીરજીને સૂરદાસજીની વાતમાં વિશ્વાસ બેઠો. પછી એ જ વૃક્ષની નીચે બેસીને સૂરદાસજીએ રસાત્મક લીલાનું પદ ગાયું, ત્યારે વૃક્ષ પાછું નવપલ્લવિત થયું. આ ચમત્કારથી કબીરજી ઘણા નવાઈ પામ્યા. તેમણે વ્રજમાં જવાનું બંધ રાખીને કાશી તરફ પ્રયાણ કર્યું.

◆

સૂરદાસજી વ્રજમાં ચન્દ્ર સરોવર પર રહેતા હતા, ત્યારે પ્રસિદ્ધ રામ-ભક્ત કવિ તુલસીદાસ તેમના ભાઈ નંદદાસજીને મળવા વ્રજમાં આવ્યા હતા. તેઓ સૂરદાસજીને મળવા ચન્દ્ર સરોવર પર ગયા. સૂરદાસજીને તેમના આવવાના કોઈ સમાચાર મળ્યા ન હતા. તુલસીદાસજીનો પહેલાં મેળાપ પણ થયો ન હતો; છતાં તેમણે વગર નેત્રે તુલસીદાસને ઓળખ્યા અને કહ્યું : 'આવો તુલસીદાસ.' આથી, તુલસીદાસ ઘણા જ પ્રભાવિત થયા. તેઓ શ્રીરામના અનન્ય ભક્ત હતા. સૂરદાસે તેમને રામ અને કૃષ્ણ વચ્ચેનો અભેદ સમજાવ્યો. સૂરદાસજીનાં પદોથી તુલસીદાસજી ઘણા પ્રભાવિત થયા. તેમણે સૂરદાસનાં કૃષ્ણની બાલલીલાનાં પદોની છાયા લઈને રામ અને કૃષ્ણનાં બાલલીલાનાં ઘણાં પદો રચ્યાં, જે 'કૃષ્ણ ગીતાવલી'ના નામે પ્રસિદ્ધ છે.

◆

સૂરદાસજી ભગવાનના ભક્ત ઉદ્ધવજીનો અવતાર હોવાનું મનાય છે. ઉદ્ધવજી યાદવોના સૂરસેન વંશમાં જન્મ્યા હતા. જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ મથુરાથી દ્વારકા પધાર્યા, ત્યારે ઉદ્ધવજી પણ તેમની સાથે દ્વારકા ગયા હતા. પરંતુ ગોપીઓના પ્રેમથી તેઓ એટલા બધા પ્રભાવિત હતા કે તેમનું મન વ્રજમાં લાગી રહ્યું હતું. એટલે તેમણે ભગવાન શ્રીકૃષ્ણને વિનંતી કરી કે મને વ્રજનાં સ્થળો અને લીલાઓનો અનુભવ ક્યારે થશે? ભગવાન શ્રીકૃષ્ણે સ્વધામ પધારતી વખતે ઉદ્ધવજી આજ્ઞા કરી કે હું હમેશાં વ્રજમાં વસું છું. મારી લીલા નિત્ય છે. કલિયુગના સંધિકાલમાં તમે મથુરાની પાસે બ્રાહ્મણ કુળમાં જન્મ લેશો, ત્યારે મારી વ્રજલીલાઓનો અનુભવ કરશો અને વ્રજભાષામાં તેનું ગાન કરશો. તમારી વાણી પ્રભાવશાળી હશે. તમે સ્ત્રી-પુત્ર વગેરેના બંધનથી મુક્ત રહી શકો, એ માટે જન્મથી નેત્રહીન રહેશો. એ ઉદ્ધવજી જ સૂરદાસજીરૂપે ફરી પ્રગટ થયા.

◆

સૂરદાસજી પૃથ્વી ઉપર ૧૨૫ વર્ષ સુધી રહ્યા. તેમને લાગ્યું કે હવે તેમનો અંતકાળ નજીક આવી ગયો છે, લીલામાં જવાનો સમય થઈ ગયો છે. તેમને એવો પણ અનુભવ થયો કે લીલાપ્રાપ્તિનું મારું સ્થાન પરાસોલીમાં ચંદ્ર સરોવર પાસે છે, જે રમણીય ભૂમિમાં છ માસની રાત્રિ કરીને રસેશ્વર પ્રભુએ રાસ કર્યો હતો.

અંતિમ દિવસ આવ્યો જાણીને તેઓ સવારે વહેલા ઊઠ્યા. સ્નાનાદિ કરી, પરાસોલી પહોંચ્યા. ત્યાંથી શ્રીજીનાં ધજાજીને દંડવત્ કર્યાં. તે તરફ મસ્તક રાખી એક ચોતરા ઉપર સૂઈ ગયા.

મનમાં વિવિધ ભાવો પ્રગટ થયા, 'અરે! મારા જેવો અલ્પ જીવ ક્યાં અને શ્રીવલ્લભ, શ્રીવિઠ્ઠલ અને શ્રીજીની અનહદ કૃપા ક્યાં? કેવી અદ્‌ભુત કરુણા કરી મારી પાસે ભગવદ્-યશ ગવડાવ્યા. ભગવદીયોની પણ ઘણી કૃપા મળી. મારું જીવન ધન્ય બની ગયું. હવે અંતિમ સમયે એ સૌનાં દર્શન થાય તો કેવું સારું! પણ અહીં બોલાવીને મારાથી એમને પરિશ્રમ કેમ અપાય? બોલાવવાની જરૂર પણ શી? તેઓ તો અંતર્યામી છે, જરૂર પધારશે.'

શ્રીગિરિરાજ ઉપર શ્રીગુસાંઈજીએ સૂરદાસજીને કીર્તનની સેવામાં ન જોયા, તેથી વૈષ્ણવોને આજ્ઞા કરી, 'હજી સૂરદાસજી કેમ આવ્યા નથી? તપાસ કરો.' વૈષ્ણવો ખબર લાવ્યા કે સૂરદાસજી પરાસોલીમાં અંતિમ શ્વાસ લઈ રહ્યા છે. આપે આજ્ઞા કરી, 'વૈષ્ણવો, પુષ્ટિમાર્ગનું જહાજ પાછું જઈ રહ્યું છે. જેને માલ લેવો હોય તે લઈ લેજો. ફરી આ તક નહિ મળે.'

વિવિધ પ્રકારનો માલ ભરીને પરદેશથી વહાણો આપણા બંદર પર આવે, ત્યારે જે વેપારીઓને જે માલ જોઈતો હોય તે લઈ લેવો પડતો. એ જહાજ બીજે જવા ઊપડી જાય, પછી માલ ક્યાંથી મળે?

શ્રીગુસાંઈજીની આજ્ઞા સાંભળતાં જ વૈષ્ણવો પરાસોલી જવા ઊપડ્યા. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી, રાજભોગ આરતી કરીને હું પણ ત્યાં આવું છું. વૈષ્ણવોને આવેલા જોઈ, સૂરદાસજી રાજી થયા. આપશ્રીના પધારવાના સમાચાર જાણી વિશેષ રાજી થયા. એટલામાં શ્રીગુસાંઈજી પધાર્યા. સૂરદાસજીના શિથિલ દેહમાં નવું ચેતન પ્રગટ્યું. તેમણે શ્રીગુસાંઈજીનાં ચરણ પકડી લીધાં.

વૈષ્ણવો કોઈ ને કોઈ પ્રશ્ન પૂછી રહ્યા હતા. સૂરદાસજી સૌને ટૂંકામાં જવાબ આપતા હતા. ત્યાં ચતુર્ભૂજદાસજીના ચિત્તમાં એક મૌલિક પ્રશ્ન ઉદ્ભવ્યો. તેમણે પૂછ્યું : 'સૂરદાસજી, આપે શ્રીઠાકોરજીની લીલાનાં અસંખ્ય પદો રચ્યાં છે, પણ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનું એકેય પદ રચ્યું નથી, એનું કારણ શું?'

આ પ્રશ્ન સાંભળતાં સૂરદાસજી ભાવવિવશ બની ગયા. તેમણે ફરીથી શ્રીગુસાંઈજીનાં બંને ચરણ પકડી લીધાં અને ગદ્ગદ્ કંઠે ગાયું, 'દૃઢ ઈન ચરનન કેરો ભરોસો.' તેઓ કહેવા લાગ્યા, 'ચતુર્ભુજદાસ! મને તો શ્રીગુસાંઈજીનાં આ ચરણકમળનો દૃઢ વિશ્વાસ છે. શ્રીમહાપ્રભુજીનાં ચરણના નખચંદ્રનો પ્રકાશ જગતમાં સર્વત્ર પ્રસરી રહ્યો છે. એના વિના બધે અંધારું હોત. આ કલિયુગમાં એવું કોઈ સાધન નથી, જેનાથી જીવોનો ઉદ્ધાર થાય. હું તો જીવનભર એમનો વિનામૂલ્યનો દાસ છું. હું એમનાં જુદાં ગુણગાન શા માટે ગાઉં? મને શ્રીઠાકોરજી અને શ્રીવલ્લભ-વિઠ્ઠલ જુદા દેખાય જ નથી. મેં તો તેમને એક જ સ્વરૂપે જોયા છે. મેં જે પદો ગાયાં તે બધાં શ્રીવલ્લભ-વિઠ્ઠલ લીલાનાં પદો છે, એમ સમજજો.'

સૂરદાસજીની ચિત્તવૃત્તિ અંતર્મુખ થવા લાગી. તેમનું શરીર શિથિલ બન્યું. તેઓ જાણે કોઈ ઊંડા ચિંતનમાં મગ્ન થઈ ગયા. તેમનાં નેત્રોમાંથી આંસુ સર્યાં. શ્રીગુસાંઈજીએ પૂછ્યું : 'સૂરદાસજી, અત્યારે તમારી ચિત્તવૃત્તિ ક્યાં છે?' જવાબમાં સૂરદાસજીએ પદ ગાયું : 'બલિ બલિ હૌં કુંવરી રાધિકા.' સૌ વૈષ્ણવો એક ધ્યાનથી તેમની મધુર વાણી સાંભળી રહ્યા. તે પદ પૂરું થતાં તેમણે બીજું પદ ગાયું, 'ખંજન નયન રૂપ રસમાતે...' આ પદમાં દર્શનની આતુરતા વર્ણવી છે. તે ગાતાં ગાતાં જ સૂરદાસજીનો પ્રાણ શરીરમાંથી ચાલ્યો ગયો. તેઓ નિત્યલીલામાં પ્રાપ્ત થયા.

●

વિશેષ વિચાર :

શ્રીસૂરદાસજી વિષે ઘણું ઐતિહાસિક સંશોધન થયું છે, તેની માહિતી પણ મેળવી લઈએ. તે સમયગાળામાં સૂરદાસ નામના ત્રણ ભક્તકવિઓ થયા છે : (૧) બિલ્વમંગલ સૂરદાસ, જે ચિંતામણી નામની વેશ્યાના ઉપદેશથી ભક્ત બનેલા. તેમણે સ્વયં તેમની આંખોનો નાશ કર્યો હતો. (૨) સંડિલાના દીવાન, જેમણે સૂરદાસ મદનમોહન છાપથી ઘણાં પદો રચ્યાં છે. તેઓ પુષ્ટિમાર્ગીય ન હોવા છતાં શ્રીગુસાંઈજીની તેમના પર ઘણી કૃપા હતી. (૩) અષ્ટછાપના સૂરદાસજી, જેમનું દિવ્ય ચરિત્ર આપણે ઉપર જોયું.

●

વૈષ્ણવ પરિચય :

નામ : સૂરદાસ

જન્મ : વિ.સં. ૧૫૩૫, વૈશાખ સુદ-૫, રવિવાર. તેઓ શ્રીમહાપ્રભુજીથી ઉંમરમાં માત્ર ૧૦ દિવસ નાના હતા.

જાતિ : સારસ્વત બ્રાહ્મણ

પરિવાર : પિતા રામદાસ; માતા ભગવતી લક્ષ્મી.

શરણાગતિ : વિ.સં. ૧૫૬૬, ચૈત્ર વદ એકાદશી. ગૌઘાટ મુકામે ૩૧ વર્ષની વયે, શ્રીમહાપ્રભુજીના શરણે આવ્યા.

સ્થાયી નિવાસ : ચંદ્ર સરોવર, પરાસોલી.

સેવ્ય સ્વરૂપ : તેમણે માનસી સેવા કરી છે. વાર્તાસાહિત્યમાં સેવ્ય સ્વરૂપનો ઉલ્લેખ નથી, પણ ચાંપાસેની (રાજસ્થાન)માં બિરાજતા શ્રીશ્યામમનોહરજી તેમના સેવ્ય છે એમ કહેવાય છે.

અંતિમ સમય : વિ. સં. ૧૬૪૦, મહા સુદ-૨.

લીલાનું સ્વરૂપ : શ્રીકૃષ્ણ સખા અને ચંપકલતા સખી.

■

૨૨. હરિરસ તબ હી તો જાય પૈયે

(૮૨. પરમાનંદદાસજી)

સમૃદ્ધ એવું કનોજ શહેર છે. ત્યાં એક પવિત્ર અને સુખસંપન્ન કનોજિયા બ્રાહ્મણ રહે છે. તેમને ત્યાં પુત્રનો જન્મ થાય છે. પુત્રજન્મથી કોને આનંદ ન થાય? પરંતુ આ બ્રાહ્મણને ઘણો વધારે આનંદ થયો; કારણ કે તે જ દિવસે એક ધનિક યજમાન તરફથી તેમને ઘણું દ્રવ્ય દાનમાં મળ્યું. તેમને લાગ્યું કે પુત્ર ઘણો ભાગ્યશાળી છે. પિતાને પરમ આનંદ થયો, માટે પુત્રનું નામ રાખ્યું પરમાનંદ.

પુત્ર જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ રૂપ, ગુણ અને વિદ્યામાં સારી પ્રગતિ કરતો ગયો. સ્વભાવ આનંદી હતો. વ્યક્તિત્વ પ્રભાવશાળી હતું. નાનપણથી જ કાવ્યો રચતો. સંગીતવિદ્યામાં નિપુણ થતો ગયો. યુવાન થતાંમાં તો તે સારો સંગીતકાર બન્યો. વાજિંત્રોની સંગત સાથે જાહેરમાં કીર્તન કરતો થયો. પોતાનાં રચેલાં ભક્તિપદો ગાવા લાગ્યો.

તેમના શ્રોતાઓ ને ચાહકો વધતા ગયા. તેમનું નામ પ્રસિદ્ધ થઈ ચૂક્યું. પ્રભાવ એટલો વધ્યો કે લોકો તેમની પાસે કંઠી બંધાવી તેમને ગુરુ માનવા લાગ્યા. તેઓ પરમાનંદ સ્વામી તરીકે ઓળખાવા લાગ્યા. તેમના સેવકો તેમને ઘણી ભેટ-સોગાદો આપતા. માતા-પિતા ધન્યતા અનુભવવા લાગ્યાં.

દુનિયામાં કોઈનુંય સુખ સદાકાળ એકસરખું રહ્યું નથી. જીવનમાં સુખ અલ્પ છે, દુઃખ જ વધારે છે. એક વખત એ પ્રદેશમાં દુષ્કાળ પડ્યો. એ જમાનામાં દુષ્કાળ વધારે ભયંકર રહેતા. અન્ન વિના હજારો માણસો મૃત્યુ પામ્યાં. ઘાસચારા વિના લાખો પશુઓ મર્યાં. રાજા ગભરાયો. બીજાં રાજ્યોમાંથી મોં-માગ્યા ભાવે અનાજ અને ઘાસચારો ખરીદવા તેણે શ્રીમંતોની સંપત્તિ પડાવવા માંડી. તેમાં પરમાનંદ સ્વામીનું કુટુંબ પણ ઝડપાઈ ગયું. તેમની બધી સંપત્તિ રાજાએ હડપ કરી લીધી. ખાઈને જીવવા પૂરતું બચ્યું, તેથી તેમનાં માતા-પિતા ઘણાં દુઃખી થયાં, પણ પુત્ર તો તેમની ભક્તિની ધૂનમાં મસ્ત હતા. પિતાએ પુત્રને કહ્યું : 'ભાઈ, ઘણું ખોટું થયું. તારાં લગ્ન ઘણી ધામધૂમથી કરવાની અમારી ઉમેદ હતી. તું ઉંમરલાયક થયો છે. અમારું કહ્યું માન્યું હોત, તો અત્યારે તારાં લગ્ન થઈ ગયાં હોત!'

'બાપુજી, મારે લગ્ન કરવું જ નથી. તમે નાહક મારી ચિંતા કરો છો.'

'ભાઈ, એમ તે કંઈ ચાલે. જીવતો નર ભદ્રા પામે. તારી આવક ઘણી છે. ફરીથી દ્રવ્ય મળી રહેશે. તું પુણ્યદાનમાં બધું ખર્ચી નાખે છે, તેને બદલે કમાયેલું દ્રવ્ય ભેગું કર.'

'બાપુજી, ધન ભેગું કરવાથી શો લાભ? ભેગું કરેલું ધન ચાલ્યું ગયું. ઉપરથી દુઃખ આપતું ગયું. મારું માનો તો ભગવાને જે આપ્યું છે, તેમાં હવે ખાઓ પીઓ ને ભજન કરો; એમાં જ કલ્યાણ છે. મારે ગૃહસ્થ થવું નથી. હું તો વૈરાગી થવાનો છું.' પુત્રની વાતો પિતાને ન રુચી.

આમેય ભક્તોની વાતો સંસારીઓને ગમતી હોત, તો જગતમાં સૌનો ઉદ્ધાર થઈ જાત. પિતા ધન કમાવા દેશાવર ચાલ્યા ગયા. બીજું વર્ષ પ્રભુ-કૃપાથી સારું આવ્યું. પરમાનંદ સ્વામીનાં કીર્તનોની ખ્યાતિ દેશ-પરદેશમાં પ્રસરવા લાગી. તેમને ગામેગામથી આમંત્રણો મળવા લાગ્યાં.

એક વખત પ્રયાગ શહેરમાં ત્રિવેણીસંગમ નદી ઉપર મકર-સ્નાનનો મોટો મેળો ભરાયો હતો. હજારો શ્રદ્ધાળુ યાત્રીઓ ત્યાં ભેગાં થયાં હતાં. પરમાનંદ સ્વામી પણ ત્યાં ગયા હતા. ત્યાં તેમનો કીર્તન સમાજ ચાલતો હતો. શ્રોતાઓની ભીડ જામતી હતી. પ્રયાગની સામે પાર અડેલ નામનું નાનકડું ગામ આવેલું હતું. શ્રીમહાપ્રભુજી ત્યાં બિરાજતા હતા. એમના એક સેવક હતા. તેમનું નામ દેવા કપૂર. જાતે ક્ષત્રિય. શ્રીમહાપ્રભુજીને ત્યાં જળ ભરવાની સેવા કરતા. ગીત-સંગીતના ભારે શોખીન. તેમના કાને પરમાનંદ સ્વામીનાં કીર્તનોની પ્રશંસા અથડાઈ. તેમણે રાત્રે પ્રયાગ જઈ કીર્તન સાંભળવાનો વિચાર કર્યો; કારણ કે દિવસે તો સેવા છોડીને જવાય નહિ. એટલામાં એકાદશી આવી. તેમને સમાચાર મળ્યા કે આજે એકાદશીનું જાગરણ છે, એટલે પરમાનંદ સ્વામી રાતભર કીર્તન કરશે.

કપૂરજી રાત્રે દશેક વાગે શ્રીજમુનાજી તરીને પ્રયાગ પહોંચ્યા. સામે પાર કીર્તન સમાજ ચાલી રહ્યો હતો. ત્યાં સૌની પાછળ જઈને બેઠા. આગળના ભાગમાં કેટલાક વૈષ્ણવો બેઠા હતા. તેમણે કપૂરજીને આગળ આવવા ઈશારો

કર્યો. દેવા કપૂર પરમાનંદજી સ્વામીની સામે જઈને બેઠા. રાતભર કીર્તન સાંભળતા રહ્યા. ઘણો આનંદ આવ્યો. પરોઢ થતાં તેઓ ઊભા થયા. સવારે સેવામાં પહોંચવાનું હતું. નદીકાંઠે આવ્યા. નદી તરીને પાછા અડેલ ગયા અને સેવામાં લાગી ગયા.

પ્રયાગમાં પરમાનંદ સ્વામી રાતભરનાં કીર્તનથી થાકીને સવારે આરામ કરવા શરીરને લંબાવે છે. થાકથી આંખ મીંચાય છે. ત્યાં તો તેમને મધુર સ્વપ્ન દેખાયું. પોતે કીર્તન કરી રહ્યા છે, સામે એક વૈષ્ણવ બેઠા છે. તે બીજા કોઈ નહિ, પણ દેવા કપૂર હતા. તેમની ગોદમાં શ્રીકૃષ્ણ બાલસ્વરૂપે, છ માસના બાળક બની, હાથમાં માખણનો મોટો લાડુ લઈને બિરાજ્યા છે. તેઓ પરમાનંદ સ્વામીને આજ્ઞા કરે છે : 'મને તારાં કીર્તનોમાં ઘણો આનંદ આવ્યો છે. હું તારા ઉપર પ્રસન્ન છું. કપૂરની સાથે તારાં કીર્તનો સાંભળવા ખાસ અડેલથી આવ્યો છું.'

ત્યાં તો સ્વપ્ન ચાલ્યું ગયું. પરમાનંદ સ્વામી જાગી ગયા. સ્વપ્નમાં ભગવદ્-દર્શન થતાં અને આજ્ઞા સાંભળતાં ઘણી પ્રસન્નતા થઈ. પરોઢે આવેલું સ્વપ્ન અવશ્ય સાચું પડે એવું તેમણે સાંભળ્યું હતું. તેઓ સ્નાન કરીને અડેલ જવા ઊપડ્યા. નાવમાં બેસીને અડેલ આવ્યા. ત્યાં શ્રીયમુના-કિનારે શ્રીમહાપ્રભુજી પ્રાતઃસંધ્યા કરવા બિરાજ્યા હતા. દૂરથી સાક્ષાત્ શ્રીકૃષ્ણ સ્વરૂપે દર્શન થયાં. તેઓ ભાવવિવશ બન્યા. પાસે આવી દંડવત્ કર્યાં. મનમાં વિચાર ચાલે છે કે વૈષ્ણવ દેવા કપૂરને શોધવા ક્યાં?

ત્યાં શ્રીમહાપ્રભુજીની વાણી સંભળાઈ, 'પરમાનંદદાસ, તમે આવ્યા? અમને તમારાં કીર્તન સંભળાવો.'

પરમાનંદદાસે ગદ્‌ગદિત સ્વરે પ્રભુના વિરહનું એક પદ ગાયું, 'જિયકી સાધ જિયમેં હી રહી...' એક વ્રજાંગના કુંજમાં બેઠી બેઠી વિરહ કરે છે : ગોપાલ ગયા તે ગયા, ફરી તેમનાં દર્શન દુર્લભ બન્યાં. મારી મનની અભિલાષા મનમાં જ રહી ગઈ. તે તેની સખીને કહે છે, એક દિવસ સાંજે આ કુંજ આગળથી હું દહીં વેચવા જતી હતી, ત્યારે દાણ માગવા માટે મનમોહને પ્રેમથી મારો હાથ પકડ્યો અને મને આ કુંજમાં લઈ આવ્યા હતા. ત્યારથી મારું ચિત્ત તેમણે હરી લીધું છે. તેમના વિરહાગ્નિમાં હું બળી રહી છું.

પરમાનંદદાસે વિરહનાં આવાં અનેક પદો ગાયાં. શ્રીમહાપ્રભુજી પ્રસન્ન થયા. આપે વિચાર કર્યો, જે જીવ લીલામાંથી છૂટો પડીને અહીં ધરતી ઉપર આવ્યો હોય, તેને પ્રભુનો આવો વિરહ સતાવે છે; જ્યારે આ તો શ્રીઠાકોરજીના અંતરંગ એવા તોકસખાનું સ્વરૂપ છે. રાત્રિલીલામાં ચંદ્રભાગા સખીનું સ્વરૂપ છે. પ્રભુને ફરી તેમનો અંગીકાર કરવો છે; એટલે અહીં આવ્યા છે, છતાં આપે પરમાનંદ સ્વામીની પરીક્ષા કરવા આજ્ઞા કરી, 'તમે વિરહનું સુંદર વર્ણન કર્યું. હવે સંયોગનું પદ ગાઓ.'

'મહારાજ, એ તો હું કંઈ જાણતો નથી. કેમ કરીને ગાઉં?'

'જાઓ, સ્નાન કરીને આવો. પ્રભુ બધું શીખવશે.'

તેઓ સ્નાન કરવા ગયા. ત્યાં દેવા કપૂર જળ ભરવા આવ્યા. પરમાનંદ સ્વામીએ તેમને હાથ જોડી ભગવદ્-સ્મરણ કર્યાં. સ્વપ્નની બધી વાત કહી. કપૂર ક્ષત્રિય પ્રસન્ન થયા. પરમાનંદ સ્વામીને સ્નાન કરાવી લઈ આવ્યા. શ્રીમહાપ્રભુજીએ શ્રીનવનીતપ્રિયજીની સામે તેમને બ્રહ્મસંબંધ કરાવી, દશમ સ્કંધની અનુક્રમણિકા સંભળાવી. શ્રીમહાપ્રભુજીએ સૂરદાસજીને પણ તે સંભળાવી હતી. તેના ફળરૂપે સૂરદાસજીના કંઠમાંથી સૂરસાગર છલક્યો, તેમ હવે પરમાનંદદાસના કંઠમાંથી પરમાનંદ-સાગર છલકશે. પરમાનંદજી હવે સ્વામી મટીને દાસ બન્યા. શ્રીવલ્લભની છત્રછાયામાં રહી તેમણે અસંખ્ય પદો ગાયાં.

બપોરે શ્રીમહાપ્રભુજી જ્યારે વૈષ્ણવોને કથામૃતનું શ્રવણ કરાવે, ત્યારે પરમાનંદદાસ પણ તરસ્યા ચાતકની જેમ તેનું પાન કરે છે. જે વચનામૃતોનું શ્રવણ કરે છે, તેમને સરળ વ્રજભાષાનાં પદોમાં ગાય છે. તે સાંભળીને શ્રીમહાપ્રભુજી ઘણા પ્રસન્ન થાય છે.

એક વખત શ્રીમહાપ્રભુજીએ પરમાનંદદાસજીને પદ ગાવાની આજ્ઞા કરી, ત્યારે તેમણે ગાયું : 'યહ માઁગૌં શ્રીગોપીજનવલ્લભ' – હે શ્રીગોપીજનવલ્લભ! હું આપની પાસે આટલું જ માગું છું. તેમણે શ્રીગોપીજનવલ્લભ શબ્દથી શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજી બંનેની પાસે માગ્યું કે મને ફરી જન્મ આપવો હોય, તો એવા મનુષ્યનો જન્મ આપજો કે જે જન્મમાં હું શ્રીઠાકોરજીની સેવા કરું અને વ્રજવાસ કરું. પુષ્ટિભક્તો કદી લૌકિક સુખ માગતા નથી અને

પુષ્ટિભક્તોને મુક્તિની ઝંખના પણ હોતી નથી. તેઓ જન્મોજન્મ પ્રભુનું સુખ જ માગે છે.

શ્રીમહાપ્રભુજી ઘણા પ્રસન્ન થયા. આપે આજ્ઞા કરી કે આપણે હવે ટૂંક સમયમાં વ્રજમાં જઈશું. તમારી વ્રજવાસની ઇચ્છા જરૂર પૂરી થશે.

શ્રીમહાપ્રભુજી પરમાનંદદાસજીને લઈને વ્રજમાં જવા પધાર્યા. રસ્તામાં પરમાનંદદાસજીનું કનોજ ગામ આવ્યું. તેમણે ઘણી વિનંતી કરી શ્રીમહાપ્રભુજીને પોતાના ઘેર પધરાવ્યા. તેમણે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી વિરહનું એક પદ ગાયું, 'હરિ તેરી લીલાકી સુધિ આવત' – હે હરિ, મને તમારી લીલા યાદ આવી રહી છે. સોરઠ રાગમાં પદ ગાતાં ગાતાં પરમાનંદદાસજી ગદ્‌ગદ્‌ થઈ ગયા. તેનું શ્રવણ કરતાં શ્રીમહાપ્રભુજીના ચિત્તમાં શ્રીસ્વામિનીજીની વિરહાવસ્થાનું અનુસંધાન થતાં આપ પણ મૂર્છાવશ બની ગયા. ત્રણ દિવસ ને ત્રણ રાત તે જ સ્થિતિમાં બિરાજી રહ્યા. પરમાનંદદાસજી ઘણા ગભરાયા. ત્રણ દિવસ પછી શુદ્ધિમાં આવ્યા, ત્યારે સૌ વૈષ્ણવોને ઘણો આનંદ થયો.

પરમાનંદદાસજીને લઈને શ્રીમહાપ્રભુજી વ્રજમાં પધાર્યા. શ્રીગિરિરાજજી ઉપર શ્રીનાથજીનાં દર્શન કરાવ્યાં અને શ્રીપરમાનંદદાસજીને શ્રીનાથજીનાં કીર્તનની સેવા સોંપી.

●

એક વખત શ્રીમહાપ્રભુજીના સેવક, ઓડછાના રાજા વ્રજયાત્રા કરવા નીકળેલા. સાથે તેમનાં રાણી પણ હતાં. તેઓ ઉત્થાપન સમયે શ્રીનાથજીનાં દર્શને આવ્યાં. રાજા દર્શન કરી ઘણા પ્રસન્ન થયા. મુકામે આવી તેમણે રાણીને કહ્યું : 'તું દર્શન કરી આવ.' રાણી કહે : 'હું રાણી છું, પડદામાં રહેનારી છું. મંદિરમાં મોટી ભીડ જામી હોય, ત્યાં સાધારણ માણસોની વચ્ચે હું ન શોભું. મારું માન ન સચવાય. મારે દર્શન કરવા નથી જવું. તમે પડદાની વ્યવસ્થા કરો તો જઉં.'

રાજાએ કહ્યું, 'અહીં આપણું રાજ્ય ચાલતું નથી. અહીં તો વ્રજના ઠાકોરજીનું રાજ્ય છે. આપણે તો એમનાં દાસ છીએ. એમની સામે આપણી મોટાઈ શી? છતાં હું શ્રીમહાપ્રભુજીને વિનંતી કરું. તેઓ જરૂર દર્શન માટે અલગ સગવડ કરી આપશે.'

રાજાએ શ્રીમહાપ્રભુજીને વિનંતી પહોંચાડી. આપે સંધ્યા-આરતીનાં દર્શનમાં એકલાં રાણીને પહેલાં અંદર બોલાવી દર્શન કરવાની સગવડ કરી આપી. બહાર વૈષ્ણવોની ભીડ દર્શન માટે વિરહમાં ક્લેશ કરતી હતી. શ્રીજી બાવા ભક્તોનો તાપ સહન કરી શક્યા નહિ. આપે પોતાનો હસ્ત લંબાવી, દ્વારનું તાળું ખોલી કાઢ્યું. અચાનક દ્વાર ખૂલતાં દર્શનાતુર ભક્તો અંદર દોડી આવ્યાં. રાણી બહાર નીકળી શક્યાં નહિ. ભીડમાં રાણીનાં વસ્ત્રો અસ્તવ્યસ્ત થઈ ગયાં. તે પોતે આકળવિકળ બની ગઈ. જેમ તેમ મુકામે પહોંચી. રાજાએ કહ્યું : 'તને પહેલાંથી કહ્યું હતું કે અહીં આપણું રાજ્ય નથી. વ્રજનો ઠાકોર નટખટ છે. તે કોઈનું માન રાખતો નથી.'

આ પ્રસંગ બન્યો ત્યારે પરમાનંદદાસજી શ્રીજીની સન્મુખ કીર્તન કરી રહ્યા હતા. તેમણે પદ ગાયું, 'કૌન યહ ખેલવે કી બાનિ, મદનગોપાલ લાલ, કાહુકી રાખત નાહિન કાનિ.' હે મદનગોપાલ પ્રભુ, તમારી ખેલવાની આ કેવી રીત કે તમે કોઈનાં માન-મર્યાદા રાખતા નથી. શ્રીનાથજી પોતાના સખાનો મીઠો ઠપકો સાંભળી હસ્યા, પણ શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, 'પરમાનંદદાસ, આપણાથી ઠાકોરજીને ઠપકો ન અપાય. શ્રીજી કરે તે બધું સારું જ હોય. માટે એમ ગાઓ કે 'ભલિ યહ ખેલવે કી બાનિ.' જ્યાં દોષ દેખાય ત્યાં સ્નેહ ન ટકે.'

●

એક વખત સૂરદાસજી, કુંભનદાસજી, રામદાસજી વગેરે ભગવદીયો પરમાનંદદાસજી સાથે સત્સંગ કરવા સુરભિ કુંડ ઉપરના તેમના મુકામે ગયા. વૈષ્ણવોને અચાનક પોતાને ઘેર પધારેલા જોઈને એમના હર્ષનો પાર ન રહ્યો. તેમને લાગ્યું કે ભગવાન પોતે વિવિધ સ્વરૂપો ધારણ કરીને મારે ઘેર પધાર્યા છે. આજે મારું જીવન કૃતાર્થ થઈ ગયું છે. તેમને ઊંચા આસને બેસાડી, પોતે નમ્રભાવે જમીન પર બેઠા. પોતાનું સર્વસ્વ ભક્તો પર ન્યોછાવર કરી દેવાની ભાવના પ્રગટી. ભાવાવેશમાં મગ્ન થઈ તેમણે પદ ગાયું, 'આયે મેરે નંદનંદન કે પ્યારે.' – 'આજે મારા પ્રભુના લાડીલા આવ્યા છે. એમનો વેશ કેટલો સુંદર છે! તેઓ ત્રણે લોકને અજવાળે છે. તુલસીની માળા અને મનોહર તિલક શોભી રહ્યાં છે. મારાં કેટલા જન્મોનાં પુણ્ય આજે પ્રગટ થયાં કે ભગવદ્-રૂપ એવા ભગવદીયો મારા ઘેર પધાર્યા છે! મનમોહન શ્રીજી નિરંતર એમના અંતરમાં

બિરાજે છે. હું એમના પર વારંવાર વારી જાઉં. મારું સર્વસ્વ એમના પર ન્યોછાવર કરી દઉં, તો પણ ઓછું પડે.'

પરમાનંદદાસજીનો આવો પ્રેમભાવ જોઈ ભગવદીયો પરમ પ્રસન્ન થયા. રામદાસજીએ પૂછયું : 'અમને એ સમજાવો કે નંદ-યશોદા, ગોપ-ગોપીઓ, ગ્વાલ-બાલો, પશુ-પક્ષીઓ સૌ વ્રજમાં રહેનારાં છે. સૌને શ્રીઠાકોરજીમાં પ્રેમ છે; પરંતુ એ બધાંમાં સૌથી ચઢિયાતો પ્રેમ કોનો?'

પરમાનંદદાસજીએ તેનો જવાબ એક પદમાં આપ્યો, 'ગોપી પ્રેમકી ધ્વજા.' - 'સર્વશ્રેષ્ઠ પ્રેમ ગોપીજનોનો. જેમ મંદિરના શિખર પર સૌથી ઊંચે ધજા શોભે, તેમ બધાંમાં ગોપીપ્રેમ સર્વોપરિ છે. તેમણે એવો પ્રેમરસ શ્રીગોપાલલાલને પાયો કે તેઓ તેમને વશ થઈને રહ્યા. એ વ્રજવનિતાઓ મહાભાગ્યવતી છે. આખા સંસારમાં તેમના જેવાં પુણ્યશાળી બીજાં કોઈ નથી. તેમણે શ્રીઠાકોરજીનું સુખ વિચારીને પ્રભુની જે સ્નેહમયી સેવા કરી છે, તેની તો વાત જ થઈ શકે તેમ નથી. જો કોઈ પોતાને બ્રાહ્મણકુળમાં જન્મ લેવામાત્રથી ઊંચા અને પવિત્ર ગણતા હોય, તો તેઓ ભીંત ભૂલે છે. શ્રીહરિનાં પરમ કૃપાપાત્ર ગોપીજનોની પ્રેમમયી સેવાથી જ જીવ પવિત્ર બને છે.'

આ સાંભળી ભગવદીયો ઘણા પ્રસન્ન થયા.

●

એક વખત પરમાનંદદાસજી શ્રીગોકુલ આવ્યા, ત્યારે શ્રીગુસાંઈજી ત્યાં બિરાજતા હતા. આપે આજ્ઞા કરી, 'પરમાનંદદાસ, શ્રીઠાકોરજીને વ્રજની સર્વ લીલાઓનું ગાન ગમે છે. તમે એક એવું પદ ગાઓ કે જેમાં સર્વ લીલાઓનું મંગલમય ગાન એકીસાથે થાય.'

મંગળાનાં દર્શન ખૂલતાં શ્રીગુસાંઈજીએ 'મંગલં મંગલં વ્રજભૂમિ મંગલમ્' પદ ગાયું. તેને અનુસરીને પરમાનંદદાસજીએ વ્રજભાષામાં પદ ગાયું, 'મંગલ માધો નામ ઉચાર.'

શ્રીગુસાંઈજીએ પ્રસન્ન થઈને પરમાનંદદાસજીને જન્માષ્ટમીનો ઉત્સવ ગોકુળમાં કરવાની આજ્ઞા કરી. પરમાનંદદાસજીએ તે સમયે જન્માષ્ટમીના ઉત્સવનાં ઘણાં પદો ગાયાં.

●

એક વખત શ્રીમહાપ્રભુજી ગોકુળમાં ગોવિંદઘાટે શ્રીયમુનાજીમાં સ્નાન કરીને બિરાજયા હતા, ત્યારે પરમાનંદદાસજી સાથે હતા. આપે પરમાનંદદાસજીને શ્રીયમુનાજીનું સ્વરૂપ અને માહાત્મ્ય એવું સુંદર રીતે સમજાવ્યું કે તેમના હૃદયમાં તે ઊંડું ઊતરી ગયું. આપે પરમાનંદદાસજીને શ્રીયમુનાષ્ટકનો પાઠ કરાવ્યો. આથી પરમાનંદદાસજીએ શ્રીયમુનાજીનાં ઘણાં પદો ગાયાં.

શ્રીમહાપ્રભુજીની પરમાનંદદાસ ઉપર ઘણી કૃપા રહેતી. એક વખત આપે શયનનાં દર્શન પછી નીચે પધારી સેવકને આજ્ઞા કરી કે શ્રીજીનું પ્રસાદી દૂધ પરમાનંદદાસને આપો. તે અધરામૃત લેતાં પરમાનંદદાસજીને ઘણો વિશિષ્ટ અનુભવ થયો. આપે પૂછયું : 'દૂધ કેમ લાગ્યું?' પરમાનંદદાસજીએ કહ્યું, 'કૃપાનાથ, પ્રભુના અધરામૃતમાં પૂછવાનું શું હોય! પણ દૂધ જરા વધારે ગરમ હતું.' આપે આજ્ઞા કરી, 'શ્રીજીને હમેશાં સુહાતુ દૂધ જ ધરવું. વધુ ગરમ હોય તો પ્રભુને શ્રમ થાય. હવે આવી ભૂલ ન કરશો.'

જીવનભર ભગવદ્‌યશ ગાતાં ગાતાં પરમાનંદદાસની વય ઘણી મોટી થઈ. દેહ વૃદ્ધ થયો, પણ મન યુવાન હતું. એવામાં ફરી જન્માષ્ટમીનો ઉત્સવ આવ્યો. બીજા દિવસે નંદમહોત્સવમાં આનંદના આવેશમાં ખૂબ ગાયું. ખૂબ નાચ્યા. નાચતાં નાચતાં ભાવવિવશ બની પડી ગયા. મૂર્છાવશ થઈ ગયા. બાહ્ય શુદ્ધિ ગુમાવી. શ્રીગુસાંઈજીએ જળ છાંટી સાવધાન કર્યા. પછી પોતાની સાથે ગિરિરાજ લઈ ગયા. ત્યાં પણ અલૌકિક દર્શન કરાવ્યાં. ત્યાર બાદ પરમાનંદદાસજી સુરભિ કુંડ ઉપર જઈને સૂઈ ગયા.

શ્રીગુસાંઈજી સમજી ગયા કે આજે જરૂર આ ભગવદીય પૃથ્વી ઉપરથી વિદાય લેશે. આપ કેટલાક વૈષ્ણવોને સાથે લઈ પરમાનંદદાસ પાસે ગયા. તેમના મસ્તકે હસ્ત ફેરવ્યો. આપે આજ્ઞા કરી, 'પરમાનંદદાસ, હવે તમને લીલાપ્રાપ્તિમાં વિલંબ નથી. તમારી ચિત્તવૃત્તિ ક્યાં લાગી રહી છે તે કહો.' પરમાનંદદાસે તેમને થઈ રહેલ ભગવદ્‌લીલાનો અનુભવ ગાયો, 'રાધા બૈઠી તિલક સઁવારત.' - શ્રીરાધિકાજી શૃંગાર સજી રહ્યાં છે. પ્રભુના મિલનની ભારે પ્રતીક્ષા કરી રહ્યાં છે. એ અનુભવનું પદ પૂરું થતાં જ તેમનું પ્રાણપંખેરું દેહપિંજરને છોડી શ્રીજીના આનંદમય નિત્યલીલાધામ પ્રત્યે પ્રયાણ કરી ગયું.

એ રાતે શ્રીગુસાંઈજીએ ભગવદ્વાર્તામાં વૈષ્ણવોએ આજ્ઞા કરી, 'વૈષ્ણવો, પુષ્ટિમાર્ગમાં બે સાગર થઈ ગયા. એક સૂરદાસ અને બીજા પરમાનંદદાસ. સાગરમાં જે અગાધ જળ હોય, તેમ એમનાં હૃદયમાં અગાધ લીલારસ હતો, જે કીર્તનો દ્વારા પ્રગટ થયો. તેનો લેવાય એટલો આસ્વાદ લેજો.'

આવા હતા મહાનુભાવ, કૃપાપાત્ર ભક્તરત્ન પરમાનંદદાસજી.

●

વૈષ્ણવ પરિચય :

નામ : પરમાનંદદાસ
જ્ઞાતિ : કનોજિયા બ્રાહ્મણ
વતન : કનોજ
પરિવાર : અપરિણીત

સેવ્ય સ્વરૂપ :

લીલાનું સ્વરૂપ : તોક સખા અને ચંદ્રભાગા સખી.

■

૨૩. ભક્તનકો કહા સિકરીસોં કામ?

(૮૩. કુંભનદાસજી)

વ્રજમાં શ્રીગિરિરાજજીની તળેટીમાં ચંદ્ર સરોવરથી થોડેક જ દૂર જમુનાવતા નામનું ગામ આવેલું છે. સારસ્વત કલ્પમાં શ્રીયમુનાજીની એક ધારા આ જમુનાવતા ગામ પાસે થઈને આગ્રા તરફ જતી હતી. બીજી ધારા ચિરઘાટ થઈ શ્રીગિરિરાજજીની તળેટીમાં થઈ ગોકુલ તરફ જતી હતી. શ્રીગિરિરાજજીની તળેટી અલૌકિક લીલાસ્થળી છે.

સારસ્વત કલ્પમાં ચંદ્ર સરોવર ઉપર શ્રીકૃષ્ણે વેણુનાદ કરી વ્રજભક્તોને બોલાવ્યાં હતાં. પરાસોલી એટલે પરમ રાસસ્થલી. ત્યાં આપે પ્રથમ લઘુરાસ કર્યો હતો. રાસના સુખથી ગોપીજનોને જરાસરખું અભિમાન આવ્યું. પુષ્ટિ પુરુષોત્તમ ભક્તોનું અભિમાન સહન કરતા નથી; એટલે આપ રાસમંડળમાંથી અંતર્ધાન થઈ ગયા હતા, ત્યારે વિરહ-વ્યાકુળ બનેલાં ગોપીજનો ચંદ્ર સરોવરથી પ્રભુની શોધમાં નીકળ્યાં. તેઓ ગોવર્ધન થઈ શ્રીગિરિરાજજીની તળેટીમાં આવેલાં વૃક્ષ-લતાઓને પૂછતાં પૂછતાં આગળ વધ્યાં. માર્ગમાં બે વૃક્ષો પાસપાસે ઊભાં હતાં. તેમાંના એકે કહ્યું કે 'શ્રીઠાકોરજી આ રસ્તેથી ગયાની મને જાણકારી નથી.' તે અજાન વૃક્ષ કહેવાયું. બીજા વૃક્ષે કહ્યું : 'હા, હમણાં જ અહીંથી પ્રભુ પધાર્યા. મને દર્શન થયાં.' તે જાન વૃક્ષ કહેવાયું.

ત્યાંથી વ્રજભક્તો ગોવિંદકુંડ પાસે થઈ અપ્સરા કુંડે આવ્યાં. ત્યાં તેમને શ્રીઠાકોરજીનાં ચરણચિહ્નનાં દર્શન થયાં. શ્રીઠાકોરજી ત્યાં પધાર્યાની બીજી અનેક નિશાનીઓ પણ દેખાઈ. ત્યાંથી બધાં રુદ્રકુંડ ઉપર ગયાં. તેમણે પ્રભુના વિરહમાં ત્યાં રુદન કર્યું; તેથી તે રુદ્રકુંડ કહેવાયો. ત્યાંથી તેઓ શ્રીયમુનાજીને કિનારે ગયાં. ત્યાં 'ગોપીગીત' ગાયું. પછી ખૂબ રડ્યાં; ત્યારે શ્રીઠાકોરજી ફરી પ્રગટ થયા. સારસ્વત કલ્પની આ આખીયે લીલા શ્રીગિરિરાજજીની આસપાસ બિરાજે છે; માટે ચંદ્ર સરોવર સારસ્વત કલ્પનું વૃંદાવન છે.

આવા લીલાસ્થળમાં શ્રીયમુનાજીના કિનારે જમુનાવતા ગામ હતું. ત્યાં ગોરવા ક્ષત્રિય કુંભનદાસ રહેતા હતા. તેઓ ખેતી કરતા. ચંદ્ર સરોવર ઉપર તેમનું નાનકડું ખેતર હતું. તેમના કાકાનું નામ ધર્મદાસ.

કુંભનદાસ પિતાને કોઈ સંતાન ન હતું. એક વખત તેઓ કુંભના મેળામાં પ્રયાગ ગયા. ત્યાં એક સંતની સેવાચાકરી કરી. સંતે તેમને પુત્રનું વરદાન આપ્યું. તેમને પુત્ર જન્મ્યો, ત્યારે તેનું નામ કુંભનદાસ રાખ્યું હતું.

કુંભનદાસનાં માતા-પિતા બાળપણમાં મૃત્યુ પામેલાં, તેથી તેમના કાકા ધર્મદાસે તેમને ઉછેરીને મોટા કરેલા. આ ધર્મદાસની ગાય શ્રીગિરિરાજજી ઉપર દૂધ સ્રવી આવતી હતી. શ્રીનાથજી જ્યારે શ્રીગિરિરાજજીમાંથી પ્રગટ થયા, ત્યારે આપે ધર્મદાસને આજ્ઞા કરી કે 'તારી એ ગાય તું સદુ પાંડેના વાડામાં બાંધી દે. હું રોજ તેનું દૂધ આરોગીશ.' સાથે સાથે શ્રીનાથજીએ એવી પણ આજ્ઞા કરી કે 'તારો ભત્રીજો કુંભનદાસ મારી ઉંમરનો છે. તેને મારી સાથે રમવા મોકલજે.'

શ્રીમહાપ્રભુજી, શ્રીનાથજી અને કુંભનદાસજીનું પ્રાગટ્ય એક જ દિવસે થયું છે; તેથી કુંભનદાસજીને શ્રીનાથજી સાથે ઘણો સ્નેહભાવ હતો.

કુંભનદાસનું લગ્ન બહુલાવન પાસે આવેલા જેત ગામના એક વ્રજવાસીની દીકરી સાથે થયું હતું. તેમનાં પત્ની સાધારણ હતાં. કુંભનદાસને બાળપણથી જ સંસારમાં ઝાઝી આસક્તિ ન હતી.

શ્રીનાથજીની આજ્ઞાથી શ્રીમહાપ્રભુજી આન્યોરમાં પધાર્યા. શ્રીનાથજીને મંદિરમાં પધરાવ્યા અને સેવાપ્રકાર શરૂ કર્યો. કુંભનદાસને આ વાતની ખબર પડી. તેઓ અને તેમનાં પત્ની આન્યોર આવ્યાં. શ્રીમહાપ્રભુજીએ પૂછ્યું: 'કુંભનદાસ, તમે આવ્યા?'

'મહારાજ, ઘણા દિવસથી આપના વિના ભટકતો હતો. અમારા ઉપર કૃપા કરો.' તેમનાં પત્નીને વિનંતી કરી, 'મહારાજ, આપ મહાપુરુષ છો. મારે સંતાન નથી. મારે એક દીકરો થાય તેવી કૃપા કરો.'

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરો, 'તું ચિંતા ન કર. તારે સાત દીકરા થશે.'

પત્નીની આવી લૌકિક માગણીથી કુંભનદાસજીને માઠું લાગ્યું. તેમણે કહ્યું : 'અરે મૂર્ખ, શ્રીમહાપ્રભુજી પાસે તેં આ શું માગ્યું? અરે, શ્રીઠાકોરજી માગ્યા હોત, તો તને શ્રીઠાકોરજીયે મળત, પણ તને માગતાં ન આવડ્યું.'

'મારે જોઈતું હતું તે મેં માગ્યું. તમારે જોઈએ તે તમે માગી લો.'

કુંભનદાસ મૌન રહ્યા. શ્રીમહાપ્રભુજીએ બંનેને સેવક કર્યાં. પછી આપે આજ્ઞા કરી : 'શ્રીગોવર્ધનનાથજી અમારું સર્વસ્વ છે. તમે એમની સેવામાં તત્પર રહેજો. સાવધાનીથી સેવા કરજો.'

કુંભનદાસજીનો કંઠ ઘણો મધુર હતો. તેઓ સુંદર કીર્તન ગાતા. શ્રીમહાપ્રભુજીએ તેમને શ્રીનાથજીનાં કીર્તનની સેવા સોંપી. તેઓ શ્રીનાથજીનાં દર્શન કર્યા વિના પ્રસાદ પણ લેતા નહિ.

શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી કુંભનદાસે શ્રીનાથજીની સામે કીર્તન ગાયું, 'સાંચેકે સાંજ બોલ તિહારે...' તે સાંભળતાં શ્રીમહાપ્રભુજીએ પ્રસન્ન થઈને પૂછ્યું : 'નિકુંજલીલાના રસોનો તમને ક્યાંથી અનુભવ થયો?'

કુંભનદાસે કહ્યું, 'મહારાજ, આપની કૃપાથી.'

'કુંભનદાસ, તમારું ભાગ્ય મોટું છે, શરૂથી જ પ્રભુએ તમને પ્રમેયબળનો અનુભવ કરાવ્યો. તમે સદા હરિરસમાં મગ્ન રહેશો.'

કુંભનદાસજી દરરોજ સવારે જમુનાવતાથી શ્રીગિરિરાજ આવતા. શ્રીનાથજીનાં સમય-સમયનાં કીર્તન કરતા. બપોરે શ્રીનાથજી તેમની સાથે ખેલવા પધારતા અને વાતો કરતા.

◆

એક દિવસ સમાચાર આવ્યા કે દિલ્હીનું લશ્કર આવી રહ્યું છે. મુસલમાન લશ્કર હિન્દુ મંદિરો તોડે છે અને મૂર્તિઓને ખંડિત કરે છે. વ્રજમાં સૌ ગભરાયા. બધા વ્રજવાસીઓ ભેગા થયા. વિચાર કરવા લાગ્યા કે લશ્કર હવે અહીંથી પાંચ ગાઉ દૂર છે. શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજી આપણને સોંપ્યા છે. આપણે શું કરીએ? સૌએ આપસ-આપસમાં નક્કી કર્યું, 'ચાલો શ્રીનાથજીને પૂછીએ. તેઓ આજ્ઞા કરે તેમ કરીએ.'

શ્રીનાથજીએ આજ્ઞા કરી, 'તમે મને ટોડના ઘના (ગાઢ જંગલ)માં પધરાવીને લઈ ચાલો.'

'પણ મહારાજ, ત્યાં પધરાવવા માટે સારા વાહનની સવારી જોઈએ. અમારી પાસે આપને બિરાજવા રથ કે હાથી નથી. સુખપાલ પણ નથી.'

શ્રીનાથજીએ આજ્ઞા કરી : 'સદુ પાંડેના ઘેર પાડો છે, તે લઈ આવો. તેના ઉપર હું બિરાજીશ.'

શ્રીનાથજીને પાડા પર પધરાવ્યા. એક બાજુથી રામદાસજીએ પકડ્યા. બીજી બાજુથી સદુ પાંડેએ પકડ્યા. કુંભનદાસ આગળ તથા માણેકચંદ પાંડે પાછળ ચાલતા નીકળ્યા. રસ્તામાં ઘણા કાંટા-કાંકરા હતા. કાંટાની ગીચ ઝાડી હતી. સૌને ઘણા કાંટાકાંકરા વાગ્યા. બધાં કપડાં ફાટી ગયાં. ઘણો ત્રાસ થયો.

ટોડના ઘનામાં ચારે બાજુ કાંટાળાં વૃક્ષો હતાં. તેમાંથી અંદર જતાં વચમાં સુંદર મેદાન હતું. મેદાનની મધ્યમાં લતા-પતાની નિકુંજ હતી. બાજુમાં સરોવર હતું. ત્યાં શ્રીનાથજી બિરાજ્યા. શ્રીનાથજીની આજ્ઞાથી રામદાસજી સામગ્રી સિદ્ધ કરીને લાવ્યા હતા, તે માનભોગ અને કંકોડાના શાકની બધી સામગ્રી ભોગ ધરી. સૌ એક વૃક્ષની આડશમાં બેઠા. ત્યાં શ્રીસ્વામિનીજી પોતાના મનોરથની સામગ્રી લઈને પધાર્યાં. શ્રીયુગલ સ્વરૂપ ભોજન કરવા બિરાજ્યાં, ત્યારે શ્રીનાથજીએ કુંભનદાસને આજ્ઞા કરી, 'અમારું મન પ્રસન્ન થાય એવું કીર્તન ગાઓ.' કુંભનદાસે સખ્યભાવથી પદ ગાયું, 'ભાવત હૈ તોહિ ટોડકો ઘનો.' – હે પ્રભુ તમને આ કાંટાળો ટોડનો ઘનો કેમ ગમ્યો? અહીં આવતાં ઘણા કાંટા વાગ્યા, પગમાં ગોખરું પેસી ગયાં. આખું શરીર કાંટાઓથી ચિરાઈને લોહી ટપકતું થયું. સિંહને શું શિયાળવાંનો ડર લાગતો હશે કે આવી લીલા કરી? આપ તો ગોવર્ધનધર છો અને મુસલમાન બાદશાહ તો આપની આગળ તદન ક્ષુદ્ર છે. આ સાંભળી શ્રીનાથજી ઘણા પ્રસન્ન થયા.

ભોજન કર્યા પછી શ્રીનાથજીએ સદુ પાંડેને આજ્ઞા કરી, 'જરા તપાસ તો કરો કે કંઈ ઉપદ્રવ મચ્યો છે, વારું?' સદુ પાંડે તપાસ કરીને આવ્યા. લશ્કર પાછું ભાગી ગયું હતું. આથી શ્રીનાથજીની આજ્ઞાથી આપને પાછા શ્રીગિરિરાજ ઉપર મંદિરમાં પધરાવ્યા. બધા વ્રજવાસીઓ દર્શન કરી બહુ પ્રસન્ન થયા. કહેવા લાગ્યા, 'દેવદમનને ધન્ય છે. એમના પ્રતાપથી જ આટલો મોટો ઉપદ્રવ એક ક્ષણમાં દૂર થઈ ગયો.'

●

કુંભનદાસજીનાં રચેલાં પદો વ્રજમાં ઘણાં લોકપ્રિય બન્યાં. ઘણા લોકો ઉત્સાહથી તેમનાં પદો ગાતા. વ્રજમાં એક ગવૈયો હતો, તે કુંભનદાસજીનાં કેટલાંક પદો શીખ્યો હતો અને ગાતો હતો.

એક વખત તે બાદશાહ અકબરના દરબારમાં પહોંચ્યો, ત્યાં તેણે કુંભનદાસજીનું એક પદ ગાયું, 'દેખ રી આવની મદનગોપાલકી.' એક સખી બીજી સખીને કહે છે : 'હે સખી, શ્યામસુંદર સાંજે વનમાંથી પાછા વ્રજમાં પધારી રહ્યા છે. ઐરાવત હાથી જેવી ગજગતિવાળી લટક-મટક ચાલ છે; શ્યામ અંગ ઉપર પીતાંબર અને હૃદય ઉપર વનમાલા શોભી રહ્યાં છે. નેત્રોની ભ્રમરો ધનુષ્ય જેવી અને નેત્રો કમળ જેવાં વિશાળ છે. મુખ અને વાળમાં ગાયોની ખરીઓથી ઊડતી વ્રજરજ શોભે છે. લલાટમાં કેશરનું તિલક છે.'

આ પદ સાંભળી બાદશાહ અકબરનું મન તેના વર્ણનમાં ચોંટી ગયું. તેમણે કહ્યું : 'ધન્ય છે એવા મહાપુરુષોને, જેમને પરમાત્માનાં આવાં દર્શન થયાં છે!'

'બાદશાહ સલામત, આ પદના કવિ અહીં નજીકમાં, શ્રીગોવર્ધન પર્વતની પાસે જમુનાવતા ગામમાં જ રહે છે.'

'તેઓ કોણ છે?'

'નામદાર, આ ભક્તકવિનું નામ કુંભનદાસ છે.'

બાદશાહ અકબરે એક સરદારને આજ્ઞા કરી : 'રથ, સુખપાલ વગેરે વાહનો લઈને તમે જમુનાવતા જાઓ. ત્યાંથી કુંભનદાસજીને પૂરા માનસન્માન સાથે અહીં લઈ આવો.'

સરદાર જમુનાવતા ગામે આવ્યા. કુંભનદાસજીને બાદશાહનું આમંત્રણ આપ્યું. કુંભનદાસજીએ કહ્યું : 'ભાઈ, અમે ગરીબ વ્રજવાસી છીએ, પણ કોઈના નોકર-ચાકર નથી. અમારે બાદશાહનું કંઈ કામ નથી. બાદશાહને અમારું કામ હોય તો ખુશીથી અહીં આવી શકે છે. અમે ત્યાં શા માટે આવીએ?'

સરદારે કહ્યું : 'ભક્તરાજ, મને બીજી કંઈ ખબર નથી. હું તો ચિઠ્ઠીનો ચાકર છું. બાદશાહનો હુકમ થયો, એટલે તમને લેવા આવ્યો છું. તમારા માટે રથ અને પાલખી લાવ્યો છું. જેમાં અનુકૂળતા હોય તેમાં બેસો અને અમારી સાથે ચાલો. તમે ના પાડશો તે ચાલશે નહિ; કારણ કે જો અમે ખાલી હાથે પાછા જઈએ, તો બાદશાહ અમને જીવતા ન રાખે. માટે અમારે ખાતર પણ બાદશાહ પાસે ચાલો.'

કુંભનદાસજીએ વિચાર કર્યો કે મારા માટે આ નિર્દોષ મનુષ્યો જીવ ગુમાવે એવી હઠ કરવી ન જોઈએ. તેમણે કહ્યું : 'ભાઈ, તમારે માટે બાદશાહ પાસે હું

જરૂર આવીશ; પણ આ ઘોડા, પાલખી, રથ વગેરેમાં બેસવાનું મને ફાવશે નહિ. હું તો ગરીબ માણસ. પગે ચાલવા ટેવાયેલો છું. માટે ચાલતો-ચાલતો તમારી સાથે આવીશ.'

સરદારની સાથે ચાલતા ચાલતા તેઓ ફત્તેહપુર-સિક્રી જવા ઊપડ્યા. ત્યાં પહોંચતાં જ બાદશાહને સમાચાર અપાયા. તેમણે માનપૂર્વક કુંભનદાસજીને દીવાનખંડમાં બોલાવ્યા. કુંભનદાસજીનાં વસ્ત્રો જૂનાં, મેલાં અને ફાટેલાં હતાં. પગમાં તૂટેલા-ફાટેલા જોડા હતા. માથે મેલી પાઘ હતી. જ્યારે બાદશાહનું દીવાનખાનું સોના, મોતી, રત્નોથી સુશોભિત હતું. ફુવારા ઊડતા હતા. ચોમેર સુગંધ ફેલાઈ હતી.

આ બધું જોઈને કુંભનદાસજીને ન કંઈ આશ્ચર્ય થયું કે ન કશો આનંદ થયો. ઊલટાનું તેમને મનમાં ઘણું દુઃખ થયું, જાણે જીવતાં નર્કમાં ન બેઠા હોય! તેમણે વિચાર કર્યો, આના કરતાં મારા વ્રજનાં વૃક્ષો અનેક ઘણાં સારાં, જેની છાયામાં શ્રીગોવર્ધનનાથજી રમે છે.

બાદશાહ અકબરે કહ્યું : 'ભક્તરાજ, તમારું એક પદ સાંભળીને હું તમારાથી ઘણો જ પ્રભાવિત થયો છું; તેથી તમારાં પદો તમારા સ્વમુખેથી સાંભળવા મેં તમને અહીં બોલાવ્યા છે. મને એકાદ પદ સંભળાવો.'

કુંભનદાસજી આમેય મનમાં ઘણા વ્યગ્ર હતા, ત્યાં બાદશાહે તેમને ગાવાનું કહ્યું; તેથી તેઓ વધારે બેચેન બન્યા. તેમણે વિચાર કર્યો, આની સામે ગાયા વિના ચાલશે નહિ. શ્રીઠાકોરજીની લીલાનાં પદ આ મ્લેચ્છ સામે ગવાય પણ નહિ. મારી વાણીના શ્રોતા તો એક શ્રીનાથજી છે. આ મુસલમાને મને બોલાવીને શ્રીનાથજીથી વિખૂટો પાડ્યો છે, એટલે એવું કંઈક ગાઉં, જેનાથી તેને અપમાન લાગે અને ફરી કદી બોલાવવાનો વિચાર સુદ્ધાં ન કરે. મારા ઉપર ગુસ્સે થઈનેય તે મારું શું બગાડી નાખશે? કારણ, 'જાકો મનમોહન અંગીકાર કરે, એકો કેસ ખસે નહિ સિર પે, જો જગ બૈર પરે...' અર્થાત્ શ્રીઠાકોરજી જેનો અંગીકાર કરે છે, તેવા ભક્ત સાથે આખું જગત દુશ્મની કરે તો પણ કોઈ તે ભક્તનો એક વાળ પણ વાંકો કરી શકતું નથી.

આવો વિચાર કરી કુંભનદાસજીએ પદ ગાયું : 'ભક્તનકો કહા સિકરી સોં કામ?' અર્થાત્, 'હે બાદશાહ! તારી રાજધાની સિક્રી શહેર ગમે તેવું સુંદર હોય,

તોયે ભક્તોને તેનું કંઈ કામ હોતું નથી. તેની પરવા ભક્તો કરતા નથી. અહીં આવતાં અને હવે પાછા જતાં મારા જોડા ફાટી ગયા. તમે શા માટે બોલાવ્યો હશે, એના વિચારમાં પ્રભુનું નામ લેવાનું પણ મારાથી વીસરાઈ ગયું. જેનું મોં જોતાં પણ દુઃખ થાય, એવા તમને મારે પ્રણામ કરવા પડ્યા. મારા શ્રીગિરિધરલાલ વિના તારો આ મહેલ અને રાજ્ય બધું જૂઠું છે, મિથ્યા છે, મારા કોઈ ઉપયોગનું નથી.'

આ પદ સાંભળીને બાદશાહને મનમાં તો ઘણો ગુસ્સો આવ્યો, છતાં તેણે શાંત ચિત્તે વિચાર કર્યો કે જે લોકો મારી પાસેથી કંઈ મેળવવાની આશા રાખીને આવે છે તેઓ જ મારી ખુશામત કરે છે; પરંતુ જે ભગવાનના સાચા ભક્તો છે, ભગવાન સિવાય જેમને દુનિયામાં બીજું કંઈ ખપતું નથી; તેઓ મારી ખુશામત ન જ કરે. કુંભનદાસ આવા મહાન ભક્ત છે. મારી પાસેથી કંઈ મેળવવાની તેમને લાલચ નથી, એટલે તેમણે સત્ય વાત કહી છે.

બાદશાહે કહ્યું : 'ભક્તરાજ; હું આપની શી સેવા કરું? આજ્ઞા કરો.'

'બાદશાહ, મારી એક વાત સ્વીકારશો તો સારું રહેશે. આજ પછી મને કદી અહીં બોલાવશો નહિ.'

બસ, આટલું કહી, કુંભનદાસ ઊઠીને ચાલવા લાગ્યા. પાછા ફરતાં મનમાં શ્રીગોવર્ધનનાથજીનાં દર્શનનો ઘણો વિરહતાપ થયો. એ વિરહમાં તેમણે ઘણાં પદો ગાયાં. જ્યારે તેઓ શ્રીગિરિરાજજી પહોંચ્યા, ત્યારે શ્રીનાથજીએ આજ્ઞા કરી : 'કુંભનદાસ, તમને ધન્ય છે. તમે એક ક્ષણ પણ મારા વિના રહી શકતા નથી. મને પણ તમારા વિના ગમતું નથી.'

આમ, ભગવાન અને ભક્ત વચ્ચે – શ્રીગોવર્ધનનાથજી અને કુંભનદાસ વચ્ચે – પરસ્પર ઘણો પ્રેમ હતો.

●

અકબર બાદશાહના મુખ્ય સેનાપતિ ગ્વાલિયર રાજ્યના રાજપૂત રાજા માનસિંહ હતા. તે ભારે શૂરવીર હતા. તેમણે અકબર વતી બીજાં રાજ્યો સાથે ઘણાં યુદ્ધો કર્યાં અને તે બધાં રાજ્યો જીતી લીધાં. પછી તે આગ્રા આવ્યા. અકબરને મળીને તેમણે વિચાર કર્યો કે હું હિન્દુ છું, હિન્દુ ધર્મમાં જીવહત્યાને પાપ ગણવામાં આવ્યું છે. મેં યુદ્ધમાં ઘણા માણસોની હત્યા કરી છે. મારાં એ

બધાં પાપોને ધોવા માટે મારે તીર્થયાત્રા કરવી જોઈએ. તેમણે યમુનાસ્નાન કરવા અને વ્રજયાત્રા કરવા અકબરની રજા માગી. અકબરની આજ્ઞા લઈ, તે મથુરા આવ્યા.

મથુરાના વિશ્રામઘાટ પર તેમણે યમુનાસ્નાન કર્યું. શ્રીયમુનાજીનું વિધિવત્ પૂજન કર્યું. મથુરાના ચોબાઓએ કહ્યું : ‘અહીંના તીર્થદેવ શ્રીકેશવરાયજી ભગવાન છે. તેમનાં દર્શને અવશ્ય જવું જોઈએ.’

માનસિંહે કહ્યું : ‘ભલે, હું આવતીકાલે મથુરાનાં બધાં મંદિરોમાં દર્શન કરવા જઈશ.’ આ વાત મથુરાના બધા પૂજારીઓએ જાણી. તેમણે વિચાર કર્યો કે રાજા માનસિંહ બહુ ઉદાર સ્વભાવના છે અને કાલે દર્શને આવવાના છે; માટે મંદિરને અને મૂર્તિને એવાં શણગારીએ કે રાજા રાજી થાય અને ઘણું મોટું ઈનામ આપે.

તે દિવસો ઉનાળાના હતા. રાજા માનસિંહ દર્શને નીકળ્યા. એક પછી એક મંદિરોમાં ગયા. દરેક ઠેકાણે વાઘા, વસ્ત્ર, પિછવાઈ, ચંદરવા વગેરે ભારેમાં ભારે જરીભરતનાં હતાં. મૂર્તિઓ સોના-હીરાનાં આભૂષણોથી શણગારેલી હતી. ગરમીમાં આવો ભારે ઠાઠમાઠ વધારે અકળાવનારો હતો. રાજા માનસિંહે વિચાર કર્યો કે ‘નક્કી આ બધું મને રાજી કરવા માટે જ કરવામાં આવ્યું છે. ભગવાનના સુખ માટે આ સજાવટ થઈ નથી.’ તે દરેક ઠેકાણે ભેટ ધરતા ધરતા આગળ ગયા, પણ ક્યાંય તેમના મનને શાંતિ ન મળી.

મથુરાથી તેઓ વૃંદાવન ગયા. વૃંદાવનમાં પણ બધાં મંદિરોમાં આવાં જ દર્શન થયાં. માનસિંહ અકળાઈ ગયા. તેઓ વૃંદાવનથી સાંજે ગોવર્ધન આવ્યા. ત્યાં શ્રીનાથજીનાં દર્શન કરવા ગયા. ભોગ-સંધ્યાનાં દર્શન ખૂલ્યાં. ઋતુ અનુસાર સેવા થતી હતી. નિજમંદિરમાં અને તિબારીઓમાં ગુલાબજળનો છંટકાવ થતો હતો. ગુલાબજળના ફુવારા ઊડતા હતા. ખસ અને ચંદનની સુંદર સુગંધ આવતી હતી. ઝડપપંખા ચાલતા હતા. શ્રીનાથજીને સફેદ પાઘ, પરદનીનો શૃંગાર હતો. મોતીનાં સૂક્ષ્મ આભૂષણો હતાં. દર્શન કરતાં કરતાં રાજા માનસિંહનું રોમરોમ શીતળ થઈ ગયું. તેમને ઘણી પ્રસન્નતા થઈ. તેમણે વિચાર કર્યો, સાચી સેવા તો અહીં જ છે. અહીં શ્રીઠાકોરજી સુખથી બિરાજે છે. તે વખતે શ્રીનાથજીની સામે કુંભનદાસજી કીર્તન ગાતા હતા.

રાજા માનસિંહ દર્શન કરી, મુકામે પાછા ફર્યા. તેમણે કુંભનદાસજી વિશે માહિતી મેળવી અને નક્કી કર્યું કે કાલે સવારે કુંભનદાસજીને મળવા તેમના ખેતરે જઈશ.

●

બીજા દિવસે સવારે રાજા માનસિંહ શ્રીગિરિરાજજીની પરિક્રમા કરતા કરતા પરાસોલી આવ્યા. ત્યાં કુંભનદાસજી ચંદ્ર સરોવરમાં સ્નાન કરી, તેમના ખેતરમાં બેઠા હતા. તે વખતે શ્રીગોવર્ધનનાથજી સ્વયં કુંભનદાસજી પાસે પધાર્યા હતા. કુંભનદાસજીની ગોદમાં બિરાજીને શ્રીનાથજી કંઈક વાત કહેવા જતા હતા, તેટલામાં રાજા માનસિંહ આવી પહોંચ્યા; એટલે શ્રીનાથજી ગોદમાંથી ઊભા થઈ એક વૃક્ષની પાછળ સંતાઈ ગયા. કુંભનદાસજીની નજર શ્રીનાથજી તરફ હતી, તેથી તેમણે રાજા માનસિંહને આવકાર આપ્યો નહિ. રાજા માનસિંહ કુંભનદાસજીને પ્રણામ કરીને બેઠા, પણ તે તરફ કુંભનદાસજીનું ધ્યાન ન ગયું.

એક વ્રજવાસીએ કુંભનદાસજીની ભત્રીજીને કહ્યું, ‘રાજા માનસિંહ તારા કાકાને ખેતરે મળવા ગયા છે. તું જલદી ત્યાં પહોંચ.’

શ્રીનાથજીએ કુંભનદાસજીને ઈશારાથી જણાવ્યું, ‘રાજા માનસિંહ જાય ત્યાં સુધી હું અહીં જ રહીશ. હું તને જે વાત કહેવા આવ્યો હતો તે કહીશ, તું કશી ચિંતા કરીશ નહિ.’

એટલામાં કુંભનદાસજીની ભત્રીજી ત્યાં આવી. તેમણે કહ્યું, ‘દીકરી, આસન અને આરસી લાવે તો હું તિલક કરી લઉં.’

દીકરીએ કહ્યું : ‘બાવા, ઘાસનું આસન મૂક્યું હતું તે પાડી ખાઈ ગઈ અને પડિયામાં જળ ભરીને તિલક કરવા માટે આરસીરૂપે મૂક્યું હતું, એ પણ પાડી પી ગઈ.’ ભત્રીજી ઘાસનો બીજો પૂળો આસન માટે લઈ આવી અને પડિયામાં બીજું પાણી ભરી લાવી. ઘાસના પૂળા પર બેસી, કુંભનદાસજીએ પાણીમાં જોઈને તિલક કર્યું.

આ જોઈ રાજા માનસિંહ મનમાં વિચાર કરવા લાગ્યા કે આ મહાન ભક્તને દ્રવ્યનો ઘણો સંકોચ છે. ઘરમાં આસન કે આરસી પણ નથી.

માનસિંહે પોતાના માણસને મોકલી, પોતાની સોને-મઢેલી આરસી મંગાવી કુંભનદાસજીની સામે મૂકી અને કહ્યું : ‘ભક્તરાજ, રોજ તિલક કરવા માટે આ આરસીની ભેટ સ્વીકારો.’

‘ભાઈ, અમારાં તો ઘાસનાં ઘર છે. અમારા ઘરમાં આવી કિંમતી આરસી છે, એવી ખબર પડે તો ચોર-ડાકુ અમારો જીવ લે. અમારે તેની કોઈ જરૂર નથી.’

રાજા માનસિંહે એક હજાર સોનામહોરોની થેલી કુંભનદાસજીની આગળ મૂકી અને તે સ્વીકારવા વિનંતી કરી.

કુંભનદાસજીએ કહ્યું : ‘આ પણ અમારા કામની ચીજ નથી. આ ખેતરમાં જે અનાજ ઊગે છે તે અમે ખાઈએ છીએ. અમારા માટે તે પૂરતું છે. અમારે બીજું કંઈ જોઈતું નથી.’

‘ભક્તરાજ, આપ આજ્ઞા કરો તો તમારું જમુનાવતા ગામ હું તમને લખી આપું.’

‘ભાઈ, હું બ્રાહ્મણ નથી કે તમારું દાન સ્વીકારું; છતાં તમારે આપવું જ હોય, તો કોઈ બ્રાહ્મણને આપજો. મારે તમારું કંઈ જ ન જોઈએ.’

‘ભક્તરાજ, મને તમારો મોદી બતાવો. હું તેને ચિઠ્ઠી લખી દઈશ, જેથી તમારે જે સામાન જોઈએ તેના તમારે પૈસા આપવાના રહેશે નહિ.’

‘ભાઈ, જેવા અમે એવો અમારો મોદી. ખેતરના છેડા ઉપર પેલું કેરડાનું અને બોરનું ઝાડ છે, તે બે મારા મોદી છે. ઉષ્ણકાલમાં કેરડો ફૂલ અને ફળ આપે છે. શિયાળામાં બોરડીનું વૃક્ષ ઘણાં બોર આપે છે, તેનું શાક-સંધાણું બને છે. આ ખેતરમાં ચણા-મકાઈ પાકે છે, તેની રોટી બને છે. એનાથી અમારું કામ ચાલે છે. અમારે આથી વધારે શું જોઈએ?’

માનસિંહે કહ્યું : ‘તમને ધન્ય છે. મેં આજ સુધી ઘણા ત્યાગી-વેરાગી જોયા, પરંતુ તમારા જેવા ગૃહસ્થ-ત્યાગી જોયા નથી. મને તમારી કંઈક સેવા કરવાની આજ્ઞા આપો.’

‘ભાઈ, હું કહીશ તે તમે કરશો?’

‘તમે આજ્ઞા કરો. હું મારું પરમ ભાગ્ય માનીને કરીશ.’

‘તો પછી હવે કદી મારી પાસે આવશો નહિ અને મને કંઈ કહેશો નહિ.’

રાજા માનસિંહે દંડવત્ કરી, ઊભા થતાં કહ્યું : ‘માયાના ભક્ત તો ઘણા જોયા, પણ ઠાકોરજીના સાચા ભક્ત એક તમને જોયા! તમને ધન્ય છે.’

માનસિંહે ચાલ્યા ગયા. ત્યાર બાદ ભત્રીજીએ કહ્યું : ‘બાવા, ઘરમાં કંઈ હતું નહિ, ત્યારે રાજા આપતો હતો તે લેવાની ના કેમ પાડી?’

‘ગાંડી, આ તું શું બોલે છે? શ્રીગોવર્ધનનાથજી સાંભળશે તો ખિજાશે. કોઈની પાસેથી લેવાની વાત હવે પછી કદી ન કરતી.’

‘બાવા, મેં તો હસવામાં કહ્યું હતું, મારે કંઈ જોઈતું નથી.’

‘બેટી, કોઈની પાસે લેવાની વાત હસવામાં પણ કદી ન કહેવી.’

એટલામાં શ્રીગોવર્ધનનાથજી કુંભનદાસની પાસે પધાર્યા. તેમની ગોદમાં બિરાજ્યા. આપે આજ્ઞા કરી, ‘કુંભનદાસ, આજે છાકલીલાનો મનોરથ છે. બધા સખાઓ પોતપોતાના ઘેરથી સુંદર સામગ્રી બનાવીને લાવવાના છે. તમે શું લાવશો?’

‘કૃપાનાથ, આપને જે સામગ્રી પ્રિય હોય તે કહો.’

‘કુંભનદાસ, મને તો જુવારની ઘેંશ, દહીં, દૂધ, બેજરની રોટી, કેરનું શાક અને સંધાણું સૌથી વધારે પ્રિય છે.’

‘મહારાજ, એ બધું તો ઘરમાં તૈયાર જ છે.’

‘તો જલદી મંગાવી લો.’

કુંભનદાસજીએ બધી સામગ્રી સિદ્ધ કરી, પછી સામગ્રીનો ટોપલો માથે મૂકી, તેઓ શ્યામઘાટ ગયા. શ્રીગોવર્ધનનાથજી બધા સખાઓની સામગ્રી આરોગ્યા. પણ શ્રીકુંભનદાસજીની સામગ્રીમાં આપને વધારે સ્વાદ લાગ્યો. તે વખતે કુંભનદાસજીએ એવાં જ પદ પણ ગાયાં.

●

એક વખતે વૃંદાવનથી સંત-મહંતો કુંભનદાસજીને મળવા માટે શ્રીગિરિરાજ આવ્યા. મનમાં એવો વિચાર હતો કે કુંભનદાસજીને શ્રીયુગલ સ્વરૂપનો સાક્ષાત્ અનુભવ છે, તેથી તેમણે યુગલ સ્વરૂપનાં ઘણાં પદો ગાયાં છે. તેમણે પણ શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ-વર્ણન પદોમાં કર્યું છે. અમે પણ શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ-વર્ણન કર્યું છે. શ્રીસ્વામિનીજીના સ્વરૂપ અંગે તેમની સાથે ભગવદ્-વાર્તા કરવી છે.

હરિદાસ સ્વામી, હરિવંશજી વગેરેએ કુંભનદાસજીને વિનંતી કરી, 'કુંભનદાસજી, તમે યુગલ સ્વરૂપનાં કરેલાં કીર્તનો અમે સાંભળ્યાં છે, પરંતુ શ્રીસ્વામિનીજીનું કોઈ કીર્તન સાંભળ્યું નથી. આપ અમને શ્રીસ્વામિનીજીનું કીર્તન સંભળાવો.'

કુંભનદાસજીએ શ્રીસ્વામિનીજીના સ્વરૂપ-વર્ણનનું એક પદ ગાયું : 'કુંવરી રાધિકે તુવ સકલ સૌભાગ્યસીમા યા બદન પર કોટિ સત ચંદ બારિ ડારૌ.' તે સાંભળીને સંતો ઘણા પ્રસન્ન થયા. તેમણે કહ્યું : 'કુંભનદાસજી, તમને ધન્ય છે. અમે શ્રીસ્વામિનીજીનાં ઘણાં પદ કર્યાં છે, તેમાં ચંદ્ર વગેરેની ઘણી ઉપમાઓ પણ છે; પરંતુ તમે તો તેમના મુખારવિંદ ઉપર સો કરોડ ચંદ્રમા વારી નાખ્યા!'

કુંભનદાસજીએ કહ્યું : 'શ્રીસ્વામિનીજીના અલૌકિક સૌન્દર્ય માટે જગતમાં ઉપમા દેવાલાયક કશું નથી, એટલે આ ઉપમા આપવી પડી. સૌ પ્રસન્ન થઈને કુંભનદાસજીની વિદાય લઈ વૃંદાવન ગયા.'

●

એક વખત શ્રીગુસાંઈજી ગુજરાતમાં પધારવાનો વિચાર કરતા હતા. આપ પોતાની બેઠકમાં બિરાજ્યા હતા. ત્યાં થોડા વૈષ્ણવો પણ બેઠા હતા. એક વૈષ્ણવે કહ્યું : 'મહારાજ, કુંભનદાસજીના ઘરમાં આજકાલ દ્રવ્યનો ઘણો સંકોચ છે. તેમનો પરિવાર ઘણો મોટો છે. તેમનાં પત્ની, ભત્રીજી, સાત દીકરા અને સાત દીકરાઓની વહુઓ મળી કુલ ૧૭ જણનું કુટુંબ છે. તે ઉપરાંત, આવ્યા-ગયા વૈષ્ણવનું સમાધાન પણ કરવાનું હોય છે. તેમનો નિર્વાહ નાનીસરખી ખેતીમાંથી કરે છે.'

આ સાંભળી શ્રીગુસાંઈજી મૌન રહ્યા.

એટલામાં કુંભનદાસજી શ્રીગુસાંઈજીનાં દર્શને આવ્યા. આપે કુંભનદાસજીને આજ્ઞા કરી : 'કુંભનદાસજી, અમે ગુજરાતના પ્રવાસે જઈએ છીએ. ઘણા વૈષ્ણવોના વિનંતીપત્રો આવ્યા છે. ત્યાં ઘણા વૈષ્ણવોનો મેળાપ થશે. તમે અમારી સાથે ચાલો, જેથી પ્રભુના વિરહનો ક્લેશ અમને બાધા ન કરે અને તમારા સંગથી સમય સારી રીતે વ્યતીત થાય. વળી, મારા સાંભળવામાં આવ્યું છે કે તમારા ઘરમાં દ્રવ્યનો સંકોચ છે, તે કાર્ય પણ સિદ્ધ થશે.'

'કૃપાનાથ, આપ સ્વામી છો, હું સેવક છું. આપની આજ્ઞા એ જ મારું કર્તવ્ય.' એટલું કહી તેઓ દંડવત્ કરી, ત્યાંથી ગયા.

બીજા દિવસે સવારે રાજભોગનાં દર્શન પછી, પ્રવાસે નીકળવાનો સમય હતો. કુંભનદાસજી સવારે શ્રીગિરિરાજ આવ્યા. રાજભોગ સુધી કીર્તનની સેવા કરી. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી, 'હવે અમે અપ્સરા કુંડ ઉપર મુકામે જઈને વિશ્રામ કરીશું. તમે ત્યાં આવી પહોંચો.'

કુંભનદાસજી પ્રભુના વિરહના વિચારથી ઘણા દુ:ખી થયા. શ્રીગોવર્ધનનાથજીનો વિરહ વધવા લાગ્યો. અપ્સરા કુંડ ઉપર જઈને બેઠા ખરા, પણ શ્રીનાથજીનાં દર્શનની યાદે નેત્રોમાંથી આંસુની ધારા ચાલી જાય છે. શરીર રોમાંચ અનુભવવા લાગ્યું. તેઓ ધીમાં ડૂસકાં ભરતાં ભરતાં પદ ગાવા લાગ્યા : 'કિતેક દિન બીતુ ગયે, બિનુ દેખે...' શ્રીગુસાંઈજી તંબૂમાં વિશ્રામ કરતા હતા. તેમણે આ પદ સાંભળ્યું. કુંભનદાસજીનો ક્લેશ તેઓ સહન ન કરી શક્યા. આપ કુંભનદાસજી પાસે પધાર્યા અને આજ્ઞા કરી : 'કુંભનદાસ, તમારો પરદેશ પૂરો થઈ ગયો. તમે મંદિરમાં જઈને શ્રીનાથજીનાં દર્શન કરો. તમે કીર્તન કરી તેમને રીઝાવો.'

આવી આજ્ઞા થતાં કુંભનદાસજીનું રોમ-રોમ શીતળ થઈ ગયું. મન પ્રસન્ન થયું. દંડવત્ કરી, જલદી અપ્સરાકુંડથી દોટ મૂકી. મંદિરે પહોંચ્યા ત્યારે ઉત્થાપનનો સમય હતો. તેમણે શ્રીનાથજીનાં દર્શન કર્યાં. શ્રીનાથજીએ પ્રસન્ન થઈને આજ્ઞા કરી : 'કુંભનદાસ, હું તમારા મનની વાત જાણું છું. જેમ તમે મારા વિના રહી શકતા નથી, તેમ હું પણ તમારા વિના રહી શકતો નથી. માટે હવે હું તમને હમેશાં મારી પાસે જ રાખીશ.'

કુંભનદાસજીએ હાથ જોડી વિનંતી કરી, 'મારી પણ એ જ અભિલાષા છે. તમારાથી કદી મારો વિયોગ ન થાય.' આમ, શ્રીનાથજી અને કુંભનદાસજી એકબીજા વિના રહી શકતા ન હતા.

●

એક વખત કુંભનદાસજી શ્રીગુસાંઈજી પાસે બેઠા હતા. ત્યાં બીજા વૈષ્ણવો પણ હતા. વાતવાતમાં શ્રીગુસાંઈજીએ કુંભનદાસને પૂછયું : 'તમારે બેટા કેટલા છે?'

કુંભનદાસજીએ કહ્યું : 'મારે દોઢ દીકરો છે.'

શ્રીગુસાંઈજીએ કહ્યું : 'અમે તો સાંભળ્યું છે કે તમારે સાત દીકરા છે, ત્યારે તમે દોઢ દીકરો છે એમ કેમ કહો છો?'

'કૃપાનાથ, સાતમાંથી પાંચ તો લૌકિક બુદ્ધિવાળા છે. તેઓ પૂરેપૂરા લૌકિકમાં આસક્ત છે, એટલું હું તેમને દીકરા ગણતો નથી. પૂરો દીકરો ચતુર્ભૂજદાસ છે, જે સેવા અને સ્મરણ બંને કરે છે. કૃષ્ણદાસ અડધો દીકરો છે, તે શ્રીનાથજીની ગાયોની સેવા કરે છે; પણ સ્મરણ કરતો નથી. તેને લીલાનાં રહસ્યોનો અનુભવ નથી. ચતુર્ભૂજદાસને સંયોગ અને વિપ્રયોગ બંને રસનો અનુભવ છે. તે લીલાસંબંધી કીર્તન ગાય છે.'

શ્રીગુસાંઈજી પ્રસન્ન થઈને કહ્યું : 'કુંભનદાસ, તમે સાચી વાત કહી. દીકરો ભગવદીય હોય તો જ તે સાચો પુત્ર, બાકી દીકરા શા કામના?'

◆

કુંભનદાસના પુત્ર કૃષ્ણદાસ શ્રીનાથજીની ગાયોની સેવા કરે. તેઓ રોજ ગૌશાળાને વાળીઝૂડીને સાફ રાખે. ગાયોને વનમાં ચરાવવા લઈ જાય.

એક દિવસ કૃષ્ણદાસ ગાયો ચરાવીને પાછા ફરતા હતા, ત્યારે પૂછ'રી પાસે એક બહુ ભારે શરીરવાળી ગાય રોકાઈ ગઈ. બીજી ગાયો આગળ ચાલી ગઈ અને ગૌશાળામાં પહોંચી ગઈ. ભારે શરીરવાળી ગાય ધીરે ધીરે ચાલતી હતી, તેની પાછળ કૃષ્ણદાસ ગાયનું ધ્યાન રાખતા-રાખતા આવતા હતા. એટલામાં વનમાંથી એક વાઘ બહાર આવ્યો. તેણે ગાય ઉપર તરાપ મારી. કૃષ્ણદાસ ગાય અને વાઘની વચ્ચે ઊભા થઈ ગયા અને કહ્યું : 'અધર્મી, આ શ્રીનાથજીની ગાય છે. તું ભૂખ્યો હોય તો મને ખાઈ જા.' વાઘને જોઈને ગાય તો દોડતી ભાગી ગઈ, પણ વાઘે કૃષ્ણદાસને ફાડી ખાધા.

બીજી બાજુ, ગૌશાળામાં જુદા જુદા ગ્વાલ હતા. તેઓ શ્રીનાથજીના કૃપાપાત્ર હતા. તેમણે જોયું કે શ્રીનાથજી પોતે ભારે શરીરવાળી ગાયને દોહે છે. કૃષ્ણદાસ એ ગાયનું વાછરડું પકડીને ઊભા છે. પાસે કુંભનદાસજી પણ ઊભા છે. ગાય વાછરડાને ચાટે છે.

આવાં દર્શન કુંભનદાસજીને પણ થયાં. કુંભનદાસજી ગૌશાળામાંથી મંદિર તરફ જવા નીકળ્યા. દંડવતી શિલા પાસે પહોંચ્યા, ત્યાં સમાચાર મળ્યા કે કૃષ્ણદાસને વાઘે માર્યા છે. તે સાંભળતાં જ કુંભનદાસજી બેહોશ થઈ ગયા. આ સમાચાર શ્રીગુસાંઈજીને પહોંચ્યા. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'હું શ્રીનાથજીની સેવા પહોંચીને ત્યાં આવું છું. કોઈ ચિંતા કરશો નહિ.'

શ્રીગુસાંઈજી કુંભનદાસજી પાસે પધાર્યા, ત્યારે તેઓ બેહોશ બનીને ભૂમિ પર સૂતા હતા. આજુબાજુ થોડા વૈષ્ણવો હતા. એક વૈષ્ણવે કહ્યું : 'મહારાજ, કુંભનદાસજી મહાન ભગવદીય છે, પણ પુત્રનો શોક બહુ મોટો હોય છે. એમાંથી કોઈ બચી શકતું નથી.'

'વૈષ્ણવ, કુંભનદાસજીને પુત્રનો શોક નથી. તેમને સૂતકમાં શ્રીનાથજીનાં દર્શન નહિ થાય, એના વિરહનું દુઃખ છે. તમારો સંદેહ હમણાં જ દૂર થશે.'

શ્રીગુસાંઈજીએ બૂમ પાડીને કહ્યું : 'કુંભનદાસ, તમે ગ્વાલ સમયે મંદિરે આવજો. તમને શ્રીનાથજીનાં દર્શન કરાવીશ.'

આ વચનો સાંભળતાં જ કુંભનદાસજી સ્વસ્થ થયા. તેમણે શ્રીગુસાંઈજીને દંડવત્ કર્યાં અને વિનંતી કરી, 'મહારાજ; આપના વિના મારા અંતઃકરણને બીજું કોણ જાણે?'

'કુંભનદાસ, અમે તમારા મનને જાણીએ છીએ. તમને સંસાર સંબંધી દુઃખ કદી પીડા ન કરે. જે વૈષ્ણવ તમારો સંગ એક ક્ષણ પણ કરે, તો એનેય લૌકિક દુઃખ ન લાગે, પછી તમને તો લૌકિક દુઃખ લાગે જ કેમ? જાઓ, કૃષ્ણદાસના શરીરને અગ્નિસંસ્કાર કરો. સવારે દર્શને આવજો.'

શ્રીગુસાંઈજી બેઠકમાં પધાર્યા, ત્યાં ગોપીનાથદાસ ગ્વાલે આવીને ગૌશાળામાં જોયેલી સર્વ હકીકત કહી, ત્યારે શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'એમાં કંઈ આશ્ચર્ય નથી. કૃષ્ણદાસ ભગવદીય હતા. શ્રીનાથજીની ગાયને બચાવવા પોતાના પ્રાણ ધરી દીધા; તેથી શ્રીનાથજી તેમના પર પ્રસન્ન છે. કૃષ્ણદાસ નિત્યલીલામાં પહોંચ્યા છે. તમે પણ શ્રીનાથજીના કૃપાપાત્ર ભગવદીય છો. તેથી તમને એ દર્શન થયાં. બીજાને તો લીલાનાં દર્શન દુર્લભ છે.'

◆

એક દિવસ શ્રીગુસાંઈજીના તૃતીય અને ચતુર્થ કુમાર શ્રીબાલકૃષ્ણજી અને શ્રીગોકુલનાથજી બિરાજ્યા હતા. તેઓ આપસ-આપસમાં વિચાર કરતા હતા કે કુંભનદાસજી ક્યારેય ગોકુળ ગયા નથી, તો આપણે તેમને ગોકુળ લઈ જઈએ.

શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'તમે એવો આગ્રહ ન રાખો; કારણ કે તેમનાથી શ્રીનાથજી હળેલા છે. તેમના વિના એક ક્ષણ પણ રહી શકશે નહિ. કુંભનદાસજી પણ શ્રીનાથજીની લીલામાં રાતદિવસ મગ્ન છે; એટલે તેઓ ગોકુળ આવશે નહિ. છતાં બંને બાળકોએ તેમને લઈ જવાનો ઉપાય કર્યો.

બંને બાળકોએ વૈશાખ સુદ એકાદશીના દિવસે કુંભનદાસજીને કહ્યું : 'કુંભનદાસજી, આજે અજવાળી રાત છે. તમારા જેવા ભગવદીયનો સત્સંગ અમારે કરવો છે, માટે અમારી સાથે ચાલો.'

શયનઆરતી પછી કુંભનદાસજીને લઈને બંને બાળકો ચાલવા માંડ્યા. વચમાં કુંભનદાસજી અને આજુબાજુ બે બાળકો. કુંભનદાસજી ભગવદ્-લીલાઓ કહી રહી છે. તેઓ લીલારસમાં એવા મગ્ન થઈ ગયા છે કે તેઓ ક્યાં જાય છે તેનું પણ તેમને ભાન નથી. રસ્તામાં શ્રીગોકુલનાથજી પૂછે છે, 'જેમ શ્રીનાથજીનો શૃંગાર શ્રીસ્વામિનીજી કરે છે, તેમ શું કદી શ્રીસ્વામિનીજીનો શૃંગાર શ્રીનાથજી કરે છે?'

કુંભનદાસજીએ કહ્યું, 'હા. એક દિવસ આસો મહિનામાં શ્રીનાથજી અને શ્રીસ્વામિનીજી સખીઓ સાથે વનમાં ફૂલ વીણવા ગયાં. પછી રાસમંડલના નજીકમાં આવેલા શૃંગારના ચોતરા ઉપર બિરાજ્યાં, ત્યારે વિશાખાજી શ્રીસ્વામિનીજીનો શૃંગાર કરવા તૈયાર થયાં. તે વખતે શ્રીનાથજીએ આજ્ઞા કરી : 'આજે કિશોરીજીને હું શૃંગાર કરીશ.'

શ્રીનાથજી શ્રીસ્વામિનીજીની પાછળ ઊભા રહ્યા; પણ બંને સ્વરૂપોને પરસ્પરનાં દર્શન વિના ચેન પડ્યું નહિ. પરમ ચતુર વિશાખાજી બંનેના હૃદયને જાણી ગયાં. તેમણે શ્રીસ્વામિનીજીની સન્મુખ એક મોટું દર્પણ મૂક્યું, તેમાં બંને પરસ્પરનાં દર્શન કરવા લાગ્યાં. શ્રીઠાકોરજીએ શ્રીસ્વામિનીજીના લાંબા વાળ કાંસકાથી ઓળી, એક-એક વાળમાં ઝીણાં ઝીણાં મોતી પરમ ચતુરાઈથી પરોવ્યાં. એટલામાં હાથમાં ધરેલા બધા વાળ વીખરાઈ ગયા. વાળમાં પરોવેલાં મોતી પણ શૃંગાર ચોતરા ઉપર ફેલાઈ ગયાં. ત્યારે સૌને ઘણું હાસ્ય થયું કે શૃંગાર માટે આટલો બધો પરિશ્રમ કર્યો, તે એક ક્ષણમાં જ વડો થઈ ગયો.

શ્રીઠાકોરજીએ વિશાખાજીને કહ્યું : 'તમે વાળ પકડો, હું મોતી પરોવું.' ફરીથી મોતી પરોવી વાળની સુંદર વેણી ગૂંથી, ફૂલોનાં આભૂષણ સિદ્ધ કરી, સખીજનોએ શ્રીઠાકોરજીને આપ્યાં. શ્રીઠાકોરજીએ શ્રીસ્વામિનીજીનો શૃંગાર કર્યો. પછી શ્રીસ્વામિનીજીએ શ્રીનાથજીનો શૃંગાર કર્યો.

આ પ્રમાણે ભગવદ્‌લીલાની વાર્તા કરતા-કરતા કુંભનદાસજી શ્રીયમુના નદીને કિનારે આવ્યા. ગોકુળથી નાવમાં બિરાજી, શ્રીગુસાંઈજી સામે પાર પધાર્યા, ત્યાં સવાર થવા આવ્યું હતું. કુંભનદાસજી સાવધાન થયા. જોયું તો શ્રીયમુનાજીનો કિનારો છે. સવાર થઈ ગયું છે. મનમાં વિચાર આવ્યો કે શ્રીગિરિરાજમાં શ્રીનાથજીનાં કીર્તન કોણ કરશે? મારી સેવા છૂટશે!

આમ વિચારી, તેઓ શ્રીગોકુલનાથજીનો હાથ છોડાવી, શ્રીગિરિરાજની દિશામાં દોડ્યા. બધા પાછળ દોડ્યા, પણ કોઈ તેમને પહોંચી શક્યું નહિ. શ્રીગોકુલનાથજીએ કહ્યું, 'ભલે કુંભનદાસજી ગોકુલ ન આવ્યા, પણ આખી રાત ભગવદ્ વાર્તાનો મોટો લાભ મળ્યો. આવા ભગવદીયોનો એક ક્ષણનો સત્સંગ પણ ખરેખર દુર્લભ હોય છે.'

શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી, 'તમારા કારણે કુંભનદાસજીને દોડવાનો શ્રમ થશે. જ્યાં સુધી શ્રીગિરિરાજ પર જઈ શ્રીનાથજીને જગાડવાનાં કીર્તન નહિ ગાય, ત્યાં સુધી શ્રીનાથજી જાગશે નહિ. માટે તમારે ભગવદ્-વાર્તા સાંભળવી હોય, તો તેમના ઘેર જઈને પૂછજો; પણ તેમને અહીં લઈ આવવાનો શ્રમ કરાવશો નહિ.' આટલી આજ્ઞા કરી, શ્રીગુસાંઈ ઘોડેસવાર થઈ કુંભનદાસજીની પાછળ ગયા. શ્રીગુસાંઈજીએ કુંભનદાસજીને રસ્તામાં પકડી પાડ્યા અને આજ્ઞા કરી : 'તમે આ માર્ગ જોયો નથી, માટે ભૂલા પડશો. આ ઘોડાની પાછળ-પાછળ ચાલ્યા આવો.'

બીજી બાજુ, શ્રીગિરિરાજ ઉપર રામદાસજી વગેરે સેવકો અપરસમાં સ્નાન કરી, પર્વત પર આવે, ત્યાં રસ્તામાં છોવાઈ જાય. એમ કરતાં સવારનો સમય વીતવા લાગ્યો. શ્રીગુસાંઈજીએ પધારીને રામદાસજીને પૂછ્યું: 'આજે આટલો વિલંબ કેમ થયો છે?' તેમણે કહ્યું : 'મહારાજ, આજે ચાર વખત સ્નાન કર્યું અને ચાર વખત છોવાઈ ગયા છીએ. આ પાંચમી વાર સ્નાન કરીને આવ્યા છીએ. આમ કેમ બને છે તેનું કંઈ કારણ સમજાતું નથી.'

શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'કુંભનદાસજી માટે શ્રીનાથજીએ જ આ કૌતુક કર્યું છે.'

●

એક વખત બપોરના સમયે કુંભનદાસજી તેમના ખેતરમાં બેઠા હતા. શ્રીનાથજી તેમની સામે ખેતરમાં ખેલતા હતા. ત્યાં ઉત્થાપનનો સમય થયો, એટલે કુંભનદાસજી મંદિરમાં જવા માટે ઊભા થયા. શ્રીનાથજીએ પૂછ્યું : 'તું ક્યાં જાય છે?'

'મહારાજ, પર્વત પર દર્શન કરવા જઉં છું. ઉત્થાપનનો સમય થયો છે.'

'કુંભનદાસ, હું તો અહીં તારી પાસે ખેલું છું. ત્યાં મારા સિવાય બીજું કોણ છે? તું ત્યાં શા માટે જાય છે?'

'કૃપાનાથ, આપ અહીં ખેલો છો અને દર્શન આપો છો, તે તો આપની કૃપા છે. આપ ચાહો ત્યારે અહીંથી ભાગી જઈ શકો છો. હું આપને રોકી શકતો નથી; પરંતુ શ્રીમહાપ્રભુજીએ આપને મંદિરમાં પધરાવ્યા છે. ત્યાં આપ શ્રીમહાપ્રભુજીની કાનિથી બિરાજો છો અને બધાંને દર્શન આપો છો. મંદિરમાં જે કોઈ આવે તેમને આપનાં દર્શન થાય છે. ત્યાં આપનાં કીર્તનની સેવાનો અને દર્શનનો મને જે લાભ મળ્યો, તેના ફળરૂપે આપ મને સાક્ષાત્ અનુભવ કરાવો છો અને ઘેર બેઠાં કૃપા કરીને દર્શન આપો છો. એટલે મંદિરમાં તો હું જરૂર જઈશ.'

શ્રીજીએ હસીને આજ્ઞા કરી : 'કુંભનદાસ, તારો ભાવ અલૌકિક છે.'

●

એક દિવસ એક માળી એક મોટા ટોપલામાં મોટી-મોટી સુંદર પાકેલી ૨૦૦ કેરીઓ લઈ, ચંદ્ર સરોવર ઉપર આવ્યો. તેણે ટોપલામાંની બધી કેરીઓ જમીન પર એક કપડા ઉપર મૂકી, જળથી સાફ કરી. પછી કપડાથી લૂછી સુંદર રીતે ગોઠવવા માંડી. એ સમયે કુંભનદાસજી ત્યાં આવી ચઢ્યા. તેમણે આ કેરીઓ જોઈ. તેમને લાગ્યું કે આ કેરીઓ મારા શ્રીગોવર્ધનનાથજીને લાયક છે. તેમણે માળીને પૂછ્યું : 'તું આ કેરીઓ ક્યાં લઈ જઈશ?' માળીએ કહ્યું : 'હું મથુરા વેચવા લઈ જઈશ. ત્યાં તેના દશ રૂપિયા ઊપજશે.'

કુંભનદાસજીએ વિચાર કર્યો, મારી પાસે પૈસા તો છે નહિ. તેમણે મનોમન શ્રીનાથજીને વિનંતી કરી : 'આ સામગ્રી પરમ સુંદર અને આપના લાયક છે. આપ ઉત્તમ વસ્તુના ભોક્તા છે, માટે આ કેરીઓ આરોગો.' શ્રીનાથજીએ અલૌકિક સ્વરૂપે તે કેરીઓ અંગીકાર કરી.

માળી કેરીઓ ટોપલામાં ભરી મથુરા ગયો. ત્યાં એક રજપૂતે કેરીઓ જોઈ. તેણે દશ રૂપિયા આપી, બધી કેરીઓ ખરીદી. પછી તે શ્રીયમુનાજીના ઘાટ ઉપર ગયો. તે રજપૂતની સાથે એક બ્રાહ્મણ હતો. રજપૂતે ૧૦૦ કેરીઓ બ્રાહ્મણને આપી અને સો કેરીઓ પોતાના માટે રાખી. બંનેએ તેમાંથી ૫૦-૫૦ કેરીઓ તેમના ઘર માટે અલગ રાખી. બાકીની ૫૦ કેરીઓ ત્યાં બેઠાં બેઠાં બંને ચૂસી ગયા. પછી ત્યાં સૂઈ ગયા. બંનેને સ્વપ્નમાં શ્રીનાથજીનાં દર્શન થયાં. તેઓ જાગ્યા ત્યારે રજપૂતે બ્રાહ્મણને પૂછ્યું : 'તમને કંઈ સ્વપ્ન આવ્યું?'

બ્રાહ્મણે કહ્યું : 'મને શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન થયાં.'

રજપૂતે કહ્યું : 'મનેય એમનાં દર્શન થયાં છે. તેઓ ક્યાં બિરાજે છે?'

બ્રાહ્મણે કહ્યું : 'અહીંથી સાત ગાઉ ઉપર શ્રીગોવર્ધન પર્વત છે, ત્યાં મંદિરમાં બિરાજે છે.'

'બ્રહ્મદેવ, તમે મહામૂર્ખ જણાઓ છો, જેથી આવા ઠાકોરજીનાં દર્શન કર્યા પછીય બીજે ભટક્યા કરો છો. મેં તો સ્વપ્નમાં દર્શન કર્યાં ત્યારથી મને ચેન પડતું નથી. મારા ભાગની બધી કેરીઓ તમે રાખી લો. ઉપરથી હું તમને બીજા પાંચ રૂપિયા આપીશ. મને શ્રીનાથજીનાં દર્શન કરાવો.' રજપૂતે કહ્યું.

બંને જણ દર્શન કરવા ચાલ્યા. ત્યાં પહોંચ્યા ત્યારે શયનનાં દર્શન થતાં હતાં. દર્શન કરી બંને નીચે આવ્યા. બ્રાહ્મણ મથુરા પાછા ગયા. રજપૂત દંડવતી શિલા પાસે ઊભા રહ્યા. એટલામાં શ્રીગુસાંઈજી ત્યાં પધાર્યા. રજપૂતે કહ્યું : 'મહારાજ મને સેવક કરો.'

શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'તમારાં અહોભાગ્ય છે કે તમારા ઉપર કુંભનદાસજીની કૃપા થઈ છે.' પછી આપે રજપૂતને કંઠી બાંધી અષ્ટાક્ષર મંત્રની દીક્ષા આપી. રજપૂતે તેની પાસે બચેલા દશ રૂપિયા ભેટ કરી દીધા.

રજપૂતે વિનંતી કરી : 'મહારાજ, મારા પૂર્વજન્મ વિશે મને કહો.'

'ભાઈ તમે વ્રજમાં ગોપ હતા. શ્રીનંદરાયજીની ગાયોની ચોકી કરતા હતા. એક દિવસ તમે એક સાપને માર્યો, તેના અપરાધથી તમે પૃથ્વી ઉપર ઘણા જન્મો લીધા. આજે કુંભનદાસજીએ માળી પાસેની કેરીઓ મનોમન શ્રીનાથજીને અંગીકાર કરાવી. તમે એ પ્રસાદી કેરીઓ ખરીદી. તે લેવાથી તમારું મન ફરી

ગયું. શ્રીનાથજીએ તમને સ્વપ્નમાં દર્શન આપ્યાં. હવે તમે શ્રીનાથજીની ગાયોનું રક્ષણ કરો અને અહીં મહાપ્રસાદ લેજો.'

તે રજપૂતને બે દીકરા હતા. તેઓ પિતાને શોધતા-શોધતા આવ્યા. રજપૂત વૈષ્ણવે કહ્યું : 'આપણે તો ક્ષત્રિય છીએ. યુદ્ધમાં પ્રાણ ચાલ્યા જાય, તો તેની નવાઈ હોતી નથી. તમે એમ માનજો કે તમારો પિતા મૃત્યુ પામ્યો છે. તમે ઘેર પાછા જાઓ. મારી રાહ જોશો નહિ. હું હવે ઘેર નહિ આવું.' તે રજપૂત જીવનભર શ્રીનાથજીની ગાયોની સેવા કરતા રહ્યા.

●

એક વખત શ્રીગુસાંઈજીનો જન્મદિવસ આવ્યો. શ્રીનાથજીએ વિચાર કર્યો કે શ્રીગુસાંઈજીએ મારો જન્મદિવસ પ્રગટ કરી, ધામધૂમથી મનાવ્યો છે; તો હું શ્રીગુસાંઈજીનો જન્મદિવસ ધામધૂમથી મનાવું. માગસર વદ નોમના દિવસે શ્રીગુસાંઈજીનો જન્મદિવસ હતો. તેના આગલા દિવસે રામદાસજી શ્રીનાથજીને શૃંગાર કરતા હતા. કુંભનદાસજી કીર્તન કરતા હતા. શ્રીગુસાંઈજી ગોકુળમાં હતા. ત્યારે શ્રીનાથજીએ આજ્ઞા કરી : 'તમે બધા મળીને આવતી કાલે શ્રીગુસાંઈજીનો જન્મદિવસ મનાવો. મને સામગ્રી આરોગાવો.'

રામદાસજીએ વિનંતી કરી : 'મહારાજ, વચમાં એક જ દિવસ બાકી છે. કાલે જન્મદિવસ છે. શી સામગ્રી કરીએ?'

શ્રીનાથજીએ જલેબીની સામગ્રી કરવાની આજ્ઞા કરી.

રાજભોગ પછી રામદાસજીએ બધા વૈષ્ણવોને ભેગા કર્યા. શ્રીનાથજીની આજ્ઞા કહી. સદુ પાંડેએ કહ્યું : 'ઘી, ચૂન મારા ત્યાંથી લઈ જજો.'

કુંભનદાસજી ઘેર ગયા. ઘરમાં એક રૂપિયો પણ ન હતો. આથી એક વ્રજવાસીને બે પાડા અને બે પાડી વેચી દીધાં. તેના પાંચ રૂપિયા આવ્યા, તે તેમણે રામદાસજીને આપ્યા. બીજા સેવકોએ પણ યથાશક્તિ રૂપિયા આપ્યા. સદુ પાંડેના ત્યાંથી ઘી અને મેંદો આવ્યાં. ભેગા થયેલા રૂપિયામાંથી ખાંડ મંગાવી. આખી રાત જલેબીની સામગ્રી સિદ્ધ થઈ.

સવારે રામદાસજીએ શ્રીનાથજીને અભ્યંગ કરાવી કેસરી વસ્ત્ર, કેસરી કુલહેનો શૃંગાર ધર્યો. પછી ભોગ ધર્યા. કુંભનદાસજીએ કીર્તન ગાયાં. શ્રીનાથજી ઘણા પ્રસન્ન થયા.

શ્રીગુસાંઈજી ગોકુલમાં શ્રીનવનીતપ્રિયજીને રાજભોગ ધરાવી ગિરિરાજ પધાર્યા. આપ રાજભોગ સમયે સેવામાં પધાર્યા. ભોગ સરાવતાં આપે જોયું કે જલેબીના અનેક ટોપલા ભોગમાં ધરેલા છે. આપે રામદાસજીને પૂછયું : 'આજે શાનો ઉત્સવ છે?'

રામદાસજીએ કહ્યું : 'શ્રીનાથજીએ આજ આપનો જન્મદિવસ મનાવ્યો છે. બધા સેવકોને આજ્ઞા કરી તે પ્રમાણે સામગ્રી સિદ્ધ થઈ છે.' શ્રીગુસાંઈજીએ સામગ્રી કેવી રીતે સિદ્ધ થઈ તે પૂછયું. રામદાસજીએ બધી હકીકત કહી.

શ્રીગુસાંઈજીએ કુંભનદાસને પૂછયું : 'તમે પાંચ રૂપિયા ક્યાંથી લાવ્યા? તમારા ઘરની સ્થિતિ હું જાણું છું.'

કુંભનદાસજીએ વિનંતી કરી : 'મહારાજ, ઘર મારું કયાં છે? મારું ઘર તો આપનાં ચરણારવિંદમાં છે. બે પાડા-પાડી વધારાનાં હતાં તે વેચી દીધાં. અમે સંસારી ગૃહસ્થ છીએ, અમારાથી વૈષ્ણવ ધર્મ કેવી રીતે બને?'

કુંભનદાસજીનાં આવાં દીનતાયુક્ત વચનો સાંભળી શ્રીગુસાંઈજીનું હૃદય ભરાઈ આવ્યું.

●

એક દિવસ બપોરે શ્રીમહાપ્રભુજી શ્રીગિરિરાજજીની તળેટીમાં પોઢેલા હતા. કુંભનદાસજી આપની ચરણસેવા કરી રહ્યા હતા. કુંભનદાસજીએ વિનંતી કરી : 'કૃપાનાથ, આજ્ઞા આપો તો પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત પૂછું.'

આપે પ્રસન્નતાથી આજ્ઞા કરી : 'જેના ઉપર શ્રીનાથજીની કૃપા થશે, તે જ આ સમયમાં સિદ્ધાંત પૂછશે અને કહેશે. તમારા જેવા ભગવદીય આજે પૂછે છે અને તેનું આચરણ કરે છે. આગળ ઉપર સમય મહાકઠણ આવવાનો છે. ત્યારે કોઈ પૂછનારુંએ નહિ હોય અને કોઈ કહેનારું પણ નહિ હોય.'

●

એક દિવસ કુંભનદાસજીએ શ્રીગુસાંઈજીને વિનંતી કરી, 'મહારાજ, મારા ઘરમાં મારી પત્ની છે. સાતમાંથી પાંચ બેટા છે. સાતે બેટાઓની વહુઓ છે. તેમનામાં ભગવદ્-ભાવ દૃઢ નથી. એક ભત્રીજી છે. તેનામાં ભગવદ્ભાવ દૃઢ છે. તેનું શું કારણ?'

શ્રીગુસાંઈજીએ કહ્યું : 'કુંભનદાસ, મન લગાડીને સાંભળજો. હું પુરાણનો એક પ્રસંગ કહું છું – એક બ્રાહ્મણ હતો. તેને એક કન્યા હતી. તે લગ્નને લાયક થઈ. બ્રાહ્મણે તેના પુરોહિતને બોલાવીને કહ્યું : 'મારી કન્યા માટે સારું ઠેકાણું જોઈ તેની સગાઈ કરી આવો. તે પુરોહિત ગયો. બીજા દિવસે બ્રાહ્મણે બીજા બ્રાહ્મણને બોલાવીને તે જ પ્રમાણે સૂચના આપી. તે પણ ગયો. ત્રીજા દિવસે એક ત્રીજા બ્રાહ્મણને મોકલ્યો. ચોથા દિવસે ચોથો બ્રાહ્મણ પણ ગયો. ચારે બ્રાહ્મણો અલગ-અલગ દિશામાં ગયા. ચારેય જણે અલગ-અલગ ગામોમાં તે કન્યાની સગાઈ અલગ-અલગ ઘરમાં કરી. એક મહિના પછી લગ્નનું મુહૂર્ત નક્કી કરી સૌ પાછા આવ્યા.

'કન્યાનો બાપ ગભરાયો. ચારેય બ્રાહ્મણો એક જ દિવસે પરણવા આવશે. હવે શું કરવું? તે ચિંતામાં પડ્યો. તેને લઈને ખાવા-પિવાનું છૂટી ગયું. ચાર દિવસ તે ભૂખ્યો-તરસ્યો પડી રહ્યો. પાંચમા દિવસે નદીકિનારે એક વૈષ્ણવ મળ્યા. તેઓ બ્રાહ્મણનું દુ:ખ સહન કરી શક્યા નહિ. તેમણે કહ્યું : તું ચિંતા ન કરીશ. હું અહીં બેઠો છું. લગ્નના એક દિવસ પહેલાં મારી પાસે આવજે. ઠાકોરજી બધું ભલું કરશે.'

'લગ્નનો એક દિવસ બાકી રહ્યો, એટલે તે બ્રાહ્મણ નદીકિનારે વૈષ્ણવ પાસે આવ્યો. વૈષ્ણવે કહ્યું : તારી સામે જે પશુપક્ષી આવે, તેમને તું પકડી લાવ. બ્રાહ્મણ બિલાડી, કૂતરી અને ગધેડીને પકડી લાવ્યો. વૈષ્ણવે કહ્યું : આ ત્રણેયને એક ઓરડામાં બંધ કરજે. તારી દીકરીને પણ તે જ ઓરડામાં સુવાડજે. પછી ઓરડાને તાળું મારી, લગ્નની તૈયારી કર.'

'લગ્નના દિવસે ચાર વરરાજા જાન જોડીને આવ્યા. લગ્નનો સમય થયો. વૈષ્ણવે બ્રાહ્મણને કહ્યું : ઓરડો ખોલીને ચારેય કન્યાઓને બહાર લાવો અને ચારેય મૂરતિયા સાથે લગ્ન કરાવી દો. બ્રાહ્મણે તાળું ખોલ્યું. ઓરડામાં ચારે કન્યાઓ એક જ રૂપ અને એક જ ઉંમરની બેઠી હતી. બ્રાહ્મણે ચારેય કન્યાઓને ચાર વરરાજાઓ સાથે પરણાવી દઈ જાનો વિદાય કરી. પછી બ્રાહ્મણે વૈષ્ણવને પૂછ્યું : ચારેય કન્યાઓ એકસરખી હતી. એમાંથી મારી સાચી દીકરી કઈ? તેને બોલાવવી હોય, તો કેવી રીતે મને ખબર પડે?'

'તારા ચારેય જમાઈઓને તેમની પત્નીનાં લક્ષણ પૂછજે. જેનામાં મનુષ્યનાં લક્ષણ હોય, તે તારી દીકરી.'

'એક દિવસ બ્રાહ્મણે ચારેય જમાઈઓને જમવા બોલાવ્યા. એકે કહ્યું, તમારી દીકરીની જીભ ઠેકાણે નથી. આચાર-ક્રિયા નથી. કૂતરીની જેમ ભસે છે, માટે મને પ્રિય નથી.'

'બીજા જમાઈએ કહ્યું : તમારી દીકરીનાં લક્ષણ સારાં છે, પણ જીભની ચટાકેદાર છે. ઠાકોરજીની વસ્તુ પણ ચોરીને ખાઈ જાય છે. બિલાડી જેવી છે. પાંચ ઘરનું ખાધા વિના એને ચેન જ પડતું નથી.'

'ત્રીજા જમાઈએ કહ્યું, આમ તો બધાં લક્ષણ સારાં છે, પણ જેને-તેને ગધેડીની જેમ લાતો મારે છે. સદાય મલિન રહે છે.'

'ચોથા જમાઈએ કહ્યું : તમારી દીકરી સાક્ષાત્ લક્ષ્મીનો અવતાર છે. એનામાં કોઈ અપલક્ષણ નથી.'

'ત્યારથી બ્રાહ્મણ ચોથા જમાઈને અને તેની વહુને જ બોલાવતો.'

'કુંભનદાસ, આવી જ રીતે જે મનુષ્યમાં વૈષ્ણવનાં લક્ષણ છે, એ સાચો મનુષ્ય છે. બાકી મનુષ્ય-શરીર મળવાથી વૈષ્ણવ બની જવાતું નથી. રાવણ અને કુંભકર્ણ તેમનાં ખરાબ કામોથી જ રાક્ષસ કહેવાયા.'

●

કુંભનદાસજીનો દેહ અશક્ત થયો, ત્યારે તેનો આન્યોર પાસે આવેલા સંકર્ષણ કુંડ ઉપર જઈને બેઠા. તેમના પુત્ર ચતુર્ભૂજદાસે કહ્યું : 'તમે આજ્ઞા કરો તો તમને ઊંચકીને આપણા ઘેર લઈ જઈએ.'

તેમણે કહ્યું : 'હવે તું અહીં જ રહીશ. બે-ચાર ઘડીમાં તો દેહ છૂટશે.'

ચતુર્ભૂજદાસજી રાજભોગનાં દર્શન કરવા ગયા. ત્યાં શ્રીગુસાંઈજીએ કુંભનદાસજીના સમાચાર પૂછ્યા. રાજભોગ પછી શ્રીગુસાંઈજી કુંભનદાસ પાસે પધાર્યા. આપે પૂછ્યું : 'કુંભનદાસ, તમારું મન અત્યારે કઈ લીલામાં છે?' કુંભનદાસથી ઉઠાયું નહિ. તેમણે માથું નમાવી લીલાનાં પદો સંભળાવ્યાં.

તે પદ ગાતાં ગાતાં કુંભનદાસજીએ દેહ છોડી દીધો. તે દિવસે સાંજે શ્રીગુસાંઈજી ઘણા ઉદાસ રહ્યા. આપે આજ્ઞા કરી : 'આવા ભગવદીય ભૂમિ ઉપરથી ચાલ્યા ગયા. હવે ભૂમિમાં ભક્તોનું તિરોધાન થયું.'

શ્રીગુસાંઈજીએ કુંભનદાસજીની ઘણી સરાહના કરી.

●

વૈષ્ણવ પરિચય :

નામ : કુંભનદાસ
જ્ઞાતિ : ગોરવા ક્ષત્રિય
વતન : જમુનાવતા ગામ
પરિવાર : પત્ની, સાત પુત્રો, સાત પુત્રવધૂઓ અને ભત્રીજી.
સેવ્ય સ્વરૂપ : શ્રીનાથજીની કીર્તનસેવા કરી છે.
લીલાનું સ્વરૂપ : સખાભાવમાં અર્જુન સખા; સખીભાવમાં વિશાખા સખી.

■

૨૪. સત્ય નિષ્ઠા

(૮૪. શ્રીકૃષ્ણદાસજી)

કૃષ્ણદાસજીનો જન્મ વિ.સં. ૧૫૫૩ની અક્ષયતૃતીયાને દિવસે, અમદાવાદ જિલ્લાના 'ચિલોતર' ગામે, ત્યાંના મુખી પટેલને ઘેર થયેલો.

પિતાને કારણે એમણે ઘર છોડ્યું, ત્યારે તેમની વય ૧૩ વર્ષની હતી. પછી સં. ૧૫૬૮માં મથુરામાં વિશ્રામઘાટ પર શ્રીવલ્લભાચાર્યજીને શરણે આવ્યા. ત્યાંથી આપશ્રીની સાથે જઈને શ્રીનાથજીની સન્મુખ બ્રહ્મસંબંધ લીધું. ત્યારથી એમના પર ઘણી કૃપા થઈ. લીલાનો સાક્ષાત્કાર થવા લાગ્યો. અલૌકિક વાણીમાં એ લીલાઓનું ગાન કરતાં કરતાં એક ઉત્તમ કવિ તરીકે પ્રસિદ્ધ થયા. શ્રીજીની સન્મુખ કીર્તન ગાવાની સેવા કરી.

સં. ૧૫૮૨થી શ્રીમદાચાર્યચરણે એમને શ્રીજીની ભેટ ઉઘરાવવાની સેવા સોંપી. એ કાર્ય એમણે સુંદર રીતે કર્યું. આથી, આચાર્યશ્રીએ પ્રસન્ન થઈને તેમને મંદિરની દેખરેખ તથા શ્રીનાથજીના મુખ્ય ભંડારનું કાર્ય સોંપ્યું. એને 'કૃષ્ણભંડાર' નામ આપ્યું. અનુચિત વર્તન કરતા બંગાળી સેવકોને દૂર કર્યા પછી શ્રીગુસાંઈજીએ પ્રસન્ન થઈને તેમને અધિકારી તરીકે સ્થાપ્યા. રથ, ઘોડા અને સશસ્ત્ર સૈન્ય પણ આપ્યું.

સં. ૧૬૨૦ની આસપાસ કૃષ્ણદાસે, રાજ્યનીતિનો આશ્રય લઈને શ્રીગોપીનાથજીના પુત્ર શ્રીપુરુષોત્તમજીને શ્રીનાથજીના મંદિરના હક્કદાર સિદ્ધ કર્યા. શ્રીગુસાંઈજીનાં દર્શન-સેવા બંધ કરી વિયોગ કરાવ્યો (પોષ સુદ ૬થી અષાઢ સુદ ૬).

છ માસ બાદ, શ્રીપુરુષોત્તમજીના લીલાપ્રવેશ અને શ્રીગિરિધરજીના પ્રયાસ બાદ પુનઃ શ્રીગુસાંઈજીને સેવાનો અધિકાર અને મંદિરની માલિકી પ્રાપ્ત થઈ હતી.

કૃષ્ણદાસજીના જીવન-પ્રસંગોમાં નીચેનાં સુંદર તત્ત્વો આપણને અવલોકવા મળશે :

બાળપણથી જ એમના સ્વભાવમાં સત્યનિષ્ઠા અને અજબ હિંમત હતી; સંપ્રદાયનું ગૌરવ અને હિત સદા એમને હૈયે વસ્યું હતું; શ્રીજીએ સાક્ષાત્ રાસનાં દર્શન કરાવ્યાં, ત્યારે શીઘ્ર સ્ફુરણાથી અનેક મનોહર પદ ગાયાં હતાં! સમર્થ સૂરદાસજી સાથે એમની આ પદરચના સ્પર્ધામાં ઊતરે તેવી હતી.

બંગાળીઓને દૂર કરવામાં કેવી હિંમત અને કુનેહ બતાવી; દૈવી જીવ છતાં હીન સ્થાને જન્મેલી વેશ્યાની પુત્રીનું નૃત્ય કેવી રીતે શ્રીજીને અંગીકાર કરાવ્યું; અને છેવટે લીલાના શાપ-સંબંધ નિમિત્તે એમનાથી શ્રીગુસાંઈજીનો અપરાધ થઈ ગયો, છતાં એમના પ્રત્યે કેવો અસાધારણ આદરભાવ દર્શાવ્યો હતો; આ બધું એમના અજોડ વ્યક્તિત્વને પુરવાર કરવા માટે પૂરતું નથી?

બાલ્યાવસ્થાથી આરંભીને એમના સમગ્ર જીવનને ક્રમશઃ અવલોકીએ.

(૧) સત્યનો આગ્રહ અને ગૃહનો ત્યાગ

ગુજરાતના કોઈ એક ગામને પાદરે વણઝારાની મોટી પોઠ પડી છે. રાત્રિનો ગાઢ અંધકાર છે. વણઝારો દિવસે પોતાનો માલ વેચીને હજારો રૂપિયા કમાયો છે. હજુ બીજો ઘણો માલ વેચવાનો બાકી પણ છે. થોડાઘણા બંદોબસ્ત સાથે એ ગામ બહાર તંબૂમાં સૂતો છે.

મધરાતે ત્યાં ચોર-લૂંટારા આવે છે અને ધિંગાણું મચાવે છે. મારીઝૂડીને એ લોકો વણઝારાનો કેટલોક માલ તેમજ રૂપિયા ચૌદ હજાર લૂંટી લે છે. એ લઈને ગામના મુખી પટેલના ઘરમાં ભરાઈ જાય છે. લૂંટારાને શોધવાનો એ લોકોનો પ્રયાસ નકામો જાય છે. વણઝારો નિરાશ થઈને પડ્યો છે.

મુખી પટેલ લૂંટારા પાસેથી રૂપિયા લઈ લે છે. કરાર પ્રમાણે એક હજાર રૂપિયા એ લોકોને આપે છે. બાકીના તેર હજાર રૂપિયા ઘરમાં ખાડો ખોદીને દાટી દે છે. સાથે બીજો કિંમતી માલ લે છે, તે પણ છુપાવી દે છે. ઘરમાં બધી ગુસપુસ ચાલે છે. છેવટે ચોર લોકોને રવાના કરી દે છે.

પોતાની યુક્તિ બરાબર બર આવેલી જોઈને મુખીની છાતી અભિમાનથી ફૂલે છે. વગર મહેનતે આજ તો મોટો તડાકો પડ્યો છે. એને કોઈનો ડર પણ નથી. ગુજરાતના પાટનગર એવા અમદાવાદ જિલ્લાના ચિલોતરા ગામનો એ માથાભારે મુખી છે. જાતનો પાટીદાર પટેલ છે. એને એ પણ ખાત્રી છે કે પોતાની હકુમત નીચેના એ ચોર-ઠાકરડા જીવ જાય તોયે કોઈને મચક આપે

તેમ નથી. બીજું તો કોઈ જાણતું નથી અને જાણે તોયે શું? ગામ પર પોતાનો ભારે કડપ બેસાડી દીધો છે. કોઈની તાકાત નથી કે મુખી વિરુદ્ધ ચૂં કે ચાં કરી શકે.

પરંતુ ભગવાન ધારે ત્યારે માણસની ગણત્રીઓ ઊંધી વળતાં શી વાર? કિશોર વયમાં આવેલો પટેલનો પુત્ર કૃષ્ણદાસ ઘરમાં સૂતો છે. ઊંઘવાનો દેખાવ કરે છે, પણ છે જાગતો! એ બધું જુએ છે અને સાંભળે છે. એના મનમાં ઘણું દુઃખ થાય છે. કારણ કે કૃષ્ણદાસ દૈવી જીવ છે.

આસુરી કરતાં દૈવી જીવોની પ્રકૃતિ જુદી જ હોય છે. પૂર્વજન્મના સંસ્કારો પણ કાર્ય કરે છે. ક્યાં પિતા ને ક્યાં પુત્ર? હિરણ્યકશિપુને ઘેર ભક્ત પ્રહ્‌લાદ જન્મેલો ને? અને કાદવમાંથી કમળ ક્યાં નથી ઊગતું?

પિતા-પુત્રની પ્રકૃતિ ઊલટસૂલટ હતી. પુત્ર વિચારે છે, 'મારા પિતાને કેવી કુબુદ્ધિ સૂઝી છે કે પારકું ધન, એના માલિકને ત્રાસ આપીને પડાવી લીધું. એ શું સુખી થવાના છે? પિતા અહિતને માર્ગે જઈ રહ્યા છે. હું એમને આ પાપકર્મથી બચાવું. ભલે, આ લોકમાં હાનિ થતી; પરલોક તો બગડતો અટકશે!' કૃષ્ણદાસને ઊંઘ આવતી નથી. મનમાં સંકલ્પ-વિકલ્પ થાય છે.

છેવટે નિશ્ચય કરીને ઊઠે છે. એ પિતાને કહે છે : 'બાપુજી; તમે આ બહુ ખોટું કરો છો, હોં! બિચારા વણઝારાને કેટલું દુઃખ થશે? આવું પાપકર્મ કરીને તમે પણ સુખી નહિ થાઓ. હું તો કહું છું કે આ બધું એને પાછું આપી દો, નહીં તો ભગવાન રાજી નહિ રહે. હું સાચું કહું છું.'

દીકરાના બોલ સાંભળતાં જ બાપની આંખ લાલ થઈ, 'બેસ બેસ, દોઢડાહ્યા. તું આજકાલનું છોકરું શું સમજે? પૈસાદાર તો આમ જ થવાય. આ મુખીપણું મળ્યું છે તે શું ભિખારી રહેવા માટે? તારી અક્કલ કેટલી? ઊંઘી જા છાનોમાનો.'

'પણ બાપુજી, મને હવે ઊંઘ નહિ આવે. મારો જીવ બળ્યા કરે છે. મારું મન કહે છે : આ પાપના પૈસાથી આપણે બધાં દુઃખી થઈ જઈશું!'

'એમ! પણ હું કહું છું કે બીજાં બધાં તો દુઃખી નહિ થાય, પણ તું જરૂર થઈશ.' એમ કહેતાંમાં તો બાપે લાકડી હાથમાં લીધી અને 'લે લેતો જા' કરતાંક સારી પેઠે મેથીપાક જમાડ્યો.

ધાકધમકીથી દીકરાને દબાવી દેતાં એ કહે છે : 'બોલ, હવે કંઈ ચાંપલાશ કરવી છે? જો કોઈને પણ કશી વાત કરી છે, તો તારી ધૂળ ખંખેરી કાઢીશ. ઘરમાં તો રહેવું છે ને? બીજો કયો બાપ ખવરાવશે? કાઢી મૂકીશ તો ભીખ માગવી પડશે, સમજ્યો, ચિબાવલા!'

મુખીએ ઘરના દીકરા પર પણ મુખીપણું અજમાવવા માંડ્યું. પણ એને ખબર નહોતી કે આ દીકરો જુદી માટીનું ઘડતર છે. જોકે ખબર નહોતી, એવુંયે ન કહેવાય; માત્ર અત્યારે એનો ખ્યાલ ન રહ્યો. કેમ કે એના જન્મ વખતે નામકરણ માટે બોલાવેલા જોષીઓએ આગાહી તો કરી જ હતી કે - 'આ તમારો દીકરો ભગવાનનો ભક્ત થશે. તમારા કામનો નહિ રહે.'

રાશિ ઉપરથી કૃષ્ણદાસ નામ પણ જ્યોતિષીઓએ જ કાઢી આપેલું, એટલું જ નહિ, સાવ નાનપણથી જ કૃષ્ણદાસને કથા-વાર્તાનો શોખ. મા કથામાં જતી હોય તો કજિયો કરીને પણ સાથે જાય. ન લઈ જાય તો ખાય-પીએ નહિ. પુત્રનાં રૂપ-રંગ ને તેજ પણ જુદાં જ હતાં. કહે છે કે 'પુત્રનાં લક્ષણ પારણામાંથી.'

હવે અત્યારે તો મુખીએ માની લીધું કે દીકરો દબાઈ ગયો છે, અને કરી કરીને એ શું કરવાનો છે? આ પટેલની જબરાઈ આગળ કોઈનું ચાલતું નથી, તો આ છોકરું શું કરવાનું છે? આમ માની મુખી નિશ્ચિંત હતો.

●

પરોઢિયું થયું, ત્યાં તો પેલો વણઝારો રડતો-કકળતો આવ્યો, એ કહે છે : 'મુખીજી, મોટો ઉત્પાત થઈ ગયો. હું લૂંટાઈ ગયો. મારા રૂપિયા ચૌદ હજાર અને ઘણો બધો માલ ગયો. તમારા જેવા પટેલની હકુમતમાં આવું થાય, તે તો શરમની વાત. બાપજી, ગમે એમ કરો પણ આ ચોરીની તપાસ કરાવો. હું તો મરી ગયો, ભાઈ સા'બ!'

વણઝારાને બિચારાને ખબર નથી કે અહીં તો વાડે જ ચીભડાં ગળ્યાં છે. મુખી સામેથી એને જ ઊધડો લે છે : 'ગધેડા, આટલું બોલવાની અક્કલ છે, તો એ બુદ્ધિ કેમ ન પહોંચાડી કે રાતે ગામ બહાર જોખમ લઈને ન પડાય; ગામમાં કેમ ન રહ્યો? શું હું ત્યાં તારી ચોકી કરવા આવું? ગમે તે ગામના ચોર આવ્યા હશે. હું ક્યાં બધે તપાસ કરવા જાઉં? તારાં નસીબ એટલાં ફૂટેલાં, બીજું શું?'

વણઝારો વધુ કાલાવાલા કરવા જતો હતો, ત્યાં મુખીએ કરડી આંખો કરી, પોતાના માણસોને હુકમ કર્યો, 'કાઢી મૂકો આ અભાગિયાને. સવારના પહોરમાં સાલાએ એનું રડતું મોં બતાવીને મારો દિવસ બગાડ્યો.' નોકરોએ વણઝારાને હડધૂત કરીને ત્યાંથી કાઢ્યો. એ માથું કૂટતો ચાલ્યો ગયો.

કૃષ્ણદાસ આ બધું જોઈ રહ્યા છે. એમનું કોમળ ભક્ત-હૃદય દુઃખી થઈ રહ્યું છે. પોતાના પિતાની આ નિર્દયતાને એ સહી શકતા નથી. પિતાને સમજાવવાનો તો હવે કંઈ અર્થ નથી; પણ એમને એક યુક્તિ સૂઝે છે. પાણીનો કળશિયો લઈને, એ નીકળી પડે છે. ગામ બહાર જતાં જ વણઝારાને બોલાવે છે : 'અરે ભાઈ, ઓ વણઝારા! જરા ઊભો રહે તો.' વણઝારો ઊભો રહ્યો.

'તારે રૂપિયા અને માલ પાછાં જોઈએ છે?'

'હા, બાપજી. અપાવો તો તમારો આભાર.'

'તો મારી વાત સાંભળ. જો, હું મુખીનો દીકરો છું. તારી ચોરી મારા બાપે જ કરાવી છે. રૂપિયા અમારા ઘરમાં દાટ્યા છે. આ ગામમાં તો તારી ફરિયાદ કોઈ નહિ સાંભળે. તું અહીંથી સીધો રાજનગર પહોંચી જા. ત્યાં જઈને રાજાને ફરિયાદ કર. કહી દેજે કે મુખીએ જ ચોરી કરાવી છે અને રૂપિયા ઘરમાં જ દાટ્યા છે. સાક્ષી જોઈએ તો મને બોલાવજે. બસ, તારા રૂપિયા અને માલ બધું જ તને મળી જશે.'

વણઝારો તો આ અદ્‌ભુત કિશોર તરફ તાકીને જોઈ જ રહ્યો. ઘડીભર તો એ પોતાનું દુઃખ પણ ભૂલી ગયો. ગુમાવેલું પાછું મળવાની આશા બંધાતાં એનું મન હળવું ફૂલ જેવું થઈ ગયું. તે તો પહોંચ્યો અમદાવાદ. રાજદરબારમાં જઈને પાકે પાયે ફરિયાદ રજૂ કરી દીધી. સાથે એ પણ જણાવ્યું કે મુખીનો દીકરો જ આ વાતની સાક્ષી પૂરશે. એનાથી સારી સાક્ષી બીજી કઈ હોય?

ન્યાયી રાજાએ તરત જ પોતાના સિપાઈઓને રવાના કર્યા, 'ગામ ચિલોતરાના મુખીને પકડી લાવો. સાથે એમના દીકરાને પણ લેતા આવો.'

બાપ-દીકરો રાજદરબારમાં આવી ગયા. રાજાએ મુખીને ધમધમાવ્યો, 'બોલ, તેં જ આ ચોરી કરાવી છે ને?'

પટેલ ગલ્લાં-તલ્લાં કરવા લાગ્યો, 'ના, સાહેબ. કોઈએ આપ નામદારને જૂઠું ભરાવ્યું છે.'

'એમ, જૂઠું ભરાવ્યું છે? તો તારો આ દીકરો કહે એ તો જૂઠું ન હોય ને? એ તો તારે માનવું જ પડશે ને!'

રાજાએ કિશોર તરફ નજર કરીને કહ્યું : 'છોકરા, ભગવાનને માથે રાખીને સાચેસાચું કહી દે. આ ચોરી તારા બાપે કરાવી છે ને?'

કૃષ્ણદાસ કહે છે, 'મારાથી એમ ન કહેવાય. પહેલાં મને ખાત્રી આપો કે મારા પિતાને દેહાંત દંડની સજા નહિ કરો.'

'ચાલ, કબૂલ છે. સાચેસાચું કહી દે.' રાજાએ હુકમ કર્યો અને કિશોરે બધી વિગતવાર વાત રજૂ કરી.

મુખીના મુખ પર તો જાણે મેંશ ઘોળાઈ. પોતાનો જ પુત્ર પોતાની વિરુદ્ધ જુબાની આપી રહ્યો છે! શી એની હિંમત? હવે તો કબૂલ કર્યા વિના છૂટકો ન નહોતો. એણે ગુનો કબૂલ કર્યો.

રાજાએ હુકમ કર્યો, 'મુખી! આ વણઝારાની પૂરી રકમ અને માલ સત્વરે મને સોંપી દો અને મુખીની જગ્યા માટે હંમેશને માટે તમને નાલાયક ઠરાવવામાં આવે છે.'

પછી રાજા કિશોરને કહે છે : 'કૃષ્ણદાસ, તારા જેવો સત્યનિષ્ઠ છોકરો મેં કદી જોયો નથી. હવે તું અહીં જ રહે. તને સારી નોકરીએ લગાડી દઈશું.'

કૃષ્ણદાસ કહે છે : 'ના, રાજાસાહેબ. મારું અહીં કામ નથી. સાચું બોલનાર સૌને કડવો લાગે છે. હું હવે ઘેર પણ રહેવાનો નથી. ભગવાન જ્યાં લઈ જશે ત્યાં ચાલ્યો જઈશ. દુનિયા વિશાળ પડી છે.'

રાજા સમજી ગયો. પોતાના અમલદારને તથા સિપાઈઓને ગામ પર મોકલ્યા. મુખીએ ચોર પાસેથી હજાર રૂપિયા પાછા લીધા. પૂરી રકમ અને માલ વણઝારાને સોંપ્યાં. ગધેડે ચઢીને ઘેર ઊતરવા જેવી મુખીની દશા થઈ.

બાપ કહે છે : 'દીકરા, તારું પરાક્રમ બરાબર જોઈ લીધું. તું તો જનમનો વૈરાગી છે, પણ સાથે મનેય બાવો બનાવ્યો. આવેલી મિલકત ગઈ, સાથે મુખીપણુંયે ગયું. હવે તું પણ જા, તારે જ્યાં જવું હોય ત્યાં જા. મારે તારું કંઈ જ કામ નથી. વિધિના લેખ કંઈ મિથ્યા થાય છે?'

કૃષ્ણદાસ કહે છે : 'ભલે, હું તો હવે જાઉં છું, પણ તમને કહેતો જાઉં છું કે સત્યને માર્ગે ચાલશો, તો સુખી થશો. મુખીપણું ગયું તેનો બળાપો ન કરશો. તે તો સારું જ થયું છે કે ઓછાં પાપ કરશો. હું તમને કડવો તો થયો જ છું; પણ ખરેખર માનજો કે મેં તમારું ભલું જ કર્યું છે, કંઈ બગાડ્યું નથી. ભગવાન સુબુદ્ધિ આપશે ત્યારે આ વાત સમજાશે.'

કૃષ્ણદાસ ઘર છોડવા તૈયાર થઈ ગયા. માતાને ઘણું દુઃખ થયું, પણ માથાભારે પતિ, એનું કંઈ ચાલે તેમ ન હતું. માતાએ પુત્રને છાનીમાની થોડીક વાટખર્ચી આપી. માનું મન રાખવા દીકરાએ તે લીધી અને ઘર છોડીને એ કિશોર ત્યાંથી ચાલી નીકળ્યો.

(૨) શ્રીમહાપ્રભુજીનું શરણ અને કૃપા

કૃષ્ણદાસને હવે ક્યાં જવું? બાળકવય છે. દુનિયાનો અનુભવ નથી. પણ હૈયામાં ભારે હિંમત છે. સત્યનું બળ છે અને ભગવાન ઉપર સહજ વિશ્વાસ છે. ધર્મ તરફ તો એમને જન્મજાત અભિરુચિ છે. એટલે મનમાં થયું: પહેલાં તો કંઈક તીર્થયાત્રા કરી લઉં. પછી બીજું થઈ રહેશે.

લીલાના જીવને વ્રજદેશનું આકર્ષણ થયું. ફરતા ફરતા કેટલેક સમયે કૃષ્ણદાસજી મથુરા આવી પહોંચ્યા. વિશ્રાંતઘાટે યમુના-સ્નાન કર્યું. ત્યાંથી વ્રજયાત્રા નિમિત્તે શ્રીગોવર્ધન આવ્યા. ત્યાં શ્રીગોવર્ધનનાથજીના અદ્ભુત પ્રાગટ્યની અવનવી વાતો થઈ રહી હતી; નવું મંદિર પણ બની ચૂક્યું હતું. શ્રીનાથજી ત્યાં પધારવાની તૈયારીઓ થઈ રહી હતી. એમને દર્શનની ઘણી આતુરતા થઈ. શ્રીગિરિરાજજી પર આવી પહોંચ્યા. રાજભોગનાં દર્શન થતાં હતાં. શ્રીમહાપ્રભુજી આરતી ઉતારી રહ્યા હતા. કૃષ્ણદાસને નિકુંજનાયકના આનંદમય સ્વરૂપની અલૌકિક ઝાંખી થઈ. શ્રીજી એમની સામે જોઈને હસી રહ્યા છે અને કૃષ્ણદાસ એમાં તલ્લીન થઈ ગયા છે.

શ્રીમહાપ્રભુજી શ્રીજીને વિનંતી કરે છે, 'બાવા, આજે આટલા બધા પ્રસન્ન કેમ?'

શ્રીજી આજ્ઞા કરે છે, 'મારો કૃષ્ણદાસ આવ્યો છે, તેથી હર્ષિત છું.'

શ્રીમહાપ્રભુજી બહાર પધારીને કહે છે, 'કૃષ્ણદાસ, તું આવ્યો? તને જોઈને શ્રીજી ઘણા પ્રસન્ન થયા છે.'

કૃષ્ણદાસ ચરણમાં પડ્યા, 'કૃપાનિધાન, મને શરણે લો. બહુ સમય ભટક્યો. હવે આપનાં ચરણમાં રાખો. જીવનભર આપનો થઈને રહીશ.'

શ્રીવલ્લભની આજ્ઞા થઈ. એ તરત જ રુદ્રકુંડમાં સ્નાન કરી આવ્યા. શ્રીજીના સાંનિધ્યમાં એમને નામ-નિવેદન કરાવ્યું.

કૃષ્ણદાસ શુદ્ધ દૈવી જીવ છે. નિત્યલીલામાં શ્રીઠાકોરજીના ઋષભ સખા છે. એમનું બીજું સ્વરૂપ લલિતાજીનું છે. ત્યાં સર્વ લીલાઓનો અનુભવ કરેલો છે, એટલે અહીં પણ બ્રહ્મસંબંધ થતાં જ, આપના કૃપાકટાક્ષ માત્રથી એમને લીલાની સ્ફૂર્તિ થઈ આવી. જેમ જેમ લીલાનુભવ થતો ગયો, તેમ તેમ સરસ પદો રચીને શ્રીજીની સન્મુખ ગાતા ગયા. ભક્તરત્ન-પરીક્ષક શ્રીવલ્લભે કૃષ્ણદાસની સત્યનિષ્ઠા, દૃઢ નિશ્ચયી સ્વભાવ અને ઉચ્ચ કાર્યક્ષમતા પારખી લીધાં.

એ દિવસોમાં શ્રીજીની સેવાનો વૈભવ નવો જમાવવાનો હતો. તે માટે ગામેગામથી વૈષ્ણવોની વિત્તજા સેવા લાવવાની આવશ્યક્તા હતી. એટલે પ્રથમ તો કૃષ્ણદાસને ભેટ લાવવાનું કાર્ય સોંપાયું. કેટલાક સમય સુધી એમણે આ સેવા ઘણી ઉત્તમ રીતે બજાવી.

શ્રીવલ્લભાધીશને તો દૈવી જીવોના ઉદ્ધારાર્થે પર્યટનો કરવાનાં હતાં. શ્રીજીના મંદિરનો, અણિશુદ્ધ પ્રામાણિક્તાથી કારભાર કરવા માટે કૃષ્ણદાસ જેવા બીજા કોણ મળે? હવે તે ઉંમરલાયક પણ થયા હતા, આથી એ કાર્ય એમને સોંપવામાં આવ્યું.

કિશોરાવસ્થામાં ઘર છોડીને આવેલા કૃષ્ણદાસ જીવનના અંત પર્યન્ત આ અધિકારીપદે રહ્યા. આ સમયગાળામાં શ્રીજીનો વૈભવ પુષ્કળ વધ્યો. ગમે તેવા મુશ્કેલ પ્રસંગોએ પણ કૃષ્ણદાસ કુશળતા અને કુનેહથી માર્ગ કાઢી શકતા. એમના જીવનના વિવિધ પ્રસંગો જોઈએ.

● સંપ્રદાયનું ગૌરવ વધાર્યું

કૃષ્ણદાસ કેવા ટેકી ભગવદીય હતા; પોતાના સંપ્રદાય માટે એમને કેટલું ગૌરવ હતું; એનો એક વાર્તાપ્રસંગ પ્રાપ્ત થાય છે.

એક વાર એ શ્રીજીની ભેટ લેવા દ્વારકા ગયેલા. સાથે બીજા વૈષ્ણવ પણ હતા. શ્રીરણછોડરાયજીનાં દર્શન કરીને અને ભેટ લઈને ત્યાંથી પાછા આવતા હતા. માર્ગમાં મીરાંબાઈનું ગામ આવ્યું. સાથેના વૈષ્ણવના આગ્રહને લીધે તેમ જ કંઈક કુતૂહલથી કૃષ્ણદાસ મીરાંને ઘેર મળવા ગયા. ત્યાં તો સંત-મહંતો આવતા જ રહેતા. ઘણા સંતો ત્યાં એકઠા થયેલા હતા. કૃષ્ણદાસને અધિકારી જાણી મીરાંએ આવકાર આપ્યો. થોડા દિવસ રહેવા આગ્રહ પણ કર્યો.

પણ કૃષ્ણદાસનું મન માન્યું નહિ. એ તો થોડી જ વારમાં ઊભા થઈ ગયા. સૌને નવાઈ લાગી. જે આવે તે દશ-વીસ દિવસ તો રહે જ. મીરાંબાઈ કંઈ આપીને વિદાય કરે ત્યારે જાય, પણ કૃષ્ણદાસને એવી કંઈ સ્પૃહા નહોતી.

એ વિચારી રહ્યા હતા : 'હું અહીં ક્યાં આવ્યો? મીરાં ગમે તેવી તોયે વલ્લભીય તો નથી ને? એનો સંગ આપણને બાધક છે. એ વિજાતીય સંગ છે; એ દુઃખદ છે. ''તદીયાનાં મહદ્ દુઃખં વિજાતીયેન સંગમઃ ।'' અહીં આપણાથી રહેવાય નહિ. જોવા ખાતર બધું જોઈ લીધું. હવે જવું જોઈએ.' એ ઊભા થયા. સાથેના વૈષ્ણવ પણ ઊઠ્યા. એમને જતા જોઈને મીરાંએ કહ્યું : 'ત્યારે આ શ્રીનાથજીની ભેટ તો લેતા જાઓ.' - અગિયાર સુવર્ણમુદ્રાઓ એમણે આપવા માંડી.

કૃષ્ણદાસના મનમાં સંપ્રદાયનું ગૌરવ સ્ફુર્યું, 'આ બહુ સરસ લાગ છે. આટલા સંત-મહંતો એકઠા થયેલા ક્યાં મળશે? એમને સૌને બતાવું કે શ્રીવલ્લભાચાર્યજીનો એક ક્ષુદ્ર સેવક પણ કેટલો ત્યાગ આચરી શકે છે?'

વળી એ પણ મનમાં આવ્યું કે જે જીવ સંપ્રદાયનો સેવક નથી, તેની ભેટ શા માટે લેવી? કૃષ્ણદાસે એ મહોરો સ્વીકારવાની ના પાડી દીધી અને ત્યાંથી ચાલ્યા આવ્યા.

● રાસનાં સાક્ષાત્ દર્શન અને કીર્તન

શ્રીજીની સન્મુખ વાજિંત્રો સહિત દરેક સમયમાં કીર્તનો થાય, એવી પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. મહાવનનો એક કુંભાર. એનું નામ શ્યામ. લીલાનો દૈવી જીવ એને શ્રીજીની ઈચ્છાથી શ્રીગુસાંઈજીએ બોલાવીને મૃદંગ બજાવવાની સેવા સોંપી હતી. એ બહુ સરસ મૃદંગ બજાવી જાણતો હતો. શ્રીજી એનાથી પ્રસન્ન રહેતા.

એક વખત શ્રીજીની ઈચ્છા કૃષ્ણદાસ તેમજ શ્યામ ઉપર વિશેષ કૃપા કરવાની થઈ. પોતે કૃષ્ણદાસને આજ્ઞા કરી : 'આજે રાત્રે તમે પરાસોલી આવો. સાથે શ્યામને પણ લાવો. અમે રાસ કરીશું. તમે કીર્તન ગાજો. શ્યામ મૃદંગ બજાવશે.'

આજ્ઞાનુસાર બંને જણ પરાસોલી ગયા. ચૈત્ર માસની પૂર્ણિમાની એ મનોહર રાત્રિ હતી. વસંત ઋતુ પૂરબહારમાં ખીલી હતી. રાતના અગિયારેક વાગ્યા હશે. ચંદ્ર સરોવર ઉપર ચંદ્રની શ્વેત ચાંદની પ્રસરી રહી હતી. શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી, સખીજનો સહિત ત્યાં પધાર્યાં. રાસનો આરંભ થયો. શ્રીજી સ્વામિનીજી સહિત અદ્‌ભુત નૃત્ય કરવા લાગ્યા, ત્યારે કૃષ્ણદાસ કીર્તન ગાઈ રહ્યા હતા. શ્યામ મૃદંગ બજાવતો હતો.

શ્રીજી પદ સાંભળીને પ્રસન્ન થયા. પોતાનાં પ્રસાદી કંકુ અને પુષ્પોની માળા કૃષ્ણદાસને આપ્યાં, ત્યારે કૃષ્ણદાસ વિશેષ આનંદમાં આવી ગયા. એમણે બીજું પદ ગાયું. એમાં માળાનું પણ વર્ણન કર્યું -

'અપને કંઠકી શ્રમજલ દલમલિ, માલા દેત કૃષ્ણદાસે.'

પછી તો રાસની રમઝટ જામતી ગઈ અને પદ ઉપર પદ ગવાતાં ગયાં. છેવટે રાત્રિ ઘણી વીતી ગઈ. શ્રીજી સમાજ સહિત મંદિરમાં પધાર્યા. કૃષ્ણદાસ શ્યામને સાથે લઈને ગોપાલપુર આવ્યા. તે વખતે બંનેના આનંદનો પાર નહોતો. શ્રીજીએ સ્વયં કૃપા કરીને રાસનાં દર્શન કરાવ્યાં. કીર્તનની સેવા અંગીકાર કરી. એમણે પોતાનાં ધન્યભાગ્ય માન્યાં.

● વૈષ્ણવ સમાગમ

સ્વમાર્ગમાં વૈષ્ણવના સંગનું કેટલું મહત્ત્વ છે તે આ પ્રસંગ સમજાવે છે.

એક વાર કેટલાક વૈષ્ણવોએ મળીને વિચાર્યું કે ભગવદીયોનો સત્સંગ કરવા જોઈએ. એમને કુંભનદાસજી યાદ આવ્યા. શ્રીજીનો એમને સાક્ષાત્ અનુભવ હતો. બધા મળીને કુંભનદાસજીની પાસે ગયા. કુંભનદાસે આદર આપીને સૌને બેસાડ્યા. વૈષ્ણવો ભગવત્સમરણ કરીને કહેવા લાગ્યા : 'કુંભનદાસજી, તમારી પાસે સત્સંગ માટે આવ્યા છીએ. માર્ગની રીત વિષે કંઈક સંભળાવો તો સારું.'

કુંભનદાસ તે વખતે શ્રીજીની રહસ્યલીલાના ચિંતનમાં મગ્ન હતા. વાતો કરવી ફાવે તેવી મનઃસ્થિતિ નહિ હોઈ એમણે કહ્યું : 'વૈષ્ણવો, તમે આવ્યા તે તો ઘણી સારી વાત છે; પણ તમારે માર્ગની રીત વિષે જ જાણવું હોય, તો કૃષ્ણદાસજી તે વધુ સારી રીતે સમજાવી શકશે. તેઓ અધિકારી છે, સેવારીતિના જાણકાર છે, સર્વમાં નિપુણ છે. અમે તો કીર્તનો ગાઈ જાણીએ.' કુંભનદાસને

પોતાના અનુભવની વાતો કહેવાનું ઉચિત ન લાગતાં, એમણે કૃષ્ણદાસનું સૂચન કર્યું.

વૈષ્ણવો કહે છે : 'પણ ભાઈ, કૃષ્ણદાસને મળવાની અને પૂછવાની અમારી તો હિંમત જ નથી. એ તો મોટા માણસ કહેવાય.'

કુંભનદાસ કહે છે : 'તો ચાલો, હું પણ તમારી સાથે આવું. તમારા વતી હું પૂછીશ. પછી કંઈ?' સૌ ગયા. કૃષ્ણદાસે કુંભનદાસનો તથા વૈષ્ણવોનો આદર કરતાં કહ્યું : 'પધારો, આજ મારા પર ઘણી કૃપા કરી!'

સૌ બેઠા. થોડી ઔપચારિક વાતો પછી કુંભનદાસે કહ્યું, 'આજે આ સૌ વૈષ્ણવો સત્સંગ માટે આવ્યાં છે. આપ કંઈક સમજાવો. માર્ગની રીત વિશે કહો. શું બોલવું, શું સ્મરણ કરવું, જેથી અલૌકિક અનુભવ થાય?'

કૃષ્ણદાસ કહે છે : 'કુંભનદાસજી, તમે કૃપાપાત્ર છો, અનુભવી છો. બધી રીત યોગ્ય છો. આ વૈષ્ણવોને માર્ગની રીત વિશે આપ કહો એ જ ઉત્તમ.' ભગવદીયો પોતાની નહિ, પણ સામા ભગવદીયની વડાઈ દર્શાવે છે.

કુંભનદાસ કહે છે : 'અમારી સૌની એવી ઇચ્છા છે કે આપ જ કહો, શ્રીજીના અધિકારી હોઈને આપ સર્વ રીતોના જાણકાર છો.'

છેવટે કૃષ્ણદાસને કહેવું પડ્યું. માર્ગની રીતભાતો સમજાવી. પછી એ વાત કરી કે આ બધું સિદ્ધ કેવી રીતે થાય? તો કહે છે, જ્યારે પ્રભુની શરણભાવના દૃઢ થાય અને તદીયત્વ સ્ફુરિત થાય ત્યારે. શરણભાવના અષ્ટાક્ષરથી અને તદીયત્વ પંચાક્ષરથી થાય છે. તો એ વિષે કીર્તન ગાઈ સંભળાવું. એમ કહી, એમણે ગાવાનું શરૂ કર્યું.

(રાગ : સારંગ)

કૃષ્ણ શ્રીકૃષ્ણઃ શરણં મમ ઉચ્ચરે.
રૈનદિન નિત્યપ્રતિ, સદા પલ છિન ઘરી,
કરત વિધ્વંસ જન અખિલ અઘ પરહરે,
હોત હરિરૂપ વ્રજ ભૂપ ભાવે સદા,
અગમ ભવસિંધુકો વિના સાધન તરે;
રહત નિસદિવસ આનંદ ઉરમેં ભરે
પુષ્ટિલીલા સકલ સાર ઉરમેં ધરે.

રમા સિવ સેષ સનકાદિ સુક સારદા,
વ્યાસ નારદ રહે પલક મુખ ના ટરે;
લાલ ગિરિધરન મહિમા અતુલ ઝગમગે,
સરન કૃષ્ણદાસ, નિગમ નેતિ નેતિ કરે.

(**ભાવાર્થ :** જેઓ નિરંતર અષ્ટાક્ષર મંત્રનું ઉચ્ચારણ કરતા રહે છે તેમને કેવા કેવા લાભ થાય છે? (૧) પ્રભુમિલનમાં અંતરાય કરનાર તમામ દોષો દૂર થઈ જાય છે. (૨) જીવ પ્રભુમય બની જાય છે, પ્રભુમાં પ્રીતિ થાય છે. (૩) વિના સાધન ઉદ્ધાર થાય છે. (૪) મન પ્રફુલ્લિત બને છે. (૫) પુષ્ટિ સિદ્ધાંતસાર હૃદયમાં વસે છે. મોટા મોટા ઋષિ-મુનિઓ પણ આ મંત્રની રટના કરે છે. વેદ પણ જેનો પાર પામતા નથી. એવા આ મંત્રમાં પ્રભુના નામનું અમાપ માહાત્મ્ય ભરેલું છે. કૃષ્ણદાસ કહે છે, મેં એનું શરણ પકડ્યું છે.)

કૃષ્ણ શ્રી કૃષ્ણ મનમાંહિ ગતિ જાનિયે.
દેહ ઈન્દ્રિય પ્રાણ દારાગારાદિ વિત્ત,
આત્મા સકલ શ્રીકૃષ્ણકી માનિયે;
કૃષ્ણ મમ સ્વામી, હૌં દાસ મન-વચ-કર્મ,
કૃષ્ણ કર્તા યહી સદા જિય આનિયે;
‘કૃષ્ણદાસ’ નિનાથ હરિદાસવર્યધર,
ચરનરજ વલ્લભાધીસ મન સાનિયે.

(**ભાવાર્થ :** આમાં ગદ્યમંત્રના શબ્દો લીધા છે. મારું બધું જ શ્રીકૃષ્ણનું છે. હે કૃષ્ણ, હું તમારો દાસ છું, તમે મારા સ્વામી છો. એ જ કર્તા છે. આવું મનમાં વિચારવું. શ્રીગોવર્ધનધરની તથા શ્રીવલ્લભની ચરણરજમાં મન લગાડી દેવું.)

● વૃંદાવનની વાટે

ઉનાળાના દિવસો હતા. શ્રીવિઠ્ઠલેશપ્રભુ ગોકુલમાં બિરાજતા હતા. કૃષ્ણદાસ અધિકારી કાર્યપ્રસંગે આપની પાસે આવ્યા. આપશ્રીએ એમને આદર આપ્યો. શ્રીજીના અધિકારી માટે આપને ઘણું માન હતું. રાત્રિ ત્યાં રહ્યા. બીજે દિવસે વિનંતી કરી : ‘પ્રભુ, મને વૃંદાવન જોવાનું ઘણું મન છે. આજે જ જવું છે.’

‘ભલે, તમારી ઈચ્છા હોય તો જાઓ. પણ મને લાગે છે કે ત્યાં જઈને તમે દુઃખી થશો. સખત ગરમીના દિવસો છે.’ આપશ્રીએ સમજ પાડી.

કૃષ્ણદાસ કહે છે, ‘મને ઘણી ઈચ્છા થઈ છે. હું જાઉં.’ એ ગાડામાં બેસીને નીકળ્યા. બપોર થતાં વૃંદાવન આવી પહોંચ્યા. ગામમાં ખબર પડી ગઈ. ત્યાંના ચૈતન્ય સંપ્રદાયના સંત-મહંતોએ આ સાંભળ્યું. શ્રીજીના અધિકારી કૃષ્ણદાસને કોણ ન ઓળખે? એમનાં રચેલાં શ્રીસ્વામિનીજીનાં પદો પણ ત્યાં પ્રચલિત થઈ ગયાં હતાં. કેટલાય મહંતો એમને મળવા અને વાર્તાલાપ કરવા એમની પાસે દોડી આવ્યા.

આવીને જુએ છે તો કૃષ્ણદાસ ગાડામાં લાંબા થઈને સૂતા છે. બળબળતા બપોરે ગરમ લૂ લાગતાં સખત તાવ ચઢી ગયો છે. ગાડામાંથી નીચે ઊતરવાનીયે શક્તિ નથી. જળ પીવાની સખત ધખ પડી છે, ‘મારે જલદી જળ જોઈએ’ – કૃષ્ણદાસ મુશ્કેલીથી બોલ્યા. એક મહંત કહે છે : ‘કૃષ્ણદાસજી, હું દોડતો જઈને લઈ આવું – માત્ર થોડીક વારમાં – એટલી ધીરજ રાખો.’

કૃષ્ણદાસ વધુ સચેત થયા. વિચાર આવ્યો : ‘અરે, આ ભલે મોટા સંત રહ્યા, પણ વલ્લભીય તો નથી ને; એના હાથનું જળ મારાથી કેમ લેવાય?’

એ બોલ્યા : ‘મહંતજી, અહીં કોઈ અમારો વલ્લભી વૈષ્ણવ નથી? હોય તો એને બોલાવો ને!’

મહંત વાત સમજી ગયા. મનમાં જરા ચિઢાયા પણ ખરા. ‘કૃષ્ણદાસનો હઠાગ્રહ તો જુઓ, અમે શું ખોટા છીએ?’ પછી કંઈક યાદ આવતાં વ્યંગમાં બોલ્યા : ‘અધિકારીજી, તમારો એક વૈષ્ણવ અહીં છે, પણ જાતિનો ભંગી છે. એ વૃંદાવનમાં પરણ્યો છે. કાલે જ એને સાસરે આવ્યો છે. બોલાવું એને?’

‘હા હા, ભાઈ. એને જલદી બોલાવો. એને કહો કે તરસથી કૃષ્ણદાસ અકળાઈ રહ્યા છે. કુંભારને ત્યાંથી કોરું માટલું લઈને, શુદ્ધ સ્નાન કરીને, જમુનાજળ ભરીને લઈ આવે.’

મહંત ગયા. જઈને ભંગી વૈષ્ણવને બધી વાત કરી. એ સમજી ગયો. વિચારવા લાગ્યો, ‘કૃષ્ણદાસને વલ્લભીય સંબંધનો આ કેવો ટેક! કેવો ભાવ! મારા હાથનું કોઈ જળ ન લે, તે શ્રીજીના અધિકારી લેવા તૈયાર થયા છે! પણ હું હીન જાતિનો. મારાથી એમને જળ કેમ પવાય? અને ન પાઉં એ ભગવદીય દુઃખી થાય. આ તો મોટું ધર્મસંકટ.’ એના મનમાં ભારે ગડમથલ થઈ રહી છે.

શ્રીપ્રભુચરણ તો પોતાના અલૌકિક સામર્થ્યથી જાણતા જ હતા કે ત્યાં જઈને દુ:ખી થવાના છે, માટે તો જવાની ના કહેલી, પણ એમણે માન્યું ન હતું. પોતાના જનની રક્ષાર્થે, પોતે એમની પાછળ થોડી વારમાં ઘોડા પર રવાના થયા હતા. રાજભોગ કર્યા વિના તો કેમ જવાય? એટલો વિલંબ થયો હતો. જલપાત્ર તો આપની સાથે રહેતું જ હતું.

અહીં કૃષ્ણદાસના પ્રાણ અકળાય છે. ત્યાં ભંગી વૈષ્ણવ પરિતાપ કરી રહ્યો છે. એટલામાં તો આપશ્રી આવી પહોંચ્યા. સૌએ કૃષ્ણદાસને ગાડામાંથી નીચે ઉતાર્યા. આપશ્રીએ સ્વહસ્તે એમને પોતાના જલપાત્રમાંથી પ્રસાદીજળ પાયું. જળ મુખમાં જતાં જ કૃષ્ણદાસ પાછા સચેત થયા. સામે આપશ્રીને જોયા. ભાવોદ્રેકથી ગદ્‌ગદિત થઈ ગયા. બે હાથ જોડી વિનંતી કરી : ‘કૃપાનિધાન! મેં આપની આજ્ઞા માની નહિ અને દુ:ખી થયો. મારા જેવા જીવ માટે આપને આટલો શ્રમ લેવો પડ્યો. મારી મોટી ભૂલ થઈ ગઈ.’

કૃષ્ણદાસ ભાવાવેશમાં આવી ગયા. મનમાંથી કાવ્ય સ્ફુરિત થયું અને એ ગાવા લાગ્યા –

શ્રીવિઠ્ઠલપ્રભુકે ચરનનકી બલિ.
હમ-સે પતિત ઉધારન કારન, પરમ કૃપાલ આપુન આયે ચલિ;
ઉજ્જવલ અરુન કૃપા રંગરંજિત, દસ નખચંદ્ર વિરહ તમ નિર્દલિ.
સેવક સુખકરિ સોભા પાવત, ભક્ત-મુદિત લાલિત પદ અંજુલિ.
અતિશય મૃદુલ સુગંધ સુસીતલ, પરસત ત્રિવિધ તાપ ડારત મલિ,
કહે ‘કૃષ્ણદાસ’ તનક ભર સુધિ કરિ, કહા કરૈગો તેરો રિપુ કલિ.

●

સિદ્ધાંત નવનીત

(૧) સ્વબુદ્ધિથી ન સમજાય તેવી પણ ગુરુ-આજ્ઞાનું પાલન કરવું જોઈએ, નહિ તો દુ:ખી થવાય. મોટાઓના કથનનો આશય ગૂઢ હોય છે.

(૨) કૃષ્ણદાસે અન્ય સંપ્રદાયના મહાપુરુષ કરતાં હીન જાતિના વલ્લભી વૈષ્ણવને ઉત્તમ ગણ્યા. અહીં જાતિભેદ કરતાં વૈષ્ણવ-અવૈષ્ણવ ભેદને વિશેષ મહત્ત્વ અપાય છે. ભાવપોષણ માટે એ જરૂરી છે.

- એવા ઘણા વૈષ્ણવો છે કે જેમનાથી બીજું વિશેષ ન પળાય, તો પણ અવૈષ્ણવના હાથનું ખાનપાન ન કરવાનો નિયમ અચૂક પાળે છે.

- શ્રીભાગવતનું શ્રવણ પણ વલ્લભીયની વાણીમાં જ કરવું જોઈએ. સત્સંગ પણ તેમનો જ કરાય કે જે શ્રીવલ્લભના માર્ગમાં અનન્ય હોય.
- સેવામાં પણ જેને શ્રીવલ્લભકુલ દ્વારા બ્રહ્મસંબંધ ન થયું હોય, તેનો સ્પર્શ કરાવી શકાતો નથી. આ બધાંમાં કોઈ સંકુચિતતા નથી, પણ પુષ્ટિભાવ સિદ્ધ થવા માટે આ બધું આવશ્યક છે. સ્વમાર્ગનાં આ મૌલિક તત્ત્વો છે. વૈષ્ણવો સમજે તો લાભ થાય.

(૩) શ્રીવલ્લભ પ્રગટ થયા તે પછીનો સમય પંચમયુગ ગણાય, તેમ વૈષ્ણવ એ પંચમવર્ણ ગણાય. કીર્તનોમાં આ ભાવો છે –

‘કલિયુગ સબ યુગતેં અધિકાઈ,
જા જુગમેં પ્રગટે શ્રીવલ્લભ તાતેં મહાનિધિ પાઈ.’

તેમજ ‘પંચમ વર્ણ છાપ છાપી’ – એમ વૈષ્ણવ જાતિ માટે કહેવાયું છે.

(૪) આવા ભગવદીયને અન્ય સંપ્રદાયનું ધામ જોઈ તેનો આનંદ લેવાની ઈચ્છા થઈ તે અનુચિત હતું. તે ભૂલ સુધરાવવા ભગવાને આ પરિસ્થિતિ કરી. એમની વલ્લભીયતાની ભાવનાને આ રીતે દૃઢ કરી. આધુનિક જીવો માટે આ એક વિચારણીય દૃષ્ટાંત છે.

●

● સૂરદાસજી સાથે કાવ્ય-સ્પર્ધા

ખરેખર તો ભગવદીયો વચ્ચે સ્પર્ધા ન હોય, છતાં કોઈક વાર વિનોદ ખાતર એ પણ થઈ જાય છે. એક વખત સૂરદાસજીએ કૃષ્ણદાસને કહ્યું : ‘તમારાં બધાં પદોમાં મારાં પદોની છાયા આવે છે.’

કૃષ્ણદાસ કહે છે : ‘એમ, તમને એવું લાગે છે? ચાલો ત્યારે, હવે એવું પદ રચું કે જેમાં તમારા પદની છાયા ન આવે, બસ!’

તે દિવસે એકાંતમાં બેસીને કૃષ્ણદાસે બહુ વિચાર કર્યો કે સૂરદાસે જે ન ગાયું હોય તેવું હું ગાઉં. ઘણી લીલાઓ વિચારી; પણ એવું કંઈ મળ્યું નહિ કે જે પ્રકારનું સૂરદાસે ગાયું ન હોય.

ત્રણ કલાક મહેનત કરી, છેવટે થાક્યા. કંટાળીને એકદમ ઊભા થઈ ગયા. ખડિયો, કલમ, કાગળ બધું ત્યાં જ પડ્યું રહ્યું અને એ નાહીને પ્રસાદ લેવા માટે

ગયા. થોડી વારમાં શ્રીનાથજી ત્યાં પધાર્યા અને એ જ કાગળ ઉપર એક કીર્તનની કડી પોતાના હસ્તાક્ષરથી લખી ગયા –

આવત બને કાન્હ ગોપબાલક સંગ નેંચુકી ખુર-રેનુ છુરિત અલકાવલી;
ભૌંહ મન્મથચાપ, વક્ર લોચનબાન, સિરસિ સોભિત મત્ત મયૂર-ચંદ્રાવલી.

કૃષ્ણદાસ આવીને જુએ છે તો સુંદર અક્ષરોમાં લખાયેલી અદ્‌ભુત પંક્તિઓ! ઘણા રાજી થઈ ગયા. નવો વિષય હાથમાં આવી ગયો; એટલું જ નહિ, શ્રીજીએ પોતાનો પક્ષ લેવાની કૃપા દર્શાવી! આનંદ કેમ ન થાય?

સૂરદાસજીએ બધી લીલાઓ ગાયેલી, ગાયોનાં પદ પણ ગાયેલાં; પરંતુ 'નેંચુકી' ગાયનું વર્ણન કોઈ પદમાં કર્યું નહોતું. શ્રીનાથજીએ એક ટૂક લખીને આ વાતનું સૂચન કૃષ્ણદાસને કરી દીધું.

એ એક કડીને અનુસરીને બીજી પાંચ કડીઓ કૃષ્ણદાસે રચી. સરસ પદ તૈયાર થયું. હૃદયમાં પ્રેરણા આપનાર પણ શ્રીજી જ ને? ઉચ્ચ કક્ષાનું એ કાવ્ય રચાતાં કૃષ્ણદાસ અતિ પ્રસન્ન થયા. પછી તરત અ પહોંચ્યા સૂરદાસની પાસે. એમણે કહ્યું : 'જુઓ, સૂરદાસજી. આજે જે પદ બનાવ્યું છે, તેમાં તમારી છાયા નથી. તમે આ બાબત ગાઈ નથી ને?' ઘણો હર્ષ થયેલો હોવાથી વાત કરતાં પણ હસ્યા વિના રહી શક્યા નહિ.

સૂરદાસજી કહે છે : 'ગાઓ જોઈએ.'

કૃષ્ણદાસે પદ ગાઈ બતાવ્યું.

'વાહ, પદ તો સરસ બન્યું છે' સૂરદાસજીએ કહ્યું; 'પણ આ તમારી શોધ નથી. શ્રીજીએ તમને સૂચવેલું છે. બોલો, ખરી વાત છે ને?'

સૂરદાસજીમાં અલૌકિક સામર્થ્ય હતું. એમને તરત આ ભેદ મનમાંથી સ્ફુરી આવ્યો. એમણે કહ્યું, 'ભાઈ કૃષ્ણદાસ, તમારી સાથે મારી સ્પર્ધા હતી; કંઈ શ્રીઠાકોરજી સાથે નહોતી. મેં નેંચુકી ગાય વિષે નથી ગાયું તે શ્રીજીએ તમને જણાવી દીધું છે. નહિ તો મારાં અસંખ્ય પદોમાંથી તમે એ કેવી રીતે શોધી શકો? અને આવી અદ્‌ભુત રચના શ્રીજીની પ્રેરણા વિના તમે કેવી રીતે કરી શકો?'

વસ્તુતઃ તો દરેક કૃતિ ભગવાનની જ છે. આપણને એ નિમિત્તરૂપ બનાવે છે. 'બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ ।' – હવે એ આખુંયે પદ જોઈએ –

(રાગ : ગોરી)

આવત બને કાન્હ ગોપબાલક સંગ
નેંચુકી ખુર-રેનુ છુરિત અલકાવલી;
ભૌંહ મન્મથચાપ, વક્ર લોચનબાન,
સિરસિ સોભિત મત્ત મયૂર-ચંદ્રાવલી. ૧
ઉદિત ઉડુરાજ સુંદર સિરોમનિ,
બદન નિરખિ ફૂલી નવલ જુવતિ કુમુદાવલી;
અરુન સકુચિત અધરબિંબ ફલ,
ઉપહસિત કછુ પ્રગટ હોત કુંદ દસનાવલી. ૨.
સ્રવન કુંડલ ભાલ તિલક વેસરિ નાક,
કંઠ કૌસ્તૂભમનિ, સુભગ ત્રિબલાવલી;
રત્નહાટક ખચિત ઉરસિ પદકનિ પાઁતિ,
બીચ રાજત સુભ્ર ઝલક મુક્તાવલી. ૩.
વલય કંકન બાજુબંદ આજાનુભુજ
મુદ્રિકા કરદલ બિરાજિત નખાવલી;
કુનિત મૃદુ મુરલિકા મોહિત સકલ વિસ્વ;
ગોપિકાજન મનસિ ગ્રથિત પ્રેમાવલી. ૪.
કટિ છુદ્રઘંટિકા જટિત હીરા-મનિ,
નાભિ અંબુજ-વલિત ભૃંગ-રોમાવલિ;
ધાઈ કબહુક ચલત ભક્તહિત જાનિ પ્રિય,
ગંડમંડિત રુચિર સ્રમજલ કનાવલી. ૫.
પીત કૌસેય પરિધાન સુંદર અંગ,
નઁદત નૂપુર ગાત ગીત શબ્દાવલી;
હૃદય 'કૃષ્ણદાસ' ગિરિધરનલાલ કી;
ચરણ નખચંદ્રિકા, હરત તિમિરાવલી. ૬.

આ 'આવની'નું પદ છે; અર્થાત્ એમાં વનમાંથી પાછા આવતી વખતનું વર્ણન છે. કાવ્યનાં ભાવ અને ભાષા બંને ઉત્કૃષ્ટ પ્રકારનાં છે.

● અનુચિત વર્તનવાળા બંગાળીઓને કાઢ્યા

કૃષ્ણદાસે શ્રીનાથજીના મંદિરનો અધિકાર સારી રીતે સંભાળવા માંડ્યો. એમની કાર્યક્ષમતા અને ગુણો એમાં ઘણાં ઉપયોગી હતાં. સત્યનિષ્ઠા, વિચક્ષણ બુદ્ધિ, હિંમત, ધારેલું પાર પાડવાની શક્તિ અને સાથે સુદૃઢ ભક્તિભાવ. આ બધા ઉપરાંત ભગવત્કૃપા તો ખરી જ!

એ લાંબા સમય સુધી અધિકારીનું કાર્ય કરતા રહ્યા. શ્રીજીના મંદિરનું સુંદર તંત્ર ગોઠવવા અને નિભાવવા માટે એ નિરંતર ચિંતિત રહેતા. વિવિધ દિશાઓમાં નજર પહોંચાડીને દરેક પ્રકારની સુંદર વ્યવસ્થા કરતા.

શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીની સેવાનો પ્રારંભિક પ્રબંધ કર્યો હતો. સેવામાં મુખિયા, ભીતરિયા, જલઘરિયા વગેરે તરીકે બંગાળીઓને રાખ્યા હતા. તેઓ સેવાશૃંગાર કરતા. મીનાકારીનાં આભૂષણો શ્રીવલ્લભે સિદ્ધ કરાવી આપેલાં તે ધરતા. પછી તો ભેટ-સામગ્રીઓ આવતી ગઈ અને વૈભવ થોડો થોડો વધતો ગયો. શ્રીગોપીનાથજીએ પૂર્વ દેશનો પ્રથમ પ્રવાસ કર્યો. ત્યાંથી રૂપિયા એક લાખની ભેટો પોતાને પ્રાપ્ત થઈ. તે બધી જ રકમ આપશ્રીએ શ્રીજીનો વૈભવ વધારવા માટે આપી દીધી. એમાંથી ઘણાં કિંમતી શૃંગારો તથા સોના-ચાંદીનાં અનેક પાત્રો આવ્યાં. વાગા-વસ્ત્રોમાં પણ ઘણી વિવિધતા થવા લાગી.

બંગાળી સેવકો પહેલાં સારી રીતે રહેતા, પણ સમય જતાં એમનામાં શઠતા આવતી ગઈ. શ્રીમહાપ્રભુજી લીલામાં પધાર્યા પછી તો એમને એમ જ લાગતું હતું કે હવે એમને બીજું કોઈ કાઢી શકે તેમ નથી. આ તો અમારો જન્મસિદ્ધ હક્ક થઈ ગયો. ભાડવાત ઘરધણી થઈ બેસે એવું થયું. મંદિરના અધિકારીને પણ એ ગાંઠે નહિ; જેને 'ખાઈબદેલા' કહીએ એવા એ થઈ ગયા.

એ બંગાળીઓની વૃત્તિ અહીં તો નોકરી પૂરતી જ હતી. આમ તો એ ચૈતન્ય સંપ્રદાયના સેવકો. એટલે એમના ગુરુ ગોસ્વામી રૂપ સનાતન તરફ એમની નજર ઢળેલી રહેતી. હવે તો નોકરીમાં આવશ્યક એવી પ્રામાણિક્તા પણ એમણે ગુમાવવા માંડી. શ્રીનાથજીનો વૈભવ વધતો જોઈ એમની દાનત બગડતી ગઈ. અત્યારે કેટલાંક મંદિરોમાં સેવકોની અપ્રામાણિક્તા જોઈએ છીએ, તેવું જ ત્યાં પણ બન્યું. બંગાળીઓ કિંમતી પાત્રો વગેરે જે લાગમાં આવે તે લઈને ચોરીછૂપીથી ગુરુ સનાતનને ત્યાં મોકલી દેવા લાગ્યા. રૂપ સનાતનનું એમને પીઠબળ હોઈને, એ ખીલાને જોરે તેઓ કૂદતા હતા. આમ, શ્રીજીનો વૈભવ વધવાને બદલે ઊલટો ઘટવા લાગ્યો.

તેઓ માત્ર ચોરી જ નહિ, અનાચાર પણ કરવા લાગ્યા. એ હવે પૂરા સ્વચ્છંદી બની ગયા હતા. સંપ્રદાયની રીત વિરુદ્ધ વર્તવા લાગ્યા. અધિકારીથી કે કોઈથી અંદર તો જવાય નહિ. એ લોકો શ્રીજીને ભોગ ધરે, ત્યારે પોતાની દેવીનું છુપાવી રાખેલું સ્વરૂપ શ્રીજીની સાથે ભોગમાં બેસાડતા.

શ્રીજીને આ બધું ઘણું અપ્રિય લાગતું. પોતે બહુ જ અપ્રસન્ન થતા ગયા. છેવટે આપના કૃપાપાત્ર એક વિદ્વાન વૈષ્ણવ અવધૂતદાસને પોતે આજ્ઞા કરી : 'તમે કૃષ્ણદાસને કહો કે આ બંગાળીઓને કાઢે. એ લોકો બધું ચોરી જાય છે, ભોગમાં મારી સાથે દેવીને બેસાડે છે. મને બહુ શ્રમ આપે છે.'

અવધૂતદાસે કૃષ્ણદાસને બધી વાત સમજાવતાં કહ્યું : 'તમે ગમે તેમ કરીને બંગાળીઓને કાઢો. શ્રીજીની એવી ઇચ્છા છે. મને ખાસ આજ્ઞા કરી છે.'

કૃષ્ણદાસ પણ એવું જ ઇચ્છતા હતા. આથી તેઓ અડેલ શ્રીગુસાંઈજી પાસે પહોંચ્યા. બધી હકીકત નિવેદન કરી. શ્રીગુસાંઈજીએ પણ એવી જ ઇચ્છા વ્યક્ત કરી. જોકે એ ખાઈબદેલા લોકોને કાઢવાનું કામ ઘણું કઠિન હતું, પણ કૃષ્ણદાસે હિંમત કરી. આપશ્રીને વિનંતી કરી : 'કૃપાનાથ, આપ ચિંતા કરશો નહિ. હું બધું જ કરી લઈશ. પણ એક-બે ભલામણપત્રો આપ લખી આપો.'

શ્રીગુસાંઈજીએ બે પત્રો લખી દીધા. એક બિરબલ ઉપર અને બીજો રાજા ટોડરમલ ઉપર. એ પત્રોમાં લખ્યું કે 'શ્રીનાથજીના મંદિરના અધિકારી કૃષ્ણદાસ આ પત્ર લઈને આવ્યા છે. શ્રીજીની સેવામાં રાખેલા બંગાળીઓ ખરાબ વર્તન કરે છે, તેથી તેમને કાઢવા છે. કૃષ્ણદાસ કહે તે પ્રમાણે તેમને સહાયતા કરશો. એ જે કરશે તે અમને પ્રમાણ છે.' સહી-સિક્કા કરી પોતે એ બંને પત્રો કૃષ્ણદાસને આપ્યા.

કૃષ્ણદાસ આપશ્રીને દંડવત્ કરી, ત્યાંથી નીકળી આગ્રા આવી પહોંચ્યા. ટોડરમલ તથા બિરબલને મળ્યા. પત્રો વંચાવ્યા. એ લોકોને કાઢવાનાં કારણો અને તમામ વિગત પણ સારી રીતે સમજાવી.

એમણે પૂછ્યું : 'અમે આપને કઈ રીતે મદદ કરી શકીએ?'

કૃષ્ણદાસે કહ્યું : 'બંગાળીઓને હું કાઢીશ, એટલે એ લોકો એમના ગુરુ રૂપ સનાતન પાસે જશે. રૂપ સનાતન કદાચ એમના વતી બાદશાહ સાહેબને ફરિયાદ કરશે. તે વખતે અમારી વિરુદ્ધ ફેંસલો ન અપાઈ જાય એટલું આપ જોશો. આપની એ મદદ અમને ઘણી કિંમતી થઈ પડશે.'

બંને જણે સંમતિ આપી. પછી કૃષ્ણદાસ જતિપુરા આવ્યા. ત્યાં બધી જરૂરી વ્યવસ્થા અગાઉથી ગોઠવી લીધી. પછી રુદ્રકુંડ ઉપર જે ઝૂંપડીઓમાં બંગાળીઓ રહેતા હતા, ત્યાં ખાનગી રીતે આગ લગાડાવી. એ બધા તો તે વખતે સેવા માટે પર્વત ઉપર ગયેલા હતા. આગ લાગતાં જ મોટો શોરબકોર થયો. સાંભળીને એ લોકોએ નીચે નજર કરી, તો ઝૂંપડીઓને બળતી જોઈ. તરત જ સેવા અધૂરી મૂકીને સૌ નીચે દોડી આવ્યા. આગ બુઝાવવા લાગ્યા. એમાં સારો એવો સમય નીકળી ગયો.

એ દરમ્યાન અગાઉથી તૈયાર રાખેલા વ્રજવાસી બ્રાહ્મણોને કૃષ્ણદાસે શ્રીજીની સેવામાં મોકલી દીધા. સેવાક્રમ તરત જ એમણે સંભાળી લીધો. ઉપરાંત, બસો માણસોને રક્ષણ માટે ગોઠવી દીધા. એમને જણાવી દીધું કે 'બંગાળીઓ ગમે તેમ કરે, તોય તેમને પર્વત ઉપર જવા દેવાના નથી.'

કૃષ્ણદાસ હાથમાં લાકડી લઈને બીજા રક્ષકો સાથે પર્વતની નીચે ઊભા રહ્યા. બંગાળીઓ આગ બુઝાવીને પાછા પર્વત ઉપર જવા લાગ્યા, ત્યારે ત્યાં જ તેમને રોકી દીધા, 'ખબરદાર, જો ઉપર ચઢ્યા છો તો! તમે કોને પૂછીને સેવા છોડી? પ્રભુ ક્યાં સુધી ભૂખ્યા બિરાજી રહેત? તમે અમારા શ્રીજીને પરિશ્રમ આપ્યો છે. તમે તમારી ફરજ ચૂક્યા છો. હવે તમે સેવા માટે લાયક નથી. તમારી ઝૂંપડીઓ બળી જાત, તો અમે બીજી બનાવી આપત; પણ સેવા અધૂરી શા માટે મૂકી? હવે ચાલ્યા જાઓ અહીંથી.'

બંગાળીઓ સામા થઈ ગયા. પોતાનો હક્ક બતાવવા માંડ્યા. વાત મારામારી સુધી આવી ગઈ; પરંતુ બંદોબસ્ત એવો સરસ હતો કે એમનું કંઈ ચાલ્યું નહિ. છેવટે ત્યાંથી તેઓ ભાગ્યા. સીધા વૃંદાવનમાં રૂપ સનાતન પાસે આવી, કૃષ્ણદાસને ગાળો દેતાં દેતાં ફરિયાદ કરી. રૂપ સનાતને તે સાંભળી. પોતાના સેવકો પરની આફતથી એ ક્રોધાવિષ્ટ થઈ ગયા. ત્યાં તો કૃષ્ણદાસ પોતે રથમાં બેસીને, પચાસ શસ્ત્રધારી માણસો સાથે ત્યાં આવી પહોંચ્યા.

રૂપ સનાતન કહે છે, 'અરે શૂદ્ર! તેં આ શું કર્યું? અમારા સેવકોને કેમ અન્યાય કર્યો? નોકરીમાંથી કેમ કાઢી મૂક્યા?'

કૃષ્ણદાસે એમને સમજાવ્યું કે શા માટે એ લોકોને કાઢવા પડ્યા. રૂપ સનાતન મનમાં પરિસ્થિતિ સમજી ગયા; છતાં ગુસ્સો ઠાલવ્યા વિના રહી શક્યા નહિ. પક્ષાપક્ષીની વાત આવી ગઈ ને? કૃષ્ણદાસને વારંવાર 'શૂદ્ર, શૂદ્ર' કહીને સંબોધવા લાગ્યા. પણ કૃષ્ણદાસ એમ કંઈ ગાંજ્યા જાય તેવા નહોતા! એમણે સંભળાવી દીધું કે 'હા, હું પટેલ છું, બ્રાહ્મણ નથી; પણ બ્રાહ્મણોને મારા સેવક પણ કરતો નથી. જ્યારે તમે? તમે પણ ક્યાં બ્રાહ્મણ છો? કાયસ્થ છો. બ્રાહ્મણથી ઊતરતી જાતિના છો; છતાં બ્રાહ્મણોને તમારા સેવક બનાવો છો. આ તમે શું કરો છો? શાસ્ત્રોક્ત વર્ણાશ્રમ ધર્મનો છડેચોક ભંગ કરી રહ્યા છો, સમજ્યા મહારાજ?' રૂપ સનાતન ચૂપ થઈ ગયા.

છેવટે બાદશાહને ત્યાં ફરિયાદ કરવાની ધમકી પણ આપવામાં આવી, પણ કૃષ્ણદાસ ક્યાં કોઈથી ડરે એવા હતા. એમણે તો આગળથી જ પાણી પહેલાં પાળ બાંધી રાખી હતી. મુત્સદ્દી હતા ને! દરેક બાબતના એવા સચોટ જવાબ આપ્યા કે રૂપ સનાતન છેવટે ઢીલા પડી ગયા. પછી બંગાળીઓ પહોંચ્યા મથુરાના હાકેમ પાસે. ત્યાં ફરિયાદ કરી. અને સાથે પોતાને ફરી નોકરીમાં રખાવવા માગણી પણ કરી.

કૃષ્ણદાસને આ વાતની ખબર પડતાં એ ત્યાં પણ પહોંચ્યા. એમનો પ્રભાવ ઘણો, એટલે મોટા માણસ જાણીને હાકેમે આસન આપી બેસાડ્યા. બંગાળીઓને ફરી નોકરીમાં લેવા માટે હાકેમે એમને સમજાવ્યા, પણ કૃષ્ણદાસે એમને પણ ખરી હકીકત સમજાવી –

'હાકેમ સાહેબ! ચાકર હોવા છતાંય એ લોકો અમારી સામે મારામારી કરવા તૈયાર થયા. હવે એમને કોઈ રીતે અમારાથી નોકરીમાં લઈ શકાય નહિ. આપ જ વિચારી જુઓ. વળી એ એમની ફરજ પણ ચૂક્યા છે. અમારા દેવની સેવા અધૂરી મૂકીને નીચે ઊતરી આવ્યા. ઝૂંપડીઓ બળી જાત, તો અમે નવી બનાવી દેત. એમણે શા માટે સેવા છોડી? હવે એ અમારા કામના નથી; છતાં આપ કહો છો તો હું અમારા માલિક શ્રીગુસાંઈજીને પત્ર લખીશ. એ જેમ કહેશે તેમ કરીશ.' કૃષ્ણદાસે હાકેમને જરા સારું લગાડ્યું.

પછી કૃષ્ણદાસજી જતિપુરા આવ્યા અને બંગાળીઓ ત્યાંથી વૃંદાવન ગયા. ત્યાંથી સંગઠન કરીને બાદશાહ અકબર પાસે ફરિયાદ કરવા આગ્રા ગયા. કૃષ્ણદાસ બાતમી મેળવતા રહ્યા હતા. એથી એ પણ આગ્રા પહોંચ્યા. બિરબલ-ટોડરમલને મળીને જણાવ્યું કે એ લોકો ફરિયાદ કરવા આવ્યા છે.

બિરબલે કહ્યું : 'અમે બાદશાહ સાહેબને વાત કરેલી જ છે, છતાં આજે ફરી યાદ અપાવીશું.'

દરબારમાં જઈને બિરબલે બાદશાહને વાત કરી કે બંગાળીઓ ફરિયાદ કરવા આવ્યા છે અને શ્રીનાથજીના અધિકારી પણ આવ્યા છે. એમની ઈચ્છા હવે બંગાળીઓને રાખવાની નથી, કેમ કે તેઓ અવળી રીતે વર્ત્યા છે.

ત્યારે બાદશાહે કહી દીધું : 'બરાબર છે. નોકરીમાં જેને રાખવા હોય તેને રાખે; એમાં ખોટો ઝઘડો શા માટે? ફરિયાદ ખોટી છે.'

ટોડરમલે બંગાળીઓને કહી દીધું કે 'ચાલ્યા જાઓ. તમારી ફરિયાદ ગેરવાજબી છે. અમે તપાસ કરી લીધી છે. ઝઘડો કરશો તો સજા થશે.'

કૃષ્ણદાસ જીત્યા. બંગાળીઓ વીલે મોઢે પાછા ફર્યા.

પછી કૃષ્ણદાસે અડેલ તરફ બે કાસદ રવાના કર્યા. શ્રીગુસાંઈજીને સંદેશો મોકલ્યો અને બનેલી બધી વિગત જણાવી તથા આપશ્રીને જતિપુરા પધારવા વિનંતી કરી.

પોતે તરત પધાર્યા. ઘણી પ્રસન્નતા બતાવી. શ્રીજીની સન્મુખ કૃષ્ણદાસને દુશાલો ઓઢાડીને એમનું સન્માન કરતાં આજ્ઞા કરી : 'કૃષ્ણદાસ, તમને ધન્ય છે. તમે ભારે સેવા કરી. આ કામ તમારા વિના કોઈથી થાય તેમ નહોતું. હવે અધિકારી તરીકેની કુલ સત્તા તમને સોંપીએ છીએ. બધા સેવક-ટહેલિયા ઉપર તમારો જ હુકમ ચાલશે. કોઈ વાતનો સંકોચ ન રાખશો. અમે પણ કોઈ વાતમાં ચૂકીએ તો કહેજો. તમે અમારા તાતચરણના કૃપાપાત્ર છો, ભગવદીય છો. અધિકારીની સેવા સદૈવ સારી રીતે સાવધાનીથી કરજો. શ્રીજી તમારી સેવાથી પ્રસન્ન રહેશે.'

શ્રીગુસાંઈજીએ આનંદના આવેશમાં કૃષ્ણદાસને ઉપર મુજબ સારી રીતે બિરદાવ્યા. કૃષ્ણદાસે આપશ્રીને તથા શ્રીજીને દંડવત્ કર્યાં.

આ સમયથી અધિકારીની ગાદી બિછાવવાનો પ્રારંભ થયો. કૃષ્ણદાસ હવે તો એ ગાદી પર બેસીને સુંદર રીતે કાર્ય કરવા લાગ્યા.

શ્રીગુસાંઈજી શ્રીજીનાં સેવા-શૃંગાર કરીને શ્રીગોકુલ પધારે. આપની પાસે કોઈ કંઈ કામ લઈને આવે, તો તેને કૃષ્ણદાસ પાસે મોકલે. બધું જ એમને સોંપી દીધું. પોતે એમનું સારી રીતે માન સાચવતા.

દેવાધિદેવ શ્રીનાથજીના અધિકારીનો ઠાઠ પણ હવે વધતો ગયો. જ્યાં જાય ત્યાં રથમાં બેસીને જાય. સાથે ઘોડા, બળદ પણ હોય. પચીસ-પચાસ માણસો પણ સાથે ખરાં જ. બધાં ઉપર એમનો જબરો હુકમ ચાલે. જ્યાં જાય ત્યાં એમને માનપાન મળે. એમ દિવસો વીતવા લાગ્યા.

કેટલાક સમય પછી બંગાળીઓ પાછા શ્રીગુસાંઈજી પાસે આવ્યા. હવે તેઓ બહુ ઢીલા પડી ગયેલા. આપશ્રીને વિનંતી કરી : 'મહારાજ અમને ફરી સેવામાં રાખો તો સારું. અમારે નિર્વાહનું કોઈ સાધન નથી.'

શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'એ તો હવે બને તેમ નથી.'

બંગાળીઓ નમી પડ્યા અને ફરી વિનંતી કરી, 'મહારાજ, અમને કોઈ ઠાકોર પધરાવી આપો, જેના દ્વારા અમારો નિર્વાહ ચાલે.'

ત્યારે શ્રીગુસાંઈજીને દયા આવી. શ્રીગોપીનાથજીના ઠાકોરજી શ્રીમદનમોહનજી હતા, તેમને તે પધરાવી આપ્યા. બંગાળીઓ રાજી થઈને ગયા. વૃંદાવન જઈને મંદિરમાં પધરાવીને એ સ્વરૂપની સેવા કરવા લાગ્યા. એમનો નિર્વાહ ચાલુ થઈ ગયો.

અહીં શ્રીગુસાંઈજીએ રામદાસજીને મુખ્ય રાખીને સાથે ગુજરાતના સાંચોરા બ્રાહ્મણોને સેવામાં નિયુક્ત કરી દીધા હતા. સેવાપ્રકાર સુંદર રીતે ચાલતો હતો. પછી તો આપશ્રી કૃષ્ણદાસને પ્રેરણા આપીને સેવાનો વૈભવ ખૂબ વધારતા ગયા. નેગભોગ અધિકાધિક થતો ગયો. બહારની સેવા માટે પણ સેવકો રાખ્યા. દરજી, સોની, સુથાર ઇત્યાદિ અનેક કારીગરો પોષાવા લાગ્યા. સૌને પોતપોતાનો નેગ મળવા લાગ્યો. આમ, મંદિરનું સમગ્ર તંત્ર વિસ્તૃત થતું ગયું અને શ્રીજીનો વૈભવ વધતો ગયો.

◆

● પ્રાણની ન્યોછાવરી અને પ્રભુમિલનનો રસમય પ્રસંગ

રસેશ્વરને રસ-સમર્પણ :

લોક-વેદાતીત એવા આ પુષ્ટિમાર્ગમાં કોઈવાર લોકવેદ વિરુદ્ધના અવનવા પ્રસંગો બની જાય છે. લૌકિક દૃષ્ટિથી એ સમજાતા નથી. પ્રભુ દિવ્ય દૃષ્ટિનું દાન કરે, ત્યારે એનું રહસ્ય સહજમાં સમજાઈ જાય છે.

કૃષ્ણદાસ અધિકારીને એક વાર આગ્રા જવાનું થયું. મંદિર માટે સામગ્રી લાવવાની હતી. એમનો ઠાઠ ઘણો રહેતો. સુંદર રથમાં બેસીને, સાથે ગાડું તથા માણસો લઈને તે આગ્રાના બજારમાં આવી પહોંચ્યા. એ જમાનામાં વેશ્યાઓ-ગણિકાઓ-ગાયિકાઓ શહેરના રાજમાર્ગ ઉપર નાચગાન કરતી. એના ઉપર કોઈ પ્રતિબંધ ન હતો. અનેક પુરુષોની ત્યાં ભીડ જામતી. એ ગાનારીઓનું અજબ આકર્ષણ હતું. ગાનારીઓનો કંઠ, રાગ-તાલ સાથે બજાવવાવાળાઓનો સમાજ બધું સરસ રહેતું. અનેક લોકો એ વેશ્યાઓના ફંદામાં ફસાતા પણ ખરા!

આગ્રાના બજારમાં કોઈક વેશ્યા એની બારેક વર્ષની રૂપવતી પુત્રી પાસે નૃત્ય કરાવી રહી હતી. રાગ-રંગની મહેફિલ જોઈ લોકો આફ્રિન પોકારી રહ્યા હતા. એ માર્ગે થઈને કૃષ્ણદાસનો રથ પસાર થયો. આગળ વધવાની જગા નહોતી. રથ થોભાવ્યો. આટલી મોટી ભીડ વચ્ચે શું ચાલે છે, તે સહજ કુતૂહલવશ જાણવા કૃષ્ણદાસ નીચે ઊતરીને ભીડની અંદર ગયા. ગીત, નૃત્ય અને વાજિંત્ર એ ત્રણેના સમન્વયથી સાચું સંગીત પ્રગટે છે. અહીં એ ત્રણે હતાં. કામિનીના કંઠમાં ગાન વધુ આકર્ષક બની રહ્યું હતું.

કૃષ્ણદાસ કવિ હતા, સાથે એ સંગીતકાર પણ હતા; એટલે ઉત્તમ સંગીતથી એ આકર્ષાય, એની કદર કરે એ પણ સ્વાભાવિક હતું. કવિઓ સદા સૌંદર્યના ચાહક હોય છે! ભગવદીય કૃષ્ણદાસને ખરેખર તો ભગવાન સિવાય અન્યત્ર આકર્ષણ ન થવું જોઈએ. વળી, વેશ્યાના ગાનને તો ધર્મશાસ્ત્રોમાં પણ હલકું ગણ્યું છે; પરંતુ જ્યારે ભગવદિચ્છા અવનવી હોય, ત્યારે ભક્તથી પણ કંઈક અવનવું થઈ જાય છે.

કૃષ્ણદાસ ઊભા ઊભા એ ગાનમાં મુગ્ધ થઈ ગયા. એ રૂપ, એ હાવભાવ, એ કંઠ, એ તાનપલટા એ બધા પર મોહિત થઈ ગયા. ગીત પૂરું થયું. લોકોએ વાહ વાહ પોકારી. ગાનારીઓ ઉપર ચારે બાજુથી પૈસાનો વરસાદ વરસ્યો.

કૃષ્ણદાસના મનમાં મંથન ચાલી રહ્યું હતું, 'અરે, આ અનુપમ સૌંદર્ય અને અદ્‌ભુત કલા તો શ્રીગોવર્ધનધરને લાયક છે. આ મારા પ્રભુને અંગીકાર કરાવવાં જોઈએ. મને આટલી પ્રસન્નતા થઈ, તો એ ચતુર શિરોમણિ કેવા રીઝશે; એમને કેટલું સુખ થશે?'

પૈસા તો પાસે ઘણા હતા. ગજવામાંથી કાઢીને રૂપિયા દશ એ ગાનારીના હાથમાં મૂક્યા અને પૂછ્યું : 'બાઈ અમારે મુકામે આવશો?'

એણે હા કહી. એનો તો એ ધંધો જ હતો. રાજદરબારોમાં અને ધનિકોને ત્યાં એ નાચવા-ગાવા જતી. સારી રકમો મળતી. એને લાગ્યું કે 'અહીં દસ રૂપિયા આપનાર ચાહક મુકામે બોલાવીને વધુ તો આપશે જ.' કૃષ્ણદાસે એને પોતાનું ઠેકાણું બતાવી દીધું.

પછી કૃષ્ણદાસ રથમાં બેસીને આગળ ગયા. રોજની જેમ એક હવેલીમાં મુકામ કર્યો. પછી બજારમાં જઈ સામગ્રી ખરીદી અને ગાડું ભરાવી દીધું. રાત પડતાં જ વેશ્યા, એની પુત્રી તથા સાજિંદાઓ સાથે આવી પહોંચી. રાત્રે મોડા સુધી ત્યાં નાચગાન થયું. કૃષ્ણદાસે પોતાના હૃદયમાં બિરાજતા શ્રીગોવર્ધનધરને મનની ભાવનાથી એ અંગીકાર કરાવ્યું. સમય પૂરો થયો. નૃત્યગાન બંધ થયું. કૃષ્ણદાસે ગાનારીની ઘણી પ્રશંસા કરી અને રૂપિયા એકસો કાઢીને એને આપી દીધા. એ રાજી થઈ ગઈ.

કૃષ્ણદાસ વિચારે છે : આવું સુંદર રૂપ અને ગાન મારા પ્રભુને પ્રત્યક્ષ અંગીકાર કરાવું તો કેવું સારું! એ અધિક રીઝશે. એમણે પૂછ્યું : 'બાઈ, અમે બહારગામથી આવીએ છીએ. મોટા શેઠનો હું મુનીમ છું. મારા શેઠ ગોવર્ધન ગામની પાસે રહે છે. કાલે સવારે મારે ત્યાં જવાનું છે. તમે અમારી સાથે આવશો?'

વેશ્યા ઘણી પ્રસન્ન હતી. એ વિચારી રહી હતી કે 'જેનો મુનીમે સો રૂપિયા જેવી રકમ આપી દીધી, તેના શેઠ શું બાકી રાખશે?' એણે ઘણી ખુશી બતાવી. રાત્રે ઘેર જઈને, વાજિંત્રોનો સાજ બરાબર તૈયાર કરીને ગાડી પર ગોઠવાવી દીધો. પછી સૌ સૂઈ ગયાં.

પરોઢમાં માતા-પુત્રી પાછાં આવ્યાં. સાથે સાજ ને સાજિંદાઓ પણ ખરા જ. કૃષ્ણદાસની સાથે સૌ ઊપડ્યાં. આગ્રાથી મથુરા આવ્યાં અને ત્યાંથી ગોવર્ધન થઈને બીજે દિવસે બપોરે સૌ જતિપુરા આવી પહોંચ્યાં.

કૃષ્ણદાસે એમને સારો મુકામ આપ્યો. સરસ આગતા-સ્વાગતા કરાવી. સાંજે પોતાના શેઠ પાસે લઈ જવાની વાત કરી. સાથે સમજાવ્યું કે 'બાઈ, અમારા શેઠ સાધારણ નથી. એ તો દેવાધિદેવ છે. તારા કરતાંય તારી આ નિર્દોષ બાલિકાના નૃત્યગાનથી એ વિશેષ પ્રસન્ન થશે. માટે ત્યાં એની પાસે નૃત્યગાન કરાવવું છે. એક બીજી પણ વાત છે. તમે લોકો જે ખ્યાલ-ટપ્પાઓ ગાઓ છો, તેનાથી જુદી જાતનાં ગીત એમને ગમે છે. હું એનું નવું ગીત બનાવી આપું. પૂર્વી રાગમાં ગાતાં તો આ બાલિકાને આવડશે ને? એને સરસ તાલીમ આપી દેજે. વાજિંત્રો પણ અગાઉથી મિલાવી રાખજે.'

વેશ્યાએ સંમતિ આપી. કૃષ્ણદાસ પદ રચવા બેઠા. પ્રાસાદિક કવિઓ અંતઃસ્ફુરણાથી કાવ્યો રચે છે. છોકરીને એ પદ ગાવાનું હતું. પ્રસંગને અનુરૂપ પદ રચવાનું હતું. એ અંતરમાં ઊંડા ઊતર્યા. સ્ફુરણા થઈ કે આ છોકરી કોઈ લૌકિક જીવ નથી. આ કોઈ સાધારણ પ્રસંગ નથી. કંઈક અવનવું બની જશે. વળી, પદ શ્રીજીની સન્મુખ ગાવાનું છે. એટલે આપના સ્વરૂપનું વર્ણન તો આવે જ, જેને ગાવાનું હતું તેની પ્રેમોર્મિ પણ એમાં ગુંથાય, એવું પદ રચવું છે.

પ્રથમ પંક્તિ સ્ફુરી, 'મેરો મન ગિરિધરછબિ પર અટક્યો.' વાહ! સુંદર લીટી આવી ગઈ. કવિને સંતોષ થયો, પછી આગળ?

મેરો મન ગિરિધરછબિ પૈ અટક્યૌ.
લલિત ત્રિભંગી અંગનિ ઉપર લગિ ગયો, તહાઁ હી ઠઠક્યૌ.
સજલ સ્યામઘન કનકબરન તન, ફિર અનત ન ભટક્યૌ...

હવે છેલ્લી લીટી શું લેવી? પ્રાસ પણ મળવો જોઈએ. ત્યાં અંતરનો અવાજ નીકળ્યો. કવિએ તે કાગળ પર ઉતાર્યો -

'કૃષ્ણદાસ' કિયો પ્રાન ન્યોછાવર, યહ તન જગ સિર પટક્યૌ.

કવિને પોતાને જ સમજાયું નહિ કે આવા અર્થની પંક્તિ કેમ સ્ફુરી? પણ પ્રેરણા એટલે પ્રેરણા; એમણે સ્વીકારી લીધી.

(પેલો 'ગીતગોવિંદ'નો પ્રસંગ છે ને! ભગવાન રાધાજીને વીનવે છે કે 'હે રાધે, તારાં ચરણકમલ મારા મસ્તક પર મૂક, પણ આ માન છોડી દે.' કવિ જયદેવને આ રુચ્યું નહિ; છતાં બીજી પંક્તિ બેસે નહિ. છેવટે એ ભૂંસીને નદીએ નહાવા ગયા; ત્યારે સ્વયં ભગવાન એ જ પંક્તિ પાછી લખી ગયા!)

કવિ નિમિત્તરૂપ છે, પણ બુદ્ધિપ્રેરક શ્રીકૃષ્ણ છે. પદ પૂરું થયું. બાઈને આપ્યું. એણે સુંદર હાવભાવ સાથે પુત્રીને શીખવ્યું. કૃષ્ણદાસ પદનો ભાવ સમજાવતા ગયા. સમજીને ગાય તો જ તન્મયતા આવે, સુંદર ગવાય અને પ્રભુને ગમે. છોકરીને પણ બહુ આનંદ આવ્યો. સંગીતની તાલીમ તો હતી જ. સંગીતના સૂર અને પદના ભાવો સાથે, અંતરની ઊર્મિઓ સ્ફુરતી ગઈ. આમેય બાલહૃદય કલ્પનાશીલ અને કોમળ હોય છે. વળી, આ તો લીલાનો જીવ હતો, એને ભગવદીયનો સંગ મળ્યો. પછી બાકી શું રહે?

એને એ ગાવામાં બહુ રસ પડ્યો. ગાતાં ગાતાં પદ મોઢે થઈ ગયું. પછી એને શુદ્ધ સ્નાન કરાવ્યું. સુશોભિત નૂતન રેશમી વસ્ત્રો પહેરવા આપ્યાં. પછી કૃષ્ણદાસ એ બધાંને ભોગનાં દર્શન સમયે શ્રીગિરિરાજજી ઉપર લઈ ગયા. છોકરીના મનમાં પદના જેવા ભાવ રમી રહ્યા હતા, એવાં જ દર્શન એને શ્રીજીએ આપ્યાં. એ પ્રેમવિવશ બની ગઈ. શ્રીજીની સન્મુખ જલસાની જમાવટ થઈ. અંતરની ઊર્મિઓ અનુસાર હાવભાવ કરતી, ગીતને ઘુમાવતી, એ બાર-ચૌદ વર્ષની છોકરી નૃત્ય કરી રહી છે.

શાસ્ત્રીય સંગીત એટલે ફરી ફરીને એને એ જ પંક્તિઓ ગવાયા કરે; છતાં પદેપદે નવનીતા લાગે. છોકરી તાનપલટા લેતી ગાનમાં તલ્લીન થઈ ગઈ. એને આવેશ આવી ગયો હતો. મન શ્રીજીના સ્વરૂપ-સૌંદર્યમાં લુબ્ધ થઈ ગયું હતું. 'યહ તન જગ સિર પટક્યૌ' - એ લીટી ગાતાં એ દેહભાન ભૂલી ગઈ. અંતે ચક્કર આવતાં હોય તેમ પટકાઈને ચત્તીપાટ પડી ગઈ. તત્ક્ષણ એના પ્રાણ નીકળી ગયા. એ શ્રીજીની લીલામાં પહોંચી ગઈ. કૃષ્ણદાસના મનોરથથી શ્રીજીએ એનો લીલામાં અંગીકાર કરી લીધો.

અંત સમયે ભગવન્નામ લેતાં ગમે તેવા જીવોનોય ઉદ્ધાર થાય છે; જ્યારે આ તો શ્રીજીની સન્મુખ, શ્રીજીમાં તન્મય થઈને દેહ છોડે છે, પ્રેમસમાધિમાં મગ્ન છે. એને લીલાપ્રાપ્તિ થાય એમાં શું આશ્ચર્ય? 'મનઃ એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયોઃ ।' - હા, એને બ્રહ્મસંબંધ થયું નથી, એ ઊણપ ખરી; પણ એનો ભેદ જુદો છે, તે પછી જોઈશું.

અહીં છોકરી પટકાઈ પડતાં બધાં ગભરાયાં. દોડાદોડ થઈ ગઈ. એની મા રડવા લાગી. સમાજીઓ ઝઘડો કરવા લાગ્યા, પણ વિચક્ષણ કૃષ્ણદાસ સૌને

સમજાવીને પર્વત પરની નીચે લાવ્યા. કહ્યું કે ‘બાઈ, અમે તો એને કંઈ કર્યું નથી. તમે સૌ સાથે જ હતાં. જોઈ રહ્યાં હતાં. એનું આયુષ્ય એટલું જ હશે. બીજું શું થાય?’

બાઈ કહે છે : ‘અમારા ઉપર તો હવે આફત ઊતરી. આ છોકરીના નૃત્યના આકર્ષણથી મહેફિલોમાં ભીડ જામતી. અમે કમાઈ ખાતાં. હવે અમારો ધંધો ઓસરી જશે. તમે મોટા છો, તો કંઈક કરો.’

કૃષ્ણદાસે રૂપિયા એક હજાર કાઢીને એને આપ્યા. ઘણું બધું આશ્વાસન આપ્યું અને સૌને વિદાય કર્યાં. આ બધું કેવું અવનવું બની ગયું!

●

સિદ્ધાંત-નવનીત

આ પ્રસંગ બનતાં, કૃષ્ણદાસના પ્રભાવને લીધે એમને મોઢે તો કોઈ કંઈ કહી શકે નહિ, પણ પાછળ તો લોકોએ ચર્ચા કરી જ હશે! જેમ કે આ અધિકારી કેવા? શ્રીનાથજીની આગળ એક વેશ્યાને નચાવી. વળી, મંદિરમાં છોકરી મરી ગઈ. શ્રીનાથજીના પૈસા વેડફાયા. કેવું બધું અનુચિત થઈ ગયું!

આ સ્વાભાવિક છે. દોષદૃષ્ટિથી ટેવાયેલી દુનિયા મનમાં આવે તેમ બોલે, એને રોકી શકાય નહિ. ભગવદીયના અંતરનો ભાવ તો એ પોતે જાણે કે અંતર્યામી પ્રભુ જાણે. પણ આ પ્રસંગનું રહસ્ય પ્રભુકૃપાથી હૃદયમાં સ્ફુરે, તો જ જાણી શકાય. રહસ્ય સમજવા યથામતિ પ્રયાસ કરીએ -

(૧) ‘રસૌ વૈ સઃ’ - શ્રુતિ અનુસાર પુષ્ટિ-પુરુષોત્તમ રસસ્વરૂપ છે. સર્વ રસના ભોક્તા છે; એટલે રસાત્મક પુષ્ટિભક્ત જગતમાં જે કંઈ રસપ્રદ જુએ, સાંભળે, અનુભવે; જેનાથી પોતાને આનંદ થાય, તે સર્વ કંઈ પોતાના પ્રભુને અંગીકાર કરાવવાનો મનોરથ કરે છે.

યદ્યદિષ્ટતમં લોકે, યચ્ચાતિપ્રિયમાત્મનઃ ।
તત્તન્નિવેદયેન્મહ્યં, તદાનન્ત્યાય કલ્પતે ॥

ભગવાન આજ્ઞા કરે છે કે લોકોને જે ગમતું હોય તેમજ પોતાને જે અતિ પ્રિય લાગે, તે સર્વ મને નિવેદન કરો. એનું ફલ અનન્ત છે.

લોકોને નૃત્યગાન ગમે છે. કૃષ્ણદાસને પણ તે અતિ પ્રિય લાગ્યું. એમણે શ્રીજીને નિવેદિત કર્યું. એમાં દોષ ક્યાં ઉત્પન્ન થાય છે? પુષ્ટિભક્તિની દૃષ્ટિએ આ ઉત્તમ કાર્ય છે.

(૨) અલબત્ત, લોકાપવાદનો ભય હતો. વેદમર્યાદાનું ઉલ્લંઘન પણ ખરું. પણ કૃષ્ણદાસે એ ગણ્યું નહિ. જ્યાં પ્રબળ પુષ્ટિભાવ પ્રગટ થાય, ત્યાં લોકનિંદાનો ભય તેમજ વેદમર્યાદા છૂટી જાય છે. એ બંને બાધકરૂપ દેખાય છે. જુઓ :

લોકવેદ ભયાભાવો, યત્ર ભાવાતિરેકતઃ ।
સર્વ બાધક્તા સ્ફુર્તિઃ, પુષ્ટિમાર્ગઃ સ કથ્યતે ॥

(શ્રીહરિરાયજી-રચિત પુષ્ટિમાર્ગ લક્ષણાનિ, શ્લોક : ૯) વળી, આ જ ગ્રંથમાં શ્લોક ૬ જુઓ :

ન લોકવેદ સાપેક્ષ્યં, સર્વથા યત્ર વર્તતે ।
સાપેક્ષતા સ્વામિસુખે, પુષ્ટિમાર્ગઃ સ કથ્યતે ॥

(**ભાવાર્થ :** લોકો શું કહેશે, એની અપેક્ષા સર્વથા જ્યાં રહેતી નથી તેમજ વૈદિક તત્ત્વોને અનુસરવાનું પણ જે માર્ગમાં અનિવાર્ય નથી; એનું જ નામ પુષ્ટિમાર્ગ. માત્ર પોતાના સ્વામી પ્રભુને શાનાથી સુખ થશે એ વિચારવાની જ આ માર્ગમાં અપેક્ષા રહે છે.)

(૩) કાંકરોલીના ઇતિહાસમાં, ત્યાંના તિલકાયતજી, ભવાઈવાળા શ્રીગિરિધરજીનો પ્રસંગ છે... આપશ્રીને ભવાઈનો ઘણો શોખ હતો. રોજ ખેલ કરાવતા. સરસ સ્વાંગ કરે, ત્યારે પહેરેલાં આભૂષણો ઉતારીને આપી દેતા. એની ઘણી ચર્ચા થવા લાગી. શ્રીજીના તિલકાયત આપને શિખામણ આપવા પધાર્યા, ત્યારે ભવાઈ ચાલતી હતી. પોતે જોયું કે શ્રીગિરિધરજીની ગોદમાં ભાવાત્મક સ્વરૂપે શ્રીદ્વારકાધીશ બિરાજતા હતા. એ રીઝીને હસ્યા અને તરત શ્રીગિરિધરજીએ કડાં-કંઠી કાઢીને ભવૈયાને આપી દીધાં. કેવો ઉચ્ચ ભાવ! મારા પ્રભુ જેનાથી રીઝ્યા તેને શું આપું ને શું નહિ?

એ જમાનામાં મનોરંજનનું મુખ્ય સાધન ભવાઈ હતી. અત્યારે તો નાટક, સિનેમા, સરકસ, રેડિયો, ટેલિવિઝન આદિ ઘણાં મનોરંજનનાં સાધનો છે. પુષ્ટિભક્ત જો પ્રભુને વીસરીને એમાં રસ લે, તો બહિર્મુખતા આવે. એનાથી દૂર રહે તો નીરસતા પ્રાપ્ત થાય. નીરસતા આ માર્ગમાં ઇષ્ટ નથી. તો શું થાય? જેને જેમાં રસ હોય, તે વસ્તુ પોતાના પ્રભુને અંગીકાર કરાવે તો બાધક્તા જાય અને સાધક્તા થાય. પ્રત્યક્ષ ન બને તો જોતી વખતે પ્રભુને ધ્યાનથી હૃદયમાં પધરાવી

લઈને ભાવનાથી પણ અંગીકાર કરાવે. મસ્ત હોરીખેલ, સ્વાંગ, રસિક કીર્તનો, ગારીનાં પદો વગેરે આ જ ભાવથી છે.

જેમ માતા-પિતા બાળકને ખેલ દેખાડીને પોતે રાજી થાય છે, તેમજ ભક્ત પ્રભુને દેખાડીને રાજી થાય છે. પુષ્ટિમાર્ગ વૈરાગીઓને વસવાનું જંગલ નથી, રસિક ભક્તોને વિહરવાનો બાગ છે. પ્રભુની પાછળ અહીં સર્વ રસનો ઉપયોગ થઈ શકે છે. એમાં જ પ્રભુની પ્રસન્નતા છે, આ ભૂલવા જેવું નથી.

આ સિદ્ધાંત નહિ સમજતાં, ગોસ્વામી બાળકોની દેખાતી વિલાસિતા પ્રત્યે વૈષ્ણવો દોષદૃષ્ટિથી જુએ છે અને પોતાનું મગજ ગુમાવે છે. દોષદૃષ્ટિ દૂર થાય, તો જ ગુરુભક્તિ સરળતાથી સિદ્ધ થાય, જે આ માર્ગનો પાયો છે.

(૪) બીજી એક વાત છે. રસશાસ્ત્રમાં નાયિકાભેદ છે. એમાં સ્વકીયા, પરકીયા અને સામાન્યા એવા પ્રકારો છે. સામાન્યા એટલે વેશ્યા. અહીં કૃષ્ણદાસે 'સામાન્યા' નાયિકા પ્રકારની એક નિર્દોષ બાલિકા શ્રીજીને સમર્પી છે.

ચાચાજી જેવા ભગવદીયે પણ એક રજપૂતની પુત્રી શ્રીજીને અંગીકાર કરાવેલી. એનો પણ દેહ છૂટી ગયો હતો. જુઓ વાર્તાપ્રસંગ.

વળી, માધવદાસે રાખેલી વેશ્યા પણ અંતે કેવી ભગવદીય બની ગઈ હતી! લીલાના સંબંધો તો દરેકમાં હોય જ છે.

આ બાલિકાના વિષયમાં નીચેનો પ્રસંગ શ્રીહરિરાયજી 'ભાવાપ્રકાશ'માં વર્ણવે છે :

લીલામાં આ બાલિકા લલિતાજીની સખી બહુભાષિની હતી. એક દિવસ તે પ્રભુને આરોગવાની મિશ્રી પીસીને લાવતી હતી. વચમાં કોઈ સખી સાથે વાતો કરવા રહી. એના મુખમાંથી છાંટો મિશ્રીમાં પડ્યો. લલિતાજીએ આ જોયું. એમણે આ કહ્યું, છતાં એણે માન્યું નહિ. ઊલટું દલીલો કરવા મંડી ગઈ. આ અભિમાનદોષ. લલિતાજીને રીસ ચઢી અને શાપ અપાઈ ગયો, 'તું ભૂતલ ઉપર હીન જગાએ જન્મીશ.'

બહુભાષિની પણ બોલી ગઈ, 'તમે શૂદ્રને ત્યાં જન્મ લેશો અને મારો ઉદ્ધાર કરશો.' આમ પરસ્પર શાપ અપાયેલો અને એ જ બધું બની ગયું.

(૫) કૃષ્ણદાસે દ્રવ્ય આપ્યું તે મંદિરનું જ હશે. પણ પ્રભુના સુખાર્થે કાર્ય હોવાથી એ બાધક ન થાય. પોતાના લૌકિક શોખ અર્થે હોત તો બાધક થાત.

(૬) વાર્તામાં એક સંદેહ રહે કે બ્રહ્મસંબંધ વિના એ છોકરીને લીલાપ્રાપ્તિ કેમ થઈ શકે? શ્રીહરિરાયજી ભાવપ્રકાશમાં સ્પષ્ટ કરે છે કે કૃષ્ણદાસના હૃદયમાં શ્રીમહાપ્રભુજી બિરાજે છે. કૃષ્ણદાસે એને પદ શીખવ્યું તે દ્વારા શ્રીવલ્લભનો સંબંધ એને કરાવ્યો છે. આ અપવાદરૂપ કિસ્સો ગણી શકાય. લીલામાં પણ એને બ્રહ્મસંબંધ થઈ શકે.

મથુરાના એક નાગરની પુત્રીને શ્રીગુસાંઈજીએ લીલામાં બ્રહ્મસંબંધ કરાવેલું એવો પ્રસંગ છે.

(૭) આ નૃત્ય ભોગ સમયે જ શા માટે કરાવ્યું. ભોગનો સમય એ શ્રીઠાકોરજીને વનમાંથી ઘેર પધારતી વખતનો સમય છે. માર્ગમાં ગમે તે જીવોને દર્શન થાય, અંગીકાર થાય. જેને ઘરમાં પ્રવેશ ન કરાવાય તેને પણ માર્ગમાં મળી શકાય.

(૮) બાલિકાનો જન્મ માત્ર વેશ્યાને ત્યાં થયો છે, એને પરપુરુષનો સંબંધ થયો નથી. એ નિર્દોષ છે. સામાન્યા છતાં શુદ્ધ છે. એને અંગીકાર કરાવવામાં કોઈ દોષ પ્રાપ્ત થતો નથી. કૃષ્ણદાસનું આ કાર્ય ઉત્તમ છે.

●

● ગંગાબાઈની દૃષ્ટિ પડતાં શ્રીજી રાજભોગ ન આરોગ્યા

કૃષ્ણદાસના વ્યક્તિત્વનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો હતાં. સત્યનિષ્ઠા, વિચક્ષણ બુદ્ધિ, હિંમત, સુદૃઢ ભક્તિભાવ; ઉપરાંત ભગવત્કૃપા!

પ્રારંભમાં શ્રીવલ્લભે કૃષ્ણદાસને પરદેશ ફરીને શ્રીજીની ભેટ ઉઘરાવી લાવવાની સેવા સોંપેલી. એમાં એમણે સારી કુનેહ વાપરી હતી. ત્યારે પુષ્ટિમાર્ગનો પ્રારંભ હતો. નવા ચીલા પાડવાના હતા. ક્યાં, કોની સાથે, કઈ રીતે કામ લેવાથી શ્રીજીની અધિક ભેટ પ્રાપ્ત થાય; એ ભેટ દ્વારા દૈવી જીવોની સેવા અંગીકાર થાય. સાથે એ જીવો પણ માર્ગ પ્રત્યે આકર્ષાય, એમને ભગવદ્‌ભાવ સ્ફુરિત થાય. આ બધું જોવાનું હતું.

કૃષ્ણદાસની વિચક્ષણતા એમાં ઘણી કામમાં આવતી. એ સમયમાં એક વાર એ મથુરા ગયા, ત્યારે ત્યાં તેઓ ગંગાબાઈ નામની એક ક્ષત્રાણીના પરિચયમાં આવ્યા. એમને લાગ્યું કે આ લીલાનો જીવ છે. અત્યારે તો સંસારાસક્ત છે, પણ એ સુધરી જશે. એને સત્સંગની જરૂર છે. આથી, કૃષ્ણદાસે

ગંગાબાઈને શ્રીજી પ્રત્યે આકર્ષણનો મનોરથ કર્યો. ભક્તનો મનોરથ ભગવાન સિદ્ધ કરે છે. પ્રભુ કૃપા કરે, ત્યારે શું અસંભવિત છે?

મથુરાના એક ક્ષત્રિયની પુત્રી એ ગંગાબાઈ. અગિયારમે વર્ષે એનું લગ્ન થયેલું. નવ પુત્રો થયા, પણ એકેય જીવ્યો નહિ. છેવટે એક પુત્રી થઈ તે જીવી. કોઈ ધનિક કુટુંબમાં એને પરણાવી. અમુક સમય પછી એ પુત્રી પણ ગુજરી ગઈ. તે વખતે એ પિયરમાં આવેલી હતી. આવતી વખતે લાખેક રૂપિયાના દાગીના સાસરેથી સાથે લાવી હતી. એ મરી ગઈ એટલે દાગીના ગંગાબાઈના ઘરમાં રહ્યા. રિવાજ મુજબ એ સાસરિયાંને સોંપવાના હોય; પણ ગંગાબાઈએ સ્વભાવગત સ્ત્રીસહજ લોભને વશ થઈને તે સોંપ્યા નહિ. એમાંથી ઝઘડા થયા. મથુરાના હાકેમ પાસે કેસ ચાલ્યો, પણ હાકેમને લાલચ આપીને ગંગાબાઈએ મુકદમો પોતાના લાભમાં ઉતાર્યો. એ દાગીના એની પાસે જ રહ્યા.

આમ તો એ બાઈ ધાર્મિક બુદ્ધિની હતી. સારાં કામોમાં ધનનો વ્યય કરતી. કૃષ્ણદાસને શ્રીજીની ભેટ પણ સારા પ્રમાણમાં આપવા લાગી. કૃષ્ણદાસ પણ એને સ્વમાર્ગ પ્રત્યે આકર્ષવા સુંદર ભગવદ્-વાર્તા કરતા, માર્ગના સિદ્ધાંતો સમજાવતા, શ્રીમહાપ્રભુજીનો પ્રતાપ વર્ણવતા અને શ્રીજીદ્વાર આવવા માટે આમંત્રણ પણ આપતા.

મથુરા નગરીમાંથી શ્રીજીને અંગીકાર કરાવવા યોગ્ય સુંદર વસ્તુઓ લઈને એ બાઈ ઘણી વાર શ્રીજીદ્વાર આવતી. કૃષ્ણદાસે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરીને એને આપશ્રીની સેવક કરાવી હતી. જોકે શરૂઆતમાં તો એની ચિત્તવૃત્તિ લૌકિકમાં વિશેષ હતી. સામાન્યતઃ બીજા ધનિકોની જેમ, એને ખાનપાનનો શોખ પણ ઘણો હતો. કૃષ્ણદાસ શ્રીનાથજીનો ઉત્તમ મહાપ્રસાદ વારંવાર એને ઘેર મોકલતા.

આ માર્ગ એવો છે કે જેને જે રસ હોય, તે રસ દ્વારા એ જીવ માર્ગ પ્રત્યે આકર્ષાય છે. ખાવા-પીવાનો, પહેરવા-ઓઢવાનો, નાચવા-ગાવાનો, જોવા-સાંભળવાનો, જે કોઈ શોખ હોય તે પ્રભુ-સંબંધી બની જાય છે. જેને કોઈ શોખ કે રસ નથી, તેનો આ પ્રકારે અંગીકાર થતો નથી. ધનિકોને કંઈક માનપાનની પણ અપેક્ષા રહે છે. વિચક્ષણ કૃષ્ણદાસ ગંગાબાઈનું માન પણ મંદિરમાં જાળવે છે. આ રીતે કરીને એની ઘણી વિત્તજા સેવા અંગીકાર કરાવે છે.

ભગવદીય કૃષ્ણદાસ કવિ છે. કીર્તનો તથા ભગવદ્-વાર્તા દ્વારા ગંગાબાઈને લીલારસનો નાદ પણ લગાડે છે. ટૂંકમાં જોઈએ તો કૃષ્ણદાસ ગંગાબાઈના અતિ નિકટ પરિચયમાં છે, એવું સૌને લાગતું. અલબત્ત, એ સ્નેહ અલૌકિક હતો; પણ દુનિયાની દૃષ્ટિમાં લૌકિક અને અલૌકિક સ્નેહ વચ્ચેની સૂક્ષ્મ ભેદરેખા પારખવાની શક્તિ હોતી નથી.

આ સ્નેહની વાત બધે પ્રસરતી રહી. શ્રીજીના અધિકારી દ્વારા માન પામેલી એ સન્નારી મંદિરમાં સેવકો ઉપર પણ કંઈ ને કંઈ અધિકાર જમાવતી હશે. એ મંદિરમાં ગમે ત્યાં ફરે. એને કોઈ રોકી ન શકે. સત્તાપ્રધાન સ્ત્રી-સ્વભાવને લીધે એ ગમે તેને ગમે તે સંભળાવી પણ દેતી હશે. આમ, ગંગાબાઈની સાથે કૃષ્ણદાસ વગોવાયા. કોઈ કાર્યકર્તા સૌનું મન સાચવી શક્તો નથી. કૃષ્ણદાસ સમર્થ અધિકારી હોવા છતાં, એમના તરફ અમુક અસંતોષ સૌને રહેવા લાગ્યો. કૃષ્ણદાસ અને ગંગાબાઈની વાતો શ્રીગુસાંઈજી પાસે પહોંચવા લાગી.

પરમ કૃપાળુ શ્રીવિઠ્ઠલેશ પોતાના પિતૃચરણના રાખેલા અધિકારીનું માન સાચવતા. કૃષ્ણદાસ સુંદર કાર્ય કરતા તે પણ આપની જાણ બહાર ન હતું. સારા કાર્યકર્તાઓ બીજાઓને અળખા થાય તે પણ પોતે જાણતા; છતાં કૃષ્ણદાસ વિરુદ્ધની વારંવાર આવતી વાતોથી પોતે વિચારમાં પડી જતા. કંઈક કહેવાનું મન થતું, છતાં રોકી રાખતા. કૃષ્ણદાસ ભગવદીય ખરા, પણ અધિકારી હતા. અધિકાર મદ ઉત્પન્ન કર્યા વિના રહે નહિ. કૃષ્ણદાસમાં હવે કંઈક વધુપડતું માનીપણું દેખાતું હતું. આવા અધિકારીને દૂર કરવા મુશ્કેલ હતા. વળી, જો એમ કરવામાં આવે તો તેમના જેવો અધિકાર કરનાર બીજું કોઈ હતું નહિ.

બીજું પણ કંઈક વિચારણીય હશે. કૃષ્ણદાસ શ્રીવલ્લભના નીમેલા અધિકારી. એમને કાઢવા હોય તો કોણ કાઢી શકે? કાયદાની રૂએ શ્રીમહાપ્રભુજીના મોટા પુત્ર શ્રીગોપીનાથજી અને તત્પુત્ર શ્રીપુરુષોત્તમજી ખરેખર તો ગાદીના માલિક અને વારસ ગણાય. એ કદાચ કાઢી શકે. પરંતુ પ્રભુચરણ શ્રીવિઠ્ઠલેશનો દરેક ક્ષેત્રમાં અધિક પ્રભાવ હોવાથી આપશ્રી બધો કાર્યભાર સંભાળતા; પરંતુ માલિકીહકથી શ્રીવિઠ્ઠલેશ કૃષ્ણદાસને કાઢી શકે નહિ. તેથી કૃષ્ણદાસ વિરુદ્ધ આવતી ફરિયાદોને લીધે પોતે દ્વિધામાં પડી જતા. કંઈક કહેવું જોઈએ, પણ પોતે કહી શકતા નહિ. ઘણી વાર મનમાં ઊભરો આવી

આવીને શમી જતો. પરંતુ જ્યારે ભગવદિચ્છા જ પ્રેરક બને છે; ત્યારે જે ન કરવું હોય તે પણ આપોઆપ સિદ્ધ થઈ જાય છે.

એક દિવસ સવારનો સમય હતો. ગંગાબાઈ મંદિરમાં આમતેમ ફરતાં હતાં. એ અપરસમાં પણ નહિ હોય. તે વખતે રસોઈઘરમાંથી સામગ્રી લઈને ભીતરિયા નિજ મંદિર તરફ શ્રીજીને રાજભોગ ધરવા જતા હતા. ગંગાબાઈ વચ્ચે આવી ગયાં. એમની દૃષ્ટિ સામગ્રી ઉપર પડી ગઈ. ભીતરિયા તો કંઈ બોલ્યા નહિ. અધિકારીજીનાં માનીતાં ને! એમને કોણ કહી શકે?

રાજભોગ ધરાઈ ગયા. સમય થયો. શ્રીગુસાંઈજીએ ભોગ સરાવ્યા. દર્શન ખુલ્યાં. આરતી વગેરે કરીને અનોસર કર્યા. શ્રીગુસાંઈજીએ ભોજન કર્યું. સૌએ પ્રસાદ લીધો. આપશ્રી ભોજન પછી વામકુક્ષિ કરી રહ્યા હતા, ત્યાં એક અદ્‌ભુત વાત બની ગઈ.

શ્રીનાથજી રામદાસ ભીતરિયા પાસે પધાર્યા. તે પણ સૂઈ રહેલા હતા. શ્રીજીએ ચરણના સ્પર્શથી તેમને જગાડ્યા. રામદાસ હાંફળા હાંફળા દંડવત્ કરીને ઊભા થઈ ગયા. શ્રીજી આજ્ઞા કરે છે : 'રામદાસ, હું ભૂખ્યો છું. આજે મેં રાજભોગ આરોગ્યો નથી.'

રામદાસ હાથ જોડીને વિનંતી કરે છે, 'કૃપાનાથ, આજ આમ કેમ?'

શ્રીજી આજ્ઞા કરે છે, 'રાજભોગની સામગ્રી ઉપર ગંગાબાઈની દૃષ્ટિ પડી ગઈ હતી, તેથી.'

શ્રીજી તો આટલું કહી મંદિરમાં સિધાવ્યા. રામદાસ તરત શ્રીગુસાંઈજી પાસે દોડી ગયા. ચરણારવિંદ દબાવીને આપને જગાડ્યા. બધી વાત કરી, 'કૃપાનાથ, આજે તો આવું બની ગયું છે. શ્રીજી સ્વયં પધારીને મને આજ્ઞા કરી ગયા છે.' શ્રીગુસાંઈજી તત્ક્ષણ ઠાડા થઈ ગયા. ભીતરિયાઓને સત્વરે નવડાવવાની રામદાસને આજ્ઞા કરી. પોતે તરત જ સ્નાન કરવા પધાર્યા.

કૃષ્ણદાસે ગંગાબાઈને મંદિરમાં છૂટો દોર આપવાથી કેવો અનર્થ થઈ ગયો; એ વિચારો આપના મનમાં ઘોળાઈ રહ્યા હતા, પણ અત્યારે વધુ વિચારવાનો સમય નહોતો. શ્રીજી ભૂખ્યા હતા. હવે જલદીમાં જલદી શું થઈ શકે? વડી-ભાત. પોતે આજ્ઞા કરી કે વડી-ભાત સત્વરે સિદ્ધ કરો.

આ સામગ્રી થઈ ગઈ. શ્રીજીને ભોગ ધરાઈ ગયો. સમય થતાં ભોગ સરાવ્યો. આ તો વધારાનો ક્રમ થયો, ફરી રાજભોગ ધરવાનો હતો, સાથે શયનભોગ પણ ખરો જ; કેમ કે બધી સામગ્રીઓ સિદ્ધ થતાં સાંજની સેવાનો સમય પણ થઈ જાય!

સામગ્રીઓ થઈ ગઈ. રાજભોગ-શયનભોગ એકત્ર ધરવામાં આવ્યા. ભોગ સરાવીને શયન-આરતી કરી. આરતી દ્વારા શ્રીજીનું મનોહર સ્વરૂપ પોતે હૃદયમાં પધરાવ્યું. પછી શ્રીજીને પોઢાવીને શ્રીગુસાંઈજી પર્વત પરથી નીચે પધાર્યા. પેલો વડી-ભાત મૂકી રાખેલો, તેમાંથી એક માટીના પાત્રમાં ઠાલવીને આપશ્રી સાથે લાવ્યા હતા. એમાંથી રંચક પોતે લીધો, તો અદ્‌ભુત સ્વાદ જણાયો, એટલે જરા જરા વૈષ્ણવોને પણ આપવા લાગ્યા.

'જુઓ તો, આજે વડી-ભાત શ્રીજી કેવી પ્રીતિથી આરોગ્યા છે? કેવો અદ્‌ભુત સ્વાદ પ્રગટ્યો છે!' અને સૌએ એવો જ સ્વાદ અનુભવ્યો.

રામદાસ કહે છે : 'કૃપાનાથ, વડી-ભાત તો શ્રીજી શીતકાલમાં ઘણી વાર આરોગ્યા છે, પણ આવો સ્વાદ કદીયે આવ્યો નથી.'

શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે, 'દરેક વખતે આવો સ્વાદ ક્યાંથી આવે? આજે તો શ્રીજી ભૂખ્યા હતા; એટલે અધિક સ્વાદથી આરોગ્યા છે.'

કૃષ્ણદાસ બાજુમાં જ આવીને ઊભા હતા. આ બધું કઈ રીતે બન્યું એ કર્ણપરંપરાએ એમની જાણમાં આવી ગયું હતું. એ પણ ગૂંચવાઈ રહ્યા હતા. મનમાં કદાચ એવીયે આશંકા આવી હોય કે મને અને ગંગાબાઈને ઉતારી પાડવાનું આ કોઈ કાવતરું તો નહિ હોય? ગમે તેમ પણ એ ઉદાસ થઈ ગયેલા જણાતા હતા.

શ્રીગુસાંઈજીએ જે કહ્યું તે તેમણે સાંભળ્યું. વિચક્ષણ કૃષ્ણદાસ શ્રીગુસાંઈજીનું મન પારખી ગયા. શબ્દો તો સીધાસાદા હતા, પણ એ કહેતી વખતના મુખભાવ જુદા હતા. કૃષ્ણદાસ એ સહી શક્યા નહિ. એમનાથી પણ વ્યંગમાં બોલાઈ ગયું : 'મહારાજ, આપ કરવાવાળા અને આપ જ આરોગવાવાળા, પછી સ્વાદ કેમ ન આવે?'

આયે શબ્દ તો સીધા જ હતા. ઉપરથી જોતાં એમ લાગે કે 'યજ્ઞકર્તા યજ્ઞભોક્તા' જેવી કોઈક ભાવના એ દર્શાવી રહ્યા હોય! આપ અને શ્રીજી એક

સ્વરૂપ છો, એવું કંઈક એ કહી રહ્યા હોય! પરંતુ એવું ન હતું. ચતુરશિરોમણિ શ્રીવિઠ્ઠલેશ એમના મનની વાત સમજી ગયા. કૃષ્ણદાસના મનમાં એવું આવી ગયેલું કે 'હું મંદિરનો અધિકારી છું. આજે આ બધું નવું બની ગયું. જે બન્યું તેમાં ગંગાબાઈનું નામ આવ્યું; એટલે મારી જ બાબત કહેવાય, છતાં મને શ્રીગુસાંઈજી વાત પણ કરતા નથી. મારા પ્રત્યેનો એમનો આ અણગમો જ દેખાઈ આવે છે ને?'

શ્રીગુસાંઈજી પણ દ્વિધામાં હતા. હૈયાની વાત હોઠ સુધી આવીને રહી હતી. આથી આપશ્રીથી કહેવાઈ ગયું : 'કૃષ્ણદાસ, આ બધું તમારું જ કર્યું ભોગવીએ છીએ.'

કથનનો ઉદ્દેશ સ્પષ્ટ હતો, 'તમે ગંગાબાઈને મંદિરમાં છૂટો દોર આપ્યો, એને લીધે શ્રીજીને આજે ભૂખ્યા રહેવાનો પ્રસંગ આવ્યો!'

આ સાંભળતાં કૃષ્ણદાસને બહુ ખોટું લાગી ગયું, 'પોતાના ગંગાબાઈ સાથેના સ્નેહસંબંધોને લોકો તો વગોવતા હતા; પરંતુ શ્રીગુસાંઈજીએ પણ એ વાત માની લીધી! તો જ આવાં વચન આપના મુખમાંથી નીકળે ને?'

કૃષ્ણદાસના મનમાં થયું : 'અરે, વારસાઈ હક્ક વિરુદ્ધ હું એમને સેવામાં નિભાવી રહ્યો છું, તેનો ગુણ આપ માનતા નથી; તો મારે શા માટે રીત વિરુદ્ધ કરવું જોઈએ? શ્રીપુરુષોત્તમજી શ્રીજીની સેવાના હક્કદાર છે; કેમ કે એ મોટાભાઈના પુત્ર છે. એ શા માટે સેવા ન કરે? શું મારી વાત ન્યાયી નથી?' આમ વિચારતા એ પહોંચ્યા શ્રીપુરુષોત્તમજીની પાસે.

'કૃપાનાથ! સેવાનો અધિકાર આપનો છે. આપ કેમ ચૂપ બેસી રહ્યા છો? શ્રીગુસાંઈજી પોતાનો હુકમ બધે ચલાવે, તે આપ કેમ ચલાવી લો છો? આપનો હક્ક મેળવવા કેમ પ્રયાસ કરતા નથી?' કૃષ્ણદાસજીએ કહ્યું.

શ્રીપુરુષોત્તમજી કહે છે : 'કૃષ્ણદાસ, વાત તો તમારી ખરી છે. મને શ્રીજીની સેવાના અધિકારનું ઘણું મન છે, પણ કાકાજીના પ્રભાવ આગળ મારું શું ચાલી શકે? કોઈ પીઠબળ વિના શું થાય?'

કૃષ્ણદાસ કહે છે : 'આવી કાયરતા ન રાખો. હું તમારી સાથે છું. કાલે સાંજે ઉત્થાપન પહેલાં આપ સ્નાન કરીને મારી સાથે પર્વત પર પધારજો. બાકી બધું હું સાંભળી લઈશ.'

શ્રીમહાપ્રભુજીના રાખેલા અને અત્યંત જબરા બંગાળીઓને જેમણે શ્રીજીની સેવામાંથી કાઢેલા, એ હિંમતબાજ અધિકારી માટે આ કાર્ય કંઈ મુશ્કેલ નહોતું. હા, એક વાત ખરી. કૃષ્ણદાસ ભગવદીય હતા. શ્રીગુસાંઈજીના અલૌકિક સ્વરૂપને જાણતા હતા. આ રીતે કરવાથી આપશ્રીને ભારે કષ્ટ થશે, એનો અપરાધ પડશે; એ પણ એમનાથી અજાણ્યું નહોતું; છતાં (લૌકિક દૃષ્ટિએ જોઈએ તો) અધિકાર-મદ આંખે એવા પાટા બાંધી દે છે કે જ્યારે પોતાનું અહમ્ ઘવાય, ત્યારે માનવીને બીજું કંઈ જ દેખાતું નથી. અધિકારમદમાં એ અંધ બની જાય છે.

આ જ બાબતને અલૌકિક દૃષ્ટિએ જોઈએ, તો લીલાના સંબંધથી જ આ બધું બની રહ્યું છે. શ્રીહરિરાયજીએ 'ભાવપ્રકાશ'માં આ સંકલના સ્પષ્ટ સમજાવી છે, એ બાબત આપણે છેલ્લે વિચારીશું.

બીજું જોઈએ, તો 'આપ સેવા કરી શીખવે શ્રીહરિ' - એ શ્રીવિઠ્ઠલેશ! આપ વિરહ કરીને વૈષ્ણવોને શીખવે, એ જ ભગવદિચ્છા પણ કેમ ન હોય! સંયોગ અને વિપ્રયોગ બંનેનું મહત્ત્વ છે, આ પ્રેમભક્તિ-ભાવમાં!

બીજે દિવસે ઉત્થાપનના સમયથી બે ઘડી પહેલાં કૃષ્ણદાસ શ્રીપુરુષોત્તમજીને પર્વત પર પધરાવી ગયા. પછી નીચે આવીને પોતે દંડવતી શિલા પાસે બેઠા. સમય થતાં શ્રીગુસાંઈજી નિત્યનિયમાનુસાર સ્નાન કરીને પધાર્યા. ઉપર ચઢવા જાય છે, ત્યાં તો કૃષ્ણદાસે કહ્યું : 'શ્રીપુરુષોત્તમજી નાહીને ઉપર સેવામાં પધાર્યા છે. તિલકાયત એ છે, જ્યારે એ આપને બોલાવે ત્યારે જઈ શકશો. હમણાં ન પધારશો. શ્રીગોવર્ધનધરનાં દર્શન આપને નહિ થાય.'

શ્રીવિઠ્ઠલેશ સ્તબ્ધ થઈ ગયા. જાણે વજ્રપાત થયો ન હોય! પોતાનું સર્વસ્વ શ્રીજી. એમની સેવામાં - અરે દર્શનમાંય - પ્રતિબંધ! શ્રીજી વિના તો પોતે એક દિવસ પણ રહી શકતા ન હતા - 'દિવસ એકાર્ધનો વિરહ તે યુગ સમો' - જેમને લાગતો હતો. બધું ન બનવાનું બની ગયું હતું. ગઈ કાલનો પ્રસંગ નજર સમક્ષ તરી રહ્યો હતો. પરિસ્થિતિ વળાંક લઈ ચૂકી હતી; પણ મોટાએ પોતાની મોટાઈ જાળવી રાખી. કૃષ્ણદાસ સામે કોઈ દલીલ કરી નહિ. એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહિ. શ્રીગોવર્ધનધરની ધજાને દંડવત્ કરીને ત્યાંથી જ પોતે પાછા ફરી ગયા. ત્યાંથી સીધા જ પરાસોલી પધાર્યા.

આપનું મન ભારે વિરહ-વેદનાથી ભરાઈ ગયું હતું. આ સંજોગોમાં ગોકુલ જઈને પણ શું કરવું! શ્રીજીના વિરહની મનોદશામાં શ્રીનવનીતપ્રિયજીની સંયોગાત્મક સેવા પણ કેમ બની શકે; અને ત્યાંયે કૃષ્ણદાસ શું નહિ કરે, તે તો વિચારણીય જ હતું.

પોતે ચંદ્ર સરોવર પર જઈને બિરાજ્યા અને વિરહ-વ્યથાની ઊંડી સંવેદનામાં મગ્ન થઈ ગયા. પોતે વિચારી રહ્યા હતા, 'આવું ન બનવા જેવું બધું કેમ બની ગયું?' ત્યાં તો અંતસ્તલમાંથી લીલાના સંબંધો સ્ફુરિત થયા. સમજાઈ ગયું, 'અરે! આ તો બધું બનવાનું જ હતું ને?'

હવે એ રહસ્ય જોઈએ.

● લીલાના શાપનો પ્રસંગ

શ્રીગુસાંઈજીના વિપ્રયોગનું રહસ્ય :

પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણને શ્રુતિ 'રસો વૈ સઃ' કહે છે, એ રસાત્મક છે, શૃંગાર રસનું સાક્ષાત્ સ્વરૂપ છે. શૃંગાર રસમાં બહુનાયકત્વ અને પરકીયા ભાવનું પ્રાધાન્ય છે. પરકીયામાં રસની અધિક્તા હોવાનું રસશાસ્ત્રો વર્ણવે છે. ભગવદીયોએ ભગવાન શ્રીકૃષ્ણની એવી લીલાઓનો અનુભવ કર્યો છે અને કીર્તનોમાં વર્ણન પણ કર્યું છે. લીલાધામમાં તેમજ કૃષ્ણાવતાર સમયે આ ભૂતલ ઉપર પુષ્ટિ-પુરુષોત્તમ શ્રીકૃષ્ણે બહુનાયક બનીને રસરૂપ લીલાઓ કરી છે. અસંખ્ય ગોપીજનોને અલૌકિક સુખ આપ્યું છે. 'ખંડિતા'નાં અનેક પ્રકારનાં પદોમાં આ વર્ણવેલું છે. વળી, આ ભૂતલ ઉપર જે કાંઈ છે તે મૂળ લીલાનું જ પ્રતિબંબ છે. લૌકિકમાં જે પ્રેમમાર્ગ - રસમાર્ગ દેખાય છે, તેમાં આનંદની સાથે ઝઘડા, રિસામણાં-મનામણાં, ઈર્ષ્યા વગેરે પણ હોય છે. એને લીધે વિચિત્ર પરિણામો પણ આવે છે.

મૂળ લીલામાં પણ આ બધું છે, જેનું અહીં પ્રતિબિંબ દેખાય છે. પણ મોટો ફરક એ છે કે ત્યાં આ ઝઘડા-ઈર્ષ્યા, શાપ વગેરે અલૌકિક સ્વરૂપ છે. આ લોકમાં એનું સ્વરૂપ લૌકિક બની જાય છે.

ભગવાનના નિજધામ - ગોલોકમાં, ભગવાનના સ્વરૂપમાંથી શ્રીસ્વામિનીજી પ્રગટ થયાં. એમના સ્વરૂપમાંથી શ્રીચંદ્રાવલીજી પ્રગટ્યાં. એમનામાંથી અસંખ્ય સખીજનો પ્રગટ્યાં. આ બધો પ્રાગટ્ય-પ્રકાર પણ અલૌકિક જ. આ રીતે ત્યાં પ્રભુની લીલા વિસ્તરતી રહી.

ભગવાન અસંખ્ય સખીજનો સાથે નિત્ય નિરંતર વિહારલીલા કરીને, એમને પોતાના આનંદનું પ્રદાન કરતા જ રહે છે; પરંતુ એ બધું એકધારું ન બની જાય, નવીનતા પ્રગટતી રહે એ કાજે રસકૌતુકી પ્રભુ, કોઈક વાર વિયોગ અને વિરહ, ઈર્ષ્યાજનિત રસભર્યાં રુસણાં અને અલૌકિક ઝઘડા પણ કરાવે છે. એ બધી પણ એમની લીલા જ છે.

બન્યું એવું કે એક વાર સખી લલિતાને પ્રિયતમના મિલનની આર્તિ પ્રગટ થઈ. એમણે વિનંતી કરી : 'પ્રાણેશ; આપ મારી નિકુંજમાં પધારીને, ત્યાં જ નિત્યપ્રતિ બિરાજો.' શ્રીઠાકોરજીએ હા કહી.

કોઈ સખી દ્વારા આ વાત શ્રીચંદ્રાવલીજીના જાણવામાં આવી, ત્યારે એમણે ચતુરાઈ પૂર્વક શ્રીકૃષ્ણને એવા વશ કરી લીધા કે એમની કુંજમાં પ્રભુ લાંબો સમય રોકાઈ રહ્યા. એમણે પ્રભુને લલિતાજીને ત્યાં પધારવા દીધા નહિ.

ત્યાં લલિતાજી વિરહ-વેદનાનો અનુભવ કરતાં રહ્યાં. છ માસ જેવો લાંબો સમય વીતી ગયો. આવી વાત લલિતાજી શ્રીસ્વામિનીજીને તો કેમ જણાવી શકે? પરંતુ છેવટે જણાવવી પડી.

તે વખતે શ્રીસ્વામિનીજી પોતે લાગણીવશ બની ગયાં, 'અરે, મારી પ્રિય સખી લલિતાને ચંદ્રાવલીજીએ આવો વિપ્રયોગ કરાવ્યો?'

શ્રીસ્વામિનીજી ઠાકોરજી પાસે પધાર્યાં અને કહ્યું : 'ચંદ્રાવલીજીએ આવું કર્યું! હવે ભૂતલ ઉપર પ્રગટીને, એટલા સમય માટે એમને આપનો વિયોગ થજો. વળી, એટલો સમય તમારે લલિતા સખીને આધીન થઈને રહેવું પડશે.'

શ્રીઠાકોરજી મૌન બનીને આ સાંભળી રહ્યા.

આ વાત કોઈએ શ્રીચંદ્રાવલીજીને કહી. એમને પણ ઘણું દુઃખ થયું. પોતે પરકીયાનાં યૂથાધિપતિ છે. લલિતા આદિ સખીઓ તો પછી પ્રગટ થઈ છે. એ લલિતા આ રીતે શ્રીસ્વામિનીજી પાસે પોતાને શાપ દેવડાવે એ તે કેવું કહેવાય? શ્રીચંદ્રાવલીજીના મુખમાંથી પણ શાપિત વચન નીકળી ગયું, 'લલિતાએ આવું કર્યું છે, તો તે પણ ભૂતલ પર જન્મ લઈને, અમુક સમયે, અપરાધવશાત્ અકાલ મૃત્યુ પામશે અને પ્રેતયોનિ પ્રાપ્ત કરશે. એમાંથી કોઈ એને બચાવી શકશે નહિ. સ્વયં ભગવાનથી પણ એની એ પ્રેતયોનિ નિવૃત્ત નહિ થાય.'

કોઈક સખીએ આ વાત લલિતાજીને કહી, ત્યારે તે અતિ કંપાયમાન થયાં. દોડીને શ્રીસ્વામિનીજી પાસે આવ્યાં. બધી વાત કહી. શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકોરજીને કહ્યું : ‘આ તો મોટો અનર્થ થયો. હવે શું કરીશું?’

શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી લલિતા આદિ સખીજનોને સાથે લઈને શ્રીચંદ્રાવલીજીની નિકુંજમાં પધાર્યાં. યુગલ સ્વરૂપને જોતાં જ પોતે ઠાડાં થઈ ગયાં. ઘણો આદર-સત્કાર કર્યો. સુંદર આસન પર પધરાવ્યાં. પરમ પ્રીતિથી ઉત્તમ સામગ્રીઓ આરોગાવી. પાનનાં બીડાં અંગીકાર કરાવ્યાં. પછી શ્રીચંદ્રાવલીજી હાથ જોડીને સામે ઊભા રહ્યાં.

ત્યારે શ્રીસ્વામિનીજીએ તેમનો હાથ પકડીને પોતાની પાસે બેસાડ્યાં અને પ્રેમથી કહેવા લાગ્યાં : ‘ચંદ્રાવલીજી, તમે મોટાં છો, સમજુ છો. આપણી વચ્ચે કોઈ જુદાઈ ન હોવી જોઈએ. આ મારી સખી લલિતાયે તમારી જ છે ને? છતાં, સંજોગાવશાત્ જે કંઈ બની ગયું, તે ઘણું ખોટું થયું છે. આપના મુખથી એને શાપ અપાઈ ગયો તે ઘણો દુઃખદ છે. હવે એને એમાંથી નિવૃત્ત થવાનો કોઈ માર્ગ આપ જ બતાવો. મારી આટલી નમ્ર માગણી સ્વીકારો.’

પોતાને ઘેર પધારેલાં, પોતાનાં શ્રીસ્વામિનીજીના વચનનું ઉથાપન તો કેમ થાય! લલિતા પણ સામે ચાલીને અહીં આવેલ છે. શ્રીચંદ્રાવલીજી કરુણાર્દ્ર બન્યાં અને બોલ્યાં : ‘ભલે, હું જ એને એ પ્રેતયોનિમાંથી ઉદ્ધારીશ.’

આ સાંભળતા લલિતાજી પણ ઉપકારવશ બનીને ગદ્ગદ્ થતાં શ્રીચંદ્રાવલીજીનાં ચરણમાં પડ્યાં. પોતાના અપરાધની ક્ષમા માગી. શ્રીઠાકોરજી કહે છે : ‘આ સર્વ મારી ઈચ્છાથી જ બન્યું છે. આગળ ભૂતલ ઉપર લીલા પ્રગટ કરવી છે, તે માટે જ આ લીલા રચી છે. કલિયુગમાં દૈવી જીવોને ઉદ્ધારવા માટે સમગ્ર લીલા-પરિકર સહિત હું ભૂતલ પર પ્રગટ થઈશ, ત્યારે આ બધું બનશે. પણ છેવટે સૌ સારું જ થશે, તમે કોઈ ચિંતા ન કરશો.’

હવે, એ સમય જ્યારે આવી પહોંચ્યો, ત્યારે ગોલોકાધિપતિ ભગવાન, શ્રીનાથજીરૂપે શ્રીગિરિરાજમાં પ્રગટ્યા. શ્રીસ્વામિનીજી શ્રીવલ્લભ-સ્વરૂપે પ્રગટ થયાં. આપના સ્વરૂપમાંથી, લીલાની જેમ જ શ્રીચંદ્રાવલીજીરૂપ શ્રીગુસાંઈજીનું પ્રાગટ્ય થયું. સખી લલિતાજીએ કૃષ્ણદાસ રૂપે જન્મ લીધો અને સમય જતાં, લીલાના શાપના પ્રસંગને સત્ય કરવા માટે ઉપર વર્ણવેલા સંજોગો પણ ઉપસ્થિત થયા.

આ બધું વિચારતાં એ ભૂલવા જેવું નથી કે લીલાધામનો આખોયે શાપ-પ્રસંગ તેમજ ભૂતલ પરનો શ્રીગુસાંઈજીનો કૃષ્ણદાસ સાથેનો આ પ્રસંગ – આ બધું જ પ્રભુની લીલારૂપ છે – કેવળ અલૌકિક છે. ભૂતલ પરના જીવોને પ્રભુપ્રાપ્તિ માટે વિરહ થવો જોઈએ. ઉપર જોઈ ગયા તેમ, એ ઉત્કટ વિરહ અવસ્થાનું જીવોને તાદશ દર્શન કરાવવું છે.

વળી, આ બધી લીલાવાર્તાનું શ્રવણ-મનન કરીને દૈવી જીવોની ચિત્ત-વૃત્તિ પ્રભુમાં લાગે, તદર્થ આ અવનવી લીલાઓ પ્રગટ કરવી છે. શંકા-કુશંકાથી, અસંભાવના-વિપરીત ભાવનાથી આ બધું વિચારીએ તો પતન થાય. ખરેખર, આ બધી ભગવદિચ્છાથી બનેલી અલૌકિક ઘટના જ છે.

શ્રીગુસાંઈજી પોતે આ બધું જાણે છે. પરાસોલીમાં બિરાજીને આ બધું વિચારી રહ્યા છે. આપના ચિત્તમાં કૃષ્ણદાસ પ્રત્યે પણ કોઈ અભાવ કે દ્વેષ નથી. ભગવદિચ્છા માનીને વિરહ કરી રહ્યા છે.

● વિજ્ઞપ્તિ પ્રસંગ

આપશ્રી બિરાજે છે ચંદ્ર સરોવર પર, પણ નયનોની મીટ મંડાયેલી રહે છે શ્રીજીના મંદિરની બારી તરફ; તરસ્યું ચાતક જેમ ગગનના મેઘ સામે તાકી રહે છે તેમ. શ્રીજી આપનું વિરહ-દુઃખ સહી શકતા નથી. બિલછુ કુંડ તરફ પડતી નિજમંદિરની બારીમાંથી શ્રીજી વારંવાર આપને દર્શન આપે છે, પણ એ તો દૂરનાં દર્શન ને! એનાથી સંતોષ કેમ થાય?

ભીતરિયા રામદાસજી તેમજ અન્ય સેવાર્થીઓને શ્રીગુસાંઈજી પ્રત્યે અત્યંત પ્રેમ છે. તેઓ તો આપશ્રીની પાસે આવે છે. કૃષ્ણદાસ એમને રોકવાનો પ્રયાસ કરે છે, પણ કંઈ ચાલતું નથી. રામદાસ તો ચોખ્ખું સંભળાવી દે છે – ‘અમે તો જઈશું. તમારે સેવામાં ન રાખવા હોય તો કંઈ નહિ.’ કૃષ્ણદાસ નિરુપાયે ચૂપ થઈ જતા. એવી સેવા કરનાર બીજા કોઈ મળે તેમ નહોતા.

રાજભોગ પછી અનોસર કરાવી, શ્રીજીનું પ્રસાદીબીડું તથા ચરણોદક લઈને, રામદાસ નિત્ય ચંદ્ર સરોવર જતા અને તે આપશ્રીને આપતા. શ્રીગુસાંઈજી પણ પુષ્પો વીણી લાવીને શ્રીજી માટે સુંદર માળા બનાવી રાખતા, તે રામદાસને આપતા. વળી, પોતાનો પ્રેમપત્ર – વિરહવેદના વ્યક્ત કરતો શ્લોક – રચી રાખતા, તે પણ આપતા. રામદાસ માળામાં લપેટીને એ લઈ જતા.

સાંજે શ્રીજીને એ માળા ધરતા અને શ્લોક વંચાવતા. પછી એ પત્ર રામદાસ પોતાની પાસે રાખી લેતા. (એટલે એ શ્લોકો નવ વિજ્ઞપ્તિઓને નામે પ્રગટ થયા છે.) પ્રત્યુત્તરમાં શ્રીજી પોતાના પીકરસથી, સળી વડે પાન ઉપર સંદેશો લખી દેતા. તે બીજે દિવસે રામદાસ શ્રીગુસાંઈજીને પહોંચાડતા. દૂતી દ્વારા પ્રિયતમ સાથે થતી સંદેશાની આટલી આપ-લે પણ ક્યાંથી? વિરહ અવસ્થામાં જીવન ટકાવી રાખવા માટે એ કેટલી બધી ઉપયોગી થતી! આગળ જતાં તો બિલછુવાળી બારીમાંથી થતાં દર્શન પણ બંધ થયાં, ત્યારે આ એક જ પ્રકાર જીવનતંતુને ટકાવી રાખવા માટે બાકી રહ્યો હતો!

કૃષ્ણદાસ એક વાર આન્યોર આવેલા, ત્યારે તે જોઈ ગયા કે શ્રીજી બારીમાંથી આપને દર્શન આપે છે. જઈને તરત જ એ બિલછુવાળી બારી એમણે પુરાવી દીધી. એમને એવી બુદ્ધિ સૂઝી, એ પણ ભગવદિચ્છા જ છે ને! વિરહની પરાકાષ્ઠાના અનુભવમાં તો અલ્પ સંયોગસુખ પણ આનંદદાતા જ નીવડે ને? શ્રીગુસાંઈજીની વેદના દિવસે દિવસે વધતી જ ગઈ.

લીલાનાં શાપિત વચનો અનુસાર આમ છ માસ વીતી ગયા. પોષ સુદ છઠ થી અષાઢ સુદ પાંચમ સુધીનો સમય વિરહ-વેદનામાં વીત્યો. છેવટે એની અવધિ આવી. બાદશાહના માનીતા બિરબલ શ્રીગોકુલ આવી ચઢ્યા. શ્રીગુસાંઈજી પ્રત્યે એમને ઘણો આદરભાવ હતો. એ આપનાં દર્શન માટે આવ્યા, પણ આપ તો ત્યાં નહોતા. શ્રીગિરિધરજીએ બનેલો બધો પ્રસંગ બિરબલને સમજાવ્યો. શ્રીગુસાંઈજી પારાવાર વિરહકષ્ટ ભોગવી રહ્યા છે, તે વાત પણ કહી. બિરબલના મન પર એની ઘણી અસર થઈ. એમણે કહ્યું : 'હું હમણાં જ મથુરા જઈને એનો ઉપાય કરું છું.'

મથુરાની ફોજદારી બિરબલની હતી. એમણે પાંચસો માણસોને શ્રીગોવર્ધન તરફ મોકલ્યા અને હુકમ ફરમાવ્યો કે 'કૃષ્ણદાસ અધિકારીને પકડીને અહીં લાવો.' આમ, કૃષ્ણદાસને મથુરા લાવીને કેદ કરી લેવામાં આવ્યા. પછી તરત જ શ્રીગિરિધરજીને સંદેશો મોકલ્યો કે 'શ્રીગુસાંઈજીને ગિરિરાજજી ઉપર મંદિરમાં પધરાવો. હવે કોઈ આપને રોકી શકશે નહિ. મેં બધો બંદોબસ્ત કરી દીધો છે.'

સંદેશો મળતાંવેંત જ, રાતમાં શ્રીગિરિધરજી ઘોડા ઉપર બિરાજીને પરાસોલી પધાર્યા. આપશ્રીને વિનંતી કરી : 'હવે આપ શ્રીગિરિરાજ ઉપર મંદિરમાં પધારો. શ્રીજીનાં સેવાશૃંગાર કરો.'

શ્રીગુસાંઈજી પૂછે છે : 'અરે, ગોવર્ધન! હું કેમ કરીને ત્યાં આવું? કૃષ્ણદાસની રજા વિના ત્યાં થોડું જ અવાય છે?'

શ્રીગિરિધરજી કહે છે : 'કૃષ્ણદાસને તો બિરબલે મથુરામાં કેદ કરી લીધા છે અને મને જણાવ્યું છે કે શ્રીગુસાંઈજીને મંદિરમાં પધરાવો. હવે કોઈ રોકટોક કે કશી કનડગત થશે નહિ.'

'અરે ગોવર્ધન, તમે જ બિરબલને વાત કરી હશે ને! તે તો ઠીક, પણ મારા તાતચરણના કૃપાપાત્ર ભગવદીય અને શ્રીજીના માનીતા અધિકારી સેવકને કેદમાં પૂર્યા છે? એમને આવું કષ્ટ!'

લાંબા વિરહથી આપશ્રીનું હૃદય અતિ આર્દ્ર બની ગયું હતું. પોતે કરુણાનું જાણે સાક્ષાત્ સ્વરૂપ! મોટાની મોટાઈનીયે પરાકાષ્ટા આવી ગઈ. જેણે પોતાને આટલી પ્રબળ વેદના કરાવી, એને માટે જ લાગણી ઊભરાઈ આવી. પોતે કહે છે : 'ગોવર્ધન, જ્યાં સુધી કૃષ્ણદાસને જેલમાંથી મુક્ત નહિ કરે, ત્યાં સુધી હું જળ પણ નહિ લઉં.'

શ્રીગિરિધરજી ઘોડા ઉપર તરત મથુરા પહોંચ્યા. બિરબલને મળ્યા. શ્રીગુસાંઈજીની વાત એમને સમજાવી, 'આપશ્રી હઠ લઈને બેઠા છે કે કૃષ્ણદાસ છૂટે નહિ ત્યાં સુધી પોતે જળ પણ નહિ લે!'

બિરબલ આશ્ચર્યચક્તિ થયા. આ નિર્વૈરતા અને ક્ષમાશીલતા જોઈને શ્રીગુસાંઈજી પ્રત્યેનો એમનો આદરભાવ ઘણો વધી ગયો. બિરબલે તરત કૃષ્ણદાસને કેદમાંથી બહાર કઢાવીને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું : 'જુઓ કૃષ્ણદાસ; શ્રીગુસાંઈજીની ઉદારતા તો જુઓ! તમે એમને આટઆટલું કષ્ટ આપ્યું; છતાં એ તમને કષ્ટમાંથી છોડાવવાનું વિચારી રહ્યા છે. તમે નહિ જાઓ, ત્યાં સુધી એ જળ પણ લેવાના નથી. પૂછો આ ગિરિધરજીને.'

શ્રીગુસાંઈજીનો નિર્ણય શ્રીગિરિધરજીએ તેમને સમજાવ્યો. કૃષ્ણદાસ ગદ્ગદિત થઈ ગયા. એમને પણ પોતાના અપરાધ માટે પારાવાર પશ્ચાત્તાપ થઈ રહ્યો હતો.

વધુમાં બિરબલે કહ્યું : 'કૃષ્ણદાસ, આ વખતે તો તમને છોડું છું; પણ હવે પછી જો કદીયે શ્રીગુસાંઈજી સાથે બગાડશો કે એમને કનડશો, તો ફરી નહિ છૂટો, એ બરાબર ધ્યાનમાં રાખજો.'

શ્રીગિરિધરજી કૃષ્ણદાસને સાથે લઈને પરાસોલી પધાર્યા. એમને આવતા જોઈને શ્રીગુસાંઈજી આદરથી ઊભા થયા, પણ કૃષ્ણદાસે તો આપનાં ચરણ પકડી લીધાં. આંખમાં અશ્રુધારા સાથે લાંબા થઈને સાષ્ટાંગ દંડવત્ કર્યાં, 'કૃપાનિધાન, હું આપનો અપરાધી છું. મારો અપરાધ ક્ષમા કરો. આપ શ્રીજીની સેવામાં પધારો.'

શ્રીગુસાંઈજીએ એમને બેઠા કર્યા. પોતે બોલ્યા : 'તમારો અપરાધ શ્રીનાથજી ક્ષમા કરશે. હવે તમારી રજા છે, તો શ્રીજીની સેવામાં ચાલીશું.' પછી કૃષ્ણદાસની સાથે આપશ્રી પર્વત પર પધાર્યા. વર્ષાઋતુના આરંભનો કસૂંબા છઠનો દિવસ હતો. વર્ષાનો આરંભ થતાં તરસ્યા ચાતકને નવજીવન પ્રાપ્ત થાય, તેમ આપશ્રીના હર્ષનો પાર નહોતો. શ્રીજીની પ્રસન્નતાનું તો પૂછવું જ શું? આપ તો સૂના સૂના થઈ ગયા હતા.

અપરસમાં પોતે નિજમંદિરમાં પધાર્યા. પ્રાણપેષ્ઠને નયનો ભરીને નિહાળ્યા. જે ગોષ્ઠિ કરવી હશે તે કરીને સુંદર શૃંગાર ધરાવ્યો. કસુંબી વાગા-કુલ્હે, પિછવાઈ વગેરે ધરાવ્યું. હવે તો સર્વત્ર રંગીનતા આવી જાય ને? સેવાક્રમ પૂર્વવત્ ચાલુ થઈ ગયો.

કૃષ્ણદાસ ત્યાં બેઠા બેઠા શ્રીગુસાંઈજીની અતુલિત કૃપાનું સ્મરણ કરી રહ્યા છે. એમના ભગવદીય કવિ-હૃદયમાંથી આપશ્રીની અલૌકિક્તા સ્ફુરી રહી છે અને ગાઈ રહ્યા છે -

તાહિકો સિર નાઈયે, જો શ્રીવલ્લભ-સુત પદરજ રતિ હોય;
કીજૈ કહા આન ઊંચે પદ, તિનસોં કહા સગાઈ મોય. ૧.
જાકે મનમેં ઉગ્ર ભરમ હૈ, શ્રીવિટ્ઠલ શ્રીગિરિધર દોય;
તાકો સંગ વિષયવિષ હુ તેં, ભૂલે ચતુર કરો જિન કોય. ૨.
સારાસાર વિચાર મતો કરિ, શ્રુતિ-વચ ગોધન લિયો નિચોય;
તહાઁ નવનીત પ્રગટ પુરુષોત્તમ, સહજ હિ સો રસ લિયો બિલોય. ૩.
ઉગ્ર પ્રતાપ દેખિ અપને ચખ, અસ્મસાર જ્યોં ભિદૈ ન તોય;
'કૃષ્ણદાસ' સુરતેં અસુર ભયે, અસુરતેં સુર ભયે, ચરનન છોય. ૪.

(ભાવાર્થ : પોતાના અપરાધનો પ્રબળ પશ્ચાત્તાપ થતાં, શ્રીગુસાંઈજીનું અલૌકિક સ્વરૂપ, પુનઃ હૃદયમાંથી સ્ફુરિત થયું; તે કૃષ્ણદાસ ગાઈ રહ્યા છે :

(૧) શ્રીવિઠ્ઠલેશનાં ચરણકમલમાં જેને પ્રીતિ હોય, તેને જ મારું મસ્તક નમાવીશ. બીજો ગમે તેવો મોટો ચમરબંધી હોય, એની સાથે મારે શું લેવાદેવા છે?

(૨) અરે, જેના મનમાં એવો ભ્રમ પેસી ગયો હોય કે શ્રીગુસાંઈજી અને શ્રીઠાકોરજી જુદા છે, તેવાઓનો સંગ તો ઝેર કરતાંયે ઝેરી છે. ઓ બુદ્ધિમાનો! તમે ભૂલથીયે એવાઓનો સંગ ન કરશો (નહિ તો તમે પણ મારી જેમ બહિર્મુખ થશો.)

(૩) વેદવચનોનો નિચોડ કાઢીને, શ્રુતિઓરૂપી ગોરસ વલોવતાં, નીકળેલું નવનીત (વેદની શ્રુતિઓનું સારતત્ત્વ) તે પ્રગટ પુરુષોત્તમ એવા શ્રીવિઠ્ઠલેશ જ છે.

(૪) મેં મારી નજરે આપનો પ્રગટ પ્રતાપ ઘણી વાર જોયેલો છે; છતાં મારું કાળા પત્થર જેવું હૃદય એનાથી પલળ્યું નહિ. તેથી હું દૈવી છતાં આસુરી જેવો બની ગયો છું (મારાથી એમનો અપરાધ થઈ ગયો); પણ હવે એમના ચરણના સ્પર્શથી, એમની કૃપાથી, હું પાછો સુર બની ગયો છું, હોં!)

શ્રીગુસાંઈજી પધારવાથી સેવકોને તેમજ ભગવદીયોને પરમ આનંદ થયો. સાંજે શયન-આરતી પછી આપશ્રીએ કૃષ્ણદાસને શ્રીજીની સન્મુખ બોલાવ્યા. એમના તરફ કૃપાદૃષ્ટિ કરી અને એમને દુશાલો ઓઢાડતાં આજ્ઞા કરી : 'કૃષ્ણદાસ, તમે શ્રીજીનો અધિકાર સુંદર રીતે કરો છો, અને કરતા રહો. તમને ધન્ય છે.'

કૃષ્ણદાસ અધિક લાગણીવશ ગદ્ગદ્ બની ગયા. એમની વાણીમાંથી કીર્તન સ્ફુર્યું -

પરમ કૃપાલ શ્રીવલ્લવંદન, કરત કૃપા નિજ હાથ દૈ માથેં;
જે જન શરણ આઈ અનુસરહી, ગહિ સૌંપત શ્રીગોવર્ધનનાથેં. ૧.
પરમ ઉદાર ચતુર ચિંતામણિ, રાખત ભવ-ધારા બહિ જાતે;
ભજ 'કૃષ્ણદાસ' કાજ સબ સરિહૈં, જો જાનેં શ્રીવિઠ્ઠલનાથેં. ૨.

વાહ! કેવું ભાવવાહી પદ. શ્રીવલ્લભકુલની આરતી વખતે આ પદ સર્વત્ર ગવાય છે. આ પ્રસિદ્ધ કીર્તન છે. ભાવાર્થ પણ સરળ છે.

(શબ્દાર્થ : નિજ = પોતાનો, અનુસરહી = એમના માર્ગમાં ચાલે, ગ્રહ = હાથ પકડીને, રાખત ભવધારા બહિ જાતે = સંસાર-સાગરમાં વહી જતા જીવોને જે બચાવી લે છે, 'કાજ... જો જાને' = જેઓ એમના સ્વરૂપને ઓળખે છે, તેનાં સર્વ કાર્યો સિદ્ધ થાય છે.)

ભગવાન શ્રીકૃષ્ણે પોતાને ભારે પરિશ્રમ આપનાર ઈન્દ્ર ઉપર પણ અંતે તો કૃપા કરી જ હતી ને! શ્રીગુસાંઈજીએ પણ એ જ કર્યું. ઉભય એક જ સ્વરૂપ ખરાં ને?

છીત સ્વામીનો અનુભવ પણ એ જ કહે છે :

છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ,
તેઈ એઈ, એઈ તેઈ, કછુ ન સંદેહ.

ધન્ય શ્રીવિઠ્ઠલેશ! ધન્ય આપની અલૌકિક લીલાઓને!

● અપરાધની શિક્ષા

કૃષ્ણદાસ શ્રીજીના મંદિરનો અધિકાર કુશળતાથી કર્યે જાય છે. હવે એ વૃદ્ધ થયા છે. એંસી વર્ષ જેવી વય થાય છે. સંવત ૧૬૩૩માં એક દિવસ એવું બન્યું કે કોઈ એક વૈષ્ણવે ત્રણસો રૂપિયા એમને આપીને કહ્યું : 'અધિકારીજી, મારી ઈચ્છા અહીં એક કૂવો બનાવરાવવાની છે, જે સેવામાં ઉપયોગી થાય; પરંતુ મારે વતન જવાની ઉતાવળ છે. આપ આ રૂપિયા રાખો. એમાંથી કૂવો બનાવરાવજો.

કૃષ્ણદાસે રૂપિયા લીધા. તેમાંથી રૂા. ૨૦૦/- બહાર રાખી, બાકીના રૂા. ૧૦૦/- બાગમાં આંબા નીચે દાટ્યા. બધી રકમની તાત્કાલિક જરૂર નહોતી, તો વધારાની રકમનું જોખમ શા માટે રાખવું? પૂછ'રી પાસે બાગમાં કૂવો બનાવવાનું કામ માણસોને સોંપ્યું. એમાં બસો રૂપિયા ખર્ચાઈ ગયા. હવે ઉપરનો કાંઠો ચણાવવાનો બાકી હતો.

એક દિવસ કૃષ્ણદાસ શ્રીજીનાં ઉત્થાપનનાં દર્શન કરીને બાગમાં એ કૂવો જોવા ગયા. હાથમાં લાકડી હતી તે કૂવા ઉપર ટેકવીને અંદર નજર કરવા ગયા, ત્યાં તો ઉપર કાચી માટીની ભેખડ હતી તે ધસી પડી. લાકડી સરકી અને કૃષ્ણદાસ કૂવામાં પડી ગયા.

બૂમાબૂમ થઈ ગઈ. લોકો ભેગા થયા. કોઈ દોરડાં ને ટોપલા લાવ્યા. એ અંદર નાખ્યાં, પણ કંઈ પત્તો ન લાગ્યો; એટલે બે માણસોને અંદર ઉતાર્યા.

એમણે છેક તળિયા સુધી ડૂબકીઓ મારીને પૂરી તપાસ કરી, છતાં એમનો દેહ પણ મળ્યો નહિ. બહુ નવાઈ જેવું બની ગયું!

કોઈએ આવીને શ્રીગુસાંઈજીને સમાચાર આપ્યા. પાસે રામદાસ બેઠેલા હતા. રામદાસથી સહજ બોલાઈ ગયું : 'તામસાનાં અધોગતિઃ ।' (તામસ પ્રકૃતિના જીવોની અધોગતિ થાય છે.)

પરંતુ શ્રીગુસાંઈજીએ એમને વાર્યા અને કહ્યું : 'રામદાસ, આમ ન બોલો. કૃષ્ણદાસ શ્રીમહાપ્રભુજીના પરમ કૃપાપાત્ર હતા. કૂવામાં પડ્યા, તો શું થઈ ગયું? આ તો બધી લીલા છે. લીલાનો ભેદ તમે શું જાણો?'

મોટાએ છેવટ સુધી પોતાની મોટાઈ ન છોડી. એવી એમની મહોદારતા! જોકે સેવકો અને ભગવદીયોને કૃષ્ણદાસ પ્રત્યે અણગમો થયો હોય એ સ્વાભાવિક છે.

● નવા અધિકારી કોને નીમવા?

હવે નવો પ્રશ્ન એ ઉપસ્થિત થયો કે શ્રીનાથજીના મંદિરના અધિકારી કોને નીમવા? શ્રીગુસાંઈજી પોતે દ્વિધામાં પડી ગયા. વ્યક્તિની પસંદગી કરવામાં આપ તો પૂરા ચતુર હતા; પરંતુ ગૂંચવણ જુદી હતી. પોતે જોયું કે કૃષ્ણદાસ જેવા મહાન ભગવદીયની પણ અધિકાર કરતાં જો આ દશા થઈ, તો બીજા સામાન્ય જીવનું શું? એ ચૂકે ત્યારે એનું અહિત જ થાય અને મારે એમાં કારણરૂપ બનવાનું! એ તો સારું ન કહેવાય.

આપશ્રી આમ વિચારી રહ્યા હતા. રામદાસ આપની પાસે બેઠા હતા. પોતે વાત કરી, 'રામદાસ હવે અધિકાર કોણ કરશે?'

રામદાસ વિનંતી કરી છે, 'કૃપાનાથ, આપ જેને આજ્ઞા કરશો, તે કરશે. કોણ ના કહે? શ્રીજીની આવી સેવા તો ભાગ્યથી મળે ને!'

આપશ્રી કહે છે, 'રામદાસ, એ તો ખરું. અધિકારીની જરૂર પણ ખરી; પરંતુ બીજું પણ સાથે ખાસ વિચારવા જેવું છે. કૃષ્ણદાસનું જે થયું તે તો આપણે સૌએ જોયું ને? આથી સામે ચાલીને હું કયા જીવનું અહિત કરું? કોનું બગાડું? કોઈને એવી આજ્ઞા મારાથી કેમ થાય?'

રામદાસ સમજી ગયા. વાત પણ ખરી હતી. એ મૌન રહ્યા. આપશ્રીના મનમાં એ જ વાત ઘોળાઈ રહી હતી. પોતે શ્રીજીની શયન-આરતી કરવા

પધાર્યા. શ્રીજીને વિનંતી કરી : ‘બાવા, હવે મંદિરનો અધિકાર કોણ કરે? હું તો કોઈનું એવું અહિત નહિ કરું. આપ આજ્ઞા કરો તેને સોંપું.’

શ્રીજી આજ્ઞા કરે છે : ‘તો હુંયે કોનું બગાડું? પણ એક ઉપાય બતાવું. એવું જાહેર કરો કે મંદિરનો અધિકાર જેને કરવો હોય, તેણે જાતે આવીને અધિકારીનો ઉપરણો ઓઢી લેવો.’

આ વાત આપશ્રીને ગમી ગઈ. હૈયાનો ભાર હળવો થયો. પછી આ કાર્ય માટે યોગ્ય ગણાય એવી વ્યક્તિઓને બોલાવી, પોતે ઉપરની જાહેરાત કરી. એક ક્ષત્રિય વૈષ્ણવ તૈયાર થયા. એમણે સ્વેચ્છાએ ઉપરણો ઓઢી લીધો અને એ પ્રશ્ન પતી ગયો.

● પ્રેતયોનિમાંથી ઉદ્ધાર

કેટલોક સમય વીતી જાય છે. એક દિવસ શ્રીગિરિરાજજીની તળેટીમાં, પૂછ’રીની પાસે કેટલાક ગ્વાલબાલોની દોડાદોડ ને ચીસાચીસ સંભળાય છે.

પાછું કંઈક અવનવું બની ગયું! શ્રીનાથજીની ખોવાયેલી ભેંસ શોધવા માટે ગોપીનાથદાસ ગ્વાલ, બીજા ગોવાળિયાઓને સાથે લઈને ફરવા નીકળ્યા છે. ફરતાં ફરતાં એક પીપળના ઝાડ નીચે આવી પહોંચે છે. ત્યાં ઝાડ ઉપર એક પ્રેત બેઠેલો દેખાય છે. બધા ભડકે છે. ગભરાઈને બધા ચીસો પાડે છે, ત્યાં તો ઝાડ ઉપરથી અવાજ આવે છે, ‘ભાઈ ગોપીનાથ, જય શ્રીકૃષ્ણ.’

ગ્વાલોમાં કંઈક હિંમત આવે છે. ધારીને જુએ છે તો કૃષ્ણદાસ દેખાય છે. ‘અરે, આપ અહીંયાં? આ રૂપમાં? આ બધું શું થઈ ગયું?’ ગોપીનાથ આશ્ચર્યચક્તિ થતાં પૂછે છે.

‘ભાઈ, તને શું કહું? મારી તો આ દશા થઈ છે, તે શ્રીગુસાંઈજીના અપરાધની જ શિક્ષા છે! હું ઘણો જ દુઃખી થાઉં છું. ભાઈ, તું મારો સંદેશો શ્રીગુસાંઈને ન પહોંચાડે?’

‘પહોંચાડીશ, જરૂર કહીશ. બોલો.’ ગ્વાલે ઉત્તર આપ્યો.

‘તું મારી જે આ દશા જુએ છે તે આપશ્રીને નિવેદન કરજે અને મારો ઉદ્ધાર કરવાની વિનંતી કરજે. વળી, કહેજે કે મારો ઉદ્ધાર આપના વિના અન્ય કોઈ કરી શકે તેમ નથી.’

‘ભાઈ ગોપીનાથ, શ્રીનાથજી અહીં આ વૃક્ષ નીચે ખેલવા પધારે છે. મને દર્શન પણ આપે છે; પણ એ મારો ઉદ્ધાર કરતા નથી. ભાઈ, શ્રીગુસાંઈજી કદાચ ન માને તો નિશાની આપજે. બાગમાં આંબાના વૃક્ષ નીચે કુલડીમાં ભરીને રોકડ રૂા. ૧૦૦/- દાટ્યા છે. તપાસ કરાવો. નીકળે છે કે નહિ? મારા સિવાય તે કોઈ જાણતું નથી. કૂવાનો કાંઠો બનાવવા માટે ત્યાં દાટી રાખેલા છે. એ કાર્ય આપશ્રી પૂરું કરાવે, એમ પણ મારા વતી વીનવજે. અને તમે જે ભેંસ શોધવા નીકળ્યા છો, તે તો પેલી સઘન ઘટાની વચ્ચે ચરી રહી છે.’ કૃષ્ણદાસે માહિતી આપી અને ત્યાંથી જ ભેંસ મળી ગઈ.

પછી ગોપીનાથદાસે જઈને શ્રીગુસાંઈજીને બધી વાત કરી. પૂરો સંદેશો પહોંચાડ્યો. સો રૂપિયાની વાત કરી અને ભેંસ વિષે પણ કહ્યું. આપશ્રી બહુ જ વિચારમાં પડી ગયા, ‘અરે કૃષ્ણદાસને આવું દુઃખ! હવે મારે કંઈક કરવું જ પડશે.’

શ્રીગુસાંઈજીએ ઝાડ નીચે દાટેલા રૂા. ૧૦૦/- કઢાવીને કૂવાનો કાંઠો પૂરો કરાવ્યો. પછી મથુરા પધારીને પોતે ધ્રુવઘાટ પર કૃષ્ણદાસનું ક્રિયાકર્મ કરી શ્રાદ્ધ કર્યું, ત્યારે એમની પ્રેતયોનિ છૂટી અને તે લીલામાં પ્રાપ્ત થયા. શ્રીગિરિરાજમાં બિલછુ સામે બારી છે, ત્યાં તેમની પ્રાપ્તિ કરાવી, પછી આપશ્રી ગોકુલ પધાર્યા. વૈષ્ણવો આપનાં દર્શને આવ્યા. ત્યાં પણ કૃષ્ણદાસની વાત નીકળી, ત્યારે પોતે એવાં જ વચન ઉચ્ચાર્યાં :

‘કૃષ્ણદાસ તો મોટા ભગવદીય હતા. શ્રીજીના મંદિરના અધિકારીની સેવા બીજા કોઈથી ન થાય તેવી એ કરી ગયા. રાસાદિક લીલાઓનાં પદો પણ એવાં અદ્‌ભુત ગાયાં છે. તાતચરણના એ ઘણા કૃપાપાત્ર હતા. શ્રીજી પણ એમના પર પ્રસન્ન રહેતા. પણ શું થાય? લીલાના સંબંધોને લીધે જે કંઈ બનવાનું હતું તે બની ગયું. એમના પ્રત્યે લૌકિક દૃષ્ટિથી જોશો નહિ. એમનું જીવન અલૌકિક હતું.’

આપની વાણી સાંભળતાં વૈષ્ણવો ગદ્‌ગદિત થયા. કૃષ્ણદાસની અલૌકિક્તા સાથે શ્રીપ્રભુચરણની મહોદારતા સૌના ચિત્તમાં રમી રહી.

શંકા-સમાધાન અને સિદ્ધાંત નવનીત

(૧) કૃષ્ણદાસ જેવા ભગવદીયને પ્રેતયોનિ પ્રાપ્ત થાય, એ શું બની શકે?

વળી, એ સ્થિતિમાં શ્રીનાથજી એમને દર્શન આપતા, વાતો કરતા, એ શું શક્ય છે? આ બાબતો વાર્તામાં પાછળથી તો ઘુસાડી નહિ હોય ને?

આવી શંકાઓ સ્વાભાવિક રીતે જ થાય. તેનું સમાધાન વિચારીએ. વાર્તાની મૂળ પ્રતો જોતાં જણાય છે કે પ્રેતયોનિવાળો પ્રસંગ મૂળથી જ છે, પાછળથી દાખલ થયો નથી. આ બધું કઈ રીતે બની શકે તેનો વિચાર વિવિધ દૃષ્ટિએ કરીએ.

(અ) ભૌતિક દૃષ્ટિએ (લોકસંગતિ) દેહ છૂટતાં મનની વાસના કોઈ વસ્તુમાં રહી જાય, તો પ્રેતયોનિ ભોગવવી પડે છે. કૂવાના કાર્ય માટે રૂા. ૧૦૦ દાટેલા, તેમાં કૃષ્ણદાસનું મન રહી ગયું.

(બ) આધ્યાત્મિક દૃષ્ટિએ (વેદસંગતિ) ગુરુદેવના અપરાધને શાસ્ત્રોમાં સૌથી મહાન દોષ ગણ્યો છે. પ્રભુ પોતાનો અપરાધ ક્ષમા કરે, પણ ગુરુનો નહિ. એ અપરાધવશાત્ આ બન્યું.

- શ્રીજીએ એમને છોડાવ્યા નહિ; પણ ગુરુદેવ (ધ્રુવઘાટના શ્રાદ્ધને નિમિત્ત બનાવી) એમનો ઉદ્ધાર કર્યો.

(ક) આધિદૈવિક દૃષ્ટિ (ભાવસંગતિ) શ્રીહરિરાયજીએ 'ભાવપ્રકાશ'માં સમજાવી છે.

- વિશેષમાં એ કે પ્રેતયોનિમાં પણ શ્રીનાથજી એમને દર્શન આપતા, વાર્તાલાપ કરતા, એ બધું અસંભવિત નથી.

શાસ્ત્રદૃષ્ટિએ માનવદેહની તુલનામાં પ્રેતયોનિનો વાયુદેહ ચઢિયાતો ગણાય. અમરકોષમાં 'ભૂતોપિ દેવયોનમઃ' (ભૂતો દેવતાઓમાં ગણાય છે)

- આ વચન મળી આવે છે.

વળી, ભૂતપ્રેતમાં પણ ઉચ્ચ-નીચ પ્રકારો છે. જે અધર્મી જીવો સ્ત્રી, પુત્ર, ધન વગેરની લૌકિક દુષ્ટ વાસનાથી ભૂત થાય છે તે અધમ છે. જે ઉચ્ચ જીવો પ્રેતયોનિમાં આવે છે તે ઉત્તમ ગણાય છે. એમનો વાયુદેહ જ્ઞાનોપયોગી અને ભજનોપયોગી હોય છે. શાસ્ત્રમાં એને ગુહ્યક, સિદ્ધ એવાં નામ અપાયાં છે. વિષ્ણુસ્વામીના શિષ્ય બિલ્વમંગળના ચરિત્રમાં છે કે વર્ષો સુધી પોતાના અલૌકિક ધ્યેય માટે એ પ્રેતયોનિમાં રહ્યા હતા.

લૌકિક મનુષ્યના માનવદેહ કરતાં કૃષ્ણદાસનો પ્રેતયોનિનો વાયુદેહ શ્રેષ્ઠ છે; કેમ કે એ લીલાના સંબંધવાળો છે.

જેમ ભગવાન પોતાની લીલા માટે મુનિઓને, ભક્તોને, વ્રજમાં પશુ-પક્ષી, વૃક્ષાદિ બનાવે છે, અને ત્યાં ખેલે છે; તેમ કૃષ્ણદાસને આ યોનિમાં શ્રીનાથજી દર્શન આપીને વાર્તાલાપ કરે, એ એમની લીલા છે. પ્રભુ 'કર્તું અકર્તું અન્યથા કર્તું' સમર્થ છે. સર્વતંત્ર સ્વતંત્ર છે; એટલે 'આ સંભવી શકે અને આ નહિ' એમ જીવબુદ્ધિથી નિશ્ચિત કરી શકાય નહિ. કૃષ્ણદાસની પ્રેતયોનિ પણ અલૌકિક છે. એમાં શંકા-સંદેહને સ્થાન નથી.

(૨) ગંગાબાઈની દૃષ્ટિ પડવાથી, શું ખરેખર તે દિવસે શ્રીનાથજી રાજભોગ નહોતા આરોગ્યા?

શ્રીહરિરાયજી સમજાવે છે : 'જે સર્વોદ્ધારક સ્વરૂપે મંદિરમાં બિરાજે છે, તે સ્વરૂપે તો પોતે આરોગ્યા; પરંતુ ભાવાત્મક સ્વરૂપે નહોતા આરોગ્યા. કેમ કે તે દિવસે ગોકુલમાં શ્રીગિરિધરજી અને શોભા બેટીજીએ શ્રીજીને વડી-ભાત આરોગાવવાનો મનોરથ કર્યો હતો, જેથી એમની ભાવનાને વશ થઈ ભાવાત્મક સ્વરૂપે શ્રીજી ત્યાં આરોગવા પધાર્યા હતા; તેથી એ સ્વરૂપે અહીં ન આરોગ્યા. વળી, પોતે એકલા ત્યાં પધારેલા; એટલે શ્રીસ્વામિનીજીને વડી-ભાત આરોગવાનો બાકી હતો, તે આ મિશે આરોગાવ્યો.

જોકે સૌથી મુખ્ય કારણ તો એ જ છે લીલાના શાપનો પ્રસંગ સિદ્ધ કરવાનો સમય આવી ગયો હતો. એટલે આ બધી બાબતોને નિમિત્તરૂપ બનાવીને શ્રીજીએ એ કાર્ય નિષ્પન્ન કર્યું. પોતે કર્તું અકર્તું સમર્થ છે.

(૩) બીજો સંદેહ : શ્રીગુસાંઈજી પુરુષોત્તમ-સ્વરૂપ છે, સર્વસામર્થ્યવાળા છે. તેઓ કૃષ્ણદાસનો પ્રેતયોનિમાંથી ઉદ્ધાર ઈચ્છામાત્રથી કરી શકત, તો પછી મથુરા જઈને શ્રાદ્ધ કરવાની શી આવશ્યક્તા હતી?

વાત ખરી. પરંતુ સૌએ જાણેલું કે કૃષ્ણદાસને પ્રેતયોનિ પ્રાપ્ત થઈ છે. સૌના મનમાંથી આ વાત દૂર કરવા આ બાહ્ય વિધિ જરૂરી હતી. સાથે મર્યાદા જીવોને ધ્રુવઘાટના શ્રાદ્ધનું માહાત્મ્ય જણાવવાનો ઉદ્દેશ પણ હોય.

(૪) મંદિરનો અધિકાર મળતાં કેવો અનર્થ થાય છે! શ્રીગુસાંઈજીએ કહ્યું કે 'અધિકાર સોંપીને હું ક્યા જીવનો બગાડ કરું?' ત્યારે શ્રીજીએ કહ્યું કે 'હું પણ કોનું અહિત કરું?'

કેટલો બધો સૂચક છે આ વાર્તાલાપ? મંદિરનો કે ગોસ્વામી બાળકોના ઘરનો કારભાર કરનારાઓએ જો અનર્થથી બચવું હોય, તો કેટલી સાવધાની રાખવી જોઈએ, તે આ પ્રસંગથી સ્પષ્ટ સમજાય છે.

આદર્શ અધિકારીનું એક સાચું દૃષ્ટાંત સંક્ષેપમાં જોઈએ :

પાટણના શ્રીદ્વારકાધીશ મંદિરમાં અગાઉ કેશવલાલ કરીને પાકી મર્યાદાવાળા એક ભગવદીય અધિકારી હતા. મંદિરમાં દરજી વાગા-વસ્ત્ર સીવવા બેઠો હતો. અધિકારીની પુત્રી મોતીબહેને દરજીને કહ્યું કે આ મારાં કપડાંને જરાં ટાંકો મારી દે ને! દરજીએ ટાંકો મારી આપ્યો. ત્યાં તો કેશવલાલભાઈ આવી પહોંચ્યા. તે આ જોઈ ગયા. 'અરે છોકરી, તેં આ શું કર્યું? દરજીની આજની દાનગી આપણા ઘરની આપવી પડશે.' અને એ પ્રમાણે જ એમણે કર્યું. કેવો ઉચ્ચ આદર્શ!

(૫) શ્રીમહાપ્રભુજીનાં સેવક આ ગંગાબાઈ ક્ષત્રાણી જુદાં છે અને શ્રીગુસાંઈજીનાં સેવક ગંગાબાઈ ક્ષત્રાણી પણ જુદાં છે, જે મહાવનમાં રહેતાં. તે પરમ કૃપાપાત્ર હતાં. શ્રીજીનો તેમને સાનુભવ હતો. વ્રજમાંથી મેવાડ પધારતાં રથમાં સાથે હતાં અને જેમણે કીર્તનોની રચના કરી છે. 'શ્રીવિઠ્ઠલગિરધર'ની છાપનાં અનેક પદો એમનાં છે. નામ એક જ હોવાથી ક્યારેક ભૂલ કે ભ્રમ થવા સંભવ રહે છે.

(ઇતિશ્રી)

●

પરિશિષ્ટ

(૧) શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલનાથજી રચિત વૈષ્ણવ નામાવલી

શ્રીવિઠ્ઠલમહં વંદે સ્વકીયજન-વલ્લભમ્ ।
ચતુરાશીતિ ભક્તાનાં વ્યક્તિં કુર્વે યથાર્થતઃ ॥૧॥

દામોદર-કૃષ્ણદાસૌ પુનઃ દામોદરસ્તથા ।
પદ્મનાભશ્ચ તુલસાં પાર્વતી રઘુનાથકઃ ॥૨॥

રજો પુરુષોત્તમો રુક્મિણિ ગોપાલદાસકઃ ।
સારસ્વતો રામદાસો ગદાધર મહાંસ્તથા ॥૩॥

વેણીમાધવદાસૌ ચ અમ્મા ક્ષત્રાણી વૈષ્ણવી ।
હરિવંશશ્ચ ગોવિંદો ક્ષત્રી ગજ્જન ધાવનઃ ॥૪॥

નારાયણો બ્રહ્મચારી ક્ષત્રાણી જીવદાસકઃ ।
દેવા કપૂર ક્ષત્રી ચ દિનકરઃ પુરુષોત્તમઃ ॥૫॥

મુકુંદઃ પ્રભુદાસશ્ચ પ્રભુ ત્રિપુરદાસકૌ ।
પૂર્ણમલ્લો યાદવેન્દ્રઃ કાશ્મીરી માધવસ્તથા ॥૬॥

ગુસાંઈદાસ ગોપાલો શ્રીપદ્મા રાવલસ્તથા ।
જોષી પુરુષોત્તમો જ્ઞેયો જગન્નાથો સમન્વયઃ ॥૭॥

નરહરિ રાણા વ્યાસઃ ક્ષત્રાણી રામદાસકૌ ।
ગોપાલો કૃષ્ણદાસશ્ચ પ્રોહિતો રામદાસકઃ ॥૮॥

બુલા મિશ્ર રામાનંદૌ વિષ્ણુજીવનદાસકૌ ।
સારસ્વતો ભગવાન્, ભગવાન્ મુખ્ય સેવકઃ ॥૯॥

ગૌડો અચ્યુતદાસશ્ચ, અચ્યુતશ્ચકતીર્થકઃ ।
કન્હૈયાશાલ ક્ષત્રી ચ નરહરિદાસકસ્તથા ॥૧૦॥

લઘુ પુરુષોત્તમો ગોપાલદાસ-જનાર્દનૌ ।
કવિરાજો ગડૂ સ્વામી ઉત્તમશ્લોકદાસકઃ ॥૧૧॥

ઈશ્વરોત્તમશ્લોકાખ્યો રાજામાધવકૌ તથા ।
સિંહનદે સાસુ-વહૂ પરમાનંદસૂરકૌ ॥૧૨॥

બાબા વેણુ કૃષ્ણદાસ છકડા વાસુદેવકઃ ।
એકા ક્ષત્રાણી આનંદ-દાસો વિશ્વંભરસ્તથા ॥૧૩॥

બ્રાહ્મણી અથ કાયસ્થ નારાયણ સ્ત્રિયસ્તથા ।
અન્યમાર્ગીય કાયસ્થ દાસો દામોદરસ્તથા ॥૧૪॥

સિંહનદે ચ ક્ષત્રાણી જગતાનંદકસ્તથા ।
ઈન્દ્રપ્રસ્થે ચૈક ક્ષત્રી જટા ગોપાલદાસકઃ ॥૧૫॥

કૃષ્ણદાસઃ કુંભનશ્ચ વાડવો બાદરાયણઃ ।
વૈષ્ણવો સંતદાસશ્ચ સુંદરદાસ માવજી ॥૧૬॥

નરહરિદાસ સંન્યાસી પાંડે સદૂ ભવાનિકા ।
શ્રીમદાચાર્ય ભક્તાનાં નામાનિ બહવસ્તથા ॥૧૭॥

તથાપિ સ્વાત્મપાઠાર્થે લિખિતાનીતિ ક્ષમ્યતામ્ ।
વાર્તાયાં પરિશોધ્યાનિ સર્વદા વૈષ્ણવૈર્જનેઃ ॥૧૮॥

॥ ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યભક્તાનાં શ્રીમદ્ગોકુલનાથજીકૃતા નામાવલી સંપૂર્ણા ॥

■

---

(૨) શ્રી અલીખાનજી-રચિત ચૌરાસી વૈષ્ણવોંકા સૂચિપત્ર

શ્રીબિઠ્ઠલબર નિત્ય પ્રતિ ગાઊં, જાહી બિધિ શ્રીવૃંદાવન પાઊં ।
શ્રીબલ્લભપ્રભુકોં કરૌં પ્રનામ, સુમરૌં શ્રીગિરિવરધર નામ ॥૧॥

સુમરૌં શ્રીગિરિવરધરનવર, નિત્ય સરન શ્રીબલ્લભહરિ ।
શ્રીબિઠ્ઠલેસ કૃપાલ સાગર, ચરનરજ મસ્તક ધરી ॥૨॥

અબ ગાઊં હૌં નિજ જનનકે ગુન, સૂચિપત્ર પ્રકટ કરૌં ।
નિજ ભકત ચૌરાસી ભયે, અબ નામ તિનકેં ઉચ્ચરૌં ॥૩॥

અબ શ્રીહરસાની દાસદામોદર, કહૌં હૌં એક પ્રથમ હી ।
કૃષ્ણદાસ મેઘન ગાયકે, સુખ પાયકે આનંદ લહી ॥૪॥

કન્નૌજકે એક દાસ દામોદર, સંભલવાર હી સુખ લહૌં ।
એક પદ્મનાભ વિસાલ પ્રતિ કવિ, કૌનકો સમતા કહૌં ॥૫॥

રઘુનાથ, તુલસાં, પાર્વતીકે ગુન કહૌં ચિત્ત લાયકે ।
એક રામદાસજી બડે ભીતરિયા, લસત રજો ચાયકે ॥૬॥

તહાઁ સેઠ પુરુષોત્તામ કહૌં, ગોપાલ બેટા રુક્મિની ।
તહાઁ સારસ્વત એક રામદાસજી, કહૌં અમ્મા ક્ષત્રાની ॥૭॥

સુમરૌં ગદાધર દાસ બેની દાસ માધવ દાસ કો ।
હરિબંસ પાઠક જાનિયે, ગજન ધાવન ગોબિંદદાસકો ॥૮॥

જહાઁ બ્રહ્મચારી દાસ નારાયન, મહાબન મેં બસેં ।
તહાઁ સેઠ દિનકરદાસ કાયસ્થ, દાસદિનકર જગ લસેં ॥૯॥

કાયસ્થ મુકુંદ હી સુમરિયે જુ મુકુંદસાગર જિન કિયો ।
કહિયે જલોટા પ્રભુદાસ હી, એક મન નિશ્ચય હિયો ॥૧૦॥

સિંહનદવાસી ભકત ઉત્કટ, ભાટ એક પ્રભુદાસ હૈં ।
ક્ષત્રી જુ પ્રભુદાસ સોભિત, રાજઘાટ નિવાસ હૈ ॥૧૧॥

કાયસ્થ બરનૌં ત્રિપુરદાસ હી, ભકતરત્ન ઉદાર હૈં ।
જૈમલ પૂરનમલ્લ સોભિત, યાદવેન્દ્રદાસ કુમ્હાર હૈં ॥૧૨॥

કે ભટ્ટ માધો કાશ્મીરી, લિખિ જિન સુબોધિની ।
બરનૌં ગુસાંઈદાસ કે ગુન, દયાસાગર વર્ધિની ॥૧૩॥

પદ્મા જુ રાવલ બરનહૌં, જોષી કહૌં પુરુષોત્તમ ।
જગન્નાથ જોષી સુમિરહૌં, શ્રી રામદાસજી ઉત્તમ ॥૧૪॥

ગોબિન્દ દુબે વડાલીકે, કૃષ્ણદાસ અધિકારી કહૌં ।
પ્રોહિતજુ મીરાંબાઈકે, ભજ રામદાસ હી સુખ લહૌં ॥૧૫॥

બુલા જુ મિશ્ર સારસ્વત, એક રામાનંદ પંડિત ગનો ।
એક વૈષ્ણવ વિષ્ણુદાસ છીપા, જીવદાસ કૃપાઘનો ॥૧૬॥

ભગવાનદાસ સિહોત્તરા, કવિરાજ ભાટ બડે ભયે ।
લઘુ એક પુરુષોત્તમદાસ મહામતિ, ધીરજ અનવસર સહે ॥૧૭॥

અબ કહૌં શ્રી ગોપાલદાસજી નરોડા જાકે છંદ હૈં ।
ઔર ક્ષત્રી એક જુ સેઠ ચોપડા, જનાર્દન આનંદ હૈ ॥૧૮॥

ગડૂ સ્વામી પરમ કહિયે, દેવા કપૂર વિરાજહી ।
શ્રીલલિતલાલ ત્રિભંગ મૂરત, મોદસોં જહાઁ રાજહી ॥૧૯॥

ક્ષત્રી કન્હૈયાસાલ નરહરિદાસ, બ્રાહ્મન બરનિયે ।
શ્લોક ઉત્તમદાસ કહો, હરિદાસ પુષ્કરણા કહિયે ॥૨૦॥

સુનો અબ ચૌહાન બડે એક રામદાસ કહાવહી ।
પ્રથમ બાદરાયન ભટ્ટ, જનાર્દન નંતર પાવહી ॥૨૧॥

રાજા દુબે માધો દુબે દ્વૈ વિપ્ર ઉનકે સંગ બસે ।
વ્યાસ રાણા દાસ પીતાંબર મુકુટમનિ રસમય અસે ॥૨૨॥

ગોપાલદાસ બ્રજબાસી, જટાધારી મહાઅનુભવ ઝરેં ।
ગોરજા સમરાઈ કહૌં, નંદલાલ જિન પર ઢરેં ॥૨૩॥

કહૌં સૂર પરમાનંદ છકડ વાસુદેવ બખાનિયે ।
બાબા જુ વેણુ કૃષ્ણદાસ જાદવદાસકે ગુન ગાઈયે ॥૨૪॥

ભાગો જુ ક્ષત્રાણી કહૌં, એક અચ્યુત આનંદદાસ હૈં ।
દૂજે જુ અચ્યુતદાસ દ્વિજવર, હરિચરન વિશ્વાસ હૈ ॥૨૫॥

આનંદ બિસંભરદાસ સ્યામ સુતારકે ગુન ગાઈયે ।
બાસોં અડેલ સદા નિરંતર, સુંદર હરિ મન લાઈયે ॥૨૬॥

દીવાન ઠક્કાકો નારાયનદાસ પ્રગટ લુવાણ હૈ ।
માતા કહિયે સિંહનદ ક્ષત્રાણી પુત્રવત્સલ ગાન હૈ ॥૨૭॥

કહે સંતદાસ મહાવિરલ, આસકત નિત ગિરિધરનસોં ।
આનંદ જગતાનંદ દ્વિજવર, દિનકર હરિ-સરનસોં ॥૨૮॥

કુંભનદાસ મહારસમત્ત, જિન પ્રીત પ્રભુસોં સચી ।
કૃષ્ણદાસ ગ્વાલ કહિયે, જિન ગૌ નાહરતેં બચી ॥૨૯॥

યે ભકત ચૌરાસી ભયે, તબ સ્યામ-સ્યામા ગાઈયે ।
બિનતી સુનો 'અલીખાન'કી, બ્રજબાસ કબધૌં પાઈયે ॥૩૦॥

અબ જાત દિન બીતે સબૈ મેરી આસ કબધોં પૂરહી ।
કે દીન યા જગમાંઝ નિસદિન ત્રાસહીમેં ઘૂમહી ॥૩૧॥

યે ભકતજનસોં હેત તાહી છિન તુમ્હેં જાનહી ।
જબ દીનકો ગિરિરાજ વૃંદાવિપિનકે સુખ માનહી ॥૩૨॥

■

શ્રી દયારામભાઈ વિરચિત

શ્રી ચોરાશી વૈષ્ણવનું ધોળ

શ્રી ગુરુ યુગપદ કમલરજ, હું વંદું નિત્ય ધરી નેમ;
દુ:ખહરણ સુખશ્રેય-નિધિ, ફળદાયક ભક્તિ પ્રેમ. ૧

શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલ પ્રભુ, શ્રીકૃષ્ણ પૂરણ કામ;
ચોરાશી મહાભક્ત તેહનાં, કરું હું વર્ણન નામ. ૨

જેનું સ્મરણ કર્યા થકી, અઘ-દુ:ખ-કલેશ પળાય;
પુષ્ટિપંથ-પ્રભુ પ્રસન્ન હોય, મહાપતિત પાવન થાય. ૩

મનવાંછિત ફળ શીઘ્ર પામે, ગાતાં એ અભિધાન;
શ્રીમહાપ્રભુજી નિજાનંદનું, કરે તેહને દાન. ૪

(ઢાળ)

શ્રી દામોદરદાસ હરસાની રે, કૃષ્ણદાસ મેઘન વદે વાણી રે,
સંભરવાળા દામોદરદાસ રે, જેનો કનોજ મધ્યે નિવાસ રે. ૫

પદ્મનાભદાસ હરિભક્ત રે, તુલસાં પ્રભુ-પદ-આસક્ત રે;
વધૂ તેની કહિયે પાર્વતી રે, સુત રઘુનાથદાસ સુમતિ રે. ૬

રજોબાઈ વૈષ્ણવ ક્ષત્રાણી રે, સેવ્યા શ્રીવલ્લભ રતિ આણી રે;
વૈષ્ણવ શેઠ પુરુષોત્તમદાસ, જેનો કાશીપુરીમાં નિવાસ રે. ૭

બાઈ રુક્ષ્મિણિ પુત્રી તેહની રે, સેવા અતુલિત કહીએ જેહની રે,
શેઠના સુત ગોપાલદાસ રે, સેવા-સ્મરણમાં ઉલ્લાસ રે. ૮

રામદાસ હરિ-રંગ રાતા રે, ગદાધરદાસ જગ-વિખ્યાતા રે,
વેણીદાસ-માધવદાસ બે ભાઈ રે, હરિવંશ પાઠક સુખદાઈ રે. ૯

વૈષ્ણવ કહીએ અમ્મા ક્ષત્રાણી રે, ગોવિંદદાસ ભલ્લા તો વખાણી રે,
ગજન ધાવને સેવ્યા મુરારિ રે, દાસનારાયણ બ્રહ્મચારી રે. ૧૦

મહાવનની વૈષ્ણવ ક્ષત્રાણી રે, જિયદાસ સૂરિ લ્યો જાણી રે;
ક્ષત્રી વૈષ્ણવ દેવા કપૂર રે, શેઠ દિનકર પ્રેમી ઉર રે. ૧૧

મુકુંદદાસ મહાવૈષ્ણવ મોટા રે, ક્ષત્રી પ્રભુદાસ જલોટા રે;
પ્રભુદાસ ભાટ હરિ-જન રે, દાસ પુરુષોત્તમદાસ ધન્ય ધન્ય રે. ૧૨

ત્રિપુરદાસ વૈષ્ણવ કાયસ્થ રે, પૂરણમલ્લ રસિક રસમસ્ત રે;
યાદવેન્દ્રદાસ પ્રજાપત્ય રે, ગુસાંઈદાસે સેવ્યા હરિ અત્ય રે. ૧૩

માધવ ભટ્ટ કાશ્મીરમાં વાસ રે, વાંસવાડાના ગોપાલદાસ રે;
પદ્મા રાવલની અતિ સેવા રે, પુરુષોત્તમ જોષી તેવા રે. ૧૪

જગન્નાથ જોષી તેના ભ્રાતા રે, વળી વૈષ્ણવ તેમની માતા રે,
જોષી નરહરિ હરિના દાસ રે, ગામ ગોધરે રાણા વ્યાસ રે. ૧૫

વૈષ્ણવ રજપૂતાણી હરિ-દાસી રે, રામદાસ ગુજરાતના વાસી રે,
દવે ગોવિંદ હરિરસ-માતા રે, રાજા-માધવ દવે બેઉ ભ્રાતા રે. ૧૬

ઉત્તમશ્લોકદાસ સેવા ભારી રે, સેવક શ્રીજીના કહેતા મહેતારી રે,
ઈશ્વરદાસ દવે રસમગ્ન રે, હરિ-હરિજન-સું ચિત્ત લગ્ન રે. ૧૭

વૈષ્ણવ છકડા વાસુદેવદાસ રે, સેવા અર્થે રહેતા પ્રભુ પાસ રે,
કૃષ્ણદાસ ઘઘરી સુખકંદ રે, બાબા રેણુ રહિત દુ:ખ-દ્વંદ્વ રે. ૧૮

એ બેહુનો એક ખવાસ રે, જેનું નામ તે જાદવદાસ રે,
થાણેશ્વરના વિપ્ર જગતાનંદ રે, સેવ્યા શ્રીહરિ અતિ આનંદ રે. ૧૯

બ્રાહ્મણી અડેલની વૈષ્ણવ બાઈ રે, આનંદદાસ-વિશ્વંભર બે ભાઈ રે;
વૈષ્ણવ ક્ષત્રાણી પ્રભુપદ-પ્રીત રે, રામદાસ મીરાંના પ્રોહિત રે. ૨૦

કૃષ્ણા દાસી ખવાસણી જાણી રે, જેની વાણી શ્રીવલ્લભે માની રે;
બુલા મિશ્ર શ્રીવલ્લભવરના રે, રામાનંદ પંડિત થાણેશ્વરના રે. ૨૧

વિષ્ણુદાસ છીપા રસપૂર રે, જીવણદાસ ક્ષત્રિય કપૂર રે,
સારસ્વત દ્વિજ ભગવાનદાસ રે, જેનું ચિત્ત સદા પ્રભુ પાસ રે. ૨૨

વૈષ્ણવ ભગવાનદાસ ભીતરિયા રે, શ્રીજીની સેવામાં ઠરિયા રે,
અચ્યુતદાસ સનોડિયા કહિયે રે, ગૌડ વિપ્ર અચ્યુતદાસ લહિયે રે. ૨૩

સારસ્વત દ્વિજ અચ્યુતદાસ રે, નારાયણદાસ અંબાલે વાસ રે,
નારાયણદાસ ભાટ મથુરાના રે, નારાયણદાસ લુહાણા ઠઠ્ઠાના રે. ૨૪

ક્ષત્રાણી ગોરજા ને સમરાઈ રે, સાસુ-વહુ બે વૈષ્ણવ બાઈ રે,
સિંહનદના ક્ષત્રી સાર રે, વૈષ્ણવ અડેલના એક સુતાર રે. ૨૫

એક વૈષ્ણવ હરિગુણ ગાતા રે, દામોદરદાસની તે માતા રે,
સિંહનદે ક્ષત્રાણીનો વાસ રે, કવિ લઘુ પુરુષોત્તમદાસ રે. ૨૬

કવિરાજ ભાટ ગુણ ગાવે રે, ગોપાલદાસ ઈટોડાના કહાવે રે,
જનાર્દનદાસ વૈષ્ણવ ક્ષત્રી રે, ગડૂ સ્વામી બ્રાહ્મણ હરિની મૈત્રી રે. ૨૭

કન્હૈયાશાલ ક્ષત્રી પ્રકાશ રે, વિપ્ર ગોડિયા નરહરિદાસ રે,
બાલકૃષ્ણ બાદરાયણદાસ રે, સેવા-સ્મરણનો અભ્યાસ રે. ૨૮

વૈષ્ણવ રામદાસ ચૌહાણ રે, સેવા-સ્મરણ માંહે સુજાણ રે,
માણેકચંદ સદૂ પાંડે ભવાની રે, નરોબાઈ હરિ મનમાની રે. ૨૯

નરહર સંન્યાસી હરિના ભક્ત રે, જેની હરિ-પદ નિર્મળ મત્ય રે,
ગોપાલદાસ કહિયે જટાધારી રે, વસી વ્રજમાં સેવ્યા ગિરિધારી રે. ૩૦

સંત પોષ્યા સત ના ચૂકી નારી રે, કૃષ્ણદાસે સોંપી પરને પ્યારી રે,
આગ્રે ચોપડા સંતદાસ રે, સુંદરદાસે સેવ્યા અવિનાશ રે. ૩૧

પટેલ માવજી-બિરજો સહિત રે, પતિ-પત્ની પ્રભુપદ ચિત્ત રે,
ગોપાલદાસ નરોડાના કહાવે રે, સેવે શ્યામને હરખે હુલરાવે રે. ૩૨

સૂરદાસ શિરોમણિ ભક્ત રે, સેવ્યા શ્રીગિરિધર જાણે જગ્ત રે,
સર્વોપરિ દાસ પરમાનંદ રે, ગાયા ગુણનિધિ બાલમુકુંદ રે. ૩૩

કુંભનદાસ મહા રસકંદ રે, સખાભાવે સેવ્યા શ્રીગોવિંદ રે,
સુત કૃષ્ણદાસ દૃઢ એવા રે, છોડ્યા પ્રાણ, ન છોડી ગૌસેવા રે. ૩૪

કૃષ્ણદાસ કહિયે અધિકારી રે, ગાયા-સેવ્યા શ્રીરાસબિહારી રે,
ગાયા વૈષ્ણવ એહ ચોરાશી રે, શ્રીવલ્લભપદ નિકટના વાસી રે. ૩૫

(વલણ)

સકલ તત્ત્વનું તત્ત્વ છે, એ સાર માંહે સાર,
પાઠ કરતાં માત્રમાં, વશ થાય શ્રી નંદકુમાર. ૩૬

શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલપ્રભુને, જો પ્રસન્ન કરવા ચ્હાય;
નથી અવર ઉપાય બીજો, હરિભક્તના ગુણ ગાય. ૩૭

શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના, અંતરંગ એ ભક્ત;
મુજ ઉપર કરુણા કરો, શ્રીવલ્લભ-પદ-આસક્ત. ૩૮

એ વૈષ્ણવ-પદ-રજ-રતિની છે ઘણી મુજને આશ,
ગાય ગુણ હરિ-દાસના, 'દયારામ' દાસનો દાસ. ૩૯

■